MUKHATYARNA MU (Gujarati Edition)

Paraka, Jaysha

VISIT...

LANZAROTE Caliente.com


મુખત્યારન

Mukhatyarnamu
By Jaysha Paraka
Published by Gurjar Granthratna Karyalay,



Gandhi Road, Ahmedabad 380 001

પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
અમરભાઈ ઠાકોરલાલ શાહ : રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-380001
ફોન : 079-22144663, 09227044777
e-mail : goorjar@yahoo.com
ટાઇપસેટિંગ : શારદા મુદ્રણાલય
201, તિલકરાજ, પંચવટી પહેલી લેન, એલિસબ્રિજ, અમદાવાદ-380006.
ફોન : 26564279 email : bhagwatioffset@yahoo.com

અર્પણ

વિશાળ વાચકવર્ગને

પ્રસ્તાવના

પ્રેમથી મોટી જણસ કંઈ હોય નહિ,
ને વિરહથી પણ વિવશ કંઈ હોય નહિ.
ભીડ વચ્ચે પણ કરી દે એકલા,
એ નથી એથી નીરસ કંઈ હોય નહિ.
ને હૃદયમાં રોજ એ ચૂભ્યા કરે,
યાદથી મોટી કણસ કંઈ હોય નહિ.
રાત-દિન એને નીરખવા ટળવળે,
આંખને બીજી તરસ કંઈ હોય નહિ.
તન અને મન બેઉ લાગે પારકાં,
બસ હવે એથી બેબસ કંઈ હોય નહિ.

— કિરણ જોગીદાસ

મારી કવયિત્રી મિત્ર સુ.શ્રી. કિરણ જોગીદાસે આ નવલકથા માટે કવિતારૂપ પ્રસ્તાવના લખી આપી તે બદલ હું કિરણબહેનનો ખૂબ-ખૂબ આભારી છું.

મિત્રો, પ્રેમીઓ મરે છે, પ્રેમીઓ હારે છે. પરંતુ પ્રેમ ક્યારેય મરતો કે હારતો નથી. આ નવલકથામાં આવતાં નિશા-દીપક, શીતલ-વિક્રમ સાથે વિષ્ણુપ્રસાદ, રુક્મિણી, મેજર રણજિત બત્રા, વિધાબહેન, નીરવ, કોમલ, રાજેશ, રેણુકાબહેનનાં પાત્રોને શબ્દદેહ આપતાં-આપતાં કોઈ પાત્ર સાથે અન્યાય ન થાય તેનું ધ્યાન રાખવાનો મેં ખાસ પ્રયત્ન કર્યો છે.

તો ઉઠાવો કલમ અને લખી મોકલો આપના પ્રતિભાવો. આપના પ્રતિભાવોનો પ્રત્યુત્તર હું ચોક્કસ પાઠવીશ.

— આભાર — જયેશ પારેખ
બી-1/36, અરુણોદય ડુપ્લેક્ષ બંગ્લોઝ,
ચામુંડામાતાના મંદિર પાસે, ઝાડેશ્વર રોડ, ભરૂચ
મો. 9898997252

એક

'દીપક...!'

મદહોશીમાં ડૂબેલી નિશા ખોળામાં માથું રાખી લીસી રેતમાં લાંબા થયેલા દીપકના માથામાં આંગળીઓ ફેરવતી જઈ દીપક નામના જાપ જપતી હતી.

પશ્ચિમમાં ક્ષિતિજે સૂરજ ડૂબતો જતો હતો. આંખો સામે સમંદરની લહેરો ઊછળતી હતી. મંદ-મંદ શીતળ પવનની લહેરખીઓ ફરફરતી હતી. અને ક્યાંક દૂર વાગતા હિન્દી ફિલ્મી ગીતના શબ્દો કાને પડતા હતા...

કહીં દૂર જબ દિન ઢલ જાયે...

મન અાહ્ લાદકતાના નશામાં ઝૂમી ઊઠતું હતું.

જૂહુની શામ બડી મશહૂર છે. એ... આંખો સામે ઘૂઘવાતો સમંદર, વિશાળ રેતાળ પટ. સહેલાણીઓનાં ટોળેટોળાં...

આવી જ ખૂબસૂરત, રંગીન, ઝાકઝમાળથી ભરેલી સાંજ આજની હતી. સૂરજ પશ્ચિમે ડૂબી રહ્યો હતો. જૂહુના કિનારે સહેલાણીઓ ઊભરાયાં હતાં. આંખોથી અમાપ વિશાળ સમંદરના સીનામાંથી નિરંતર જન્મતી લહેરોનો ઘુઘવાટ હતો. હિલોળા લેતા સમંદર પરથી થોડી-થોડી વારે ઘર્ રાટ કરતાં પસાર થતાં હવાઈ જહાજો બિંદુ બની દૂરદૂર કોઈ ક્ષિતિજોમાં ઓગળી જતાં હતાં. પાણીની સપાટી પર દૂર ઊભેલું વહાણ અહીંયાંથી અતિ નાનું ભાસતું હતું.

બાળકો, યુવાનોથી માંડી વૃદ્ધો, મુફલિસ, તવંગર તક, સાઇકલ, સ્કૂટર- સવારથી માંડી કારમાં ઘૂમનારા આ અનમોલ સાંજનો લુત્ફ ઉઠાવવા જૂહુના કિનારે ઊમટી પડ્યાં હતાં.

દીપક અને નિશાએ ઊમટેલા સહેલાણીઓની ભીડથી દૂર એકાંત પસંદ કર્યું હતું.

નિશા એટલે... કોઈ કવિની કલ્પનામાં તાજીતાજી ખીલેલી રંગબેરંગી કુસુમાકર, કોઈ શાયરની શાયરી, કોઈ લેખકની લાજવાબ કૃતિ ! મખમલી જિસ્મ, ચમકતાં નશીલાં નૈન, ધવલ વદન, રતુંબળા હારીજ, ગુલાબી અધર, નાજુક વેલી બાંહો... એના ચહેરામાં મદહોશ સુંદરતા સાથે ઊંડી માસૂમિયત હતી, કે જેને જોતી આંખો એ કુસુમાકર, એ શાયરી, એ કૃતિ પરથી ઊખડવાનું નામ ન લે !

તનુ મધ્યમા એના કામણ બદનના આરોહ-અવરોહ જોઈને ભલભલાના મનમાં લાલચનાં સાપોલિયાં સળવળી જાય. ઉંમરના બાવીસમા પાયદાને એની છાતીમાં તલસતો ઉભાર ભરી દીધો હતો. પોતાના તેજથી દુનિયાને ઝાંખી પાડી દે તેવું તેનું રૂપ હતું. દુનિયાની અત્યંત સુંદર સ્ત્રી રૂપે મૅડમ તુસાદના વેક્સ મ્યુઝિયમમાં સ્થાન પામે એવું એનું સંગેમરમરી જિસ્મ અને મનમોહક રૂપ હતું. નામ નિશા હતું, પરંતુ સફેદ ચાંદનીથી એ સહેજે કમ નહોતી !

એની ભૂખરી આંખોમાં તો ભલભલા ખોવાઈ જાય તેમ હતું. એનું ડિમ્પલપડ્યું સ્મિત લહેરાતું ત્યારે યુવાદિલોમાંથી આહ્ નીકળી જતી ! એ હસે તો જાણે કોઈ મધુર ઘંટડીનો રણકાર થયો હોય એવો અહેસાસ થતો ! એના માખણ જેવા લીસા ગાલ પર પાણીનું બુંદ પડે તો ક્ષણમાં સરી પડી ભોંય ભેગું થઈ જાય !

એને જોઈને તો રૂપરૂપની અંબાર અપ્સરાઓ પણ ઈર્ષાની આગથી સળગી ઊઠે તેમ હતું ! કોને ખબર એને જોઈને દેવોના દરબારમાં પોતાની નૃત્યકલા પીરસતી અપ્સરાઓએ દેવો સામે ફરિયાદ છેડી પણ દીધી હોય !

નિશા અતિ સુંદર હતી, તો સામે દીપક પણ કામદેવનો અવતાર ભાસતો હતો. ગૌર ઘાટીલો ચહેરો, પહોળી છાતી, સિંહ જેવી પાતળી કમર, રોમન શિલ્પ જેવું ભરાવદાર, મજબૂત શરીર ! પાસેથી પસાર થઈ જાય તો જાણે કામદેવ પસાર થઈ ગયા એવું લાગે ! આ પાંચ ફૂટ

નવ ઇંચિયો નવયુવાન નિશા કરતાં માંડ બે વર્ષ મોટો હતો.

અત્યારે એ નિશાના ખોળામાં માથું રાખી સમંદરની લીસી રેત પર લાંબો થયો હતો, બંધ આંખે કોઈક વિચારોમાં સરી પડ્યો હતો. એના વાળમાં આંગળીઓ ફેરવતી નિશા એને અનિમેષ આંખે જોઈ રહી હતી. જૂહુની ભીડથી બંને ઘણાં દૂર હતાં. અહીંયાં કોઈ શોરબકોર નહોતો. સમંદરના ઘુઘવાટ સિવાય એકંદરે શાંતિ જ શાંતિ હતી. હા, ક્યારેક-ક્યારેક સમંદર પરથી પસાર થતાં હવાઈ જહાજોની ઘર્ રાટી કાનમાં થોડી ક્ષણ માટે બહેરાશ જન્માવી જતી હતી.

બંનેનાં મુખમંડળ પર ફેલાયેલ ખુશીની આભા અને ઉત્સાહ જોઈને એવું લાગતું હતું, જાણે દિલમાં સંજોવી રાખેલી મિલનની પ્યાસ ઘણા દિવસો પછી તૃપ્ત થઈ છે.

દીપકના વાળમાં આંગળીઓ ફેરવતી નિશા વિચારોમાં ખૂંપી ગયેલા દીપકના અબોલ વિચારોને પામવાનો વ્યર્થ પ્રયત્ન કરતી હતી. વિચારોમાં ખૂંપી ગયેલા દીપકના ચહેરે ઘણી વાર સ્મિતની સુર્ખિયાં ફરફરી જતી તો એ પણ સ્મિત કરી બેસતી. અને દીપકની ભમર કમાનો ઊંચકાતી તો એની પણ ભમરો આપોઆપ ઊંચકાઈ જતી.

'દીપક'... એણે ખોળામાં માથું રાખી સૂતેલા દીપકના શર્ટનું પહેલું બટન ખોલી છાતી સુધી હાથ લંબાવ્યો.

'હં...' ઔપચારિક હકાર ભરતા દીપકે આગળ વધતો એનો હાથ પકડી લીધો.

'દીપક, શું વિચારે છે ? ક્યારનો મનોમન કાંઈક વિચારીને એકલો-એકલો આનંદના દરિયામાં ડૂબકીઓ મારે છે. મને પણ તારી હમસફર બનાવ ને !'

દીપક કાંઈ ન બોલ્યો. પોતાના વિચારોમાં જ ડૂબેલો રહ્યો. નિશા દીપકના હાથમાંથી હાથ ખેંચી લઈ ફરી માથાના વાળમાં આંગળીઓ ફેરવવા લાગી.

દીપકને નિશાનો આ સ્પર્શ ખૂબ મીઠો લાગતો. એટલે જ તો જ્યારે-જ્યારે એકાંત મળે ત્યારે-ત્યારે નિશાના ખોળામાં માથું રાખી સૂઈ જઈ એ નિશાને વાળમાં આંગળીઓ ફેરવવાનું કહેતો.

નિશાને પણ દીપકની આ આદત ગમતી હતી. હા, આમ કરતાં ઘણી વાર દીપક નિંદના બિછાને આળોટતો ત્યારે એ ચિડાતી હતી. પરંતુ આજે દીપક નિંદના બિછાને નહોતો સરી પડ્યો, વિચારોમાં ડૂબી ગયો હતો. એણે દીપકને ફરી ઢંઢોળ્યો.

'દીપક, શું વિચારે છે ? કાંઈક બોલ, મારી સાથે વાત કર, મારે તને ઘણુંબધું કહેવું છે.'

'તો કહેવા માંડ.'

વિચારો ત્યજી દીપકે આંખો ખોલી નિશાના માસૂમ ચહેરા પર મૂકી. ધૂંધળું હસી નિશા.

'સ્વીટ હાર્ટ, બોલ શું કહેવું છે તારે ?' દીપકે પૂછ્યું.

'ના, પહેલાં તું કહે, કે શું વિચારતો હતો ?'

'ઓહ કમોન, કાંઈ જ વિચારતો નહોતો.'

દીપકે બંને હાથ લંબાવી નિશાનો ધવલ ચહેરો પોતાના ચહેરા સુધી ખેંચી લીધો. નિશાની આંખો આપોઆપ મીંચાઈ ગઈ. એના રેશમી વાળ દીપકના ચહેરા પર ફેલાઈ ગયા. દીપક હમણાં હોઠોને ચૂમી લેશે એવી આશ, એવી લાગણી જન્મતાં એના દિલની ધડકનોમાં ઇજાફો થયો હતો, શ્વાસોની લંબાઈ વધી ગઈ હતી.

પરંતુ દીપક એના ગૌર ચહેરાને માત્ર નીરખી રહ્યો. પોતાની ખુશ- કિસ્મતી થકી મળેલ પ્રેમાળ પ્રેમિકાની અપાર સુંદરતાનું પીયૂષ આંખોથી પી રહ્યો. દીપકની આંખો સામે નિશાનો ગૌર, માસૂમ ચહેરો તસતસતો હતો, ગુલાબી અધરો ખીલતાં સંકોચાતા હતા.

શાયદ નિશાના અધર દીપકના હોઠોની ગરમાહટને પામવા તૈયાર હતા.

'દીપક...!'

નિશાના અંતરમાંથી મદહોશીની છાલકો વાગતી હતી. દીપકમય બની જવા એ સંપૂર્ણપણે તૈયાર હતી. દીપકની જગ્યાએ બીજું કોઈ હોત તો, એણે નિશાના અધર પર પોતાના અધરોની આગ ચાંપી દીધી હોત.

જ્યારે દીપક એવો નહોતો. નિશાને જોતાં જ એનામાં વાસનાવિહીન પ્રેમનો ઊભરો આવતો હતો. એવું નહોતું કે આટલી અપાર સુંદરતા જોઈને એની જુવાની બળવો નહોતી પોકારતી, પરંતુ જુવાનીના આ બળવાને એ નાથી જાણતો હતો. એ નિશાના ખૂબસૂરત જિસ્મ કરતાં, ખૂબસૂરત દિલને દિલથી ચાહતો હતો. ઘણી વાર માખણ જેવી નિશા જુવાનીની આગમાં પીગળવા માંડતી ત્યારે એણે નિશાને સંભાળી હતી.

'દીપક...!'

મદહોશીમાં ડૂબી ગયેલી નિશાના અધખુલ્લા લીસા ગુલાબી અધર દીપકને કોઈ વાતનું ઈજન આપતા હતા.

'દીપક...!'

નિશાના જિગરમાંથી અત્યારે દીપક સિવાય બીજા કોઈ શબ્દનો પોકાર થતો નહોતો. આંખો મીંચેલી એ જાણે આજુબાજુની સૃષ્ટિને ભૂલી ગઈ હતી. અને દીપકમાં સંપૂર્ણ સમાઈ જવા તૈયાર થઈ ગઈ હતી.

જિસ્માની પ્યાસમાં ખીલતા-સંકોચાતા એના ગુલાબી અધરો જોઈ આછું-આછું હસી પડતાં દીપકે એના ગાલ થપથપાવીને એનામાં ઊતરી આવેલી મદહોશીને ખંખેરવાની કોશિશ કરી. દીપકે એને ઢંઢોળી.

'નિશા... નિશા...'

'હં...' એ હજી પૂરેપૂરી મદહોશીમાં ચૂર હતી.

'નિશા...' દીપકે ફરી એના ગાલ થપથપાવ્યા.

આંખો ખોલી એણે.

'નિશા, આવી ડુબાડી દેતી લહેરો સારી નહીં.'

નિશા ફરી આંખો મીંચી ગઈ. દીપકના વાળમાં આંગળીઓ ફેરવતી એણે પોતાની છાતીમાં જન્મેલી ઇચ્છાને વાચા આપી.

'મારે ડૂબવું છે દીપક, તારામાં. સમાઈ જવું છે તારામાં. તું મને આખે-આખી તારામાં સમાવી લે.'

'નિશા...'

નિશાની સળગતી લાગણી... લાગણી નહીં, એક પ્રકારે વાસના. નિશાની સળગતી વાસનાને દબાવી દેવાનો પ્રયત્ન કરતાં દીપકે કહ્યું,

'નિશા, આમ પીગળી ન જા. કોઈ પણ ગેરજિમ્મેદાર કદમ ઉઠાવ્યા પછી ઇન્સાને પસ્તાવું પડે છે, વેઠવું પડે છે, તું સમજે છે હું જે કહું છું તે !'

હકારમાં મસ્તક હલાવી મદહોશીમાં ડૂબેલી નિશાએ આંખો ખોલી સ્વયંને સંભાળવાનો પ્રયત્ન કર્યો. દીપકના ચહેરે ફેલાયેલ વાળ બંને હાથે સમેટી કાન પાછળ ખોસી મસ્તક ઊંચકીને બીજી તરફ જોઈ રહી. હવે એ સ્વસ્થ હતી. છતાં પીગળી ગયાનો અપરાધભાવ અનુભવતી હતી.

દીપકની વાત સાચી છે, આવી ડુબાડી દેતી લહેરો સારી નહીં, ચારિત્ર બોટાઈ જવાનો પૂરેપૂરો ભય રહે છે, એમ વિચારતી એ દૂર શૂન્યમાં તાકી રહી.

ઘણી વાર સુધી બંને કાંઈ જ ન બોલ્યાં. એકબીજા પ્રતિ જોયું પણ નહીં. આખરે દીપકે

જ પહેલ કરી, નિશાને પોતાના તરફ ફેરવી. એની આંખોમાં આંખો પરોવી જન્મેલી ખામોશીને ખાળતાં પૂછ્યું,

'કેમ ખામોશ થઈ ગઈ ?'

અશબ્દ રહી નિશાએ નકારમાં મસ્તક હલાવ્યું. દીપકે આંખો ચોંટાડી રાખતાં એના ચહેરે ધૂંધળું સ્મિત આવીને બુઝાઈ ગયું.

'શું થયું ? હમણાં તો તું રંગીન મિજાજના વૃંદાવનમાં વિહરતી હતી. અચાનક બેરંગ, બેનૂર કેમ થઈ ગઈ ? નિશા હું જાણી શકું છું, તારી જબાને શબ્દો છે, પણ હોઠ સિવાયેલા છે. તારે કાંઈ કહેવું છે પણ તું ખચકાય છે. એક ધૂંધનું સામ્રાજ્ય હું તારી આસપાસ વિસ્તરેલું મહેસૂસ કરી રહ્યો છું.'

'દીપક...' શબ્દો દબાવી એ બીજી તરફ ફરી ગઈ.

દીપકે એને ફરીથી પોતા તરફ ફેરવી એનો હાથ પકડી પોતાના વાળમાં મૂક્યો. એની આંગળીઓ આપોઆપ દીપકના વાળમાં સરવરવા લાગી.

'ગુડ. હવે બોલ, શું થયું ?'

ઠંડી આહ નાખી નિશાએ.

'દીપક, આવું પહેલી વાર નથી બન્યું, હું ઘણી વાર તારી આગળ ઓગળી ગઈ છું. અને તેં મને સંભાળી છે. તારી જગ્યાએ બીજું કોઈ હોત તો એણે મારા ચારિત્રને છેદી નાખ્યું હોત, મારી પવિત્રતાના લીરેલીરા ઉડાડી નાખ્યા હોત. અને પછી હું કોઈ ઊતરેલી ચીજ હોઉં. એમ થૂંકી કાઢીને ચાલ્યો ગયો હોત.'

'હં... પણ હું એવો નથી, નિશા.'

'જાણું છું, તું એવો નથી. બીજા વાસનાખોર પુરુષો કરતાં તું એકદમ અલગ પ્રકૃતિ ધરાવે છે.' એણે દીપકના ગાલ પ્રેમથી ખેંચતાં કહ્યું, 'દીપક, તારો અંદાજ દુનિયાથી અલગ છે. અને એટલે જ તો મને તારા પર વધુ ને વધુ પ્રેમ ઊભરાય છે.

'ફોર યોર કાઈન્ડ ઇન્ફર્મેશન નિશાદેવી, વધુ પ્રેમ પણ સારો નહીં. કોઈક વાર વિયોગના સંજોગ સર્જાય ત્યારે ખુદને સંભાળવાનું મુશ્કેલ થઈ પડે.'

'બસ, તારી આ જ વાત મને નથી ગમતી. ચલ ઊઠ ખોળામાંથી.' જૂઠું ચિડાતી નિશાએ દીપકનું માથું પોતાના ખોળામાંથી ઊંચકવાનો નાકામ પ્રયત્ન કરતાં કહ્યું,

'જ્યારે હું મિલનની વાત કરું છું, ત્યારે તું જુદાઈની વાત કરે છે.'

એનો જૂઠો ગુસ્સો જોઈ હસી પડ્યો દીપક.

'મૅડમ, તમને તો ગુસ્સે થતાં પણ આવડે છે ને ! એક સાચી વાત કહું ?'

મોં મચકોડ્યું નિશાએ.

'દેવીજી, તમે ગુસ્સે થાવ છો ત્યારે ઔર સુંદર દેખાવ છો. રતુંબડા થતા તમારા ગાલ અને ભીંસાતા હોઠ જોઈને તમને કરડી ખાવાનું મન થાય છે.'

શરમથી લાલઘૂમ થઈ ગઈ નિશા. દીપકે એના ગાલે હાથ ફેરવતાં દાંત નીચે હોઠ દબાવી દીર્ઘ શ્વાસ ભરતી એ બીજી તરફ ફરી ગઈ.

'દીપક...' એના દિલમાંથી ફરી મદહોશીની છાલક વાગી. ગાલ થપથપાવી એની મદહોશીને તોડતાં દીપકે કહ્યું...

'નિશા, આ સમંદરને જો. જરા કાન દઈને સાંભળ, દૂરદૂરથી દોડી આવતી લહેરોમાં કેવો લયબદ્ધ અવાજ છુપાયેલો છે !'

'દીપક, હું સાંભળતી નથી, જોઈ રહી છું. સમંદરના સીનામાંથી ઊઠતી લહેરો કેવી થનગનતી દોડતી આવી સાહિલમાં પૂરેપૂરી સમાઈ જાય છે !'

'નિશા, તારી દૃષ્ટિ લહેરોને સાહિલમાં સમાઈ જતી જુએ છે, જ્યારે મારી દૃષ્ટિ લહેરોને સાહિલ પર આવી દમ તોડતી જુએ છે.'

'બસ... ફરી શરૂ થઈ ગયું તારું. મેં હમણાં જ કહ્યું હતું, જ્યારે હું મિલનની વાત કરું છું, ત્યારે તું જુદાઈની વાત કરે છે.'

નિશાએ જડબાં ભીડતાં કહ્યું, 'દીપક તું પણ ને... બેવજહ મને ગુસ્સો આવે એવી વાત છેડી મને સતાવે છે.'

મુસ્કરાયો દીપક–

'સૉરી...સૉરી... મૅડમ આપણે વાતનો વિષય જ બદલી કાઢીએ.'

ટૂંકો શ્વાસ ભરતી નિશાની આંગળીઓ ફરી દીપકના વાળમાં સરવરવા લાગી. થોડી વારે એ બોલી...

'અચ્છા દીપક, થોડી વાર પહેલાં તું બંધ આંખે કયા ગહેરા વિચારોમાં ડૂબી ગયો હતો ?'

'કાંઈ નહીં, બસ એમ જ.'

'એમ જ નહીં, કોઈ રોમૅન્ટિક વિચારો તારા મનમાં દોડતા હતા. તારા મધુર સ્મિત અને ઊંચકાતી ભમરો પરથી હું કળી શકતી હતી. જરાક મને તો હમસફર બનાવ તારા રોમૅન્ટિક વિચારોની !'

'ઠીક છે, તું આટલો આગ્રહ રાખે છે તો કહી જ દઉં.'

'અચ્છા ! ઉપકાર કરે છે મારા પર !'

આશ્ચર્યથી મોટી થઈ ગયેલી નિશાની આંખો જોઈ દીપકથી હસ્યા વિના ન રહેવાયું.

'હવે ઠંડી થા. મામૂલી વાત છે.' શ્વાસ ભરી દીપકે ઉમેર્યું, 'વેલ નિશા, હું ગણતરી માંડતો હતો.'

'શાની ?'

'એ જ કે આપણા દરમિયાન પ્રેમનું પુષ્પ ખીલ્યાને કેટલાં વર્ષ થઈ ગયાં ? આટલાં વર્ષોમાં હું કેટલો તારી નજીક આવ્યો, અને તું કેટલી મારી નજીક આવી તેની ગણતરી માંડતો હતો.'

'તો... ગણતરીના અંતે શો જવાબ મળ્યો ?'

'લે, ગણતરી તો તેં પૂરી કરવા દીધી નહીં. ગણતરી પૂરી થઈ હોત તો કહી શકત કે શો જવાબ આવ્યો.'

ખીલેલા ગુલાબ જેવું મુસ્કરાતી નિશાએ કહ્યું, 'હું જાણું છું, તારી આ ગણતરીના અંતે શો જવાબ આવત.'

'અચ્છા, શો જવાબ આવત ?'

'માય ડિયર દીપક, તારી આ ગણતરીનો જવાબ ઇન્ફિનિટીમાં આવત, યાને કી અનંતતા. કારણ કે પ્રેમમાં ક્યારેય ગણતરી માંડી જ ન શકાય. તું કેટલો મારી નજીક આવ્યો, અને હું કેટલી તારી નજીક આવી એની ગણતરી માંડવાની જરૂર નથી, એને મહેસૂસ કરવાની જરૂર છે.'

બોલતાં-બોલતાં નિશાના ચહેરે નિરાશાની નાની વાદળી ચઢી આવેલી જોઈ દીપક એના ખોળામાંથી માથું ઊંચકી બેઠો થયો. એનો હાથ પોતાના હાથમાં રમાડતાં દીપકે પૂછ્યું,

'નિશા, કઈ વાતના અંશોએ તારા ધવલ વદને નિરાશાની કાળી વાદળી વરસાવી દીધી ?'

નકારમાં મસ્તક હલાવી નિશા બીજી તરફ જોઈ ગઈ. એની આંખોમાં હલકી નમી આવી ગઈ હતી. દીપકે એને પોતાના તરફ ફેરવી. એ નત નજરે લીસી રેતને તાકી રહી. દીપકે

તર્જનીથી એનો ચહેરો ઊંચકી આંખોમાં આંખો પરોવી.

'નિશા, શી વાત છે ? તારી આંખોમાં આંસુનું પડ છે.'

નિશા દીપકના ખભે માથું ઢાળી જોરથી બાઝી પડી.

'જે હોય તે કહી દે નિશા. આપણે બંનેએ એકબીજાની જિંદગીમાં પ્રવેશ કર્યો છે. તારી આ નિરાશા વિશે જાણવા માટે હું હકદાર છું.'

'દીપક...' નામ સિવાય એકેય શબ્દ ન બોલી શકી નિશા. દીપકે એની પીઠ પર હાથ ફેરવીને સરાહી.

'ધીરજથી બોલ શું થયું, આપણા પ્રેમનો પવન ઘર સુધી પહોંચી ગયો ?'

દીપકના ખભે માથું ઢાળી રાખીને જ નિશાએ નકારમાં મસ્તક હલાવ્યું.

'તો પછી ઘેરથી ડાંટ પડી ?'

'દીપક...'

દીપકે એની નિરાશાનું મૂળ પકડી પાડ્યું.

'મેજરે કાંઈ કહ્યું કે પછી આન્ટીએ ઠપકો આપ્યો ?'

'કોઈએ કાંઈ કહ્યું નથી. પણ જો આવા ને આવા સંજોગો રહેશે તો ચોક્કસ ડાંટ પડશે. પાબંદી આવશે.'

'હું કાંઈ સમજ્યો નહીં, સ્પષ્ટ વાત કર.'

'દીપક, સમજવાનો પ્રયત્ન કર. હવે આપણા કૉલેજના દિવસો નથી રહ્યા કે એ બહાને એકબીજાંને મળી શકીએ. આજે હું ઘેરથી નીકળતી હતી તો મોમે મને પૂછ્યું, ક્યાં જાય છે ? સહેલીના ઘરે જાઉં છું, એવું બહાનું આજે મેં એની આગળ ધરી દીધું. દીપક, મારા બહાર નીકળવા પર પાબંદી આવી શકે એમ છે. આમેય પહેલાં આપણે રોજ મળતાં હતાં, તેને બદલે હવે અઠવાડિયામાં એક દિવસ મળીએ છીએ. મને તો લાગે છે, આ અઠવાડિયાના એક દિવસનું મળવાનું પણ બંધ થઈ જશે.'

'ના-ના, આ શક્ય નથી.'

નિશાએ અતિ આર્દ્ર સ્વરે કહ્યું, 'દીપક તું કાંઈ કર.'

'આમાં હું શું કરી શકું !' મૂંઝવણ ઠાલવતાં દીપકે કહ્યું, 'મેજર અને આન્ટીને હું એમ તો ન કહી શકું ને કે એ લોકો તને...'

દીપકના ખભેથી માથું ઊંચકી ઇશારાથી જ એની વાતને અટકાવતાં નિશાએ કહ્યું, 'હું કાંઈ ન જાણું. રોજ નહીં તો અઠવાડિયામાં એક દિવસ તો તારા પ્રેમમાં પલળવા મળે છે, એમ સ્વીકારી હું મન મનાવતી આવી છું. જો તારા પ્રેમમાં પલળવા નહીં મળે તો હું મૂરઝાઈ જઈશ, મારાથી નહીં વેઠી શકાય. દીપક હું...'

નિશાના શબ્દો રૂંધાઈ ગયા. દીપકે ફરી એને સરાહી.

'નિશા તું ચિંતા ના કર, આપણે કાંઈક વિચારીએ.'

'આપણે નહીં, તું કાંઈક વિચાર. મારી વિચારશક્તિ તો ક્ષીણ થઈ ગઈ છે. દીપક જો તું કોઈ મારગ ન શોધી શક્યો આપણા મિલનનો, તો આ આપણું છેલ્લું મિલન સમજજે.'

'ના-ના, એવું નહીં થાય નિશા.'

'દીપક, દર અઠવાડિયે કોઈ નવું બહાનું આગળ ધરી હું ઘરની બહાર નહીં નીકળી શકું. હું...'

નિશા બોલ્યે જતી હતી પણ દીપકનું દિમાગ તો વિચારોના કળણમાં ઊંડું ઊતરી ગયું હતું. શું... કરી શકાય જેથી આ અઠવાડિક મિલન બંધ ન થાય.

બે

નિશા બોલ્યે જતી હતી પણ દીપકનું દિમાગ તો વિચારોના કળણમાં ઊંડું ઊતરી ગયું હતું. ઘણું-ઘણું વિચારવા છતાં કોઈ રસ્તો સૂઝ્યો નહીં. અંતે વિચારશક્તિ ટૂંકી પડતાં એણે હથિયાર હેઠાં મૂકી દીધાં.

'નિશા મારી વિચારશક્તિ એવું કોઈ પાસું ફેંકતી નથી, જે આપણા અઠવાડિક મિલનને અટકાવી ન શકે.'

નજર સામે ઊઠતી સમંદરની ઊંચી મોટી લહેરો એકબીજાને એક જ હલેસામાં જુદા પાડી દૂર-દૂર ખેંચી જતી હોય તેવો અહેસાસ બંનેને થયો.

વિચારશક્તિના રેગિસ્તાનમાં દૂર સુધી આંખો ખેંચી-ખેંચીને જોવા છતાં એવી કોઈ રાહ નજરે પડતી નહોતી, કે જેના પર ચાલવાથી બંનેનું અઠવાડિક મિલન અટકી ન શકે.

મનોવિચારો સાથે આંખો મીંચી બેસી રહ્યો હતો દીપક. કાનોમાં સમંદરનો પડઘાતો ઘુઘવાટ જાણે કહેતો હતો... દીપક, આટલા જલદી ઘૂંટણ ટેકવી દીધા સંજોગ સામે ! માય ડિયર, પ્રેમનો પંથ આસાન નથી. અહીં તો ડગલે ને પગલે વિપરીત પરિસ્થિતિ પગમાં આળોટી પડશે.

અબોલ, ખાલી-ખાલી થઈ ગયેલી નિશાથી ન રહેવાતાં આખરે એણે પૂછ્યું, 'દીપક, તો... શું વિચાર્યું ?'

દીપકે નકારસૂચક ડચકારો કર્યો.

'કાંઈ નહીં, મારી વિચારશક્તિ ક્ષીણ થઈ ગઈ લાગે છે.'

'દીપક !' આઘાતનો શ્વાસ ગળી ગઈ નિશા, 'આઇ એમ સિરિયસ. તું કાંઈ રસ્તો શોધ. નહિતર વિયોગની ક્ષણો જીરવવી મારે માટે દુષ્કર થઈ પડશે.'

'તારા માટે જે ક્ષણો જીરવવી દુષ્કર થઈ પડશે, તે ક્ષણોને શું હું જીરવી શકીશ એમ માને છે તું નિશા !'

નિશાની પલક ઝપકીને ઊઘડી. ટૂંકો શ્વાસ મૂક્યો એણે.

'હું બસ તારી સાથેના મિલનને માનું છું, એ સિવાય કાંઈ માનતી નથી, સમજતી નથી.'

'ડૉન્ટવરી નિશા, હું જલદી કાંઈક રસ્તો શોધી કાઢીશ.'

દીપકે બંને હાથે એનો ચહેરો પકડી એની આંખોમાં આંખો પરોવી.

'તું ચિંતા ના કર. આપણને કોઈ રસ્તો નહીં સૂઝે તો વિક્રમની મદદ લઈશું. વિક્રમ અને શીતલ આપણા દરમિયાન ખીલેલા પ્રેમની બહારથી અજાણ નથી. એ બંને ચોક્કસ કોઈ રસ્તો શોધી આપશે.'

'ઓહ દીપક...!'

હૈયે હળવાશ અનુભવતી નિશાએ ફરી દીપકના ખભે માથું ઢાળી દીધું. દીપકે એના રેશમી ઘટાદાર વાળમાં આંગળીઓ ફેરવી.

'દીપક, ચાલને અત્યારે જ વિક્રમ અને શીતલને મળવા જઈએ. હવે મારી ધીરજ ખૂટી રહી છે. આપણા મિલનની કોઈ ચોક્કસ રાહ મળી જશે પછી જ મારા બેચેન દિલને શાતા વળશે.'

'અંધકાર ધરા પર ઊતરી રહ્યો છે નિશા. અત્યારે એ બંનેને મળવા જઈશું તો ઘેર પહોંચતાં ઘણું મોડું થઈ જશે. હા, હું ઘેર પહોંચીને તરત ફોન પર વિક્રમ સાથે વાત કરી કોઈ ઉકેલ પૂછી લઈશ. ચાલ હવે ઘર તરફ પ્રસ્થાન કરીએ, અંધકારનું સામ્રાજ્ય વિસ્તરતું જાય છે.'

દીપકના હાથમાં હાથ પરોવી ઊભી થયેલી નિશાએ લાઇટ પિંક ડ્રેસને કમરેથી ખેંચી

થોડો સરખો કરી છાતી પર દુપટ્ટો ઢાંક્યો. લાઇટ પિંક વસ્ત્રોમાં એનું ધવલ જિસ્મ કાંઈ વધુ જ ખીલી ઊઠ્યું હતું.

કોઈની નાપાક નજર મારા પ્રેમને અભડાવી ન જાય તે મનોવિચારો સાથે એ દીપકથી યોગ્ય અંતર રાખીને ચાલતી હતી. આવીને દીપક બાઇક તરફ વળ્યો. અને એ થોડે આગળ જઈને ઊભી રહી.

દીપકે બાઇક ચાલુ કરી એની નજીક લાવીને ઊભી રાખી કે તરત એ બાઇકની પાછલી સીટ પર સવાર થઈ ગઈ. દુનિયાથી એ નજર ચુરાવતી હતી, દુપટ્ટો મોં પર ઢાંકી નતનજર રાખી એ દીપકને પાછળથી ચીપકી ગઈ.

બંધ આંખે દૂધ પીતી બિલાડીને એમ જ હતું કે એને કોઈ જોતું નથી, પરંતુ એને ખબર નહોતી કે અત્યારે જૂહુના જ કોઈક ખૂણેથી બે જણની ચાર આંખો બંનેને જોઈ રહી છે.

દીપકે બાઇક ગતિશીલ કરી ત્યારે મુંબઈની સડકો પર સોડિયમ લૅમ્પોની રોશની ઝળૂંબતી હતી.

બાઇક સ્ટ્રીટમાં પ્રવેશે તે પહેલાં જ દીપકના ખભે ટપલી મારતાં નિશાએ કહ્યું, 'બસ-બસ, બ્રેક માર.'

'કેમ ? શું થયું ?' બ્રેક પર પગ દબાવી દીપકે બાઇક ઊભી રાખી.

બાઇક પરથી ઊતરતાં નિશાએ કહ્યું, 'હવે તું જા. હું આવું છું ચાલતી-ચાલતી.'

'નિશા તું દર વખતે સ્ટ્રીટના નાકે ઊતરી જાય છે. મને કાંઈ સમજાતું નથી, કેમ ?'

એણે દીપકના માથે ટપલી મારી, 'બુધ્ધુ, મેજર મને તારી બાઇક પર સવાર જુએ તો ગોળીએ દે.'

'તું ખૂબ ગભરુ છે નિશા. તું કહે છે, મેજર એવા નથી, મેજર તો ખૂબ માયાળુ છે.'

'હું જાણું છું, મેજર માયાળુ છે. એટલે જ તો એમના દિલને ધક્કો લાગે એવું હું કોઈ કામ કરવા નથી માગતી.'

'વાતમાં વિરોધાભાસ છે નિશા. સોચ, જે દિવસે આપણા છાનાછપના પ્રેમની ગંધ મેજરના નાક લગી પ્રસરી જશે ત્યારે એમના દિલને ધક્કો નહીં લાગે !'

'કદાચ લાગશે. અને તે વખતે હું બેઝિઝક આપણા પ્રેમની કિતાબ એમની સમક્ષ ખોલી નાખીશ એમાં કોઈ બેમત નથી.'

'તારું થિંકિંગ મારી સમજ બહાર છે. એક તરફ તું કહે છે, મેજરના દિલને ધક્કો લાગે એવું કોઈ કામ નહીં કરે. અને બીજી તરફ તું છાની-છાની રીતે પ્રેમનાં પલાખાં ગણે છે !'

'દીપક, દરેક વાત કહેવાનો એક ચોક્કસ સમય આવે છે. એ સમય આવશે ત્યારે હું મેજરને આપણા પ્રેમ પ્રત્યે રૂબરૂ કરાવીશ. સમય અને સમજણ વિના જે વાત છેડવામાં આવે તેના સારા પરિણામની કોઈ આશા ન રાખી શકાય.'

'શરત મારવી છે નિશા, તું યોગ્ય સમયે પણ મેજર સમક્ષ આપણા પ્રેમનો એકરાર નહીં કરી શકે, તારામાં એટલી હિંમત જ નથી.'

ડિમ્પલપડ્યું હસી નિશા.

'સમય આવ્યે એ બધું જોવાઈ જશે. હા, મારા પ્રેમ બાબતે હું કોઈની સાથે શરત મારવા તૈયાર નથી, તારી સાથે પણ નહીં. અને હવે આ દલીલબાજી અટકાવીને હું તને ખાસ યાદ દેવડાવું કે તારે વિક્રમને ફોન કરવાનો છે.'

'હા-હા મને યાદ છે, ડૉન્ટવરી.'

'ઓ.કે. બાય.' કહી નિશા ઝડપથી ઘર તરફ વળી.

દીપકે પણ પોતાના ઘર તરફ બાઇક દોડાવી દીધી.

* * *

દીપક અને નિશાનાં ઘર સામ-સામે જ હતાં. નિશાના પિતાજી મેજર રણજિત બત્રા રિટાયર્ડમેન્ટ પછી પત્ની વિધા અને પુત્રી નિશા સાથે અહીં આવીને સ્થાપી થયા હતા. ફોજની નોકરી દરમિયાન તેઓ વર્ષો સુધી પરિવારજનોથી દૂર રહ્યા હતા. પરંતુ મુંબઈની ઝાકઝમાળે એમને હંમેશાં આકર્ષિત કર્યા હતા. એટલે એમણે નક્કી કરી લીધું હતું, કે રિટાયર્ડમેન્ટ પછી પોતાની જન્મભૂમિ મુંબઈમાં જ સ્થાયી થશે. આથી તો એમણે નોકરીનાં વર્ષો દરમિયાન મુંબઈમાં પોતાનું મકાન પણ બનાવી લીધું હતું.

બે હજાર ચોરસફુટના પ્લોટ એરિયામાં બારસો ચોરસ ફૂટમાં મેજરે શ્રી બી.એચ.કે.નું મકાન બનાવીને બાકીની ખુલ્લી જમીનમાં સુંદર બગીચો બનાવ્યો હતો. બગીચામાં અમેરિકન ગ્રીન ગ્રાસ સાથે રંગબેરંગી ફૂલો રોપ્યાં હતાં. જમરૂખ, ચીકુનાં રોપેલાં ઝાડ તો હવે ફળ આપતાં થઈ ગયાં હતાં. આખા બગીચાની માવજત સ્વયં મેજર કરતા હતા. બે જણથી બેસાય એવો હીંચકો પણ એમણે બગીચામાં મુકાવ્યો હતો. રોજ સાંજે પત્ની સાથે મેજર હીંચકે ઝૂલતા હતા.

એમની બરાબર સામે માસ્તર પરિવાર હતો. માસ્તર વિષ્ણુપ્રસાદ, એમની પત્ની રુક્મિણી અને પુત્ર દીપકે મેજર પરિવારને અહીં આવતાંવેંત પરિવારજનો જેવી હૂંફ આપી. સ્થાયી થવામાં ઘણી મદદ કરી હતી. બંને પરિવારો વચ્ચે ખૂબ ગાઢ સંબંધોના તાર વણાઈ ગયા હતા.

ખૂબસૂરત, ગુલબદન નિશાને ચાર વર્ષ પહેલાં જોતાં જ દીપકના દિલે મીઠાં સ્પંદનો અનુભવ્યાં હતાં. શરૂઆતમાં તો બંને વચ્ચે દોસ્તીનાં ફૂલ ખીલ્યાં હતાં. પછી સમય જતાં એ દોસ્તીમાંથી પ્રેમનો રામન મહેક્યો હતો.

દોસ્તી પર ક્યારે પ્રેમની લાગણીઓએ હક જમાવી દીધો તેનો ખ્યાલ બંનેમાંથી કોઈને નહોતો. જ્યારે બંને વચ્ચે દોસ્તીનો સંબંધ હતો, ત્યારે બંને દુનિયા સમક્ષ ખુલ્લા મને પેશ થતાં હતાં. પરંતુ જ્યારથી પ્રેમની વસંત બંનેના દિલો પર પાંગરી ત્યારથી બંને દુનિયાથી પોતાના પ્રેમસંબંધો છુપાવતાં આવ્યાં છે. આમેય દોસ્તી કરતાં પ્રેમને દુનિયાની બૂરી નજર વહેલી લાગી જાય છે !

ઘેર આવી હાથ, પગ, મોં ધોઈ દીપક સોફામાં લાંબો થયો હતો. માસ્તરનું ઘર હતું. માસ્તર એટલે કમાણી આમેય ટૂંકી. એમાંથી પરિવારના નિભાવ બાદ જે બચ્યું તે વિષ્ણુપ્રસાદે મકાનમાં રોકી દીધું હતું. આ પરિવારે રૂપિયાની ખેંચ વેઠી છે, પરંતુ ક્યારેય કોઈની સામે હાથ લંબાવ્યો નહોતો. જેટલી ચાદર એટલા જ પગ ફેલાવવામાં વિષ્ણુપ્રસાદ માનતા હતા. અને એમણે દીપકને પણ આજ ગળથૂથીમાં આપ્યું હતુ.

ભણીને દીપક નોકરીએ લાગ્યો પછી આ ઘરમાં રૂપિયાની કદાચ ખેંચ વર્તાઈ નથી. આ પરિવાર હંમેશાં ફાવશે, ચાલશે, ગમશેમાં જ માનતો આવ્યો છે.

સોફામાં લાંબા થયેલા દીપકે ટીવી ઓન કરતાંની સાથે મોબાઈલની સ્વિચો દાબી વિક્રમને ફોન જોડ્યો. રિંગ જતી હતી તે સમય દરમિયાન ઘણી વાર એના દિલની ધડકનો ખોરવાઈ જતી હતી.

પાંચ-છ રિંગ પછી વિક્રમે કોલ રિસીવ કર્યો. અને દીપક કાંઈ બોલે તે પહેલાં વિક્રમે શબ્દો ફેંક્યા, ‘કેમ મજનુના એકવીસમા અવતાર, આજે તારી લેલાને લઈને ક્યાં ઊડતો હતો !’

ફોન કાને ધરી રાખી દીપક ઘરમાંથી બહાર નીકળ્યો ત્યારે નિશા પણ ફ્રેશ થઈને બહાર બગીચામાં જ ઊભી હતી. દીપકને જોતાં એના ચહેરે આછું સ્મિત રમી ગયું. સામું સ્મિત ધરતા દીપકે ઇશારાથી સમજાવ્યું કે પોતે વિક્રમ સાથે વાત કરે છે. જાણીને નિશાના દિલે થોડી ઠંડક વળી.

'હા, વિક્રમ.' દીપક બોલ્યો.

'કેમ બેટા, આંખો બંધ કરીને ઇશ્ક ફરમાવીયે એનો મતલબ એ નથી કે દુનિયા આપણને જોતી નથી.'

'તુ શું કહે છે વિક્રમ, મારા કોઠે કાંઈ પડતું નથી.'

'વધારે શાણો ન બન. છુપાવવાની કોશિશ બેકાર છે.'

'શું ?'

'એ જ કે તારી ખૂબસૂરત પારેવડી સાથે પ્રેમની ચાંચ લડાવીને કેવું લાગે છે !'

'ભાઈ, તું શું કહે છે, મને કાંઈ જ સમજાતું નથી.'

'તો સમજ, તારી રેશમ જેવી હીર પાછળથી તને ચીપકી ગઈ પછી તું બાઇક સડસડાટ હંકારી ગયો હતો તે મેં જોયું હતું.'

દીપક કાંઈ કહે તે પહેલાં વિક્રમે સફાઈ પેશ કરી,

'હવે એવું ના કહીશ કે હું જૂઠ બોલું છું. કારણ કે, મારી પાસે સબૂત છે. મારી સાથે શીતલ હતી. એણે જ તમને બંનેને જૂહુ પર જોઈને મારું ધ્યાન દોર્યું હતું.'

'ઓહ ! તો તમે જોઈ ગયાં !'

'મિસ્ટર મજનુ, પોતે આંખો મીંચી દઈએ એટલે એવું નહીં સમજી લેવાનું કે દુનિયા આખી સૂઈ ગઈ.'

'વિક્રમ એ વિષયક જ તારી સાથે વાત કરવા ફોન કર્યો છે.'

'તો ફરમાવ...'

'એક સમસ્યા આવી શકે એમ છે. તેનો ઉકેલ મેં ઘણો વિચાર્યો પણ અંતે નાકામ રહ્યો. શક્ય હોય તો તું મને એનો ઉકેલ લાવી આપ.'

'સમસ્યા બોલ તું.'

'વિક્રમ તને કહું છું, પણ વાત ફેલાય નહીં તેનો ખ્યાલ રાખજે.'

'ડૉન્ટવરી, શીતલને પણ નહીં કહું.'

'શીતલનો વાંધો નથી. તમે બંને મારા અને નિશાના પ્રેમથી અજાણ નથી. એટલે શીતલ સુધી વાત પ્રસરે તો વાંધો નથી.'

'અરે...તું ચિંતા ના કર. મારું અને શીતલનું પેટ બહુ ઊંડું છે. કોઈ વાત અંદર પડ્યા પછી ઓડકાર પણ નહીં આવે !'

'વિક્રમ...'

દીપકે ધીરે-ધીરે આખી વાત સવિસ્તાર વિક્રમને સમજાવી દીધી.

દીપકની સમસ્યા સાંભળીને વિક્રમ પણ દિશાશૂન્ય થઈ ગયો. તરત તો એને કોઈ ઉકેલ ન સૂઝ્ યો એટલે એણે કહ્યું,

'દીપક, હું એકાદ કલાક પછી તને ફોન કરું. અત્યારે તો મને આ સમસ્યાનો કોઈ ઉકેલ નજરે નથી ચઢતો. હું શીતલ સાથે તારી સમસ્યાની ચર્ચા કરી જોઉં. કદાચ એની તેજ વિચારશક્તિ કોઈ પાસું ફેંકી દે. તું બિલકુલ નિશ્ચિંત રહેજે. આ સમસ્યાનો ઉકેલ હું તને ચોક્કસ લાવી આપીશ.'

'વિક્રમ યાર...' દીપકનો સૂર ચિંતિત હતો.

'દીપક... ભરોસો રાખ. તમારા મિલનનો કોઈ રસ્તો આપણે ચોક્કસ શોધી કાઢીશું. અને નિશા અત્યારે ક્યાં છે ?'

'એના કમ્પાઉન્ડમાં ઊભી છે.'

'દીપક, એને અત્યારે કાંઈ ન કહીશ.'

‘એને ખબર છે, હું અત્યારે તારી સાથે વાત કરી રહ્યો છું. એ મારા પર નજર ચોંટાડીને ઊભી છે. આપણી વાત પૂરી થતાં જ કદાચ એ...’

‘તો પછી એને ઇશારાથી સમજાવી દે જે કે સમસ્યાનો ઉકેલ મળી ગયો છે.’

‘ઠીક છે, તું કહે છે તેમ કરીશ. પરંતુ...’

‘તું ચાર જંગ પહેલાં હાર ન માની લે. હું કાંઈક તો ઉકેલ શોધી જ કાઢીશ. અને હવે હું લાઇન કટ કરું છું.’

સામેથી વિક્રમે લાઇન કટ કર્યા પછી દીપકે મોબાઈલ ખિસ્સામાં સરકાવ્યો. તે સાથે જ બગીચામાં ઊભેલી નિશા ઝડપથી ગેટ પાસે આવી ગઈ. એની ચિંતિત મુદ્રાઓ પરથી અશબ્દ સવાલ સરક્યો. ‘શું ઉકેલ મળ્યો ?’

આજુબાજુ નજર ફેરવી કોઈ જોઈ નથી રહ્યું તે ખાતરી કર્યા પછી દીપકે ઇશારાથી એને સમજાવ્યું... સમસ્યાનો ઉકેલ મળી ગયો છે, ત્યારે એના દિલે જરાક ટાઢક વળી.

‘નિશા...’ ઘરમાંથી મેજરનો ઘટ્ટ અવાજ બહાર ખેંચાઈ આવતાં એનું હૃદય ધમધમી ઊઠ્યું.

‘જી...’ તરડાતા અવાજે બોલતી એ ઝડપથી ઘર તરફ વળી.

ઘરમાં આવી નતમસ્તકે કિચન તરફ સરકી જતી નિશાનો બેનૂર, ફિક્કો ચહેરો જોઈ ટીવી ઑફ કરતાં મેજરે અ ેને પાસે બોલાવી.

‘નિશા, અહીંયાં આવ.’

વિખરાયેલા શ્વાસે મેજર તરફ વળેલી નિશાની દિમાગી પણછમાંથી સંદેહનું તીર છૂટ્યું.. દીપક સાથે ઇશારાથી વાતોનો સેતુ સાધતાં મેજરે મને જોઈ તો નથી લીધી ને !

‘બેસ, મારી પાસે બેસ.’

ગભરાતી નિશા આવીને મેજરની બાજુમાં સોફામાં બેઠી. મેજરે વ્હાલથી એના માથે હાથ ફેરવ્યો. જવાબમાં એણે માત્ર ફિકું સ્મિત રેલાવ્યું. એના કરમાયેલા ગાલે હાથ ફેરવતાં મેજરે પૂછ્યું,

‘શું થયું છે તને ? સહેલીના ઘેરથી પાછી ફરી છે ત્યારથી તું ઉદાસ અને બેનૂર છે.’

કાંઈ ન બોલી નિશા. મેજરને જોરથી ચીપકી ગઈ. મેજરે માથે હાથ ફેરવીને એને પંપાળી.

‘તું ઉદાસ કેમ છે ? તારી ઉદાસીનું કારણ મને જણાવ. ઉદાસી ઊધઈ જેવી હોય છે, બેટી, મનને અંદરથી આખેઆખું કોતરી ખાય છે.’

‘મેજર...’ એના શબ્દો તૂટી ગયા.

એ મેજર રણજિત બત્રાને હંમેશાં મેજર જ કહેતી, ભાગ્યે જ કોઈક વાર ડેડ કહેતી. મેજર સંબોધનમાં એ અનોખો ગર્વ મહેસૂસ કરતી. વિદ્યાબહેનને હંમેશાં મોમ કહેતી, ભાગ્યે જ મા કહેતી. નિશાની જેમ વિદ્યાબહેન પણ રણજિત બત્રાને મેજર જ કહેતાં. રણજિત બત્રા રિટાયર્ડ થઈ ગયા હતા છતાં એમના વિશાળ વ્યક્તિત્વને મેજર શબ્દ છાજતો હતો. એટલે અડોશ-પડોશના લોકો પણ એમને મેજર જ કહેતા.

‘એક ફૌજીની દીકરી આટલી કમજોર ! શું થયું છે તને, કોઈએ અપમાન કર્યું ? કે પછી સહેલી સાથે ઝઘડો થયો ?’

નિશાએ નકારમાં મસ્તક હલાવ્યું.

‘તો પછી આટલી ઉદાસ, બેનૂર કેમ છે ?’

‘મને ગમતું નથી મેજર, સારું નથી લાગતું આ ઘરની ચાર દીવાલોમાં. મારે બહાર નીકળવું છે. ઘરમાં રહી-રહીને હું અંદરો-અંદર ઘૂંટાઈ રહી છું એવું મને લાગે છે. મને ખુલ્લી હવામાં ઊડવું છે, દુનિયા માણવી છે.’

મેજરનો હાથ હજી એના માથે ફરતો હતો.

‘બોલ ક્યાં જવું છે, કોઈ હિલસ્ટેશન...’

‘મારે કશે નથી જવું.’ એ સપાટ સ્વરે બોલી ગઈ. પછી ઊભી થઈને એના બેડરૂમમાં ચાલી ગઈ.

મેજર એને સ્થિર આંખે જોઈ રહ્યા.

* * *

વિક્રમને ફોન કરીને ઘરમાં આવેલો દીપક ફરી સોફામાં લાંબો થયો હતો. એનું મન કશામાં લાગતું નહોતું. રિમૉટથી કાંઈ કેટલીયે વાર ટીવીની ચૅનલો બદલી ચૂક્યો હતો.

ઇંતેજારની આગોશમાં ક્ષણોની આવરદા અક્સર વધી જાય છે. એને વિક્રમના ફોનનો ઇંતેજાર હતો. એકના બદલે બે કલાક ઉપર સમય વીતી જવા છતાં વિક્રમનો ફોન આવ્યો નહોતો. વીતેલા બે કલાક એને બે વર્ષ જેટલા લાંબા લાગ્યા હતા.

એક સમયે તો સામેથી વિક્રમને ફોન કરવાનું એણે વિચાર્યું, પછી હજી થોડી રાહ જોઉં, કદાચ શીતલ સાથે હજી ચર્ચા-વિચારણા કરતો હશે, એમ ધારી લઈ એણે વિક્રમને ફોન ન જોડ્યો.

વીતેલા બે કલાકમાં એ પાંચથી છ ગ્લાસ પાણી પી ગયો હતો, છતાં પ્યાસ બુઝાઈ નહોતી. પ્યાસ જો પાણીની હોત તો બુઝાત ! આ તો પ્રેમની પ્યાસ હતી, જે આખેઆખો સમંદર પી જવા છતાં બુઝાઈ શકે એમ નહોતી !

આસ્તે-આસ્તે સમય તૂટી રહ્યો હતો. વિક્રમના ફોનનો ઇંતેજાર કરતો એ આકુળવ્યાકુળ થઈ ઊઠ્યો હતો. આખરે એણે રિમોટ પર બટન દબાવી ટીવી ઑફ કર્યું. આંખો ઢાળી વિચલિત મનને શાંત પાડવાનો પ્રયત્ન કર્યો. પરંતુ બધું વ્યર્થ હતું. વિક્રમના ફોનનો ઇંતેજાર કરતાં એનું વિચલિત મન ઘણાં મનામણાં અને સોદા પછી પણ શાંત ન થયું. જરૂર કોઈ ઉકેલ મળી જ જશે એવી આભાસી આસ્થા મનને બંધાવાનો પ્રયત્ન કરી જોયો. તોપણ એના વિચલિત મને આખરે બધા પ્રયત્નો છેદી કાઢ્યા.

એકાએક ફોનની રિંગ ઝરઝરી ગઈ. સ્ક્રીન પર વિક્રમનું નામ ફ્લિકર થતું હતું. બીજી જ ક્ષણે કોલ રિસીવની સ્વિચ દબાવી મોબાઈલ કાને અડાડે તે પહેલાં તો એના હૃદયના બેફામ વધી ગયેલા ધબકારાએ આસ્થા અને સંદેહના મિશ્રણ સમો પ્રશ્નાર્થ પાથર્યો...

શું થયું હશે ? સમસ્યાનો ઉકેલ મળી ગયો હશે ? યા...

‘હા વિક્રમ બોલ.’ એ અધીરાઈથી બોલ્યો.

‘વિક્રમ નહીં, શીતલ બોલું છું.’

‘ઓહ શીતલ !’ એનાથી ટૂંકી આહ નંખાઈ ગઈ, ‘હાઉ આર યૂ ?’ ન ચાહવા છતાં ઔપચારિક તૌર પર પુછાઈ ગયું.

‘હું તો મજામાં છું.’ સામેથી શીતલ બિન્દાસ્ત બોલતી હતી, ‘પણ તારા ગ્રહો વક્રગતિ કરતા હોય એવું હું મહેસૂસ કરી શકું છું.’

‘તું મારું દર્દ મહેસૂસ કરી શકે છે ?’

‘હા, કરી શકું છું. અને કેમ ન કરી શકું, આખરે આપણે દોસ્તો જો છીએ !’

‘હા, એ તો છે જ !’ એણે તદ્દન અધીરાઈથી પૂછ્યું, ‘વિક્રમ ક્યાં છે ?’

‘રિલેક્સ યાર... તું તો બહુ અધીરિયો. તારી અને મારી વાતમાં વિક્રમનું શું કામ છે !’

‘શીતલ તું જલદી વિક્રમને ફોન આપ, મારે એની સાથે ખૂબ જ જરૂરી વાત કરવી છે.’

‘દીપક ઘણા સમય પછી આપણે બંનેએ એકબીજાનો અવાજ સાંભળ્યો છે. મારી સાથે થોડી તો વાત કર !’

'શીતલ... જસ્ટ ટ્રાય ટુ અન્ડરસ્ટેન્ડ. મારી હાલત અત્યારે ખૂબ જ ખરાબ છે.'

'તો કોઈ ડૉક્ટરને મોકલું, તારો ઇલાજ કરવા ?' શીતલે હસતાં-હસતાં પૂછ્યું.

'ના-કોઈ ડૉક્ટર પાસે મારો ઇલાજ નથી. મારો ઇલાજ શાયદ વિક્રમ પાસે છે. આપણે સમય કાઢીને સામસામે બેસી એક આખો દિવસ વાતો કર્યા કરીશું. પણ તું અત્યારે ફોન વિક્રમને આપ, મારે એની સાથે ખૂબ જરૂરી વાત કરવી છે.'

'એવી તો શું જરૂરી વાત છે જે માત્ર વિક્રમ સાથે થઈ શકે, મારી સાથે નહીં !'

દીપકે કપાળ કૂટ્યું.

ત્રણ

દીપકે કપાળ કૂટ્યું. પછી તરત ફોનમાં સામેથી વિક્રમ અને શીતલના ધીરા અવાજનો સંવાદ સંભળાયો.

'શીતલ, તું એને વધારે હેરાન ના કર. એની હાલત આમેય પતલી થઈ ગઈ હશે. અને તું ઉપરથી એની ધીરજના તંતુને ખેંચી રહી છે. તેં જે ઉકેલ શોધ્યો છે તે કહી દે તો એના અંતરને શાતા વળે.'

'હું તો અમસ્તા જ એને તડપાવું છું. એને હજી થોડો વધુ તડપવા દે તો ખબર પડે કે પ્રેમની પરીક્ષામાં આવતી અઘરી-અઘરી સમસ્યાઓનાં સમાધાન મેળવવાં કેટલાં મુશ્કેલ હોય છે.'

'શીતલ, મહેરબાની કર એના પર.'

'ના, મહેરબાની નહીં કરાય જા...' ફોન પર શીતલનું હાસ્ય પડ્યું. 'વિક્રમ થોડી વાર, મારે જોવું છે કે, ધીરજ મૂકી ક્યાર સુધી એ જોરથી બરાડો નથી નાખતો !'

'તું રહેવા દે આ બધું. સમજ એની હાલત. પાણીની બહાર ફેંકાયેલી માછલીની જેમ તરફડતો હશે એ !'

'હલો...!' બંનેના સંવાદને અટકાવતો સૂર દીપકે ફોન પર પાડ્યો, 'હલો... શીતલ...'

'હા બોલ શું છે ?'

'શીતલ, મહેરબાની કર મારા પર. હું હાથ જોડું છું.'

'પગ પકડવાનો હોય તો મહેરબાની કરું.'

'પગ શું, તું કહે તો આખેઆખી તને પકડી લઈશ.'

'એ ચાન્સ તને નહીં મળે. એ ચાન્સ વિક્રમને મળી ગયો. બોલ તારી સમસ્યા શી છે, તે પછી હું ઉકેલ શોધું.'

'શીતલ...' દીપકના અવાજમાં ગરમાહટ ભળી ગઈ.

'રિલેક્સ ડિયર...' શીતલે બરફ જેવા ઠંડા શબ્દોથી એની બધી ગરમાહટ, શોષી લીધી, 'ઉત્તેજિત ન થા, અને શાંતિથી સાંભળ.'

દીપકની ધડકનો થોડી વધી ગઈ.

'દીપક તમારી સમસ્યાનો એક ઉકેલ છે. નિશાએ બી.કોમ. કર્યું છે, એની ડિગ્રીનો ફાયદો ઉઠાવ.'

'કઈ રીતે, હું સમજ્યો નહીં !'

'દીપક, નિશાને કોઈ કંપની યા તો બીજે ક્યાંક જૉબ કરવા માટે તૈયાર કર. જૉબના બહાને એ ઘરમાંથી બહાર નીકળી શકશે, જેથી તમારા મિલનની શક્યતાઓ વધી જશે. આ રીતે તમારા પ્રેમની આગને ઑક્સિજન પણ મળતો રહેશે. બોલ કેવો લાગ્યો ઉકેલ !'

'તદ્દન યોગ્ય. ઇચ્છા થાય છે, આવીને તારા ગાલ ચૂમી લઉં.'

'એની જરૂરત નથી. એ તો રોજ વિક્રમ ચૂમે છે. જેના તારે ચૂમવાના છે તેના તો ચૂમતો નથી.'

'તને કઈ રીતે ખબર !' આશ્ચર્ય પાથર્યું દીપકે.

'મને બધી ખબર છે. સ્ત્રી પોતાના દિલની વાત કોઈ વિશ્વાસપાત્ર વ્યક્તિને જ કહે છે. અને જેમ તું અને વિક્રમ કૉલેજમાં સાથે હતા અને એકબીજાના ખાસ દોસ્ત હતા. તેમ હું અને નિશા પણ કૉલેજમાં સાથે હતાં, અમારા દરમિયાન ગહેરી દોસ્તી છે.'

'હા... હીર અને લેલાની જોડી.'

બંનેએ ફોન પર મુક્ત હાસ્ય માણ્યું.

'તું જે સમજે તે. મારા અને વિક્રમના સંબંધે રફતાર વધારે પકડી એટલે અમારાં લગ્ન થઈ ગયાં. જ્યારે તારા અને નિશાના પ્રેમે ગોકળગાયની ગતિ પકડી એમાં હજી તમે નવી-નવી સમસ્યાના ઉકેલો માટે ફાંફાં મારો છો.'

બંનેએ ફરી હાસ્ય માણ્યું. પછી તરત દીપકે કહ્યું,

'વેલ, શીતલ તેં સુઝાવેલ ઉકેલ એકદમ યોગ્ય છે, પરંતુ એમાં બે સમસ્યા છે.'

'સમસ્યાના ઉકેલમાંય બે સમસ્યા, કઈ !'

'હું નિશાને તો જૉબ માટે રાજી કરી લઉં. પણ એના ઘરમાંથી મેજર અને આન્ટીની પરમિશન જરૂરી છે. અને તું તો એ બંનેને બરાબર ઓળખે છે. એ બંને પરમિશન આપે એમ લાગતું નથી.'

'એ તારી અને નિશાની સમસ્યા છે' શીતલે સપાટ શબ્દોમાં કહી દીધું, 'જે તમારે બંનેએ જ સુલઝાવવી પડશે. એમાં હું કાંઈ નહીં કરી શકું. હા, બીજી સમસ્યા બોલ.'

'બીજી સમસ્યા એ, કે જૉબ કોણ શોધે ? અને એવું કાંઈ નક્કી થોડું છે કે, આજે એપ્લિકેશન કરીએ અને આવતીકાલે જૉબ મળી જાય ! શીતલ, તેં સુઝાવેલ ઉકેલ તદ્દન યોગ્ય છે, છતાં જેટલો વાસ્તવિકતાની નજીક છે એટલો જ આભાસની પણ નજીક છે. આ સિવાય...'

'સોરી.' શીતલે દીપકને બોલતો અટકાવી કહી દીધું,

'આ સિવાય બીજો કોઈ ઉકેલ ફિલહાલ તો મારી પાસે નથી.'

'શીતલ, વૉટ્સ અ મેટર ?' શાંતિથી ચૂપચાપ બધુ સાંભળતા વિક્રમે પૂછ્યું 'શું થયું ?'

શીતલ વિક્રમ બાજુ ફરી.

'એ કહે છે, આ ઉકેલમાં બે સમસ્યા છે, એક તો મેજર અને આન્ટીની પરમિશન. અને બીજી, જૉબ કોણ શોધે ? ઍપ્લિકેશન આપતાં કાંઈ બીજે દિવસે થોડી જૉબ મળી જવાની !'

'લાવ, ફોન મને આપ.'

વિક્રમે હાથ લંબાવતાં શીતલે મોબાઈલ એના હાથમાં આપ્યો.

'હા દીપક, ડૉન્ટવરી. જૉબ શોધવાની સમસ્યા તું ભૂલી જા. મારો કઝિન ફાર્મા કંપનીમાં મૅનેજર છે. એને કહેતાં જ કામ પતી જશે. તું ફક્ત મેજર અને આન્ટીની પરમિશનનું વિચાર.'

'થેન્ક્સ યાર.' રાહતનો શ્વાસ લેતાં દીપકે કહ્યું, 'મને તો એવું લાગી રહ્યું છે, નિશાને પામવા આપણે મેજર અને આન્ટી સામે સફેદ પ્રપંચ કરી રહ્યાં છીએ.'

'હા તે બધું કરાય. ઍવરીથિંગ ઇઝ ફેર ઇન લવ ઍન્ડ વૉર. સાંભળ્યું છે કે નહીં, પ્યાર ઔર જંગમેં સબકુછ જાઈજ હૈ. જ્યારે નિશા જ તમારા મિલન પર આવનાર પાબંદીનો ઉકેલ તારી પાસે શોધતી હોય તો પછી આમાં પ્રપંચ જેવું છે જ ક્યાં !'

'જ્યારે મેજર અને આન્ટીને આ બધી ખબર પડશે ત્યારે એમના કાળજાનાં ઊભાં ફાડિયાં થઈ જશે.'

'તે થઈ જવા દે, સમયનો મરહમ બધા ઘા રુઝાવી દેશે.'

'વિક્રમ, અપરાધભાવ જન્મે છે આ બધું કરતાં. એવું લાગે છે, જાણે અમે અમારા વડીલો સાથે વિશ્વાસઘાત કરી રહ્યાં છીએ.'

'તું ખોટી વાત કરે છે. વડીલો સાથે વિશ્વાસઘાત ત્યારે કર્યો કહેવાય, જ્યારે તમે બંનેએ પ્રેમની કાંચડી ઓઢી વાસનાથી ખદબદતો જિસ્માની ઉન્માદ સંતોષ્યો હોય. દીપક તું અને નિશા એકબીજાને રુહાની પ્રેમ કરો છો. એમાં નકરી પવિત્રતા છે.'

'વિક્રમ થૅન્ક્સ્ યાર, મદદ કરવા બદલ.'

'થૅન્ક્સ્ થી કામ નહીં ચાલે. હું મફતમાં કોઈની મદદ કરતો નથી. આની કિંમત ચુકાવવી પડશે, તારે અને નિશાએ. હોટલ બ્લૂસ્ટોનમાં ફર્સ્ટક્લાસ ડિનર.'

'ઓ.કે... ઓ.કે. મળી જશે. બાય.'

'બાય.'

લાઇન ડિસ્કનેક્ટ કરી મોબાઈલ ટીપોઈ પર મૂકતાં દીપકે વિશાળ રાહત અનુભવી.

* * *

ડિનર બાદ દીપક થોડે દૂર લગી એક ચક્કર લગાવી આવી એના બેડરૂમમાં પુરાઈ ગયો હતો.

આ તરફ બેડરૂમમાં બિસ્તરમાં લાંબી થયેલી નિશાનું મન ભયંકર અસ્થિર હતું. દીપકે ઇશારાથી કહ્યું હતું કે, સમસ્યાનો ઉકેલ મળી ગયો છે. પરંતુ શું ઉકેલ મળ્યો છે તે સ્પષ્ટપણે કહ્યું નહોતું.

એને દીપકના ફોનનો ઇંતેજાર હતો. મોબાઈલ એણે વાઇબ્રેટર મોડ પર રાખ્યો હતો. જેથી રિંગનો અવાજ રૂમની બહાર જાય નહીં. મોબાઈલ છાતીએ રાખી આંખે આડો હાથ કરી એ બેડ પર લાંબી થઈ હતી.

રસ્તાઓ પર વાહનોનો ધમધમાટ ઓસરી રહ્યો હતો. રાતના દસ, અગિયાર... બાર વાગી જવા છતાં દીપકનો ફોન ન આવ્યો.

મેજર અને વિદ્યાબહેન એમના રૂમમાં ઊંઘી ગયાં હતાં. જ્યારે બેડ પર લાંબી થયેલી નિશાની આંખોમાં નિંદનો નાનો સરખો અંશ પણ ઊતરતો નહોતો.

આમેય સાચો પ્રેમ અને સમસ્યા ક્યાં કોઈને ઊંઘવા દે છે !

એકાએક છાતી ઝણઝણી જતાં એણે મોબાઈલ ઉઠાવ્યો. દીપકનું નામ ફ્લિકર થતું હતું. કૉલ રિસીવની સ્વિચ દબાવી મોબાઈલ કાને અડાડ્યો.

'દીપક...' એક નામ બાદ બીજા શબ્દો એના લાંબા ખેંચાતા શ્વાસની સાથે પેટમાં ઊતરી ગયા. એની છાતી અધીરાઈથી ઊછળતી હતી.

'નિશા, જાગતી જ હતી કે શું ?'

'તને શું લાગે છે. આવી પરિસ્થિતિમાં મને ઊંઘ આવી શકે !' શબ્દોની જેમ એના તીવ્ર શ્વાસોની સૂસવાટી દીપકને સામે છેડે સંભળાતી હતી, 'કેવા ધડ-માથા વગરના સવાલ કરે છે ડોબા !'

'નિશા રિલેક્સ...'

બંને તદ્દન ધીરા સાદે સંવાદ સાધી રહ્યાં હતાં.

'કંટ્રોલ યોર સેલ્ફ, ચિડાય છે શા માટે ! બધા પાસા સવળા પડી રહ્યા છે, બસ તારી થોડી મદદની જરૂર છે.'

'હા, જલદી બોલ.'

નિશા તદ્દન અધીરી થઈ હતી. દીપકે અંશેઅંશ વાત એને સમજાવી દઈ અંતે પૂછ્યું,

'તું તૈયાર છે ને ?'

'હા, હું તો તૈયાર છું. પરંતુ મેજર અને મોમની પરમિશન મેળવવી અઘરી છે, કદાચ નામૂમકીન છે. હું જૉબ કરું તે માટે એ બંને તૈયાર જ નહીં થાય.'

'નિશા, અગર આપણા પ્રેમની વસંતને હંમેશાં મહેકતી રાખવી હશે તો કોઈ પણ રીતે તારે એમને તારી જૉબ માટે તૈયાર કરવાં પડશે.'

'બધું બરાબર, પણ દીપક વાત જેટલી વિચારીએ છીએ તેટલી સહજ નથી.'

'હું જાણું છું નિશા, વાત વિચારીએ છીએ તેટલી સહજ નથી. પણ આના સિવાય બીજો

કોઈ ઉપાય હાલ આપણી પાસે નથી. તું ગમે તે રીતે મેજર અને આન્ટીને તારી જૉબ માટે તૈયાર કર.'

'ઠીક છે, હું પ્રયત્ન કરીશ.'

'ફક્ત પ્રયત્ન નહીં નિશા, નક્કર પરિણામ આવે એવું કાંઈ કરજે.'

'દીપક તારે તો કહીને છૂટી જવાનું છે, કે પરિણામ આવે એવું કાંઇ કરજે. તું કિનારે ઊભો રહી મને તરવાના આદેશ આપે છે. પણ પાણીમાં કૂદેલી હું જ જાણું છું, પાણીની ગહેરાઈ કેટલી છે, વહેણ કેટલું છે.'

'નિશા, પાણીની ગહેરાઈ, વહેણ ભલે ગમે તેટલાં હોય. તારે તો તરવાનું જ છે. નહીંતર આપણો પ્રેમ એ ગહેરાઇ અને વહેણમાં ડૂબી જશે. અને એ ના ભૂલ કે તારી સાથે હું પણ એ જ પાણીમાં કૂધો છું.

'દીપક...!'

'નિશા, પ્રેમ હર મોડ પર ઇમ્તિહાન લે છે. આવતીકાલ આપણા બંને માટે કાંઈક આવી જ છે. એમાંથી હેમખેમ પાર ઊતરીશું તો જ આપણા પ્રેમમાં પમરાટ ભળશે, અન્યથા એ ફક્ત રદ્દી કાગળના નકલી ફૂલ જેવો બની રહેશે, કે જેની સુંદરતાનું પાન તો કરી શકાય, પણ એમાંથી તન-મનને મદહોશ કરી દે તેવી મહેક ન આવી શકે. અને નિશા, એ ફૂલ શું કામનું જેમાંથી કોઈ મહેક ન પ્રસરતી હોય !'

સામે છેડે નિશા અબોલ-સ્થિર થઈ ગઈ હતી. કાને પડતા દીપકના શબ્દો શાયદ એના દિમાગ લગી પહોંચતા નહોતા. એના દિમાગમાં કાંઈ અલગ જ ઘમસાણ આકાર લઈ રહ્યું હતું.

'નિશા... નિશા...'

'હં !' એ એકદમ ઝબકી.

'નિશા વોટ આર યુ ડુઇંગ, સે સમથિંગ.'

દીર્ઘ શ્વાસ ભર્યો નિશાએ.

'શું બોલું દીપક ! મારામાં હવે વિચારવાની કે બોલવાની શક્તિ રહી નથી. આવતીકાલે હું મેજર અને મોમને શું કહીશ, કઈ રીતે એમની પરમિશન મેળવી શકીશ તેની મને કાંઈ ખબર પડતી નથી. વાતની શરૂઆત જ કયા બિંદુ પરથી કરીશ એ જ સૂઝતું નથી.'

'નિશા, આપણી પાસે વિચારવા માટે હજી આખી રાત છે.'

'આપણી પાસે નહીં દીપક, ફક્ત મારી પાસે. તું તો થોડી વાર પછી લાઇન ડિસ્કનેક્ટ કરી ઊંઘના બાહુપાશમાં સમાઈ જઈશ. ઊંઘ તો મારી ઊડી ગઈ છે. જાગવાનું, વિચારવાનું તો મારે છે.'

'તને શું લાગે છે નિશા, તારો આ દીપક તારી ઊંઘ ઉડાડી પોતે ચેનની નિંદ માણી શકશે !'

નિશાએ કોઈ પ્રત્યુત્તર ના આપ્યો.

'ના નિશા, એ શક્ય નથી. મારી હર ધડકન તારા નામ સાથે વણાયેલી છે. મારી હર સાંસમાં તારી ખુશ્બૂ ભળેલી છે. મારા દિલના એકેએક અંશમાં તારી છબી અંકિત થયેલી છે. તારી એ ચિંતિત છબી જોઈ શું મારી આંખોમાં ઊંઘના અંશો ભળી શકશે ! ના નિશા, કદાપિ નહીં.'

'માફ કરજે દીપક, હું શૂન્યાવકાશ જેવી ખાલી-ખાલી થઈ ગઈ છું. દિમાગ બંધ પડી ગયું હોય એમ લાગે છે. શું બોલી રહી છું તે ખુદ સમજી શકતી નથી.'

'મન નબળું ન પડવા દઈશ નિશા. નબળા મનમાંથી નિરાશાના મડદા સિવાય કાંઈ બહાર આવતું નથી. સ્વસ્થ થા. અને શક્ય હોય તો વિચારોને આવતીકાલ પર મુલતવી રાખી

ઊંઘી જવાનો પ્રયત્ન કર.'

'એ શક્ય નથી. હું ચિંતાના સૈલાબમાં તણાઈ રહી છું.'

'નિશા, ચિંતા ત્યજી દે. ઉદય પામતું પ્રત્યેક પ્રભાત નવી આશ, ઉમ્મીદ અને ઘણો બધો પ્રેમ લઈને ઉદય પામે છે.'

'મારી પ્રભાત તો અત્યારથી જ ઉદય પામી ગઈ છે. હું દૂર દૃષ્ટિ કરીને આંખો ખેંચી-ખેંચીને જોઉં છું છતાં એમાંથી આશ, ઉમ્મીદ કે પ્રેમનું એકેય કિરણ મારા તરફ આવતું નજરે નથી પડતું.'

નિરાશાનો અંધકાર પાથરતી નિશાએ વધુ કહ્યું, 'બધું છોડ દીપક, હવે હું લાઇન ડિસ્કનેક્ટ કરું છું. અડધી રાતે મને ફોન પર વાતો કરતાં મેજર કે મોમ સાંભળી જશે તો દુકાળમાં અધિક માસ જેવી એક ઓર ઉપાધી વણનોતરી આવી પડશે.'

'ઓ.કે. નિશા ગુડનાઇટ. હેવ અ સ્વીટ ડ્રીમ.'

'ઑફફ દીપક !' નિશ્વાસ નાખ્યો નિશાએ, 'નાઇટ હવે ગુડ ક્યાં છે ! અને સ્વીટ ડ્રીમ માટે સ્વીટ સ્લીપ ક્યાં છે !'

નિશાએ લાઇન ડિસ્કનેક્ટ કર્યા પછી દીપકે સવારના છ વાગ્યાનું એલાર્મ સેટ કરી મોબાઈલ ટીપોઈ પર મૂક્યો.

બિસ્તરમાં લાંબા થતાં એણે બધા વિચારોથી મુક્ત થવાનો પ્રયત્ન કર્યો, પણ નાકામ રહ્યો. ઊંઘની આશમાં એ બિસ્તર પર ઘણો સમય પડખાં ફેરવતો રહ્યો. સમયના પગોમાં આજે તો જાણે જંજીર પડી ગઈ હોય એમ એનીય ગતિ મંદ પડી ગઈ હોય તેવું લાગતું હતું.

નિંદ પામવામાં નાકામ રહેલાં એણે આખરે મોબાઈલ અનલૉક કર્યો. હજી ચાર જ વાગ્યા હતા.

* * *

નિશાની હાલત પણ કાંઈક આવી જ હતી. મેજર અને મોમને કઈ રીતે જૉબ માટે રાજી કરવાં તે ગણતરીમાં ડૂબેલી એની આંખોથી ઊંઘ સેંકડો કોષ દૂર હતી.

બિસ્તર પર પડખાં ફેરવી-ફેરવીને એણે આટલો સમય પસાર કર્યો હતો. એનું મન અતિ બેચેન હતું. ચારે તરફથી નાકામિયાબીનાં નગારાં વાગતાં એને ધીરેધીરે સંભળાવા લાગ્યાં હતાં. દીપક સાથે પ્રેમની ખીલેલી બહાર ધીરેધીરે પતઝડમાં ફેરવાતી જતી હોવાનો અહેસાસ એને થતો હતો. હવે અમારો પ્રેમ પીળો પડી અકાળે ખરી પડશે, અને અમે એને જોઈ રહેવા સિવાય કાંઈ નહીં કરી શકીએ !

'દીપક હું શું કરું...' અનાયાસે જ એની જબાનેથી ચિંતાપ્રચૂર શબ્દો લસરી પડ્યા.

આંગળીઓ મોબાઈલ પર સરવરી ગઈ અને દીપકને લાઇન જોડાઈ ગઈ. પછી જાણે ઘોર તંદ્રામાંથી બહાર ફંગોળાઈ ગઈ હોય એમ એણે લાઇન ડિસ્કનેક્ટ કરી નાખી. પરંતુ અફસોસ... ત્યાં સુધીમાં તો દીપકના મોબાઈલ પર રિંગ ગર્જી ગઈ હતી.

નિશાએ લાઇન ડિસ્કનેક્ટ કરી અને બીજી જ સેકન્ડે એના હાથમાં મોબાઈલ ઝરઝરી ગયો.

...કૉલ રિસીવ કરું કે નહીં ?

સ્ક્રીન પર દીપકનું નામ ઝબકતું જોઈ ચંદ સેકન્ડો માટે એણે પોતાના મન સાથે વાત કરી લીધી.

સામે દીપક બેચેન હતો. રિંગ જતી હતી પણ નિશા કોલ રિસીવ કરતી નહોતી.

'કમોન નિશા, મને ખબર છે, તું જાગે છે. તો પછી કોલ કેમ રિસીવ કરતી નથી !' એ મનમાં ગણગણતો હતો ત્યાં કાને તદ્દન ધીરો અવાજ પડ્યો...

'હલો !'

'શું કરતી હતી ? ક્યારની રિંગ વાગે છે ?'

થોડી વાર તો નિશા કાંઈ ન બોલી શકી. શબ્દો જાણે સ્વરપેટીમાં થીજી ગયા હતા.

'નિશા, આર યુ ઓ.કે. ?'

'યા.' ઘણી વારે કાંઈક બોલી શકેલી નિશાના અવાજમાં રુદનના અંશો ભળેલા હતા, 'દીપક હું શું કરુ ? મને કાંઈ જ સૂઝ પડતી નથી.' એ રુદન દબાવીને બોલતી હતી.

'અત્યારે કાંઈ જ ન કર. બસ શાંતિથી સૂઈ જવાનો પ્રયત્ન કર.'

'એ પ્રયત્ન હું કરી ચૂકી છું, નાકામ રહી. મારી આંખોની નિંદ અને મનનું ચૈન હણાઈ ગયાં છે.'

'આપણા બંનેની હાલત એકસમાન છે, નિશા.'

'દીપક, હું મેજર અને મોમને મારી જૉબ માટે કઈ રીતે રાજી કરી શકીશ તે મને સમજાતું નથી. હું એમની સમક્ષ વાત મૂકી શકીશ કે નહીં, તે જ નિર્ણય લઈ શકતી નથી.'

એના મોંમાંથી સરી પડેલું ડૂસકું દીપકના કાને અથડાયું.

'તું રડે છે નિશા !'

'નહીં તો !' કહેતાં-કહેતાં તો એણે અત્યાર લગી દબાવી રાખેલું રુદન ખળખળાટ છૂટી ગયું. રુદન મિશ્રિત સ્વરે એ બોલી, 'હું રડતી નથી દીપક, પાંખો ફેલાવીને પહોળી થયેલી પરિસ્થિતિને આંસુઓથી ઓગાળવાની કોશિશ કરું છું.'

'આ પરિસ્થિતિ આંસુઓથી ભીની થઈ ઓગળી જાય એવી નથી નિશા. એને ઓગાળવા માટે તો હિંમત અને નક્કર શબ્દોની જરૂર પડશે.'

'હું નહીં જૂટાવી શકું હિંમત, નહીં બટોરી શકું નક્કર શબ્દો, હું નાકામ રહીશ.'

'જંગ લડતાં પહેલાં જે શરણાગતિના વિચારો કરે છે તેના દામનમાં હંમેશાં હાર આવીને પડે છે, નિશા.'

'મારે જંગ નથી લડવી, પ્રેમ કરવો છે તને, અપાર પ્રેમ.'

'લવ ઈઝ અ વન ટાઇપ ઑફ વૉર.' શ્વાસ છોડી દીપકે કહ્યું, 'લેલા-મજનુ, હીર-રાંઝા, શીરી-ફરહાદ ભલભલાં ખપી ગયાં છે આ જંગમાં, ફના થઈ ગયાં છે.'

'દીપક...' નિશા ધ્રુસકે-ધ્રુસકે રડવા લાગી.

'નિશા, આંસુ બચાવીને રાખ. પ્રેમ અક્સર ઇમ્તિહાન લે છે. આ તો ઇમ્તિહાનનો આગાઝ છે, અંત તો હજારો માઈલ દૂર છે. પ્રેમનો પંથ ઘણો પથરીલો હોય છે, કાંટાળો હોય છે. એના પર ચાલવું હોય તો પગમાં પડતાં છાલાંઓનો ચચરાટ અને કાંટાઓની ચૂભનને હસતાં-હસતાં સ્વીકારવી પડે છે.'

'દીપક...' નિશાએ આંખો લૂછી નાખી.

'ચિત્ત શાંત રાખ નિશા. શાંત ચિત્તે વિચારીશ તો ફતેહનાં બધાં દ્વાર આપોઆપ ખૂલવા લાગશે.'

શરદીનો સળકો ખેંચી નિશાએ પૂછ્યું, 'દીપક, હું મેજર અને મોમને મારી જૉબ માટે રાજી કરી શકીશ ને !?

'એ હું જાણતો નથી નિશા. પણ એટલું કહું છું, તારે જીતવાનું છે.'

'દીપક, તારી સાથે વાત કર્યા પછી હું હળવાશ અનુભવું છું. શાયદ હવે ઊંઘી શકીશ.'

'ઓ.કે. તો હવે વાતો સમેટીએ. મારે પણ સવારે ડ્યૂટી પર જવાનું છે એટલે થોડું ઊંઘવું પડશે. ઊંઘ આવે તો સારું.'

'હું હાલરડું ગાઉં ?' નિશાએ હસતાં-હસતાં પૂછ્યું.

‘હાલરડું ગાવાના તારા દિવસો હજી આવ્યા નથી. ચલ બાય.’

લાઇન ડિસ્કનેક્ટ કરી મોબાઈલ ટીપોઈ પર મૂકી દીપકે પડખું ફેરવ્યું અને થોડી જ વારમાં ઘસઘસાટ ઊંઘી ગયો.

* * *

રાત્રે દીપક સાથે બીજી વાર ફોન પર વાત કર્યા પછી નિશાને હળવાશ લાગી હતી. ત્યાર પછી ઊંઘની દેવી એના પર મહેરબાન થઈ હતી, જેની અનુકંપા હજી એના પર વરસતી હતી.

પૂર્વમાં ઉદય પામેલો આદિત્ય આસ્તે-આસ્તે તીખાશ પકડતો હતો, છતાં નિશા એના બેડ પર ફેલાયેલી હતી.

સવારના દસ વાગ્યા હતા. આ પહેલાં એ ક્યારેય આટલે મોડે લગી ઊંઘી રહી નહોતી. પગથી માથા સુધી એ આખે-આખી ચાદરમાં સમાયેલી હતી. વિદ્યાબહેને આવીને એને ઢંઢોળી.

‘નિશા… નિશા…’

‘હં…’ એણે ઊંઘમાં જ ઊંહકારો ભર્યો.

વિદ્યાબહેને એના મોઢા પરથી ચાદર હટાવી.

ચાર

વિધાબહેને નિશાના મોઢા પરથી ચાદર હટાવી.

'સવારના દસ વાગ્યા છે. ઊઠ હવે.'

'સૂવા દે ને... રાત્રે કેટલી મોડી ઊંઘ આવી હતી.'

ઊંઘમાં ચૂર નિશાએ ફરીથી ચાદર મોઢા પર ખેંચી લીધી. 'કેમ, એવા તો શું વિચારો કરતી હતી કે મોડે સુધી ઊંઘ ન આવી ?'

'હં...!' એકદમ ઝબકેલી નિશા સભાન થઈ. એક ક્ષણે એના મગજમાં દોડી ગયું કે, હું ઊંઘમાં કાંઈ બકી તો નથી ગઈને ! પછી સસ્મિત એના હોઠ ખેંચાયા.

'નિશા ઊઠ હવે. સવારે મોડે લગી ઊંઘી રહેવું સારું નહીં.'

'મોમ તું જા, હું ઊઠું છું, બસ થોડી વાર.'

'ઠીક છે, થોડી વાર. જો જલદી ઊઠીને બહાર નહીં આવે તો હું પાછી આવું છું.'

'ઓ.કે. સ્વીટ હાર્ટ...'

'આ છોકરી પાગલ છે. ચોક્કસ આને કાંઈ થઈ ગયું છે.' માથે ટપલી મારી ગણગણતાં વિધાબહેન નિશાના રૂમમાંથી બહાર નીકળી ગયાં.

નિશા પર ઊંઘની દેવીની અનુકંપા ફરી વરસવા લાગી. એક કલાક વીતી જવા છતાં નિશા બહાર ન આવી એટલે વિધાબહેન મેજરને લઈને એના રૂમમાં આવ્યાં.

ટૂંટિયું વાળીને આખેઆખી ચાદરમાં સમાયેલી નિશાને જોઈ મેજરના ચહેરે સ્મિત રમી ગયું. બેડ પર બેસી ધીરેથી એમણે નિશાના મોં પરથી ચાદર હટાવી, માથે હાથ ફેરવ્યો. નિશા સળવળીને ઊંઘમાં જ બબડી...

'મોમ, ઊઠું છું, તું જા. અને હા, મેજર મંદિરેથી પાછા ફરે તે પહેલાં મને ઉઠાડી દેજે.' કહીને એ બીજી તરફ ફરી ગઈ. મેજરે એને પોતાના તરફ ફેરવી.

'નિશા...'

અતિ પ્રેમથી માથે હાથ ફેરવતા મેજરનો હાથ પકડી લઈ પોતાના ગાલ પર મૂકી નિશા ઊંઘતી રહી.

'નિશા...' મેજરે ફરીથી એને જગાડવાનો પ્રયત્ન કર્યો.

એણે ધીરેથી ખોલેલી આંખો મેજરને જોતાં જ આશ્ચર્યથી મોટી થઈ ગઈ.

'મેજર...' બઘવાઈ ગયેલી એ બિસ્તરમાં બેઠી થઈ ગઈ, 'આઆઆ...પ... મને એમ કે મોમ હશે !'

એની નજર ઢળી ગઈ. મેજર હજી એના માથે હાથ ફેરવતા હતા. એના ચહેરે ફેલાયેલી ફિકાશ ઊડીને આંખે વળગતી હતી.

'નિશા, હજી ઊંઘ આવે છે ! સૂઈ જા...' મેજર વધુ કાંઈ કહે તે પહેલાં વિધાબહેન વચ્ચે બોલ્યાં...

'તમે પણ શું, તમે એને જગાડો છો કે ઊંઘાડો છો. સવારના અગિયાર વાગ્યા છે.'

મેજર નિશાના કાન પાસે મોં લઈ જઈ ધીરેથી ગણગણ્યા, 'તારી માને તો બડબડ કરવાની આદત છે. તને ઊંઘ આવતી હોય તો હજી સૂઈ જા.'

'હા... મને તો બડબડ કરવાની આદત છે.' વિધાબહેને છણકો કર્યો, 'કરો બાપ-બેટી એકબીજાના મોઢામાં મોઢું નાખીને વાતો, મારે શું... હું તો આ ચાલી. મારે ઘણું કામ બાકી પડ્યું છે.' કહેતાં એ પગ પછાડતાં નિશાના રૂમમાંથી બહાર નીકળી ગયાં.

તે જોઈને નિશા અને મેજર સામસામે હસી પડ્યાં. પછી તરત નિશાના ચહેરે હલકી

ઝાંખપ તરી આવી.

'ગુડ મોર્નિંગ મેજર...' કહેતી નિશાએ મેજરના ગળા ફરતે હાથ વીંટાળી દીધા.

'ગુડ મોર્નિંગ — ગુડ મોર્નિંગ.' બે ક્ષણ અટકી મેજરે કહ્યું, 'નિશા તું કાંઈક મૂંઝવણમાં છે એવું મને લાગી રહ્યું છે.'

સાંભળીને નિશાનો ચહેરો થોડો વધારે ઝંખવાઈ ગયો. નિશાની નજર ઢળી ગઈ. એ મેજરથી અલગ થઈ ગઈ.

'નિશા, હું જોઈ રહ્યો છું તારા ચહેરે ઝાંખપ. મને લાગે છે, તારા મનમાં કોઈ વાત ઘૂમરાઈ રહી છે. જે બહાર આવવા મથે છે. બોલ શું છે ?'

'કાંઈ નથી.'

પૂર્ણ વિરામ મૂકી વાત સમેટતી નિશા બિસ્તર છોડી વિખરાયેલા વાળનો અંબોડો વાળતી બેડરૂમમાંથી બહાર આવી. મેજર એની પાછળ-પાછળ બહાર આવ્યા. વૉશ બેઝિન પાસે ઊભા રહી મોં ધોઈને ફ્રેશ થઈને નિશા કિચનમાં વ્યસ્ત થઈ ગઈ.

નિશાના ચહેરે ઊપસી આવેલી નિરુત્સાહ નિરાશા, ઉદાસી, ઝાંખપની આછી-આછી લકીરો સ્પષ્ટ નજર પડતી હતી. એ અંદરો-અંદર કાંઈક દ્વિધા અનુભવે છે તે મેજર અને વિધાબહેન એને જોઈને જ જાણી શકતાં હતાં.

નિશાને પૂછવા છતાં એ પોતાની દ્વિધા વિશે કાંઈ કહેતી નહોતી. અંતરમાં ઊઠતા શબ્દો જબાન પર આવીને જાણે સુકાઈ જતા હતા. આખો દિવસ તે એ જ તાણાવાણામાં ગૂંથાયેલી રહી કે, જૉબ માટે મેજર અને મોમને કઈ રીતે મનાવે. કયા બિંદુ પરથી વાતની શરૂઆત કરે. આખો દિવસ એણે બેચેનીમાં ઘરના છેડા માપ્યા કર્યા.

આખરે મેજરે હાથ પકડીને એને પોતાની પાસે બેસાડી. વિધાબહેન પણ આવીને એની બાજુમાં બેસી ગયાં. થોડી વાર મેજર અને વિધાબહેન નિશાને એકધારું નિહાળી રહ્યાં. નિશાની નજર ફર્સ પર ચોંટેલી હતી. અંતે મેજરે ટટ્ટાર થઈને કહ્યું,

'નિશા, ગઈકાલથી અમે તને નિરાશા, ઉદાસ, બેચેન જોઈએ છીએ. તારા મનમાં કોઈ વાત દબાયેલી છે, જેને તું બહાર લાવવા મથે છે, પણ જબાન સાથ નથી આપતી. નિશા ધીરજથી બોલ, શું વાત છે ?'

નિશાનું હૈયું જોરજોરથી ધડકી ગયું. તે જ સમયે 'મેજર... ઓ મેજર...'

બહારથી વિષ્ણુપ્રસાદે સાદ દેતાં વાતને થોડો વળાંક મળ્યો એટલે નિશાને જરા રાહત લાગી.

ઘરમાં આવી વિષ્ણુપ્રસાદ મેજરની સામે ખુરશીમાં ગોઠવાયા, અને રુક્મિણી વિષ્ણુપ્રસાદની બાજુમાં ખુરશીમાં બેઠાં. નિશાના ચહેરે ફેલાયેલી ફિકાશનો સ્પર્શ એ બંનેએ પણ કર્યો.

નિશાએ ઊભા થઈ એ બંનેને પાણી આપ્યું. પાણીનો ગ્લાસ ખાલી કરી ટ્રેમાં મૂકતાં વિષ્ણુપ્રસાદે પૂછ્યું,

'મેજર, તમારી દીકરી ઉદાસ કેમ છે ? એનો ચહેરો આટલો ઝંખવાઈ કેમ ગયો છે ?'

મેજરે દીર્ઘ શ્વાસ ભર્યો.

'માસ્તર, તમારા આવતાં પહેલાં હું એને એ જ પૂછતો હતો.'

નિશા કિચનમાં ટ્રે મૂકવા ચાલી ગઈ.

'માસ્તર, એના અંતરમાં કોઈ વાત ઊકળી રહી છે. પણ જબાન પર આવતાં જ થીજી જાય છે.'

ટ્રે મૂકી કિચનમાંથી બહાર આવેલી નિશા સામે હાથ લંબાવી મેજરે એને પોતાની પાસે

બેસાડી. પછી ઘણી મમતાથી પૂછ્યું,

'નિશા શું થયું છે તને ? જઈને અરીસામાં જો, બે મહિનાની માંદી હોય તેવો તારો ચહેરો મૂરઝાઈ ગયો છે.'

નિશાને અંતર ઠાલવી દેવું હતું. છતાં અંતે તો એ જ થયું, શબ્દો સુકાઈ ગયા.

'નિશા, જે હોય તે કહી નાખ, મન હળવું થશે.'

નિશાએ લાગણીથી મેજરના ખભે માથું ઢાળી દઈ થોડી હિંમત જુટાવી.

'મેજર, મેં તમને ગઈકાલે કહ્યું હતું ને, મને કાંઈ ગમતું નથી. મને સારું નથી લાગતું. આ ઘરની ચાર દીવાલોમાં. મારે બહાર નીકળવું છે. વિના પ્રવૃત્તિથી હું કંટાળી ગઈ છું. મારે કાંઈક કરવું છે.'

'શું કરવું છે તારે ?'

'મારે... મારે... જૉબ કરવી છે.' કહેતાં-કહેતાં એનું હૈયું અંદરોઅંદર ધમધમી ઊઠ્યું.

'કેમ, પોકેટમની ઓછાં પડે છે ?'

'ના, મેં આપને કહ્યું ને, વિના પ્રવૃત્તિથી હું કંટાળી ગઈ છું.'

'નિશા, ઘરમાં રહીને તું કોઈ પણ પ્રવૃત્તિ કરી શકે છે, તું જૉબ માટે બહાર જાય તે મને પસંદ નથી.'

સ્પષ્ટ શબ્દોમાં સમજાવી દીધું મેજરે. નિશાએ ઝીણી નજર મેજર પર મૂકતાં કહ્યું,

'જે તમને પસંદ ન હોય, તે મને પણ પસંદ ન હોવું જોઈએ મેજર ! જે તમને ગમે, તે જ મને ગમવું જોઈએ ! તમે આવું જ કાંઈ કહી રહ્યા છો ને !'

મેજર અને વિદ્યાબહેને એકબીજા પ્રતિ જોયું. નિશાએ ઉદ્ગાર જ એવા પાથર્યા હતા.

'નિશા... મારો કહેવાનો એ મતલબ નથી.' મેજરે એની પીઠ પર હાથ ફેરવતાં સમજાવ્યું, 'બેટી, આપણા ખાનદાનની વર્ષો જૂની પરંપરા રહી છે, આ ઘરની વહુ અથવા તો દીકરી ક્યારેય જૉબ કરવા માટે બહાર ગઈ નથી.'

નિશાએ એક પલ આંખો મીંચી દીર્ઘ શ્વાસ ભર્યો.

'મેજર, પરંપરા કોઈ પેઢીથી આકાર લે છે, અને કોઈક પેઢીથી બદલાવ પામે છે, વર્ષો જૂની પરંપરાને બદલો, મારી ખુશી માટે પ્લીઝ...!'

નિશાએ હાથ જોડ્યા. મેજરે એના હાથ પકડી લઈ હકારમાં મસ્તક હલાવ્યું. બાજુમાં બેઠેલા વિષ્ણુપ્રસાદે મેજરના ખભે હાથ મૂકતાં કહ્યું,

'મેજર, હવેની છોકરીઓ ઘરમાં રહી ફક્ત કડછી કલેક્ટર નથી બની રહેવા માગતી. તમે જુઓ તો ખરા, હવે તો છોકરીઓ પોલીસફોર્સ જોઈન કરે છે, આર્મીમાં જોડાય છે, રાજકારણમાં પુરુષો સામે ખુલ્લેઆમ પડકાર ફેંકે છે. અને એનાથી વિશેષ, હવે તો છોકરીઓ અંતરિક્ષમાં પણ પહોંચી ગઈ છે.'

'આઈ નો... આઈ નો... હું દુનિયા સાથે કદમ મિલાવીને દોડવાવાળો માણસ છું, માસ્તર.'

'તો પછી કરવા દો નિશાને જૉબ. માપવા દો એને દુનિયાની ગહેરાઈ, કરવા દો જિંદગીની કઠિનાઈઓનો સામનો.'

'ઠીક છે, ઠીક છે.' મેજર નિશા તરફ ફર્યા, 'પણ નિશા જૉબ શોધશે કોણ ?'

'મેજર, જૉબની વાત મેં કરી છે તો હું જ શોધીશ.'

'ઠીક છે. તારી જે ઇચ્છા થાય તે તું કરી શકે છે. હવે ખુશ !'

નિશા ઉત્સાહથી મેજરને વીંટળાઈ ગઈ. એના બેનૂર ચહેરે ફરી નૂર આવી ગયું.

* * *

ઑફિસેથી ઘેર આવેલા દીપકે બાઇક પાર્ક કરી ઘરમાં આવી માસ્તર અને માને બે-ચાર વાર સાદ દીધો. પણ બંનેમાંથી કોઈનો સામો પ્રતિસાદ ન સાંપડતાં એ શૂઝ ઉતારી, પગમાં હલકાં-ફૂલકાં સ્લિપર ચઢાવી બહાર આવી મેજરના ઘર તરફ વળ્યો.

'મેજર... ઓ મેજર... પિતાજી અને મા અહીંયાં છે કે ?'

બહારથી પૂછતો-પૂછતો એ ઘરમાં આવ્યો. માસ્તર અને માને અહીંયાં જોઈ એણે પણ ખુરશીમાં લંબાવ્યું.

'તમે બંને અહીંયાં છો. અને હું ઘરમાં ગળું ફાડી-ફાડીને બૂમો પાડતો હતો. પાણી પણ નથી પીધું, ગળું સુકાય છે.'

'પાણી આપું ?' કોઈ ન જુએ એ રીતે નિશાએ નેન નચવતાં પૂછ્યું.

'મેજર, જુઓને હજી તો પૂછે છે, અહીંયાં મારું ગળું સુકાઈ ગયું છે. જા તું જલદી પાણી લાવ...'

નિશા કિચનમાં જઈ પાણી લઈ આવી ગ્લાસ દીપકના હાથમાં આપી મેજરની બાજુમાં આવી. મેજરને ધીમા સાદે સમજાવવા લાગી...

'મેજર, મારી જૉબની વાત તમે દીપકને કરો ને. એની પહેચાનથી કામ પતી જાય તો મારે શોધવાની ઝંઝટ ઓછી.'

'હં...' મેજરે થમ્સઅપ કર્યું, 'એકદમ સાચી વાત.'

દીપકે પાણીનો ગ્લાસ ખાલી કરીને ટિપોઈ પર મૂક્યો, પછી મેજરે ટટ્ટાર થતાં કહ્યું,

'અં... દીપક, જો થઈ શકતું હોય તો તારે એક કામ કરવાનું છે. નિશા જૉબ કરવા ઇચ્છે છે. જો તારી ઓળખાણ...'

'જૉબ !' દીપક ચમક્યો, 'એને જૉબ કરવાની શું જરૂર છે. છોકરીઓએ તો ઘરકામ કરવાનાં હોય. જૉબ તો પુરુષો કરે.'

નિશાની પહોળી થઈ ગયેલી આંખો જોઈ દીપક મૂછમાં હસી પડ્યો. નિશા મનોમન બબડી, 'થાય છે તારું...'

મેજરે દીપકને સમજાવ્યો, 'તું છોડ એ બધી વાત. એને હવે ઘરમાં બેસી રહેવાનું ગમતું નથી.'

'તો પરણાવી દો ને...'

નિશાનું મોં આશ્ચર્યથી પહોળું થઈ ગયું. એણે દીપક બાજુ આંગળી ચીંધી છણકો કર્યો...

'તારે જૉબ શોધવામાં મદદ કરવી હોય તો કર. મારે ઘરકામ કરવું કે જૉબ કરવી, મને પરણાવી દેવાની વાતોનું ટેન્શન તારે લેવાની જરૂર નથી.'

હસી પડ્યો દીપક, 'રિલેક્સ... ઊકળે છે કેમ મારા પર. ઠીક છે, તું આટલો ફોર્સ કરે છે તો હું જૉબ શોધવામાં તારી મદદ કરીશ. પણ પહેલાં એ તો કહે કે, તું કેટલું ભણેલી છે ?'

નિશા આઘાત ગળી ફાટી આંખે દીપકને જોઈ રહી.

'મેજર, આને કાંઈ થઈ ગયું લાગે છે. આની આંખો ફાટી પડી છે.' કહેતો દીપક હસ્યો.

પલક ઝબકાવી નિશાએ જડબાં ભીડ્યાં, 'મેજર, હવે હું આને મારીશ.' કહેતી એણે ગુસ્સાથી મુઠ્ઠીઓ વાળી.

'શું કરે છે તું...' મેજરે નિશાના ગુસ્સા પર ઠંડું પાણી રેડ્યું, 'શાંતિ રાખને જરાક.'

'તો પછી તમે આને સમજાવી દો, મને ગુસ્સે ન કરે. એ જાણે જ છે કે, હું કેટલું ભણી છું, છતાં અજાણ થઈને પૂછે છે.'

'લે...' દીપક ફરી બોલ્યો, 'મને ક્યાંથી ખબર હોય કે તું કેટલું ભણેલી છે ! કૉલેજમાં હું કાંઈ તારી આગળ-પાછળ ફરતો હતો !'

નિશા મનમાં ગણગણી, 'આગળ-પાછળ જ નહીં. આગળ-પાછળ, આજુ-બાજુ ફરતો હતો. થાય છે તારું, તું એકલો મળ મને પછી તારી બરાબર ખબર લઉં છું.'

નિશાના માનસિક ગણગણાટને અટકાવતાં મેજરે કહ્યું, 'તું જીભાજોડી છોડ, અને કહી દેને કેટલું ભણેલી છે.'

નિશા તદ્દન રુક્ષતાથી બોલી. 'બી.કોમ.'

'શું ?' દીપકે કાન સરવા કર્યા, 'મેં સાંભળ્યું નહીં. જરાક જોરથી બોલ.'

'બી...કોમ...' નિશાનો બરાડો ડ્રૉઇંગરૂમમાં પડઘાઈ ગયો.

'ધીરેથી બોલ. હું કાંઈ બહેરો નથી. અચ્છા, પાસ કે ફેઈલ ?'

નિશા બરાબર ચિડાઈ, 'મેજર હવે હું આને મારીશ.'

'દીપક છોડ, એને ચીડવ નહીં.' મેજર વચ્ચે પડ્યા, 'બે દિવસ પછી આજે અમે એને ખુશ જોઈ છે. બે દિવસથી એ એકદમ ઉદાસ, નિરાશ, બેનૂર હતી. આજે આટલી સ્વસ્થ છે.'

'શાયદ કોઈ યારની યાદ સતાવતી હશે, બીજું શું !'

નિશા ભડકી પડી, 'હા, સતાવતી હતી યાદ, તારે શું છે ! મેજર તમે આને કહી દો, જે કામ સોંપ્યું છે તે કરવું હોય તો કરે. વધારાનો બકવાસ બંધ કરે.'

રૂમમાં ઉપસ્થિત બધાં ધીમું-ધીમું હસી પડ્યાં.

'મેજર, તમે કહો છો એટલે હું આના માટે જૉબનો પ્રયત્ન કરું છું. નહીંતર...' કહેતાં દીપકે મોબાઈલ ખિસ્સામાંથી કાઢી વિક્રમને નંબર જોડ્યો. બે રિંગ પછી વિક્રમે સામેથી કોલ લીધો.

'વિક્રમ, દીપક બોલું છું. એક બી.કોમ. થયેલી છોકરી માટે જૉબની વ્યવસ્થા થઈ શકે એમ છે ?'

'નિશાની વાત કરે છે ને ?' સામેથી વિક્રમે પૂછ્યું.

'હા, તું એને ઓળખે છે. શીતલની ફ્રેન્ડ નિશા. મેજરની દીકરી. તું બે-ત્રણ વાર એના ઘેર પણ આવી ગયો છે.'

'દીપક...'

વિક્રમને વધુ બોલતો અટકાવી દીપકે ઉમેર્યું, 'હા-હા, હવે તેં ઓળખી. એ જ ચિબાવલી.'

દીપકના બોલતાં નિશાની આંખો પહોળી થઈ ગઈ. મેજર તરફ જોઈ એણે દીપક તરફ આંગળી ચીંધી.

'તું ચૂપ બેસને બાપા...' મેજરે ઉચ્ચારાતા પહેલાં જ નિશાના શબ્દો પર લગામ નાખી દીધી, 'જેમ કામ પતે તેમ પતવા દે ને !'

'જુઓને કેવું બોલે છે... મને ચિબાવલી કહે છે.'

નારાજગી જતાવતી નિશા મેજરને વીંટળાઈ ગઈ. વિદ્યાબહેન, રુક્મિણી, વિષ્ણુપ્રસાદ નતમસ્તકે હસતાં હતાં.

'જસ્ટ અ મિનિટ વિક્રમ.' વિક્રમને હોલ્ડ કરવાનું કહીને દીપકે નિશાને કહ્યું, 'જો તું ડિનર આપવાની હોય તો તારી જૉબ પાકી.'

નિશાએ જવાબની આશમાં મેજર પ્રતિ જોયું.

'હા-હા, જલદી હા કહી દે...' મેજરે ઉતાવળ અને ઉત્સાહ સાથે કહ્યું.

નિશા ઢીલા અવાજે બોલી, 'આ લોકો આ મહિનાના મારા બધા પોકેટમની ખર્ચાવી નાખશે.'

'જલદી બોલ.' દીપકે ઉતાવળ પાથરી, 'ડિનર આપવાની છે ?'

નિશાએ મસ્તક હલાવી હકાર ભર્યો.

'મને પણ...'

'એ તો મને ખબર જ છે, જાન જમશે તો રસોઇયો ભૂખ્યો થોડો રહેવાનો છે !'

દીપકે ફોન કાને ધર્યો.

'હલો વિક્રમ, એ ડિનર આપવા તૈયાર છે. અચ્છા જસ્ટ હોલ્ડ.'

દીપકે ફરી નિશા તરફ જોયું.

'વિક્રમ તો ડિનર વિથ વાઈનની વાત કરે છે, શું કહું ?'

'એને કહી દે, મને એની શરત મંજૂર નથી. મારે જૉબ નથી જોઈતી.'

દીપકે ફરી ફોન કાને ધર્યો.

'વિક્રમ, વાઈનની વાત એણે નકારી કાઢી છે, એનો ઇંતેજામ આપણે, આઈ મીન તારે કરવો પડશે.'

વિક્રમ સાથે વાત કરતા દીપકના એકતરફી સંવાદો બધા ધ્યાનથી સાંભળતા હતા.

'ઠીક છે. કાલે સવારે અવંતિકા ફાર્માસ્યુટિકલ કંપનીમાં. બધા ઓરીજીનલ પ્રમાણપત્રો અને એની ઝેરોક્ષ. અચ્છા શું નામ કહ્યું તેં, નીરવ. ઓ.કે. વિક્રમ થેન્ક્સ્.'

વિક્રમ સાથે વાત પૂરી કરી દીપકે નિશાને કહ્યું,

'આવતીકાલે સવારે દસ વાગ્યે બધા ઓરીજીનલ પ્રમાણપત્રો અને એની ઝેરોક્ષ લઈને અવંતિકા ફાર્માસ્યુટિકલ કંપનીમાં પહોંચી જજે. તારો મોબાઈલ નંબર વિક્રમ પાસે છે, એ તને કંપનીનું એડ્રેસ મેસેજ કરી દેશે. ત્યાં જઈને તારે મૅનેજર નીરવને મળવાનું છે.'

'કેમ...?'

'કેમ શું ?' એ તારો ઇન્ટરવ્યૂ લેશે !'

'ઇન્ટરવ્યૂ...!' નિશાના જિગરમાં ગભરામણ પ્રસરી ગઈ.

'હા, તું હોશિયાર છે કે ડોબી તે તો એ લોકો ચકાશે ને !' દીપક મંદમંદ હસ્યો.

'યુ મીન હું ડોબી છું !'

'ના... આ તો એક્ઝામમાં કોપી કરીને પાસ થઈ હોય તો...'

'ઓ... હું કાંઈ કોપી કરીને પાસ નથી થઈ, મારા માર્ક્ સ મારી મહેનતના છે.'

'ખબર પડી જશે... કાલે બધી જ ખબર પડી જશે, કે તારા માર્ક્ સ કેવી રીતે આવ્યા છે.'

આસપાસ બેઠેલાં બધાં જ ધીમું-ધીમું હસતાં હતાં. હવે નિશાને જરા ગભરામણ લાગી. એણે ગંભીરતાથી દીપકને પૂછ્યું,

'દીપક, જો હું ઇન્ટરવ્યૂમાં ફેલ થઈશ તો !'

'તો સમજી લઈશુ કે એક્ઝામમાં કોપી કરીને તું માર્ક્ સ લાવી છે.'

બધાં એકસાથે હસી પડ્યાં. પણ નિશાના ચહેરે ગંભીરતા પથરાયેલી હતી. દીપકે એને જરા ટાઢક વળે એવું કહ્યું...

'તું ચિંતા ના કર. ઇન્ટરવ્યૂ તો માત્ર ફોર્માલિટી છે. કરવી પડે. નીરવ, વિક્રમના કાકાનો દીકરો છે. એ અત્યારે ફોન કરીને નીરવને બધું જણાવી દેશે.'

'હાશ... તેં મારી બધી ચિંતા હળવી કરી નાખી.'

'એ તો છે. હવે કાલે તારે જેબ હળવી કરવાની છે એ ન ભૂલીશ.'

'તું મને કેવી સમજે છે, મેજરે મને બચપનથી ભણાવ્યું છે, પ્રાણ જાય પર વચન ના જાય.' ઝીણી આંખે મસ્તક હલાવતી નિશા મનમાં ગણગણી. 'કાલે તારી પણ ત્યાં બરાબર ખબર લઈશ.'

બીજે દિવસે સવારે દસ વાગ્યે નિશા બધા ઓરીજીનલ પ્રમાણપત્રો અને એની ઝેરોક્ષ લઈ અવંતિકા ફાર્માસ્યુટિકલ કંપની પહોંચી ગઈ.

નીરવ દોશી, મૅનેજર નેમ પ્લેટ લગાડેલ ઑફિસનો ડોર સહેજ ખોલી અંદર ડોકિયું કરી તૂટક અવાજે એણે પૂછ્યું, 'મે આઈ કમ ઈન સર ?'

'યસ...' સામે ફોમ ચેરમાં બેસેલ મૅનેજરે નત નજરે જ કહ્યું, 'પ્લીઝ વેલકમ.'

અંતરમાં જન્મેલી હલકી ગભરાહટ સાથે નિશા અંદર આવી. ફાઈલોમાં ડૂબેલા નીરવે નજર ઊંચકી નિશા તરફ જોતાં જ અપલક થઈ ગયો. એના કલેજે ઠંડક પ્રસરી ગઈ. એનું ઊછળતું દિલ અંદરોઅંદર બોલી ઊઠ્યું...

આટલી સુંદર દેહાકૃતિ જિંદગીમાં પહેલીવાર જોઈ. શું કોઈ સ્ત્રી ખરેખર આટલી ખૂબસૂરત હોઈ શકે ! આંખોને ભ્રમ તો નથી થતો ને !

નિશાએ ધારણા બાંધી હતી, મૅનેજરની ખુરશીમાં બેઠેલ વ્યક્તિ પિસ્તાળીસથી પચાસની ઉંમરનો હશે. પરંતુ આ તો છવ્વીસ-સત્તાવીસ વર્ષનો નવયુવાન હતો !

પાંચ

મૅનેજરની ખુરશીમાં બેસેલ વ્યક્તિ તો છવ્વીસ-સત્તાવીસ વર્ષનો નવયુવાન હતો !

નિશાને જોતો નીરવ અપલક થઈ ગયો હતો, મનોસંવાદોમાં ઊતરી ગયો હતો.

'સર.' નિશાના મૃદુ શબ્દોએ નીરવના મનોસંવાદો અટકાવ્યા. પલક ઝબકાવતાં નીરવે નિશાને ખુરશીમાં બેસવાનો ઇશારો કર્યો.

'સર, મારું નામ નિશા છે.'

ખુરશીમાં બેસતી નિશા તરફ નીરવે હાથ લંબાવ્યો એટલે નિશાએ પ્રમાણપત્રોની ફાઇલ નીરવ સામે ધરી.

નિશાને જોતો નીરવ ફરી અનિમેષ થઈ ગયો હતો. નિશાએ ફાઇલ સામે ધરી છે, એનોય એને ખ્યાલ રહ્યો નહોતો.

મૂંઝવણ અનુભવતી નિશાએ આજુબાજુ નજર ફેરવી, ફાઇલ ટેબલ પર નીરવની સામે મૂકી દીધી.

એકાએક ફોનની રિંગ વાગતાં નીરવનું ધ્યાન ભંગ થયું. રિસીવર ઉઠાવી પગથી ઠેસ મારી ફોમ ચેર થોડી પાછળ લઈ એ ફોન પર વાત કરવા લાગ્યો. વાત કરવા દરમિયાન ઘણી વાર એ ત્રાંસી નજરે નિશાને જોઈ લેતો હતો.

નિશાના ચહેરામાં ગજબનું ચુંબકીય આકર્ષણ હતું, જેને જોતાં જ કોઈ પણ અપલક થઈ જાય તેમ હતું.

નીરવે ફોન પર વાત પતાવી રિસીવર ક્રેડલ કર્યું. પછી ટેબલ પર રહેલી નિશાના પ્રમાણપત્રોની ફાઇલ લઈ એમાંના ફોલ્ડર ઉથલાવવા લાગ્યો.

નત નજરે ફર્સને તાકી રહેલી નિશા મનોમન વિચારતી હતી... આ વ્યક્તિ આટલી નાની ઉંમરે મૅનેજરના હોદ્દા સુધી પહોંચ્યો છે, એનો મતલબ કે એ પોતે વર્કોહોલિક હશે, ઇન્ટેલિજન્ટ હશે.

ફાઇલ બંધ કરી ટેબલ પર મૂકી ફોમચેર ટેબલ નજીક ખેંચી લઈ બંને હાથની કોણી ટેબલ પર ટેકવી નીરવ સહેજ નિશા તરફ ઝૂક્યો.

'વેલ નિશા, મારે તમને બે-ત્રણ જ સવાલ પૂછવા છે.'

સાંભળીને નિશાના ચહેરે ચિંતાની હળવી કરચલીઓ ઊપસી આવી.

'નિશા, હું જાણી શકું છું કે, તમે જૉબ કરવાની ઇચ્છા શા માટે ધરાવો છો ?'

જવાબમાં નિશા કાંઈ ન બોલી, એનું મસ્તક ઝૂકી ગયું. થોડી ક્ષણો ખામોશ થઈ ગયેલો નીરવ બોલ્યો...

'ઓ.કે. ફરગેટ ઇટ. આ સવાલનો તમે જવાબ આપવા નથી ઇચ્છતાં. તો હવે એ કહો, તમને શું લાગે છે, આ જૉબ તમને મળી જશે ?'

ફરીથી નિશાએ કોઈ જવાબ ન આપ્યો. નીરવે ભારે અવાજે કહ્યું...

'આમ કોઈની પણ સિફારિશ લઈને આવો એટલે જૉબ મળી જાય એમ સમજો છો તમે !'

ફરી નિશા કાંઈ ન બોલી, એનો પડી ગયેલો ચહેરો જોઈ નીરવ મંદ-મંદ મુસ્કરાયો.

'મૅડમ, કાંઈક તો બોલો... લાગે છે, આ તમારો પહેલો ઇન્ટરવ્યૂ છે.'

અશબ્દ નિશાએ માત્ર હંકારમાં મસ્તક હલાવ્યું.

'ગુડ, એન્ડ રિલેક્સ નિશા, તમારી જૉબ પાકી જ છે.'

નિશાના ચહેરે હવે હળવાશ આવી.

'નિશા, હું તો બસ મારી જાણ ખાતર સવાલો કરતો હતો. વિક્રમે ગઈકાલે રાત્રે મને ફોન કરીને તમારી જૉબ માટે સિફારીશ કરી હતી.'

હળવીફૂલ થઇ ગયેલી નિશાએ કહ્યું, 'વિક્રમની પત્ની શીતલ, મારી બેસ્ટફ્રેન્ડ છે. અમે કૉલેજમાં સાથે હતાં.'

'હું જાણું છું, વિક્રમે કહ્યું હતું મને. નિશા તમને એપોઇન્ટ કરતાં પહેલાં એક વાત જણાવી દઉં. મને મહેનતુ વ્યક્તિઓ ખૂબ પસંદ છે. મારો સ્ટાફ ખૂબ મહેનતુ છે.'

'હું જાણું છું, તમે ખુદ વર્કોહોલિક છો, તો પછી તમારો સ્ટાફ પણ વર્કોહોલિક જ હોવાનો !'

'અચ્છા મારા વિશે આ બધું તમે કઈ રીતે જાણો છો, વિક્રમે કહ્યું કે પછી શીતલે ?'

'એ બંનેમાંથી કોઈએ કશું તમારા વિશે નથી કહ્યું'

'તો પછી તમે કઈ રીતે જાણી શક્યાં ?'

'તમારી ઉંમર અને હોદ્દા પરથી અનુમાન લગાવ્યું.'

નિશા ધીરેધીરે ખૂલી રહી હતી.

'વેરી સ્માર્ટ એઝમશન. નિશા, વર્કોહોલિકનો મતલબ તમે શું કરો છો. હાર્ડવર્ક...!'

'ના સર, વર્કોહોલિકનો મતલબ હું હાર્ડવર્ક નહીં, સ્માર્ટવર્ક કરું છું.'

'ગુડ... વેરી ગુડ... ઇન્ટેલિજન્ટ આન્સર. ઍન્ડ કોન્ગ્રેટ્સ ફોર જૉબ.' કહેતાં નીરવે નિશા તરફ હાથ લંબાવ્યો.

'થેન્ક્યુ સર...' કહેતી નિશાએ નીરવના લંબાયેલા હાથમાં હાથ પરોવી શેકહેન્ડ કર્યું.

પછી નીરવે રિસીવર ઊંચકી ઇન્ટરકોમ નંબર ડાયલ કર્યો.

'કોમલ, પ્લીઝ કમ.' કહી રિસીવર ફરી ક્રેડલ કરી દીધું.

થોડી ક્ષણોમાં કોમળ — સુંદર યુવતી ઑફિસમાં ઉપસ્થિત થઇ. એને ખુરશીમાં બેસવાનો ઇશારો કરતાં નીરવે કહ્યું,

'કોમલ, આ નિશા છે. આજથી આપણી સાથે કામ કરશે. પહેલા આમની પહેચાન સ્ટાફમિત્રો સાથે કરાવો. અને ત્યાર બાદ એમને એમના કામથી રૂબરૂ કરાવો.'

'યસ સર.' કોમલે કહ્યું.

'ઓ.કે. નિશા, કોન્ગ્રેચ્યુલેશન ઍન્ડ ગુડ લક.' કહેતાં નીરવે ફરી હાથ લંબાવ્યો.

'થેન્ક્યુ સર.' કહેતી નિશાએ ફરી શેકહેન્ડ કર્યું. પછી થોડા સંકોચ સાથે કહ્યું, 'સર, મારી ફાઇલ.'

'ઓહ યસ !'

પ્રમાણપત્રોની ફાઇલ ટેબલ પરથી ઉઠાવી નિશાના હાથમાં આપતો નીરવ ફરી નિશાના રૂપથી અંજાઈને અપલક થઈ ગયો.

નિશાની નજર ઢળી ગઈ. અને એ બંનેની નજરને માપી લેતી કોમલનો ચહેરો સહેજ ઝંખવાઈ ગયો.

નીરવની ઑફિસમાંથી બહાર આવી કોમલે નિશાનો પરિચય સ્ટાફમિત્રો સાથે કરાવતાં કહ્યું,

'નિશા, આ છે વિશાલ, આ રોહિત, આ અનુજ અને આ છે તારા, અને આ છે હીના.'

બધાએ નિશાને હૂંફાળો આવકાર આપવા સાથે અભિનંદન આપ્યાં. પછી કોમલ નિશાને લઈને પોતાની જગ્યા પર આવી.

'નિશા, આ છે મારી જગ્યા અને આ તારી જગ્યા. તારે મારી બાજુમાં બેસવાનું છે.'

ખુરશી ખેંચીને કોમલની બાજુમાં બેસતી નિશાએ પ્રમાણપત્રોની ફાઇલ ટેબલના એક

ખૂણા પર મૂકી. ફોનની રિંગ વાગતાં કોમલે રિસીવર ઉઠાવ્યું. સામેથી નીરવ બોલતો હતો.

અંતે, 'યસ સર.' કહી રિસીવર રાખી કોમલે નિશાને કહ્યું, 'સર તને એમની ઑફિસમાં બોલાવે છે.'

'કેમ...?' ચિંતા લસરી પડી નિશાની જબાનેથી.

'રિલેક્સ યાર, તું ચિંતિત બહુ થઈ જાય છે. શું કામ બૉસ બોલાવે છે તે તો મને નથી કહ્યું, તું જા.'

નિશા ઑફિસમાં આવી ત્યારે નીરવ ફાઇલોમાં ડૂબ્યો હતો.

'આવો, બેસો.' કહેતાં એણે ફાઇલો બાજુ પર હડસેલી નિશા પ્રતિ જોયું.

હલકી ગભરામણ સાથે નિશા ખુરશીના છેડે ટટ્ટાર બેઠી. એના મનમાં દોડી ગયું, 'હવે શું પૂછશે ?'

'નિશા, આર યુ ફીલ કમ્ફર્ટ ?'

'અં...યા...' નિશાએ કમને મુસ્કરાતાં કહ્યું.

'વેલ, હું તમને એક વાત કહેવાનું ભૂલી ગયો.' કહી બે ક્ષણ નીરવ ખામોશ રહ્યો. તે દરમિયાન નિશાની અંદર ગભરામણના પરપોટા બૂડબૂડવા લાગ્યા હતા. નીરવે સહેજ નિશા તરફ ઝૂકીને કહ્યું,

'નિશા, અહીંયાં કોઈને ખબર ન પડવી જોઈએ કે તમારા માટે કોઈએ મને સિફારિશ કરી છે. કેમ, તે તો તમે જાણતાં જ હશો.'

'ઓ.કે. સર. નહીં ખબર પડે.'

નીરવ ખુરશીમાં પાછળ અડેલ્યો.

'ગુડ. સ્ટાફમિત્રો સાથે પરિચય થયો ?'

'હજી ફક્ત નામથી પરિચય થયો.'

'ડૉન્ટવરી. સાથે કામ કરતાં-કરતાં ઘરોબો કેળવાઈ જશે. પછી તમને આ બધા ઘરનાં સદસ્ય જેવાં લાગશે. બધાં જ ખૂબ પ્રેમાળ છે, લાગણીશીલ અને સારાં છે. હવે તમે ઇચ્છો તો જઈ શકો છો.'

ઑફિસમાંથી બહાર નીકળી નિશા પોતાની જગ્યાએ આવી ત્યારે કોમલ એના કામમાં ગળાડૂબ હતી.

'શું કહેતા હતા બૉસ ?' ફાઇલમાં જ નજર ડુબાડી રાખી કોમલે પૂછ્યું.

'સ્ટાફમિત્રો વિશે કહ્યું.'

'શું ?'

'કહ્યું કે, બધાં ખૂબ પ્રેમાળ, લાગણીશીલ અને સારાં છે.'

'ખરેખર એવું કહ્યું !?'

'જી. કોમલ મને તો લાગે છે, આપણા બૉસ ખુદ પ્રેમાળ, લાગણીશીલ અને ખૂબ સારા ઇન્સાન છે.'

'હા... એવું જ છે. આપણા બૉસ પ્રેમાળ, લાગણીશીલ અને ખૂબ સારા ઇન્સાન છે.' કહેતી કોમલના ગાલે શરમાહટની લાલાશ ચડી આવી. એને જોઈ રહેલી નિશાના દિલની વાચાએ અંદરોઅંદર પડઘો પાડ્યો... કુછ તો હૈ, શરમાહટની લાલાશ ઘણું બધું કહી જાય છે.

'કોમલ, શું વાત છે...' નિશાએ શબ્દોને વાચા આપી, 'બૉસની તારીફ સાંભળીને તારા સફેદ ગાલોએ હલકી રાતાશ ધરી લીધી તે મેં જોયું.'

'કાંઈ નથી.' નત નજરે કહેતી કોમલના હોઠો પર સ્મિતની પતઝળ-બહાર એકસાથે ખીલતી મૂરઝાતી હતી.

'કાંઈ નથી નહીં, કાંઈક તો છે. દિલમાં એકરાર, હોઠો પર ઇન્કાર જેવું. યુવાનવય, તારીફ, ખૂબસૂરત પાત્ર અને શરમાહટને એકતારમાં પરોવતાં એમાંથી લગભગ કોઈના ગળામાં પ્રેમ નામે પહેરાવી શકાય એવો સુંદર હાર જરૂર બને છે.'

'અત્યારે ચૂપ કર. સમય આવ્યે તને બધું કહીશ.'

'હું એ સમયની રાહ જોઈશ.'

નિશા આસ્તે-આસ્તે ખૂલી રહી હતી. કોમલ સાથે તદ્દન મુક્તમને વાતો કરતી હતી. એકાએક એનો મોબાઈલ રણકી ગયો.

'હા, બોલ.'

નિશાએ કોલ લીધો. સામેથી વિક્રમ બોલતો હતો.

'કામ પતી ગયું ?'

'હા, સાંજે મળીએ ત્યારે વિસ્તારથી વાત કરીશું.'

'કેટલા વાગ્યે ?'

'લગભગ સાડા છ... સાત...'

'સાડા છ કે સાત ?'

'હં...' ક્ષણભર વિચારીને નિશાએ કહ્યું, 'સાડા-છ. અને આજે હું એની બરાબર ખબર લેવાની છું.'

હસી પડ્યો વિક્રમ, 'એની સાથે તારે જે કરવું હોય તે કરજે. અમારું ડિનર ફાઇનલ છે ને ?'

'હા, બિલકુલ ફાઇનલ. સાડા છ એ બ્લૂસ્ટોન પાસે મળીએ. અને હા... શીતલને લઈને આવજે.'

'તું ના કહેત તોપણ લઈને જ આવત.'

'કેટલાય દિવસોથી એને જોઈ નથી. આ બહાને મળશે. ઓ.કે. બાય.'

નિશાએ લાઇન કટ કરી પોતાની તરફ ટગર-ટગર જોઈ રહેલી કોમલ પ્રતિ જોયું. કોમલના સ્થિર નયનો આગળ હાથ હલાવી એણે ઝબકાર અપાવ્યો.

'નિશા તારે જૉબની કોઈ જરૂર નથી.' કહેતી કોમલે સીધો પ્રશ્ન પાથર્યો, 'કોઈ અન્ય કારણથી તેં જૉબ સ્વીકારી છે. મારું અનુમાન સાચું છે ?'

મસ્તક ઝુકાવતાં નિશાએ કહ્યું, 'તારું અનુમાન શતપ્રતિશત સાચું છે.'

'અચ્છા તો પછી જણાવ, શું કારણ છે જૉબ સ્વીકારવાનું.' કોમલ નિશાની નજીક સરકી આવી.

'કોમલ, તારી જેમ કહું છું, સમય આવ્યે હું તને એ કારણ જણાવીશ.'

'અચ્છા, ફોન પર અત્યારે કોની સાથે વાત કરતી હતી ?'

'મારા ફ્રેન્ડ સાથે.'

'ફ્રેન્ડ જ છે કે પછી...'

'ફ્રેન્ડથી અધીક કાંઇ નથી. એનું મેરેજ થઈ ગયું છે. મારી ખાસ ફ્રેન્ડ શીતલ સાથે.'

'ઓહ !'

* * *

સાંજે સાડા-છ વાગ્યે નિશા હોટલ બ્લૂસ્ટોન આગળ રિક્ષામાંથી ઊતરી ત્યારે વિક્રમ, શીતલ અને દીપક એની રાહ જોતાં હતાં.

'હાય શીતલ...' કહેતી એ શીતલને ગળે વળગી ગઈ.

'હાય !'

'નિશા...' વિક્રમે પૂછ્યું, 'કેવો રહ્યો જૉબનો પહેલો દિવસ ?'

'એકદમ સરસ. વિક્રમ થેન્ક્સ્ યાર.'

'ઇટ્સ ઓ.કે.'

'હાય નિશા.'

દીપકે કહેતાં નિશાએ જડબાં કઠણ કરી એના તરફ મોં મચકોડ્યું. એકબીજા તરફ જોતાં દીપક, વિક્રમ અને શીતલના એકસરખા સવાલો સામ-સામે અથડાયા,

... આને અચાનક શું થયું ?

નિશા શીતલ તરફ ફરી.

'શીતલ, આને કહી દે, મારી સાથે મહેરબાની કરીને વાત કરવાની કોશિશ ના કરે.'

'ઓહ કમોન, તને અચાનક શું થયું ?'

'અચાનક નથી થયું, ગઈકાલ સાંજનું થયું છે. ધ્યાનથી જો મને. હું કેવી દેખાઉં છું ?'

શીતલે નિશાના ચહેરા પર ઊડતી નજર ફેરવી.

'અરે યાર, રોજ જેવી દેખાય છે એવી જ તો આજે દેખાય છે !'

'હં...હં...' નિશાએ ઉકળાટ ઠાલવ્યો, 'હું ચિબાવલી દેખાઉં છું ?'

'નહીં તો, કોણે કહ્યું !'

નિશાએ ચીરી નાખતી નજરે દીપકે તરફ જોયું. દીપક અને વિક્રમ નીચું જોઈને મૂછમાં હસતા હતા. વિક્રમે હસતાં-હસતાં નિશાનો હાથ પોતાના હાથમાં લઈને કહ્યું,

'નિશા, હું કશું નહોતો કહેતો, ગઈકાલે આ જ સામેથી બધું ઉમેરી-ઉમેરીને મને કહેતો હતો.'

'નિશા...'

નિશાએ આંખો ફાડીને ખભે હાથ મૂકવા જતા દીપકને અટકાવ્યો.

'મને અડકીશ નહીં, દૂર રહે મારાથી, કોણ છે તુ ં?'

'બરાબર છે નિશા.' આગને હવા આપતો હોય એમ વિક્રમે ઉમેર્યું, 'અને નિશા ડિનરની શરત પણ મેં નહોતી રાખી, આણે જ જાણીજોઈને સામેથી બધું પ્લાન કર્યું હતું.'

'યાર પ્લાન ન કરું તો શું કરું !' દીપકે સફાઈ પેશ કરી, 'આના ત્રણ-ચાર કલાકના સાથ માટે કાંઈક તો બહાનું હોવું જોઈએ ને ! વિચાર્યું હતું, ત્રણ-ચાર કલાક સાથે વિતાવીશુ અને તમારા બંને સાથે કેટલાય દિવસ પછી મુલાકાત થશે તો ઘણો આનંદ થશે. પણ મને શું ખબર...'

નિશા એકદમ દીપકને ચીપકી ગઈ, 'સોરી દીપક, હું તો અમસ્તા જ બોલતી હતી.'

દીપકે એના રેશમી વાળમાં હાથ ફેરવ્યો.

ચારેય જણાં હોટલના સંગેમરમરી પગથિયાં ચઢી ગયાં એટલે બહાર ઊભેલા વર્દીધારી દરવાને બાઅદબ ઝૂકીને દરવાજો ખોલ્યો.

હોટલની અંદર મુલાયમ કાર્પેટ પર પગ રાખતાં જ એક બેરર નજીક આવી, 'પ્લીઝ વેલકમ સર.' કહી એમને ખાલી ટેબલ સુધી લઈ ગયો.

ચારેયની નજર આજુબાજુ ફરતી હતી. એવું નહોતું કે, ચારેય પહેલી વાર અહીંયાં આવ્યાં હતાં. નિશા અને દીપક તો અક્સર અહીં આવતાં રહે છે. આ લોકો જ્યારે-જ્યારે અહીંયાં આવ્યાં છે ત્યારે-ત્યારે આ હૉલનો નજારો હર બાર અલગ જ નિહાળ્યો છે.

વિશાળ હૉલમાં અત્યંત ઝાંખો હેમ પ્રકાશ પથરાયેલો હતો. અમુક ટેબલો પર રિઝ્ર્વર્ડના બોર્ડ લાગેલાં હતાં. અમુક ખાલી હતાં. અને જે લોકો પહેલેથી અહીંયાં હતા તે સૌ પોતપોતાની મસ્તીમાં લીન હતા.

શીતલ વિક્રમની બાજુમાં બેઠી અને એમની સામે દીપક અને નિશા બેઠાં. બેરર મેનુ કાર્ડ લઈને ઉપસ્થિત થયો. ચારેયે પોતપોતાની મનપસંદ આઇટમો ઑર્ડર કરી દીધી એટલે બેરર એમના ઓર્ડરને ન્યાય આપવા ત્યાંથી ચાલ્યો ગયો.

ચારેય ખામોશ હતાં. દીપકે હળવેથી નિશાના પગ પર હાથ મૂકતાં નિશા શરમથી પાણી-પાણી થઈ ગઈ. નીચું જોઈએ દીર્ઘ શ્વાસ ભરતી રહી.

શીતલે ધીરેથી કોણી મારી બાજુમાં બેઠેલા વિક્રમનું તે તરફ ધ્યાન દોર્યું. પરિસ્થિતિને પામી ગયેલા શીતલ અને વિક્રમ આ બંનેને જોઈને આછું-આછું સ્મિત કરતાં હતાં.

નિશાના પગે હાથ ફેરવતા દીપકે ધીરે-ધીરે નિશાના હાથની મુલાયમ આંગળીઓમાં આંગળીઓ પરોવી. શરમથી નિશા નતમસ્તક જ હતી.
એ.સી.ની ઠંડકમાં પણ એના ચહેરે પરસેવાનાં ટીપાં બાઝવા લાગ્યાં હતાં.

'એસીની ઠંડક ઓછી પડતી નથી લાગતી વિક્રમ !' શીતલ મસ્તી કરતી બોલી, 'સાલુ પરસેવો થાય છે, નહીં ?'

'હં...' વિક્રમે માત્ર હંકાર ભર્યો.

નતમસ્તક નિશાના હોઠ પર રમતિયાળ ભીનું સ્મિત રમી ગયું. ખામોશ નતમસ્તક જ રહી નિશા. જીભ પર હોઠ ફેરવી ખુરશીમાં ટટ્ટાર થઈ શીતલે પાણીનો ગ્લાસ ઉઠાવી નિશા સામે ધર્યો.

'નિશા, ગળે સોસ પડતો હોય એમ લાગે છે. લે પાણી લે.'

એક હાથ દીપકે પકડી રાખ્યો હતો એટલે નિશાએ ગ્લાસ લેવા બીજો હાથ લંબાવ્યો. શીતલે પાણીનો ગ્લાસ પાછો ખેંચી લેતાં કહ્યું,

'અં... હં... ના..., આ હાથે નહીં, પેલા હાથે.'

'જી...!' એક પલમાં નિશા દિલની ઘણી ધડકનો ચૂકી ગઈ.

દીપકે તરત જ નિશાનો હાથ છોડી દીધો. શીતલ અને વિક્રમ એકબીજા સામું જોઈને ખડખડાટ હસી પડ્યાં. શરમથી પીગળી ગયેલી નિશાએ બંને હથેળીમાં ચહેરો સંતાડી લીધો.

'અરે ભાઈ...' વિક્રમે પૂછ્યું, 'અમારી હાજરી તમને ચાયમાં મખ્ખી જેવી તો નથી લાગતી ને !'

'ના-ના.' દીપકે કહ્યું, 'એવું કાંઈ નથી.'

'તો ઠીક... એવું કાંઈ હોય તો પહેલેથી કહી દેજે. તમે બંને અમને કાઢીને ફેંકી દો તે પહેલાં અમે ઊડી જઈએ !'

'એવું કાંઈ નથી વિક્રમ, તમારા બંનેનો સાથ અમને ગમે છે.'

'મૅડમ...' શીતલે આંગળીથી ટેબલ પર ટકોરા માર્યા, 'ઓ મૅડમ... ઓ મૅડમ નિશા...'

બંને હથેળીમાં ચહેરો છુપાવી બેઠેલી નિશા સહેજ આંગળીઓ ત્રાંસી કરી શીતલ બાજુ જોઈને તાડૂકી...

'શું છે !?'

'મૅડમ, કેવું લાગ્યું ? મુલાયમ... ખરબચડું...'

'શટ્ અપ...' નિશાએ જડબાં ભીસ્યાં.

'તોપણ કેવું... ફૂલ જેવું... કાંટા જેવું...

'જાને સાલી... શું કામ સતાવે છે...!'

જૂઠી નારાજગી જતાવતી નિશાએ દીપકની છાતીમાં માથું દાબી દીધું. વિક્રમ અને શીતલ ફરી હસી પડ્યાં. દીપકે નિશાનો ખભો હૂંફથી દબાવ્યો.

'તમને બંનેને જોઈને અત્યારે મારી અંદર ઈર્ષાની હોળી સળગી રહી છે.'

'એ કેમ ?' દીપકના ખભેથી માથું ઊંચકી વાળની લટ કાન પાછળ લેતી નિશાએ પૂછ્યું.

'કેમ શું, અમારાં લગ્ન ન થયાં હોત તો હું પણ તારી જેમ વિક્રમની છાતીએ માથું ઢાળી પ્રેમનાં પીયૂષ પીતી હોત. એના એક સ્પર્શ માટે તરસતી હોત, જૂઠી નારાજગી જતાવતી હોત.'

'અને નવી-નવી સમસ્યાના ઉકેલ શોધતી હોત.' નિશાએ શીતલની વાતને ખેંચી, 'તું ઘણી તકદીરવાલી છે કે, તારાં લગ્ન થઈ ગયાં. અમારી હાલત કેવી છે તે અમે જ જાણીએ છીએ. દીપકને મળવા માટે રીતસર તડપું છું. વિયોગ ન સહેવાતાં રડી પડાય છે.'

નિશાએ શીતલને કહ્યું, ‘દીપકને મળવા માટે હું, રીતસર તડપું છું, વિયોગ ન સહેવાતાં રડી પડાય છે.’

‘નિશા, તડપવું, રડવું તો પ્રેમીઓના નસીબે અમીટ તકતી બનીને ચોંટેલું હોય છે. એ તડપ, એ રુદનમાં જ સાચો પ્રેમ છુપાયેલો હોય છે. જે તડપાવી દે, રડાવી દે તે જ સાચો પ્રેમ !’

‘શાયદ...’

‘શાયદ નહીં પાગલ, ખરેખર. પાગલપણાની હદ સુધી પહોંચાડી દે તેનું નામ જ સાચો પ્રેમ. ઇન્સાન બેઠા-બેઠા જ ક્યાંક ખોવાઈ જાય, મનનું ચેન હણાઈ જાય, વાંચતાં-વાંચતાં વિચારોમાં ડૂબી જાય, ચાલતા-ચાલતા અટકી જાય, આંખોની નિંદ ઊડી જાય, અને રાત્રે ચાંદ-તારા સાથે પાગલોની જેમ વાતો કરે, પરિસ્થિતિ તેની તે જ હોય, છતાં કશું ખૂટતું હોય એમ લાગે. અને જાણે છે નિશા ! એ ખૂટતું કશું શું હોય છે ?’ શીતલે દીર્ઘ શ્વાસ છોડ્યો, ‘પ્રેમ નિશા, પ્રેમ. પ્રેમીના મિલન પર હૈયું હલકું-હલકું થઈ જાય છે, અને જુદાઈ પર ઉદાસી-ઉદાસી છવાઈ જાય છે.’

‘મારી હાલત બિલકુલ તેં કહ્યું તેવી જ છે, શીતલ.’ નિશાએ ફરી દીપકના ખભે માથું ઢાળી દીધું, ‘દીપક સાથે હોય ત્યારે દિલને શાતા વળે છે. અને એ સાથે ન હોય ત્યારે બેચેની-બેચેની લાગ્યા કરે છે.’

વાઈનના બે મેટ સાથે બેરર ચીઝ ક્યૂબ અને કાજુની ડિશ મૂકી ગયો. વિક્રમ અને દીપકે મન્ચિંગ સાથે ધીરે-ધીરે મેટ ખાલી કર્યા, તે દરમિયાન નિશા અને શીતલ ખામોશ જ બેસી રહી હતી.

‘શીતલ, આ લોકોને સહેજ સ્પેશ મળવી જોઈએ, પીવાનું કોઈ નહીં ને કોઈ બહાનું શોધી કાઢે છે.’

‘તદ્દન સાચી વાત તારી નિશા.’

ડ્રિંક્સ બાદ બેરર ડિશો ગોઠવી આઇટમો સર્વ કરવા લાગ્યો. પહેલો કોળિયો ભરતી શીતલે નિશા પર નજર મૂકી.

‘અચ્છા નિશા, એ તો બયાન કર કે, પ્રેમની અભિવ્યક્તિની ક્ષણે તારા દિલમાં કેવી-કેવી લાગણીઓ જન્મી હતી !’

‘કોઈ લાગણી જન્મી નહોતી.’ નિશા સપાટ સ્વરે બોલી ગઈ.

‘વૉટ ! કોઈ લાગણી જન્મી નહોતી !?’

નિશાએ નકારમાં ડચકારો ભર્યો.

‘કોઈ જ નહીં. કારણ કે, મેં અને દીપકે એકબીજા સમક્ષ અમારા પ્રેમનો એકરાર ક્યારેય કર્યો જ નથી.’

‘બને જ નહીં !’

સ્પૂન છોડી દીપકે નિશાને એક હાથે બાંહોમાં સમાવી લીધી.

‘શીતલ, નિશા સાચું કહે છે. અમે બંનેએ ક્યારેય એકબીજા સમક્ષ પ્રેમનો એકરાર કર્યો નથી. તમને બંનેને કદાચ માનવામાં નહીં આવે, અમે ક્યારેય એકબીજાને આઈલવયુ. કહ્યું નથી.’

‘નોટ પોસિબલ !’ શીતલને માનવામાં આવતું જ નહોતું, ‘અન બિલિવેબલ !’

‘હું કહેતો હતો ને કે, તમને માનવામાં નહીં આવે !’

‘તો પછી ખબર કંઈ રીતે પડી કે, તમને બંનેને એકબીજા પ્રત્યે પ્રેમ થઈ ગયો છે !’

‘પ્રેમ થઈ ગયાની ખબર જ ક્યાં પડી છે !’

દીપકના એક-એક આશ્ચર્યસભર જવાબોથી શીતલ અંજાતી જતી હતી.

‘શીતલ, અમે બંને એકબીજા સમક્ષ દિલની લાગણીઓને વાચા આપતાં ગયાં, એમાંથી પ્રેમના અંકુર ક્યારે ફૂટી નીકળ્યા તે ખબર જ નથી પડી. શીતલ, અત્યાર સુધી અમારા પ્રેમને ક્યારેય આઈલવયુ જેવા બોદા શબ્દોના સહારાની જરૂર નથી વર્તાઈ. અને આમેય પ્રેમને કોઈ શબ્દોના સહારાની જરૂર નથી હોતી. શીતલ, પ્રેમ એ અભિવ્યક્તિની નહીં, અનુભતિની ચીજ છે.’

‘ચીજ...!’ એકદમ બોલી પડેલી નિશાના શબ્દોમાં દર્દ હતું, ‘તું પ્રેમને ચીજ કહે છે. દીપક ! પ્રેમ કોઈ ચીજ નથી, પ્રેમ તો લાગણી છે, દિલના ઊંડાણમાંથી કોઈના પ્રત્યે જન્મતી અસીમ મીઠી લાગણી !’

‘વાહ ! ગ્રેટ લવ !’ શીતલે ટેબલ પર હાથ ઠપકાર્યો, ‘વિક્રમ, અત્યાર સુધી દુનિયાના મહાન પ્રેમીઓના રૂપે લોકો લેલા-મજનુ, હીર-રાંઝાની મિશાલો આપતા હતા. હવે એમાં એક જોડી વધુ ઉમેરાશે... નિશા-દીપક.’

ચારેય ધીમું-ધીમું હસી પડ્યાં.

ડિનર પતાવી ચારેય હોટલમાંથી બહાર આવ્યાં ત્યારે રાતના નવ વાગી ગયા હતા.

‘અચ્છા, દીપક-નિશા ઘણી મજા આવી.’ વિક્રમે બાઇક ચાલુ કરતાં પૂછ્યું, ‘તમે લવબર્ડ્ઝ પ્રેમની ચાંચ લડાવવા બીજે ક્યાંક જવાનાં છો કે પછી સીધાં ઘરે ?’

નિશાએ રિસ્ટવૉચમાં નજર નાખી.

‘ના-ના ઓલરેડી નવ વાગી ગયા છે. હવે સીધાં ઘરે જ જઈશું.’

‘ઠીક છે તો પછી મળીશું. ચાલો અમે તો નીકળીએ. બાય.’

‘બાય.’ નિશા અને દીપકે એકસાથે બાય કહ્યું.

શીતલ બાઇકની પાછલી સીટ પર બેઠી એટલે વિક્રમે બાઇક હંકારી મૂકી. ત્યાર બાદ દીપકે પણ બાઇક સ્ટાર્ટ કરી નિશા સામે હાથ લંબાવ્યો. એના હાથમાં હાથ પરોવી નિશા બાઇકની પાછલી સીટ પર ગોઠવાઈ, પછી દીપકની કમર ફરતે હાથ વીંટાળી દીધા.

દીપકે ગતિશીલ કરેલ બાઇકના ટાયરો સ્ટ્રીટના નાકે આવીને અટક્યા.

‘બાઇક અહીંયાં કેમ ઊભી રાખી ?’ નિશાએ પૂછ્યું.

‘તું દર વખતે અહીંયાં ઊતરી જાય છે એટલે.’

‘આજે હું તારી સાથે ઘર સુધી આવીશ. જો હું અહીંયાં ઊતરી જઈશ તો મેજર તારી ધૂળ ખંખેરી નાખશે. અને ઘટ્ટ અવાજે પૂછશે, નિશાને ક્યાં મૂકી આવ્યો ?’

દીપકે બાઇક ફરી ગતિશીલ કરી નિશાના ઘર આગળ થોભાવી. બાઇક પરથી ઊતરી ઘર તરફ વળેલી નિશાને એણે અટકાવી...

‘ઓય... કહી દેજે તારા મેજરને, એમની છોકરીને સહીસલામત, ઘસારા, ઉઝરડા વિના જેવી હતી તેવી જ ઘેર પહોંચાડી છે.’

ખીલેલા ગુલાબ જેવું હસતાં-હસતાં નિશા ગેટ પાર કરી ગઈ. એણે જેવો ઘરમાં પગ રાખ્યો કે તરત સોફામાં બેઠેલા મેજર ઝાટકા સાથે ઊભા થઈ ગયા. તે જોઈ એનું હૃદય જોરજોરથી ધડકી ગયું.

‘નિશા...’ મેજરનો ઘટ્ટ અવાજ ડ્રૉઇંગરૂમની દીવાલો સાથે અથડાઈને પડઘાયો, ‘પહેલા આવીને તારી માને બાઝ. સાંજના છ વાગ્યાથી એનો જીવ તાળવે ચોંટી ગયો છે.’

થૂંકનો ઘૂંટ ગળી ગઈ નિશા, ‘વોટ્સ અ મેટર મોમ ?’

‘છ વાગ્યાથી એ દર દસ મિનિટે મને ચિંતિત સૂરે કહે છે, હજી નિશા ન આવી...’

નિશાએ નકારમાં મસ્તક હલાવ્યું, ‘મોમ, તું ભૂલી ગઈ, આજે મેં દીપક, વિક્રમ અને શીતલને ડિનર માટે ઇન્વાઈટ કર્યાં હતાં !’

વિદ્યાબહેનની બધી ચિંતાઓ પળમાં ઊડી ગઈ. નિરાંતનો શ્વાસ લીધો એમણે.

‘નિશા, હું તો ભૂલી જ ગઈ હતી.’

‘મોમ તું પણ ને... ખોટી-ખોટી મારી ફિકર કર્યા કરે છે. હવે હું કાંઈ નાની બચ્ચી નથી !’

‘ફિકર તો થાય જ ને બેટી, હું મા છું. પણ પૂછ મેજરને, એમણે એક પણ વાર મને યાદ દેવડાવ્યું કે, તેં આજે દીપક, વિક્રમ અને શીતલને ડિનર માટે ઇન્વાઇટ કર્યાં છે.’

સાંભળીને મેજર ખડખડાટ હસી પડ્યા.

‘નિશા, તારી મા સાંજના છ વાગ્યાથી ઘરના આગલા બારણાથી પાછલા બારણે તારી ચિંતામાં ને ચિંતામાં આંટા મારતી હતી.’

નિશા મેજર પર વરસી પડી, ‘અને તમે એની ચિંતા દૂર કરવાને બદલે એને જોઈને આનંદ લેતા હતા. મેજર તમે પણ હદ કરો છો !’

મેજર એ બંને પાસે આવ્યા.

‘નિશા, તારી માની અત્યારે જ આવી હાલત છે, તો પછી તું સાસરે જશે ત્યારે આની હાલત કેવી થશે !’

‘એનો એક ઉપાય છે મેજર.’ નિશાએ મસ્તક નમાવતાં કહ્યું, ‘તમે મારું સાસરું અહીંયાં આજુબાજુમાં જ ક્યાંક શોધજો.’

‘બીજો પણ એક ઉપાય છે નિશા. તારી સાથે લગ્ન કરનારને ઘર- જમાઈ બનાવી લેવાનો !’

મેજર હસતા-હસતા ત્યાંથી ચાલ્યા ગયા. પરંતુ નિશાના અંતરના શાંત પાણીમાં એક કંકર પડી વમળો પેદા થયાં.

* * *

નિશા આજે લંચ માટે ગઈ નહોતી, કોઈ કામ અર્થે લંચઅવરમાં ઑફિસમાંથી બહાર ગઈ હતી. લંચ અવર પૂરો થતાં ઑફિસમાં આવતી નિશાને તારા અને હીના મળી ગઈ.

કોમલ અત્યારે એની જગ્યાએ નહોતી. શાયદ બૉસની ઑફિસમાં ગઈ હશે. તારા અને હીનાની સામ-સામે અથડાયેલી નજરમાં કોઈક ઇશારો થઈ ગયો.

તારાએ નિશાના ખભે હાથ મૂકતાં પૂછ્યું, ‘તું આજે લંચ માટે કેમ ન આવી ?’

‘આજે થોડું કામ હતું એટલે બહાર ગઈ હતી.’ નિશાએ કહ્યું.

‘નિશા, તને એક જરૂરી વાતથી વાકેફ કરવાની છે. ચાલ ઑફિસમાંથી બહાર જઈને બેસીએ.’

ત્રણેય ઑફિસમાંથી બહાર આવ્યાં. વીસ બાય વીસ ફૂટની લાઉન્જમાં વિઝિટરો માટે રાખેલા સોફામાં ત્રણેય બેઠાં. હીનાએ વાતનો તંતુ સાંધતાં કહ્યું,

‘નિશા, તું હજી આ ઑફિસમાં નવી છે, એટલે તને કદાચ ખબર નહીં હોય. અમે તને ચેતવવા માગીએ છીએ.’

નિશાએ વારાફરતી તારા અને હીના પર નજર ફેરવી.

‘નિશા, કોમલ જેટલી ઉપરથી દેખાય છે એટલી ભોળી નથી. એ ખૂબ ઊંડી છે. લોકોને આખેઆખા પોતાનામાં સમાવી લે એટલી ઊંડી.’

‘હીના, તારી વાતનો હું મતલબ ના સમજી.’

‘એનો કહેવાનો મતલબ છે...’ તારાએ હીનાની વાતને આગળ વધારી, ‘કોમલથી શક્ય

હોય તેટલી દૂર રહેજે. ઔપચારિકતા પૂરતી વાત કરવી ઠીક છે, એની સાથે આત્મીયતા વિકસાવવાની જરૂર નથી. એ લૂઝ કેરેક્ટરની છે. તને કદાચ સાચું નહીં લાગે પણ આ ઑફિસના દરેક પુરુષ... તું ટૂંકમાં સમજી જાને અમારે વધારે કાંઈ કહેવું નથી.'

વિચારોમાં ખોવાઈ ગયેલી નિશાએ હકારમાં મસ્તક હલાવ્યું. તારા અને હીના એની પાસેથી ઊભી થઈને ચાલી ગઈ. એ જ્યારે ઑફિસમાં પાછી આવી ત્યારે સ્કાય બ્લૂ કલરના ડ્રેસનો દુપટ્ટો ખભે વ્યવસ્થિત કરતી કોમલ નીરવની ઑફિસમાંથી બહાર આવતી હતી. કોમલને જોઈને એના મનમાં ક્ષણિક સંદેહ દોડી ગયો.

કોમલે આવીને બાજુમાં બેસતાં નિશાને કહ્યું,

'આજે તું લંચ માટે નહોતી ગઈ એવું મેં જાણ્યું. આજે હું અને બૉસ પણ લંચ માટે નહોતાં ગયાં. ખબર હોત તો આપણે ત્રણેય સાથે બેસીને વાતો કરી સમય પસાર કરત.'

નિશાના અંદર એકાએક ઊછળી આવ્યું... હું સાથે હોત તો તારી કામલીલામાં ભંગ ન પડત !

'શું થયું, કેમ કાંઈ બોલતી નથી ?' કોમલે ઢંઢોળતાં નિશાએ મનોસંવાદ અટકાવીને કહ્યું,

'મારે થોડું કામ હતું, એટલે બહાર ગઈ હતી.'

આખો દિવસ બંને કામમાં રચ્યાંપચ્યાં રહ્યાં. સાંજે ડ્યુટી પૂરી કરી નિશા બહાર આવી ત્યારે રોડક્રોસ કરી સામેના રોડ પર ઊભેલી કોમલ લિફ્ટ માટે જાણ્યા-અજાણ્યા બાઇકવાળાઓને ઊભા રાખવા હાથ કરતી હતી.

એક બાઇક જેવી એની નજીક આવીને ઊભી રહી કે તરત એ બાઇકની પાછલી સીટ પર સવાર થઈ ગઈ. બાઇક બીજી ક્ષણે સડસડાટ આગળ દોડી ગઈ.

તારા અને હીનાની વાત સાચી લાગે છે. કોમલનું કેરકેટર લૂઝ છે. એટલે જ રોડ પર આવતા-જતા જાણ્યા-અજાણ્યા બાઇકચાલકોને લિફ્ટ માટે હાથ લંબાવે છે. નહીંતર રિક્ષા કે બસમાં મુસાફરી ન કરે !...

નિશાની અંદર ગડમથલ ચાલતી હતી.

હશે, આપણે શું ! આપણે શા માટે એની પર્સનલ લાઈફમાં દખલગીરી કરવી ! એની મરજીની એ માલિક છે. એને જે કરવું હોય તે કરે !

બધી ગડમથલોને સમેટીને નિશા ઘેર આવી. રાતના ડિનર બાદ એ એના ડ્રૉઇંગરૂમમાં પુરાઈ ગઈ.

* * *

મેજર અને વિધાબહેન એમના બેડરૂમમાં હતાં. ટી.વી. ઓન કરી મેજર બેડ પર તકિયાના સહારે આડા પડ્યા હતા. વિધાબહેન એમની બાજુમાં હતાં. મેજરની છાતીએ હાથ ફેરવતાં વિધાબહેને કહ્યું,

'મેજર, તમે રેણુકાબહેનને ફોન કરો અથવા પત્ર લખો.'

'સારું યાદ દેવડાવ્યું તેં. અત્યારે રાતના બાર વાગ્યા છે, એટલે હવે કાલે સવારે એમને હું ફોન કરીશ.'

મેજરના જવાબથી વિધાબહેનના અંતરે શાતા વળી. મેજરે પણ રિમોટથી ટીવી ઑફ કર્યું, અને બિસ્તરમાં લાંબા થઈ ગયા.

* * *

લંચ અવર હતો. કૅન્ટીનમાં બધાં ટેબલો ફૂલ હતાં. નિશા કૅન્ટીનમાં આવી ત્યારે એક ટેબલ પર નીરવ અને કોમલ સામસામે બેઠાં હતાં. નિશાને જોતાં કોમલે સાદ દીધો, 'નિશા... કમ હિયર.'

કોમલ સાથે નીરવને જોઈને નિશાનો ઉત્સાહ જરા ઠંડો પડી ગયો. નિશા ત્યાં ન જઈશ... નિશાની અંદર એક પડઘો ઊઠીને તરત બેસી ગયો.

'નિશા...' આ વખતે નીરવે કહ્યું, 'શું વિચારો છો, આવો અહીંયાં.'

અનચાહ્યું સ્મિત હોઠો પર સજાવી આવીને નિશા કોમલની બાજુમાં બેઠી.

'ક્યાં હતી ?' કોમલે એના તરફ જોતાં પૂછ્યું, 'મેં ઑફિસમાં થોડી વાર તારી રાહ જોઈ, તું ના દેખાઈ એટલે હું ચાલી આવી.'

સફેદ જૂઠની પણ એક હદ હોય છે કોમલ... નિશાની અંદર પડઘા પડતા હતા. તે દિવસે તારા અને હીનાએ કોમલ વિરુદ્ધ ભરેલું ઝેર હજી એના દિમાગની નસોમાં લોહી સાથે દોડી રહ્યું હતું.

...નીરવનો સાથ હોય પછી તું મારી રાહ જુએ તે વાતમાં કોઈ માલ જ નથી ! તને તો એમ જ હશે કે અત્યારે હું તારી આજુબાજુ પણ ન ફરકું. પણ શું કરે તું... મને જોઈ એટલે ના ઇચ્છા હોવા છતાં બોલાવવી પડે...

નતમસ્તકે નીરવ અને કોમલને વારાફરતી જોતી નિશાના અંદરનો ગણગણાટ વિસ્તરતો જતો હતો.

નીરવે આંગળીથી ટેબલ પર ટકોરા મારી એના વિચારો અટકાવ્યા.

'નિશા, શું વિચારો છો ? ક્યાં ખોવાઈ ગયાં ?'

ધૂંધળું હસી એ 'કાંઈ નહીં, બસ એમ જ.'

કોમલે એના ખભે હાથ રાખતાં કહ્યું, 'તારી તબિયત તો સારી છે ને ? છેલ્લા કેટલાય દિવસથી હું જોઉં છું, તું ઘણી વાર મન સાથે વાતે વળગી જાય છે. કોઈ પ્રૉબ્લેમ છે ?'

સચ્ચાઈ કહીશ તો તું તૂટી જઈશ... નિશાના મને ફરી પડઘો પાડ્યો... તારા રંગમાં ભંગ પડશે એટલે મનની વાતને વાચા નથી આપતી...

'ફરી પાછી ક્યાં ખોવાઈ ગઈ ?' કોમલે નિશાને ઢંઢોળી, 'શરૂ કર જમવાનું !'

નિશાએ મનોવિચારો સમેટી લંચબૉક્સ ખોલી પહેલો કોળિયો મોંમાં મૂકતાં કહ્યું, 'સર, મેં એક વાત માર્ક કરી છે, તમે રોજ કૅન્ટીનનું જમો છો.'

નીરવના હોઠો પર સ્મિત આવી ગયું.

'ગુડ માર્કિંગ નિશા. પણ હું છું એકલ જણ. કોઈ મને બનાવી આપવાવાળું હોય તો હું ઘરેથી લંચબૉક્સ લઈને આવું ને !'

'કેમ, તમારી વાઈફ... મધર...'

નીરવ ફરી હસ્યો, 'મારી લાઈફમાં હજી વાઈફ નામના વાવાઝોડાનું આગમન થયું નથી. બંદા હજી પોતાની મરજીના માલિક છે.'

સાંભળીને નિશા અને કોમલ આછું-આછું હસી.

'અને મધર...' કહેતાં નીરવના ચહેરે હલકી ઝાંખપ આવી ગઈ, 'મધર અને ફાધર તો સ્વર્ગલોક પામી ગયાં છે.'

'ઓહ ! આઇ.એમ.સૉરી.' અફસોસ જતાવતી નિશાના ચહેરાનું હાસ્ય વિલાઈ ગયું, 'તમારા જખ્મો ખુરેદવાનો મારો કોઈ ઇરાદો નહોતો. હું તો...'

ધૂંધળું અનચાહ્યું હસ્યો નીરવ. બે ક્ષણ મૌન રહી એણે કહ્યું, 'નિશા ફરગેટ ઈટ. આ સૃષ્ટિમાં જો કોઈ તદ્દન મુક્કરર હોય તો તે મોત છે. માતા-પિતાના વિયોગનું દુઃખ ધીમે-ધીમે હું ખાળી શક્યો છું. કોમલ મારા વિશે બધું જાણે છે. એ ખરા સમયે મારા દુઃખમાં સહભાગી થઈ હતી. હું એની સાથે મારી ઘણી વાતો શેર કરું છું.'

'ગુડ...' નિશાએ કહ્યું, 'સર, તમે કોમલ સાથે તમારી વાતો શેર કરો છો. શું અત્યારે હું

મારું લંચ તમારી સાથે શેર કરી શકું છું ?'

'શ્યોર... ઈટ'સ માય પ્લેઝર ! પણ નિશા તમારે આવું પૂછવું કેમ પડ્યું ?'

'સર, ખબર નહીં, આ આઈટમો તમારા ટેસ્ટની બની ના પણ હોય !'

'ઓહ કમોન નિશા !'

નીરવે નિશાના લંચબૉક્સમાંથી એક બટકું તોડી મોંમાં મૂક્યું. અને બીજી જ ક્ષણે એની જબાનેથી તારીફી અલ્ફાજ ઝર્યા, 'વૅરી ટૅસ્ટી... વૅરી... વૅરી... ટેસ્ટી.'

'તમે નાહકના તારીફ કરો છો.' શરમાઈને નિશા નીચું જોઈ ગઈ.

'આઈ સ્વેપ નિશા. ઘણી લજીજ આઇટમ બની છે. તમે બનાવી છે ?'

નિશાએ ઉત્સાહથી હકારમાં શર હલાવ્યું.

'આવું લજીજ જમવાનું રોંજ મળે તો મજા આવી જાય. નિશા તમારા હાથમાં જાદુ છે.'

ક્યારની બંનેને જોઈ રહેલી કોમલના હોઠ બિડાયા. અને મનમાં ઈર્ષાની હોળી સળગી.

'નિશા...' નીરવે આગળ કહ્યું, 'હું ઘણી વાર કોમલના લંચબૉક્સમાંથી ખાઉં છું. સી ઈસ ઓલ્સો વૅરી ગુડ કૂક.'

આ વખતે નિશાનો ચહેરો થોડો ઝંખવાઈ ગયો. અને સામે કોમલના મનમાં સળગેલી ઈર્ષાની હોળી શાંત થઈ ગઈ.

'કોમલ-નિશા, હવે હું આ કૅન્ટીનનું ખાવાનું ખાઈ-ખાઈને ઉબાઈ ગયો છું. હવે તો કોઈ ચેન્જ જોઈએ છે.'

નિશાએ ઉત્સાહિત થતાં કહ્યું, 'આનો એક ઇલાજ છે સર.'

'જલદી બોલો નિશા, શું ઇલાજ છે ?' નીરવે અધિરાઇથી પૂછ્યું. થોડી વાર નિશા કાંઈ ન બોલી. નીરવ અધિર થયો.

'નિશા, શું ઇલાજ છે. જલદી કહો, હું જાણવા અધિર થયો છું.'

'તમે લગ્ન કરી લો !' નિશાએ સસ્મિત કહ્યું.

સાંભળીને નીરવ થોડો ઢીલો થઈ ગયો. કોમલને તીર ઘોંચતી હોય એમ એના તરફ જોઈ નિશાએ કહ્યું,

'સર, કામચલાઉ નહીં, એક પરમેનન્ટ પત્ની લઈ આવો.'

કોમલ શરમથી નતમસ્તક થઈ ગઈ. નિશાએ ખભે હાથ મૂક્યો એટલે કોમલે મસ્તક ઊંચક્યું. કોમલની આંખોમાં બાળક જેવી નિર્દોષતા હતી, જેને સ્પર્શતાં નિશાનો અંતર આત્મા બોલી ઊઠ્યો...

... આ તને શું થઈ ગયું છે નિશા... કેમ તારા મનમાં કોમલ પ્રત્યે ગલત ગ્રંથિઓને પોષી રહી છે ! કેમ તારા મનમાં કોઈક વાર કોમલ પ્રત્યે અણગમો જન્મે છે ! એણે તારું શું બગાડ્યું છે ! આ છોકરીનું કેરેક્ટર લૂઝ છે એનું કોઈ પ્રમાણ ક્યાં તારી પાસે છે ! એ અત્યારે નીરવ સાથે છે, આટલી વાત પર તારા મનમાં શંકાનો કીડો સળવળી ગયો ! શું એકસાથે કામ કરતાં સ્ત્રી-પુરુષ સાથે બેસીને જમી પણ ના શકે !

'કેમ કોમલ, મારી વાત બરાબર છે ને !' નિશાએ મનમાં ઊબળી રહેલા વિષને ખાળવાનો પ્રયત્ન કરતાં તદ્દન સહજ રીતે કોમલને પૂછ્યું.

'તારી વાત એકદમ સાચી છે નિશા.' કોમલે પણ કહ્યું, 'સર, તમારે લગ્ન કરી લેવાં જોઈએ. વાઈફ આવવાથી લાઈફ બની જશે. અને આ રોજરોજ બહારનું ખાવાનો પ્રૉબ્લેમ પણ સોલ્વ થઈ જશે.'

'સોચેંગે...' નીરવે બંને પર નજર ફેરવી, 'તમારી વાત પર ગૌર કરીશ.'

સાંભળીને કોમલનું શર શરમથી ઝૂકી ગયું. એને ખબર નહોતી કે નિશા પ્રત્યેક ક્ષણે

એના બદલાતા હાવભાવને માપી રહી છે. નિશાએ સહેજ નીરવ તરફ નમીને એને ઝંઝોળવાનું શરૂ કર્યું...

'સર, કોઈ જ્યારે સ્વયં પોતાના લગ્નની વાતો પર વિચારો કરવા લાગે ત્યારે એમ સમજવું કે, એની નજરમાં કોઈ પાત્ર વસી ગયું છે. એમ આઇ રાઈટ સર ?'

નીરવે ક્ષણભર વિચાર્યું, પછી કહ્યું, 'આઈ ડૉન્ટ નો.'

સાત

નીરવે ક્ષણભર વિચાર્યું, પછી કહ્યું, ‘આઇ ડૉન્ટ નો.’

‘સર, તમારા જવાબનો સ્પષ્ટ મતલબ નીકળે છે કે, તમારા દિલના બંધ દરવાજે કોઈ દસ્તક દઈ રહ્યું છે. કારણ કે, જાણતા હોવા છતાં દિલના સવાલનો જવાબ વિચારવો પડે, એ પરિસ્થિતિ ત્યારે જ પેદા થાય છે જ્યારે કોઈ આપણા દિલના તાર ખૂબ સ્નેહથી ઝણઝણાવી રહ્યું હોય. સર... કોણ છે એ ખુશકિસ્મત ?’

નિશાએ પૂછેલા સવાલ પર નીરવની સામે નતમસ્તક બેઠેલી કોમલના દિલની ધડકનો વધી ગઈ. દિલની વધેલી ધડકનો એને ખાતરી કરાવી ગઈ કે, એને નીરવ પ્રત્યે કૂણો લાગણીભર્યો લગાવ છે. એના શ્વાસ લંબાતા હતા, એ વિચારથી કે, નીરવની જબાનેથી હમણાં મારું જ નામ બહાર આવશે.

‘નિશા, લંચઅવર પૂરો થયો.’ વાત વાળવાના ઇરાદાથી નીરવ ઊભો થયો.

‘આ મારા સવાલનો જવાબ નથી, સર.’ નિશાએ ઉમેર્યું, ‘હું જાણું છું, એ ખુશકિસ્મત કોણ છે.’

એણે કોમલને સ્પર્શતાં કોમલ પાણી-પાણી થઈ ગઈ, ચહેરે પરસેવાનાં બુંદ ફૂટી આવ્યાં.

ઊભા થયેલા નીરવે ફરી બેસી જતાં કહ્યું, ‘નિશા, તમને બીજાના મન ખોતરવાની મજા આવતી લાગે છે.’

‘મને બીજાના મન ખોતરવામાં કોઈ મજા નથી આવતી. કારણ કે, મનને ખોતરતાં એમાંથી લગભગ ઈર્ષા, અહંકાર, બદલાની વૃત્તિવાળી બદબૂભરી વાતો જ બહાર આવે છે. હા... મને બીજાના દિલ ઝંઝોળવાની મજા આવે છે, જેમને હું ઓળખું છું. દિલ ઝંઝોળતાં પ્રેમથી મહેકતી, લાગણીસભર વાતો બહાર આવે છે.’

નીરવ ખુરશીમાં પાછળ અડેલ્યો, ‘તમે તો ખૂબ સરસ વાતો કરી જાણો છો.’

‘હું માત્ર સરસ વાતો જ નથી કરી જાણતી, બીજાને સરસ રીતે સમજી પણ શકું છું.’

આ બંનેની વાતોમાં કોમલ તો અશબ્દ જ હતી.

‘નિશા, ગજબનો આત્મવિશ્વાસ છે તમારી વાતોમાં.’

‘એટલે જ તો પૂર્ણ આત્મવિશ્વાસ સાથે કહું છું, તમારી નજરમાં કોઈ પાત્ર વસી ગયું છે. સર, કોણ છે એ ?’

થોડી ક્ષણ અશબ્દ રહેલા નીરવે ત્રાંસી દૃષ્ટિ કોમલ પર નાખીને તરત વાળી લીધી. કોમલનું દિલ ધમધમી ગયું.

‘નિશા, તમે મારા દિલ પર તમારા શબ્દોના ન્હોરથી ખોતરી-ખોતરીને ખાડો કરી નાખો તે પહેલાં હું અંદરની ગડમથલ તમને કહી જ દઉં.’

પોતાની વાતની જીતનું સ્મિત નિશાના ચહેરે ચમકી ઊઠ્યું.

‘તમારી વાત સાચી છે નિશા. મારી નજરમાં કોઈ વસી ગયું છે. પરંતુ મને હજી એ ખબર નથી કે હું એના દિલના કોઈક ધબકાર સાથે સંકડાયેલો છું કે નહીં.’

‘મતલબ કે લાગણીનો માત્ર સાદ જ જન્મ્યો છે, હજી એનો પ્રતિસાદ નથી જન્મ્યો !’

‘હા... એવું જ કાંઈક...’

નીરવ અને નિશા એકસાથે હસી પડ્યાં. નતમસ્તક કોમલના હોઠે પણ ભીનું સ્મિત રમી ગયું.

‘જો આશિકની નજર રાખશો તો માશૂકની આંખોની ભાષા જરૂર સમજી શકશો.’

નિશાની વાત ન સમજાતાં નીરવ નિશાને બાઘાની જેમ જોઈ રહ્યો.

'નિશા, તમે ખૂબ ઊંચી વાતો કરો છો.'

'પહાડ જેટલો ઊંચો, એની તળેટી એટલી જ ગહેરી. મારી વાતોમાં જેટલી ઊંચાઈ છે, એટલી જ ગહેરાઈ પણ છે.' નિશાની ઘણીખરી વાતો નીરવના માથા પરથી જતી હતી.

'નિશા, આ આશિક, માશૂક જેવા શબ્દોનો સ્પર્શનો અહેસાસ મારા માટે નવો છે.'

'ડૉન્ટવરી સર, આ શબ્દોનો સ્પર્શ તમે જ્યારે-જ્યારે કરશો ત્યારે-ત્યારે કાંઈક નવું જ મહેસૂસ કરશો. આ શબ્દોનો ચળકાટ જેટલો સદીઓ પહેલાં હતો, એવો ને એવો જ અત્યારે છે, એના પર ક્યારેય કાટ નથી લાગ્યો !'

'નિશા, તમારી વાતોને પામતું મારું દિમાગ વિચારોથી ખવાઈ જાય તે પહેલાં મારે અહીંથી ઊભા થઈ જવું જોઈએ.'

નીરવ ઊભો થઈ વૉશબેઝીનમાં હાથ ધોઈને ઑફિસ તરફ વળ્યો. નિશા અને કોમલ એની પાછળ-પાછળ આવતી હતી.

'કોમલ, હું બૉસ સાથે વાતો કરતી હતી તે દરમિયાન તારા દિલના વધેલા ધબકાર અને ખોરવાઈ ગયેલા શ્વાસોથી અજાણ નથી.'

'જી...!' આશ્ચર્યથી કોમલનું મોં ખુલ્લું રહી ગયું.

'મોં બંધ કર, એકદમ કદરૂપી લાગે છે. જરા ઠંડી થા, અને એ બોલ કે...'

'તું સમજે છે એવું કાંઇ નથી.' સડસડાટ એકીશ્વાસે બોલી ગઈ કોમલ.

ખડખડાટ હસી પડી નિશા.

'પણ મેં ક્યાં તને હજી કશું પૂછ્યું છે !'

'નિશા... યાર તું આ રીતે ખોતરવાનું બંધ કર. હમણાં તું મારા દિલને ખોતરી રહી છે. થોડી વાર પહેલાં નીરવ...'

'નીરવ...!' નિશાએ કોમલની આંખોમાં જોયું, 'નહીં બૉસ, નહીં સર... માત્ર નીરવ...! બહોત યારાના લગતા હૈ !'

'આઇ મીન બૉસ, બસ !'

'કોમલ યુ આર ઇન લવ.'

'વૉટ...!' ઝીણી આંખે કોમલની જબાનેથી ચીસ જેવું સરી પડ્યું, 'નો-નો, યુ આર રોંગ.'

'હું નહીં, તું રોંગ છે. જરા છાતી પર હાથ મૂક અને મહેસૂસ કર, તારા હૃદયના ધબકારા અત્યારે વધી ગયા છે.'

કોમલથી અનાયાસે જ છાતી પર હાથ મુકાઈ ગયો. સાચે જ હૃદયના ધબકારા વધી ગયા હતા. એણે નજર ઊંચકી નિશા પ્રતિ જોયું. નિશાના ચહેરે ગૂઢતાભર્યું મોનાલિસા જેવું સ્મિત હતું. મદથી ગરદન ટટ્ટાર કરતાં નિશાએ પૂછ્યું..

'હવે બોલ રોંગ કોણ છે, હું કે તું ?'

કાંઈ ન બોલી નજર ચુરાવતી કોમલના હોઠ સ્મિતથી ખેંચાયા.

'કોમલ, હું તારી હાર્ટસર્જરી કરી એમાં રહેલા તારા ધબકારની તસવીર કાઢી તને દેખાડી શકું એમ છું.'

'કેમ, એમ.બી.બી.એસ. થઈ છે !'

'એમ.બી.બી.એસ. નહીં, એમ.એસ. યાને માસ્ટર ઑફ સર્જરી થઈ છું આ સબ્જેક્ટ પર.'

બંને સામ સામે ખુલ્લા મને હસી પડી.

'કોમલ, તું દિલની લાગણીઓને એની સમક્ષ વાચા કેમ નથી આપતી ?'

'મારામાં હિંમત નથી. ઘણી વાર મન મક્કમ કરી એકરારનામું તૈયાર કરી એની સમક્ષ

ગઈ છું. પરંતુ એની સામે ઊભા રહેતાં જ મારા એકરારનામાના શબ્દો બાષ્પિભવન થઈ જાય છે.'

વાતો કરતી-કરતી બંને ઑફિસમાં આવી. ત્યાં તારા અને હીનાને જોતાં જ નિશાના મનમાં એ બંનેએ કોમલ વિરુદ્ધ વાવેલું ઝેર ઊછળવા લાગ્યું.

નિશાનું મન કહેતું હતું, કોમલનું કેરેક્ટર લૂઝ છે. તારા અને હીનાએ જે કહ્યું છે તેમાં ઘણું તથ્ય છે. કોમલથી અંતર બનાવી રાખવામાં જ સાર છે.

જ્યારે નિશાનું અંતર કહેતું હતું... નિશા કઈ પરિસ્થિતિએ, કઈ ક્ષણે તને કોમલના લૂઝ કેરેક્ટરની સાબિતી આપી ! બીજાની વાત પર વિશ્વાસ ના કર. ઘણી વ્યક્તિઓ આખાબોલા હોય છે. દરેક સાથે પહેલી જ મુલાકાતમાં મુક્તમને ભળી જાય છે, એનો મતલબ એ ન થાય કે, એના ચારિત્્ ય પર ડાઘ છે. કોમલ પણ કાંઈક આવી જ છે. એની વાતોમાં ભોળપણ છે. એટલે જ તો એણે પોતાના દિલની વાત તને કહી દીધી. સમજણ અને સાબિતી વિનાની શંકા અક્સર સંબંધોમાં દરાર પેદા કરે છે.

કોમલ સામે એકધારું જોઈ રહેલી નિશાને એનું અંતર પંપાળી રહ્યું હતું...

અને નિશા, કોમલનું કેરેક્ટર લૂઝ હોય તો એમાં તને ક્યાં કોઈ પ્રૉબ્લેમ છે ! તારે એની પર્સનલ લાઈફમાં ઝાંકવાની શી જરૂર છે !

'નિશા... ઓ મૅડમ...' કોમલે ખભો પકડી ઢંઢોળતાં નિશાના મનોસુનામી શાંત થયા.

'ક્યાં ખોવાઈ ગઈ હતી ?'

ફિક્કું હસતી નિશાની જબાનેથી અનાયાસે જ સરી પડ્યું 'કોમલ, આઈ.એમ.સોરી.'

'શાના માટે !?'

'કાંઈ નહીં, બસ એમ જ.'

'નિશા, તું સાવ પાગલ છે.' કોમલ ગણગણી, 'ક્યારેક-ક્યારેક મનોમન વાતોએ વળગી જાય છે. અને ક્યારેક કોઈ ગલતી ન થવા છતાં સૉરી કહે છે.'

એકબીજાની સામે સ્મિતનાં ફૂલ વરસાવતી આ બંનેને જોઈ તારા અને હીનાની અંદર ઈર્ષાની જ્વાળાઓ ફેલાઈ ગઈ.

* * *

હૉસ્પિટલથી ઘેર આવેલા રાજેશે ખુરશીમાં બેસી શૂઝની દોરી છોડી. રેણુકાબહેને એને પાણી આપ્યું.

'થૅન્ક્સ્ મા... હવે કેવી તબિયત છે તારી ?'

એમને બાંહોમાં ભરી લઈ રાજેશ હીંચકા પર આવ્યો.

'તબિયત તો નરમ-ગરમ ચાલ્યા કરે બેટા, આ બધો ઉંમરનો પ્રતાપ છે.'

રાજેશે પગથી હીંચકો ઠેલતાં કહ્યું, 'તારી ઉંમર હજી ક્યાં એટલી બધી છે મા, બહુ-બહુ તો પંચાવન વર્ષ. હજી તો તેં સાઠના આંકને પાર નથી કર્યો.'

'રાજેશ, તારા પિતાના મૃત્યુ બાદ મેં ઉંમરના આંક પર ક્યારેય નજર નથી નાખી. તને ડૉક્ટર બનાવવાનું એમણે સેવેલું સ્વપ્ન પૂરું કરવામાં મચી પડી.'

'મા... પિતાજીના સ્વપ્નને તેં હકીકતનું રૂપ આપ્યું છે. સાચું કહું તો, આ તારી જ મહેનત છે કે હું ડૉક્ટર બની શક્યો. પિતાજીના અકાળ મૃત્યુથી હું તૂટી ગયો હતો. પણ તું મક્કમ મન બનાવી મારામાં હિંમતનો સંચાર કરતી રહી. તું હર હંમેશ મને પિતાજીનું સ્વપ્ન યાદ દેવડાવતી અને એને પૂર્ણ કરવા યોગ્ય બળ પૂરું પાડતી.'

'દીકરા, એ દિવસો યાદ આવતાં હજી શરીરમાંથી કંપારી દોડી જાય છે. મેજર ત્રિપાઠીના મૃત્યુ બાદ મને કાંઈ સૂઝતું નહોતું, શું કરવું, જિંદગીનાં કદમ કઈ દિશા તરફ વળી રહ્યાં છે તે

કાંઈ જ સમજાતું નહોતું. મૂંઝવણો અને મુશ્કેલીઓથી ભરેલા એ દિવસોમાં તારા પિતાના દોસ્ત મેજર રણજિત બત્રા અને એમની પત્ની વિદ્યાબહેને જો આપણને જિંદગીની બાજી સંભાળવામાં મદદ ન કરી હોત તો આપણે ગુમનામીના જંગલમાં સબડતાં હોત; શોધવા છતાં આપણાં નામોનો ઉલ્લેખ ક્યાંય ન મળત.'

'મને યાદ છે મા... મને બધું યાદ છે.' રાજેશનો અવાજ દદળી ગયો. 'મેજર રણજિત બત્રાના ઘણા ઉપકાર છે આપણા પર. અગર આખી જિંદગી એમની સેવામાં વિતાવી દઈએ તોપણ એ ઉપકારનું ઋણ ચૂકવી શકાય તેમ નથી.'

બંનેની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં હતાં.

'સાચી વાત છે દીકરા. ભગવાન જરૂરતમંદોની મદદ માટે કોઈ ને કોઈ સ્વરૂપે આવતો જ હોય છે. બસ આપણી આંખો એમને ઓળખી શકવી જોઈએ.'

રેણુકાબહેને શરદીનો સળકો ખેંચ્યો. પછી સાડીના પાલવથી ભીની આંખો કોરી કરી.

'હું તારા માટે જ્યૂસ બનાવું બેટા ?'

'ના મા. તું હવે જમવાની જ તૈયારી કર. બહુ ભૂખ લાગી છે.'

રેણુકાબહેન હીંચકા પરથી ઊભાં થયાં. અને રાજેશે હીંચકા પર જ શરીર લંબાવી ટીવી ઓન કર્યું.

'રાજેશ, ત્રણ દિવસ પહેલાં મેજર રણજિત બત્રાનો ફોન આવ્યો હતો.' રેણુકાબહેને કિચનમાં જતાં-જતાં કહ્યું.

'મા, ત્રણ દિવસ પહેલાં એમનો ફોન આવ્યો હતો, અને તું આજે મને કહે છે !'

'હા, તો શું કરું ! તું યાદ કર છેલ્લા બે દિવસથી ઘરે આવીને તું મારી સાથે બેઠો હતો ! ઘરે આવ્યા પછી પણ પેશન્ટોના કેસપેપરો જ સ્ટડી કર્યા કરતો હતો !'

'મા...' રાજેશે વાત વાળતાં પૂછ્યું, 'અચ્છા, શું કહેતા હતા મેજર ?'

'થોડા દિવસો પછી આપણા મહેમાન બનશે એવું કહેતા હતા.'

'બસ એટલું જ, બીજુ કાંઈ નહોતા કહેતા !'

'કહ્યુંને, એમની સ્વાસ્થના સમાચાર, મુંબઈની ગરમી, ભાગતી-દોડતી જિંદગી, અને નિશા જૉબ કરે છે તે પણ કહ્યું.'

'મા, નિશાને જૉબ કરવાની કેમ જરૂર પડી હશે ? હું જાણું છું ત્યાં સુધી તો કોઈ આર્થિક સંકડામણ એમને નડે એમ નથી.'

'મેજર કહેતા હતા, કૉલેજ પૂરી થયા પછી નિશા ઘરમાં રહી-રહીને કંટાળી ગઈ હતી, એટલે એણે જૉબ સ્વીકારી.'

'ગુડ. ઘણું સારું ડિસિઝન છે. આમેય ઘરમાં બેસીને વગર એક્ટિવિટીથી દિમાગ કટાઈ જાય છે, એના કરતાં કોઈ એક્ટિવિટી હોય તો સારું. મા તું જમવાનું પીરસતી થા, ત્યાં સુધીમાં હું એક પેશન્ટના કેસપેપર સ્ટડી કરી લઉં.'

મોઢું મચકોડી અશબ્દ નારાજગી જતાવી રેણુકાબહેને.

'મા... તું નારાજ ન થા. હું એક ડૉક્ટર છું...'

રેણુકાબહેને રાજેશના શબ્દો સાથે પોતાના શબ્દો મિલાવ્યા...

'...મારા ચોવીસે કલાક પેશન્ટોના નામે લખાઈ ગયા છે. કોઈ ઈમરજન્સી આવે તો મારે ઊંઘમાંથી ઊઠીને પણ જવું પડે. પેશન્ટની દરેક તકલીફોને સાંભળવી, એને દૂર કરવી ડૉક્ટરની ફરજ છે, ધર્મ છે.' બોલી રહી રેણુકાબહેને દીર્ઘ શ્વાસ ભર્યો.

'બેટા, મને ખબર છે, ડૉક્ટરની ફરજ શી છે, ધર્મ શો છે. તું આ વાત મને કેટલીય વાર સમજાવી ચૂક્યો છે.'

કોઈ પ્રત્યુત્તર ન પાડી રાજેશ પેશન્ટના કેસપેપરમાં ડૂબી ગયો.

'મને ખબર નહોતી કે, ડૉક્ટર બનવાથી દીકરા અને મા વચ્ચે આટલું બધું અંતર આવી જશે !'

કેસપેપરમાં જ ડૂબેલો રહી રાજેશ બોલ્યો, 'મા... આપણી વચ્ચે ક્યાં અંતર આવી ગયું છે, હું તારી સામે જ તો છું !'

રેણુકાબહેન જબાન સીવી લઈ કિચનમાં ચાલ્યાં ગયાં.

* * *

નીરવ અત્યારે વિક્રમ અને શીતલની સામે સોફામાં બેઠો હતો. ત્રણેયે હમણાં જ ચાના કપ ખાલી કર્યા હતા. પગ પર પગ ચઢાવતાં વિક્રમે કહ્યું.

'નીરવ આ વખતે તું ઘણા મહિનાઓ પછી દેખાયો. શું નવાજૂની છે ?'

'નવું કાંઈ નથી, બધુ જૂનું-જૂનું જ છે. જિંદગી એ જ ડગર પર, એ જ રફતારથી સરકી રહી છે.'

'તો જિંદગીને થોડો ટર્ન આપ, એની રફતાર બદલ.' કહેતાં વિક્રમે નીરવના ખભે હાથ મૂક્યો, 'નીરવ થેન્ક્સ્, તેં મારી સિફારિશ પર ધ્યાન આપ્યું.'

'વિક્રમ, આપણા સંબંધો એટલા દૂરના તો નથી જ કે એ વાત પર તારે મને થેન્ક્સ્ કહેવું પડે.' રિલેક્સ થતાં નીરવે ઉમેર્યું, 'અને થેન્ક્સ્ તો મારે તને કહેવું પડશે, આટલી ઇન્ટેલિજન્ટ અને મહેનતુ છોકરીની સિફારિશ કરવા બદલ. વિક્રમ, નિશા ખૂબ મહેનતુ છોકરી છે. એના આવ્યા પછી મારા માથેથી કામનો ઘણો બોજ હલકો થઈ ગયો છે. ઘણી હસમુખી છોકરી છે. અને એની અમુક વાતોમાં તો સમુદ્ર જેવી ગહેરાઈ હોય છે.'

'આખરે છે કોની ફ્રેન્ડ...' ગર્વ લેતી હોય તેવા અંદાજમાં શીતલ બોલી.

'આવી તારી કેટલી ફ્રેન્ડ છે ?' નીરવે પૂછ્યું.

'આવી તો એક જ છે. ફ્રેન્ડ તો બીજી ઘણી છે પણ તે બધી નકામી છે. હાય-હેલોથી વધારે સંબંધ એમની સાથે નિભાવી ન શકાય. પણ... તારે કેમ પૂછવું પડ્યું ?'

'એટલા માટે કે આવી બીજી બે-ત્રણને ઑફિસમાં ગોઠવી દઈએ એટલે ઑફિસમાં હું તદ્દન ફ્રી થઈ જાઉં.'

ત્રણેય એકસાથે હસી પડ્યાં.

એકાએક મોબાઈલની રિંગ ઝરઝરી જતાં વિક્રમે સ્ક્રીન પર જોયું. નિશાનું નામ ઝબકતું હતું.

'લો... જેનાં ગુણગાન ગાતાં હતાં એનો જ ફોન છે.' કોલ રિસીવની સ્વિચ દબાવી એ બોલ્યો, 'વૉટ અ કોઈન્સિડન્સ !'

'કેમ !?' સામેથી નિશાએ આશ્ચર્ય પામતાં પૂછ્યું.

'હમણાં તારી જ વાતો કરતાં હતાં.'

'અચ્છા ! સારી કે ખરાબ ?'

'નીરવ અત્યારે અમારી સામે બેઠો છે, તારી તારીફ કરે છે.'

'જૂઠ.'

'જૂઠ નહીં, એકદમ સચ. એ કહે છે, તું ખૂબ ઇન્ટેલિજન્ટ અને મહેનતુ છે. તારા આવવાથી એના માથેથી કામનો બોજ હલકો થઈ ગયો છે.'

'વિક્રમ હવે મને પાકી ખાતરી થઈ ગઈ, તું જૂઠ બોલે છે.'

'સાચું ન લાગતું હોય તો નીરવ સાથે વાત કર.'

વિક્રમે નીરવ તરફ મોબાઈલ ધર્યો. નીરવે મોબાઈલ લઈ કાને અડાડતાં કહ્યું, 'હલો !

નિશા...'

'હલો સર, હાઉ આર યુ ?'

'નિશા, અત્યારે આપણે ઓન ડ્યુટી નથી. હું અત્યારે તારો બૉસ નથી. માટે બૉસને બાજુ પર મૂક અને હમઉમ્ર હોવાને નાતે નીરવથી કામ ચલાવ.'

'સર, જબાન સાથ નથી આપતી તમારું નામ ઉચ્ચારતાં.'

'મારા નામમાં એવું તો શું છે કે જેના ઉચ્ચારણ માટે જબાન સાથ નથી આપતી ?'

'મારો કહેવાનો એ મતલબ નથી, બસ સમજી લો કે અશક્ય છે.'

'કાંઈ જ અશક્ય નથી નિશા. ડ્યુટીના સમયે હું તને 'તમે'થી સંબોધું છું, અને અત્યારે 'તું'થી. આ જ પ્રમાણે 'તું' અને 'નીરવ' સંબોધન મને ગમશે.'

'ઓ.કે... આઈ વિલ ટ્રાય. હું કોશિશ કરીશ. ખાતરી નથી આપતી કે એવું કરી શકીશ.'

'નિશા કહેવાય છે ને, કોશિશો અક્સર કામિયાબ થાય છે.'

'અચ્છા, નીરવ...' એ ખેંચી-ખેંચીને બોલી શકી.

'ધેટ્સ ગુડ.'

'નીરવ, શું વાતો કરતા હતા મારા વિશે ?'

'એ વિક્રમે તને કહી દીધું છે. અને એમાં લેશમાત્ર શંકા નથી કે તું ઇન્ટેલિજન્ટ અને મહેનતુ છે.'

'થેન્ક્સ્. નીરવ જેમ તમે વિક્રમના મહેમાન બન્યા છો તેમ કદી મારા મહેમાન બનશો તો મને ઘણો આનંદ થશે.'

'ચોક્કસ બનીશ, પણ એક શરતે, લિજ્જતદાર ખાવાનું ખવડાવવું પડશે.'

'મને મંજૂર છે. હા... મારે શીતલ સાથે વાત કરવી છે.'

'જસ્ટ હોલ્ડ.' કહી નીરવે શીતલ સામે મોબાઈલ ધર્યો,

'એ તારી સાથે વાત કરવા ઇચ્છે છે.'

નીરવના હાથમાંથી મોબાઈલ લઈ 'હલો' કહેતી શીતલ ઘરમાંથી બહાર નીકળી ગઈ.

'નીરવ, હવે જોજે આ બંને સહેલીઓની વાતો વીસ મિનિટ પહેલાં પૂરી નહીં થાય. દુનિયાભરની ઊથલપાથલની એકબીજા સાથે ચર્ચા ન કરી લે ત્યાં સુધી એમની વાતોનો અંત ન આવે.'

વિક્રમે કહ્યું પછી બંને એકસાથે ખડખડાટ હસી પડ્યા.

* * *

નિશાએ હજી શીતલ સાથે વાત પૂરી જ કરી હતી ત્યાં એના મોબાઈલ પર રિંગ રણકી ગઈ. સ્ક્રીન પર ઝબકતું નામ વાંચી નિશાના હોઠે પ્રેમની ભીનાશ અને કલેજે ઠંડક ફરી વળી.

'હા દીપક બોલ.' વાળની ઊડતી લટોને કાન પાછળ લેતી નિશાએ ફરિયાદી જેવો સૂર છેડ્યો, 'ઘણા દિવસે મારી યાદ આવી !'

'યાદ તો તેની આવે, જેને કદી ભૂલ્યા હોય. નિશા શું કરે છે ?'

'તારા નામની ધૂણી ધખાવીને બેઠેલી સ્ત્રી બીજુ શું કરી શકે ! તારા નામની માળા જપું છું, એ સિવાય અત્યારે કશું કરતી નથી.'

'મારા નામના જાપ વધારે ન કરીશ, પાગલ થઈ જઈશ.'

'આમેય દીવાનગીએ અડધી પાગલ બનાવી દીધી છે. પૂરી પાગલ થઈ જઈશ, શું ફર્ક પડે છે !'

'આવતીકાલ સાંજનો શો પ્રોગ્રામ છે ?'

'કાંઈ જ નથી. ઘણા દિવસોથી મળ્યાં નથી. મિલનની તૃષ્ણાથી દિલ સુકાય છે. તારા

જિસ્મની ખુશ્બૂ શ્વાસોમાં ભરી લેવાની તીવ્ર ઇચ્છા જાગી રહી છે.'

'તો આવતીકાલે ડ્યૂટી પછી હું તારો ઇંતેજાર કરીશ, અવંતિકા ફાર્મા. સામે.'

'જઈશું ક્યાં ?'

'મુંબઈ ખૂબસૂરત શહેર છે. ઘણાં માણવાલાયક સ્થળો છે. પસંદગી હું તારા પર છોડું છું.'

'હું તૈયાર રહીશ. બરાબર સાંજે પાંચ વાગ્યે. આવતીકાલે.'

'ઓ.કે. બાય.'

'બાય.'

દીપકને મળવાના વાયદા સાથે નિશાએ ફોન લાઇન કટ કરી.

* * *

બીજે દિવસે સાંજે પાંચ વાગ્યે નિશા ઑફિસમાંથી બહાર આવી. અને સામેના રોડ પર નજર ખેંચાતાં જ એની આંખો ચકરાઈ ગઈ.

આઠ

બીજે દિવસે સાંજે પાંચ વાગ્યે નિશા ઑફિસમાંથી બહાર આવી. અને સામેના રોડ પર નજર ખેંચાતાં જ એની આંખો ચકરાઈ ગઈ.

રોજની આદતવશ કોઈ જાણ્યા-અજાણ્યા બાઇકવાળાને લિફ્ટ માટે ઇશારો કરતી કોમલ અત્યારે એક બાઇક પર સવાર થઈ રહી હતી. અને એ બાઇક-ચાલક બીજો કોઈ નહીં પણ... દીપક હતો.

દીપકની બાઇકની પાછલી સીટ પર કોમલને બેસતાં જોઈ નિશાનું હૃદય જોરજોરથી ધડકવા લાગ્યું. એ રોડ ક્રોસ કરીને સામી બાજુએ આવે તે પહેલાં તો બાઇક સડસડાટ આગળ દોડી ગઈ.

તરત એણે પાછળ આવતી એક ટૅક્સીને હાથ કર્યો. ટૅક્સી હજી એની નજીક આવીને ઊભી રહી ન રહી ત્યાં તો એ ઝડપથી ટૅક્સીમાં સવાર થઈ ગઈ. અને હાંફતા-તૂટતા અવાજે ડ્રાઇવરને કહ્યું, 'ઉસ બાઇકકા પીછા કરો.'

આગળ બાઇક દોડતી હતી, ટૅક્સી બાઇકનો પીછો કરતી હતી. નિશાનું હૃદય ધબાધબ ઊછળતું હતું. શ્વાસોની સૂસવાટી રીતસર સાંભળાતી હતી. એના મનમાં અત્યારે ઘણા અવળા-સવળા વિચારો પુરપાટ દોડી રહ્યા હતા.

બાઇક ક્વૉલિટી હોટલના પાર્કિંગમાં સ્થિર થઈ. દીપક અને કોમલ હોટલનાં પગથિયાં ઝડપથી ચઢી ગયાં. પાછળ આવેલી ટૅક્સી હજી સ્થિર થાય તે પહેલાં તો ટૅક્સીમાંથી બહાર આવેલી નિશા પર્સમાંથી પાંચસો રૂપિયાની નોટ કાઢી ટૅક્સીચાલક તરફ ફેંકી સડસડાટ હોટલનાં પગથિયાં તરફ વળી ગઈ.

'મૅડમ, આપકે બાકી પૈસે તો લેતી જાઓ...'

ટૅક્સીડ્રાઇવરના શબ્દો એના કાન સુધી પહોંચે તે પહેલાં તો એ રિસેપ્શન કાઉન્ટર પાસે આવી ચઢી હતી.

વધેલા શ્વાસોને કારણે થોડી વાર કાંઈ ન બોલી શકી. આજુબાજુ ફાંફાં મારતી રહી. પછી રિસેપ્શન કાઉન્ટર પર હાજર સૂટેડ-બૂટેડ યુવાનને પૂછ્યું,

'અભી રજિસ્ટરમેં લાસ્ટ એન્ટ્રી કીસકે નામકી હુઈ હૈ ?' રજિસ્ટરમાં જોઈ યુવાને કહ્યું, 'મૅડમ, લાસ્ટ ઍન્ટ્રી કોમલ નામકી હૈ. રૂમ નંબર એકસો તીન.'

શબ્દો ન વેઠાતાં એણે કાને હાથ દાબી દીધા. થોડી ક્ષણો પછી પૂછ્યું, 'ક્યા દોનો પતિ-પત્ની લગતે થે ?'

'મૅડમ, યહાં આને વાલા હર આદમી-ઔરત અપને આપકો પતિ-પત્ની હી કહતા હૈ. મગર ઉનકી શાદી કી ઉમ્ર દો-તીન ઘંટે સે જ્યાદા નહીં હોતી.'

'મતલબ !' આંખો ઝીણી કરતાં નિશાએ પૂછ્યું.

'ઇસકા મતલબ આપ અચ્છી તરહ સમજ રહી હૈ. ફિરભી મુઝસે પૂછ રહી હૈ !'

'અચ્છા, વો દોનોં કિસલીયે યહાં આયે હૈ ?'

રિસેપ્શનિસ્ટ બંધું હસ્યો, 'મૅડમ, આપ ખુદ હી સમજદાર હૈ. વો દોનોં યહાં કિસલીયે આયે હૈ આપ ખુદ હી સમજ જાઈએ. કુછ બાતોંકો શબ્દોમેં બયાન ન કરના હી બહેતર હૈ.'

નિશાનું દિમાગ ચકરાવા લાગ્યું હતું. શૂન્યમનસ્ક તેનાં કદમ રૂમ નંબર એકસો ત્રણ તરફ ફંટાયાં. અને બીજી જ ક્ષણે મન પર નાચતા શંકાના સાયાને ખાળતું દિલ ધબકી ઊઠ્યું...

નિશા તને પૂરેપૂરી ખાતરી છે કે એ દીપક જ હતો ? તારી આંખોને ભ્રમ તો નથી થયો ને ? બની શકે કે દીપક તારી રાહ જોતો હજી કંપનીના ગેટ સામે ઊભો હોય.

દિલી ધબકારને દબાવી એના મને દૃઢતા પાથરી...

પણ રજિસ્ટરમાં નામ તો કોમલ જ છે. એ... દીપક જ હતો. મારી આંખોને ભ્રમ નથી થયો. જો એ મારી રાહ જોઈ રહ્યો હોત તો એણે આટલા સમયમાં ચોક્કસ મોબાઈલ પર મારો કોન્ટેક કર્યો હોત. ચોક્કસ એ દીપક જ હતો.

નિશા એક કદમ આગળ વધી ત્યાં જ એનું અંતર ચિત્કારી ઊઠ્યું... નિશા ક્યાં જાય છે ! જો એ દીપક અને કોમલ હશે તો ! એક જ રૂમમાં બંનેને જોઈ શકવાની તારામાં હિંમત છે ! અને કેવી હાલતમાં હશે બંને ! અનાવૃત... યા... અર્ધનગ્ન...! તારી અંદર કમકમાં ઉપજાવી નાખતાં દૃશ્યો જોવાની, એને બર્દાસ્ત કરવાની હિંમત છે !

નિશાના આગળ વધતાં કદમ અટકી ગયાં. ચહેરે વિષાદ અને આંખોમાં આંસુઓની વણજાર સાથે એ બહાર આવી.

ટૅક્સીડ્રાઇવર એની રાહ જોતો હજી ત્યાં જ ઊભો હતો. નિશાને જોઈને એ નિશા પાસે ધસી આવ્યો.

‘મૅડમ આપ ભી કમાલ કરતી હૈ ! અપને બાકી પૈસે લેકર નહીં જા શકતી થી ? બેવજહ મેરે ધંધેકા વક્ત...’

નિશાના દદળી પડેલા આંસુઓમાં ટૅક્સીડ્રાઇવરના શબ્દો ઓગળી ગયા. નિશા એ અપરિચિતના ખભે માથું ઢાળી ધ્રુસકે-ધ્રુસકે રડી પડી.

‘મૅડમ, ક્યા હુઆ. મૅડમ...’ ડ્રાઇવરે એને સંભાળી, ‘મૅડમ, ક્યા હુઆ કુછ તો બોલીએ...’

નકારમાં મસ્તક હલાવી નિશા ટૅક્સીની પાછલી સીટ પર બેઠી. ટૅક્સી- ડ્રાઇવરે ડ્રાઇવર સીટ પર બેસતાં પૂછ્યું,

‘કહાં લે ચલુ ?’

‘કહીં ભી લે ચલો, અબ કોઈ ફર્ક નહીં પડતા.’

વિષાદનાં કાળાં ભમ્મર વાદળોમાંથી ખંખેરાતા નિશાના શબ્દો પરથી ટૅક્સીડ્રાઇવર સમજી શક્યો કે, આના અરમાનોનો કોઈકે ભાંગીને ભૂકો કરી નાખ્યો છે. એની આંખો હજી છલકાતી હતી. ટૅક્સીડ્રાઇવરે પાછું વળીને એના તરફ જોયું.

‘મૅડમ, દેખીએ આપ રોઈએ મત. આપકા પતા મુઝે દીજીયે. મેં વહાં આપકો પહુંચા દુંગા.’

નિશા કાંઈ ન બોલી. હથેળીમાં મોઢું દબાવી હીબકાં ભરતી રહી. ડ્રાઇવરે હિંમત કરીને એના ખોળામાંથી પર્સ લઈને તેમાંથી એનું સરનામુ શોધી તે તરફ ટૅક્સી હંકારી દીધી.

સતત આંસુ સારતી નિશાના દિમાગી પટ પર હજી એ જ દૃશ્યો નાચતાં હતાં...

— દીપકની બાઇકની પાછલી સીટ પર બેસતી કોમલ...

— સડસડાટ દોડતી બાઇક...

— રૂમ નંબર એકસો ત્રણ...

એ જેટલા ખાળવાની કોશિશ કરતી હતી તેનાથી બમણા બળે એ દૃશ્યો એની દિમાગી દીવાલો પર હાહાકાર મચાવતાં હતાં.

સ્ટ્રીટમાં ટૅક્સી પ્રવેશતાં એણે જરા સ્વસ્થ થઈ ટૅક્સીડ્રાઇવરના ખભે હાથ રાખી ટૅક્સી થોભાવવાનો અબોલ સંકેત આપ્યો. ડ્રાઇવરે ટૅક્સી થોભાવી.

પર્સમાંથી રૂમાલ કાઢી એણે આંખો કોરી કરી. પછી ટૅક્સીમાંથી બહાર આવી પર્સમાંથી રૂપિયા કાઢી આપવા માટે હાથ લંબાવ્યો. ટૅક્સીડ્રાઇવરે હાથ જોડતાં કહ્યું,

‘મેડમ, મેં ભીડમેં ફંસે લોગોકી મદદ કરને કે પૈસે નહીં લેતા.’

'યે મદદ કરનેકે પૈસે નહીં હૈ, તુમ્હારે હક કે હૈ.'

'નહીં મેડમ, મેં યે નહીં લે શકતા.'

'વો કહાવત તો તુમને સૂની હોગી, ઘોડા ઘાસસે દોસ્તી કરેગા તો ખાયેગા ક્યા ? લેલો ભાઈ, ઐસે ઉસુલોંસે તો બીવી-બચ્ચે ભૂખે મર જાયેંગે.'

'મૅડમ, ઉપરવાલેકી રહેમ નજર ઔર આપ જૈસે લોગોંકી દુઆએ આજ તક વો દિન નસીબ નહીં હુઆ. ઉપરવાલા ભૂખા જગાતા જરૂર હૈ, કભી ભૂખા સુલાતા નહીં. જીસને દાંત દીયે હૈ વો ચબાનેકા કુછ ન કુછ ઇંતેજામ કર હી દેતા હૈ.'

'ઉસુલ ઔર ઈમાન કે પક્કે ઇન્સાન લગતે હો, તુમ્હારા નામ ક્યા હૈ ?'

'ઇસ્માઈલ.'

'ઇસ્માઈલ... મેરા નામ નિશા હૈ. આઓ મેરે સાથ, મેરા ઘર પાસ હી મેં હૈ. ચાય પીકે જાના.'

'નિશા...' બોલ્યા પછી ઇસ્માઈલ ઝંખવાયો, 'સોરી મૅડમ...'

'મુઝે નિશા હી કહો, મુઝે અચ્છા લગેગા.'

'ઠીક હૈ, નિશા ચાય આજ નહીં ફિર કીસી દિન, આજ વૈસે ભી બહોત દેર હો ચૂકી હૈ. હા... નિશા, અગર કિસી દિન કોઈ ભી મુસીબતમેં હો તો મુઝે યાદ કરના. મેરા ફોન નંબર લીખ લો.'

નિશાએ મોબાઈલમાં ઇસ્માઈલનો ફોન નંબર સ્ટૉર કરી લેતાં કહ્યું, ઔર ઇસ્માઈલ, મેરા પતા તો તુમ્હે માલૂમ હી હૈ.'

'હા માલૂમ હૈ. મેરી એક ચાય તુમ પર ઉધાર રહી. નિશા મૈંને તુમ્હારા પર્સ મજબૂરીમેં ખોલાથા. દેખ લેના કુછ કમ તો નહીં હુઆ.'

'ઐસા કરના તુમ્હારી ઈમાનદારીપે શક કરને જૈસા હોગા. ઔર મૈં ઐસી ગલતી નહીં કરના ચાહતી. જો ઇન્સાન અપને હકકે પૈસે ન લેતા હો વો દુસરોંકા ક્યા ચુરાયેગા !'

'અચ્છા તો ફીર ચલતા હૂં.' કહી ઇસ્માઈલ ટૅક્સી હંકારી ગયો પછી નિશા ઘર તરફ વળી. ઘેર આવેલી એ ઉદાસ, નિરાશ હતી.

* * *

ઘર પાસે વાહન ઊભા રહેવાનો અવાજ સાંભળી ખાંસતી લક્ષ્મીએ ખાટલામાં પડ્યાપડ્યા જ મસ્તક ફેરવ્યું. કોમલે ઘરમાં પ્રવેશતાંવેંત ખભેથી પર્સ ઉતારી બાજુ પર મૂકતાં દીપકને આવકાર્યો.

'દીપક આવ.'

ઘરમાં આવેલા દીપકની નજરે કોમલના ઘરનો ખૂણે-ખૂણો માપી લીધો.

'કોમલ, આજે ઘણી મોડી પડી, ક્યાં હતી અત્યાર લગી ?' પૂછતી લક્ષ્મીએ ખાટલામાં બેઠા થવાનો પ્રયત્ન કર્યો. કોમલે એને સહારો આપી બેઠી કરી. કોઈ અનજાન યુવકને જોઈ શરીરે લપેટેલ થિંગડાંવાળી સાડીને સંકોરતી લક્ષ્મીએ ઘરની ગરીબી છુપાવવાનો વ્યર્થ પ્રયત્ન કર્યો.

'બેટી, આ કોણ છે ?'

'મા, આ દીપક છે.'

દીપકે હાથ જોડ્યા. લક્ષ્મીના ચહેરે ફિક્કું સ્મિત ફરકી ગયું. એ સતત ખાંસતી હતી.

'તારી સાથે ઑફિસમાં કામ કરે છે ?' ઉધરસ દબાવી એણે પૂછ્યું.

કોમલ મૂંઝાઈ. માની વાતનો શો જવાબ આપવો તે એને ન સમજતાં જે જબાને આવ્યું તે બોલી દીધું.

'હા મા. મારી સાથે ઑફિસમાં કામ કરે છે.'

'એને બેસવા માટે ખુરશી આપ, બેટી.'

લક્ષ્મીએ કહ્યું તો ખરું પણ બીજી જ પળે જાણે પોતાના શબ્દો શોધતી હોય તેમ એની નજર આજુબાજુ ફરી વળી. આ ઘરમાં ખુરશી છે જ ક્યાં ! દીપકે પણ થોડી ભોંઠપ અનુભવી.

'માજી મારે બેસવું નથી.' દીપકે કહ્યું, 'આજે ઘણું મોડું થઈ ગયું છે. ઘરવાળાં મારી રાહ જોતાં હશે. હું જાઉં છું.'

'ભલે દીકરા, આવતો રહેજે.'

'જી માજી. અચ્છા કોમલ હું જાઉં છું.'

લક્ષ્મીને ફરી ખાટલામાં સુવડાવી દીપકની પાછળ-પાછળ કોમલ ઘરમાંથી બહાર આવી.

'કોમલ આ...'

દીપકે પૂછતાં કોમલનું મસ્તક ઝૂકી ગયું.

'દીપક, આ જ છે અમારી જિંદગીનું અસલી રૂપ, જે હું તને બતાવવા નહોતી ઇચ્છતી, પણ તારી જીદ... દીપક મારી મા દમની રોગી છે. દર મહિને એની દવામાં કેટલાય રૂપિયા જાય છે. ઉપરથી આ મુંબઈની મોંઘવારી. તું જ કહે, મારા જેવી ગરીબ, લાચાર બીજું શું કરી શકે ! દીપક ગરીબી શાપ છે, એ જેને વીંટળાય તેને ચૂસી-ચૂસીને અધમૂઆ કરી નાખે છે.'

'મેં જોઈ છે ગરીબી કોમલ. તારી મજબૂરી, લાચારી, દર્દને સમજી શકું છું. ગરીબી તમાચો મારે ત્યારે જિંદગી ચરમરાઈ જાય છે. કોમલ આજે જે થયું તે...'

'તે ખૂબ જ ખોટું થયું દીપક. પણ હું શું કરું... હું જે જૉબ કરું છું તેનાથી માની દવા અને આ ઘરનો ખર્ચ નથી કાઢી શકતી. બધા ખર્ચાઓને પહોંચી વળવા હું...' કોમલનો કંઠ રૂંધાઈ ગયો. આંખો ભરાઈ આવી. થોડી વારે એ બોલી શકી, 'દીપક, ગરીબી બહુ મોટી ચીજ છે. ઇન્સાનને શરીરેથી કપડાં ઉતારવા સુધી મજબૂર કરી દે છે.'

'કોમલ રિલેક્સ... અને હા, આજે આપણા દરમિયાન જે થઈ ગયું તેનો અણસાર સુધ્ધાં કોઈને ન આવવો જોઈએ.

'નહીં આવે. હું તો બદનામ પંછી છું. મને બદનામીનો ડર નથી. હા... તારા પર હું બદનામીનો એકેય ડાઘ નહીં લાગવા દઉં. વિશ્વાસ રાખજે મારા પર.'

'ઠીક છે. હવે હું જાઉં છું. ઘણું મોડું થઈ ગયું છે.'

'સંભાળીને જજે.'

* * *

દીપકની બાઇકનો અવાજ સાંભળી બેડ પર ટટ્ટાર થઈ ગયેલી નિશાના હોઠ ગુસ્સાથી લાલ થઈ ગયા. ઘણી વારથી દબાવી રાખેલાં આંસુ ગંગા-જમનાની જેમ વહેવા લાગ્યાં.

દીપક આ તેં શું કર્યું... મારાથી છુપાવીને તેં પરસ્ત્રી સાથે... છી...!

વિચાર સાથે એના મોંમાં તીખા-કડવા સ્વાદ આવી ગયા. પૂરેપૂરી હતાશામાં ડૂબી ગઈ હતી એ.

દીપક, આવી બેવફાઈ ! મારી વફામાં તેં ક્યાં કમી અનુભવી કે જેણે તને મારી સાથે બેવફાઈ કરવા મજબૂર કર્યો ! ના...દીપક તું આવું ના કરી શકે, તું મારો છે...

સામેની દીવાલમાં તાકી રહેલી નિશા સામે એનું જ પ્રતિબિંબ એના અસ્તિત્વમાંથી બહાર આવી કહેકહા લગાવવા લાગ્યું.

'નિશા...!' પોતાનું નામ પડઘાતાં નિશાની નજર રૂમમાં ચારે તરફ ઝડપથી ફરી વળી, ત્યાં ફરી પડઘા પડ્યા...

'બેવકૂફ...! આજુબાજુ શું ફાંફાં મારે છે ! હું તો તારી સામે છું ! તારા જ પ્રતિબિંબને

આજે તું નથી પહેચાનતી !'

'પ્રતિબિંબ !'

'હા, તારા મનનું પ્રતિબિંબ ! કોના વિચારોથી મન વલોવી રહી છે, જેણે તારી સાથે વફાદારીની સારંગીના બધા તાર તોડી નાખ્યા તેના !'

'ના-ના, દીપક બેવફા નથી.'

'તો પછી તેં જે સગી આંખે જોયું તે શું ભ્રમ હતો !'

'શાયદ હા... શાયદ ના...'

નિશાનું દિલ અસમંજસના દલદલમાં ફસાયેલું હતું, જે દીપકને નિર્દોષ કરાર દેતું હતું. સામે એના મનનું પ્રતિબંબ હતું, જે દીપકની બેવફાઈ સાબિત કરવા ચીસો પાડતું હતું.

'નાદાન...! તું રાહ ભૂલી રહી છે. પુરુષો તો ભ્રમર-વૃત્તિના હોય છે. એમના ટેસ્ટની તને ક્યાં ખબર છે ! એ લોકો સદાય એક ટેસ્ટને માણવામાં નથી માનતા !'

નિશાના દિલ અને મન વચ્ચે તુમુલ દ્વંદ્વ ચાલતું હતું. હવે એનું દિલ બોલ્યું...

'ના... દીપક એવો નથી. એને જો સ્ત્રીના શરીરને જ માણવું હોત તો ક્યારનું મારા શરીરને અભડાવી નાખ્યું હોત. પરંતુ જ્યારે-જ્યારે હું પીગળી ગઈ હતી, ત્યારે-ત્યારે એણે મને સંભાળી છે. એનો પ્રેમ તો વાસનાવિહીન છે.'

ફરી મનના પ્રતિબિંબે આળસ મરડ્યું, 'નિશા, વાસનાની આગમાં ભલભલા ગહેરા અને વિશાળ પ્રેમ ભળભળ બળીને ખાક થઈ જાય છે તેની તને કદાચ ખબર નથી. તું સ્વીકારતી કેમ નથી, એ દીપક જ હતો ! એની બાઇકની પાછલી સીટ પર કોમલ બેઠી હતી. બંને ક્વૉલિટી હોટલના રૂમ નંબર એકસો ત્રણમાં રોકાયાં હતાં. તારી આંખોને ભ્રમ જ થયો હતો. તો તું એમનો પીછો કેમ કરતી હતી ! રૂમ નંબર એકસો ત્રણ તરફ વળેલા તારા પગોમાં એટલા માટે ભાર પડી ગયો હતો કે, તારામાં વાસ્તવિકતાને જીરવવાની હિંમત નહોતી. તને પૂરેપૂરી ખાતરી હતી કે એ દીપક અને કોમલ જ હતાં.'

નિશાની સામે રહેલું મનનું પ્રતિબિંબ કહેકહા લગાવતું બોલ્યે જતું હતું...

'નિશા, તારો પ્રેમ તો પાણીમાં રહેલા હવાના પરપોટાની જેમ ક્ષણજીવી નીકળ્યો. તું હારી ગઈ. વાસનાની હોળીમાં તારો પ્રેમ દિવાળીના દારૂખાનાની જેમ ફટ-ફટ ફૂટીને શાંત થઈ ગયો.'

'ના...' નિશાથી ચીસ નંખાઈ ગઈ, 'મારો પ્રેમ દિવાળીનું દારૂખાનું નથી. મારો પ્રેમ તો દિવાળીનો દીપક છે, જે હંમેશાં શુભ છે.' એ ચીસો પાડતી હતી, 'તું જા... કોણ છે તું...? હું તારી વાત નથી માનતી. તું મને ભરમાવે છે.'

સામે રહેલા મનના પ્રતિબિંબે અટ્ટહાસ્ય રેલાવતાં કહ્યું, 'સચ્ચાઈનો સ્વીકાર કરવાથી કતરાઈ રહી છે નિશા ! પરંતુ તું સ્વીકારે કે ન સ્વીકારે, જે સત્ય છે તે તો સત્ય જ છે ! કંચનનો બારીક ભૂકો કરી નાખવાથી તે િપત્તળ નથી બની જતું નિશા ! એ જ રીતે સત્યના ટુકડા કરી નાખવાથી એમાંથી અસત્યનો નવો આકાર નથી પેદા થઈ જતો !'

'શટ... અપ...' બરાડો નાખ્યો નિશાએ, 'સ્ટોપેડ...' એનો અવાજ રૂમની દીવાલો પર અથડાઈને એના પર જ પાછો ફર્યો. સામે રહેલું મનનું પ્રતિબિંબ હવામાં ઓગળી ગયું, તેની સાથે રૂમમાં ઊઠેલા કહેકહા અને ખિખિયારી ભર્યું હાસ્ય બુઝાઈ ગયું. પછી રૂમમાં સ્મશાનવત્ શાંતિ છવાઈ ગઈ.

નિશાના શ્વાસ અને ધડકન ધીમેધીમે શાંત થયાં.

'મનની વાત ખોટી છે નિશા.' હવે એનું દિલ પોતાના શીતળ શબ્દોનો લેપ કરવા લાગ્યું 'મનની વાત ન માનીશ. નિશા આ દુનિયામાં માણસનો મોટામાં મોટો શત્રુ એનું મન છે.

પરિસ્થિતિ પૂરેપૂરી સમજ્યા-વિચાર્યા વિના મનના શબ્દોને સચ્ચાઈની તકતી માનીશ તો તારા પ્રેમના શ્વાસ ઘૂંટાવા લાગશે. નિશા...'

ભયંકર અસમંજસમાં એણે રાત પસાર કરી. ક્યારેક નિંદનું હલકું ઝોકું આવી જતું તો ગતિશીલ દિમાગ એ દૃશ્યો તાજાં કરાવી જતું હતું, જે એની બર્દાસ્ત બહાર હતાં. એ એકદમ ઝબકીને જાગી જતી. બેડ પર બેઠી થઈ જતી. અને પછી દિલના મનામણા બાદ ફરી ઊંઘવાનો પ્રયત્ન કરતી.

આ વાતને યાદ કરી-કરીને એ કેટલાય દિવસો અંદરોઅંદર ખવાતી રહી. કોમલને જોતાં જ એના મનમાં દોડી જતું... આ કેટલી હદે અભડાઈ ચૂકી હશે...

કોમલ સાથે એ કમને વાત કરતી. ઘણોખરો સમય ચૂપ જ રહેતી. કોઈ અંગત પ્રૉબ્લેમ હશે, એમ વિચારી કોમલ પણ એને કશું પૂછતી નહોતી.

આજે એ તૈયાર થઈને કમને ઑફિસ જવા નીકળી. એના દિલ અને મન વચ્ચે હજી હકીકત અને ભ્રમનું દ્વંદ્વ ચાલતું હતું. અડધે પહોંચ્યા પછી અનાયાસે જ એના કદમ ઑફિસનો રસ્તો છોડી વિક્રમના ઘર તરફ વળી ગયા.

શરીરના ચેતન સાથે દિમાગની દોરીનો તંતૂ તૂટી ગયો હોય એમ એને કોઈ જ કારણની ખબર નહોતી કે પોતે ઑફિસ જતાં-જતાં વિક્રમના ઘર તરફ કેમ વળી ગઈ !

ઘરમાં આવી એ સોફામાં ઢીલી થઈ ગઈ. ડ્રૉઇંગરૂમમાં કોઈ ઉપસ્થિત નહોતું. કિચનમાં વ્યસ્ત શીતલે ઘણી વારે એને જોઈ. પાણી લઈને બહાર આવેલી શીતલે પૂછ્યું,

'નિશા, તું ક્યારે આવી ?'

પાણીના બે ઘૂંટ ભરી ગ્લાસ પાછો વાળ્યો નિશાએ. શીતલે વધુ પૂછ્યું, 'તું અત્યારે અહીંયાં ? ઑફિસે નથી ગઈ ?'

જવાબમાં નિશાએ ફિક્કું સ્મિત ધર્યું. એના ચહેરે ઊપસી આવેલી રેખાઓ સ્પષ્ટપણે માનસિક મૂંઝવણની ચાડી ખાતી હતી.

બાથરૂમમાંથી નાહીને ટુવાલ વીંટી બહાર આવેલો વિક્રમ પણ એને જોઈને આશ્ચર્ય પામ્યો, 'નિશા ! તું...!'

અબોલ નિશા નતમસ્તક બેસી રહી. વિક્રમ અને શીતલની નજર સામ-સામે અથડાઈ.

'નિશા, તું બેસ હું હમણાં ચેન્જ કરીને આવું છું. રાત્રે મોડો ઘેર આવ્યો હતો, એટલે આજે મારો દિવસ મોડો ઊગ્યો છે.' કહી પોતાના રૂમ તરફ વળેલા વિક્રમે શીતલને કહ્યું, 'તું આપણા ત્રણેય માટે સરસ મજાની ચા બનાવ.'

વિક્રમ કપડાં પહેરીને બહાર આવ્યો પછી શીતલ ચા બનાવવા માટે ઊભી થઈ.

'દીપક નથી આવ્યો ?' નિશા સામે બેસતાં વિક્રમે પૂછ્યું.

દીપકનું નામ પડતાં જ થોડા દિવસ પહેલાંની સાંજ નિશાના દિમાગ પર થપાટ મારી ગઈ. પળમાં ઉદાસ થઈ ગઈ એ. વિક્રમ એને એકધારું જોઈ રહ્યો.

'શું થયું નિશા, ઉદાસ કેમ છે ?' વિક્રમે પૂછ્યું. પણ એ તો વિક્રમ સામે ક્યાં હતી ! એ તો થોડા દિવસ પહેલાંની સાંજમાં સરી પડી હતી !

— દીપકની બાઇકની પાછલી સીટ પર બેસતી કોમલ...

— સડસડાટ દોડતી બાઇક...

— રૂમ નંબર એકસો ત્રણ...

રહી-રહીને એ દૃશ્યો એના જહેનને ઝણઝણાવી જતા હતા. વિક્રમે એના હાથ પર હાથ રાખ્યો.

'નિશા... નિશા...'

એક પળ આંખો મીંચી એ ભૂતકાળમાંથી વર્તમાનમાં આવી.

'નિશા, શાના ગહેરા વિચારોમાં ઊતરી ગઈ હતી ? ક્યાં ખોવાઈ ગઈ હતી ?'

માત્ર નકારમાં મસ્તક હલાવ્યું નિશાએ.

કિચનમાંથી બહાર આવેલી શીતલે બંનેને એક-એક ચાના મગ પકડાવી ત્રીજો મગ પોતે લઈ નિશાની બાજુમાં આવીને બેઠી. ત્રણેયે ચૂપચાપ ચાના મગ ખાલી કર્યા.

'નિશા, ઑફિસે નથી ગઈ આજે ?' શીતલે બંને પાસેથી ખાલી મગ લઈ ટ્રેમાં મૂકતાં પૂછ્યું.

લાંબી આહ ભરી નિશાએ.

'ના, આજે ઑફિસે જવાની ઇચ્છા ન થઈ. ઘરેથી નીકળી હતી ઑફિસે જવા, પણ અહીંયાં આવી પહોંચી. કેમ આવી પહોંચી તે મને પણ ખબર નથી.'

'અચ્છા, દીપક શું કરે છે ?'

'મને ખબર નથી.' બોલતાં-બોલતાં નિશાની આંખોમાં હલકી ભીનાશ બેસી ગઈ.

નવ

'મને ખબર નથી.' બોલતાં-બોલતાં નિશાની આંખોમાં હલકી ભીનાશ બેસી ગઈ, તે જોઈને વિક્રમ અને શીતલની નજર ફરી સામ-સામે અથડાઈ.

'નિશા, શું થયું ?' વિક્રમે પૂરી હૂંફથી પૂછ્યું.

'શું થયું, મને કાંઈ નથી થયું !'

વિક્રમ થોડી ક્ષણો એને સ્થિર નજરે નિહાળી રહ્યો.

'નિશા, અંતરનો અરીસો કહેવાય છે ચહેરો. જે અંદર હોય તે બધું દેખાડી દે છે. તારા ચહેરે ઉદાસી અને મૂંઝવણની કરચલીઓ ઊપસી આવી છે, મૂરઝાઈ ગઈ છે તું.'

વિષાદથી નિશાની આંખો મીંચાઈ ગઈ. એણે બાજુમાં બેઠેલી શીતલના ખભે માથું ઢાળી દીધું. પછી કહ્યું...

'કોઈના હાથના કસકસતા તમાચાનો ચચરાટ બેવફાઈની થપ્પડ કરતાં ઓછો હોય છે, વિક્રમ.' હૈયે જે હતું તે એના હોઠે આવી ગયું, 'દીપકે બેવફાઈ કરી.' કહેતાં-કહેતાં એની આંખો દદળી ગઈ. જિગર ચચરી ઊઠ્યું.

'હું જાણી શકું છું, શાના આધારે એક નિર્દોષ પર બેવફા જેવો અસહ્ય ઇલ્જામ લગાવાઈ રહ્યો છે ?' વિક્રમે સીધું જ નિશાને પૂછી લીધું.

'મેં એને થોડા દિવસ પહેલાં એક છોકરી સાથે જોયો હતો. મારી સગી આંખે. બંનેએ ક્વૉલિટી હોટલના રૂમ નંબર એકસો ત્રણમાં સાથે સાંજ રંગીન કરી હતી.'

'આ શક્ય નથી.' વિક્રમે સપાટ શબ્દોમાં કહી દીધું.

'વિક્રમ, તું એની તરફદારી કરે છે. પરંતુ આ હકીકત છે. હું એ છોકરીને પણ ઓળખું છું, એ લૂઝ કેરેક્ટરની છે તે પણ જાણું છું.'

'અશક્ય. દીપક આવું...'

ખંધું હસી નિશા, 'વિશ્વાસ નથી બેસતો ! મારી વાત ખોટી લાગતી હોય તો પૂછ એને કે, તે દિવસે સાંજે મારી સાથે બહાર જવાનો પ્રોગ્રામ બનાવીને પછી કોની સાથે સાંજ રંગીન કરી આવ્યો હતો ?'

વિક્રમે એની બાજુમાં બેસી એના ખભે હાથ મૂક્યો, 'આર યુ શ્યૉર ! તને પૂરેપૂરી ખાતરી છે કે દીપક જ હતો !'

જવાબ આપવાને બદલે નિશા વિક્રમની આંખોમાં પૂર્ણ વિશ્વાસથી તાકી રહી. વિક્રમે નજર ચુરાવી.

'ઓ.કે. ચાલ હું માની લઉં કે તું સાચી છે. પણ નિશા મારી એક વાત માનીશ તું, અત્યારે દીપકને સીધી કે આડકતરી રીતે આના વિશે પૂછીશું તો કદાચ નકારાત્મક પડઘો પડવાનો ખતરો છે. બને એવું કે, દીપક અને એ છોકરી વચ્ચે કોઈ અનૈતિક સંબંધ ન હોય. ભૂલ તારાથી થતી હોય.' વિક્રમે નિશાના હાથ પોતાના હાથમાં લેતાં કહ્યું, 'નિશા, તું વર્ષોથી દીપકની નજીક છે. તને કોઈ ક્ષણે એવો અહેસાસ થયો કે દીપક આવું કરે...'

'ના વિક્રમ, પણ રંગીન મિજાજ અને થનગનતી જુવાની ક્યારેક પ્રેમ ભૂલીને વાસનાના ચક્રવ્યૂહમાં ફસાઈ શકે છે.' નિશા વિક્રમ સમક્ષ ગળગળી થઈ ગઈ. એના અવાજમાં આર્દ્રતા ભળી ગઈ, 'વિક્રમ મારા પ્રેમમાં એણે ક્યારે ઓટ અનુભવી તે મને સમજાતું નથી.'

'તારા પ્રેમમાં સહેજે ઓટ કે સહેજે ખોટ નથી આવી. નિશા. તું ચિત્ત શાંત રાખ. ઘણી વાર આંખે જોયેલું અને કાને સાંભળેલું સત્ય ન પણ હોય. તું સમજે છે ને હું જે કહું છું તે !'

નિશા કાંઈ ન બોલી, બસ વિક્રમને તાકી રહી.

'નિશા, તું વિશ્વાસ રાખ તારા પવિત્ર પ્રેમ પર. વિશ્વાસ અને પરસ્પરની હૂંફ જ પ્રેમનો પ્રાણવાયુ છે. વિશ્વાસ અને પરસ્પરની હૂંફથી મજબૂત બનેલો પ્રેમ વાસનાના ગંદા ગંધાતા કાદવમાં ક્યારેય રગદોળાતો નથી. તું આજે સાંજે એને મળ અને તારા મજબૂત બેપનાહ પ્રેમનો એને અહેસાસ કરાવ.'

હકારમાં મસ્તક હલાવતાં નિશાએ કહ્યું, 'વિક્રમ, મારું દિમાગ એને બેવફા જાહેર કરે છે, જ્યારે મારું દિલ એને નિર્દોષનું પ્રમાણપત્ર પાઠવે છે.'

'ધેટ્સ ગુડ. હવે બોલ, તું એને દિમાગથી પ્રેમ કરે છે કે દિલથી !'

'બેશક દિલથી.'

'તો પછી બધું ભૂલીને દિલની વાત માન.'

પર્સમાંથી રૂમાલ કાઢી ભીની આંખો પોંછતી નિશાએ નિર્દોષ બાળકની જેમ પૂછ્યું, 'હું એને ફોન કરું ?'

'એ પણ હવે અમને પૂછશે !'

વિક્રમ અને શીતલ ખડખડાટ હસી પડ્યાં.

પર્સમાંથી મોબાઈલ કાઢી નિશાએ સ્વિચઑન કર્યો.

'મોબાઈલ સ્વિચઑફ રાખે છે તું !' આંચકો ખાતી હોય એમ શીતલે પૂછ્યું.

ધીમું ધીમું હસી નિશા, 'તે દિવસે બધું જોયા પછી હું એની સાથે વાત કરવાનું ટાળતી હતી. અને એનો સામેથી ફોન ન આવે એટલા માટે મેં મોબાઈલ સ્વિચઑફ કરી દીધો હતો.'

'કેટલી નિષ્ઠુર છે તું, સાવ વિચિત્ર જ છે તું.'

'વિચિત્ર નહીં... ગાંડી છું, પાગલ છું, દીવાની છું, એના પ્રેમમાં.'

'ચસકી ગયું લાગે છે તારું. જલદી મોબાઈલ ઑન કર અને વાત કર એની સાથે. આટલા દિવસમાં તારાં દર્શન તો ઠીક, તારી સાથે વાત ન થઈ શકતાં એ અધમૂઓ થઈ ગયો હશે. તું આ દુનિયાની સાવ વિચિત્ર અજાયબી છે !'

મોબાઈલ ઑન કરી હજી નિશા દીપકનો નંબર જોડે તે પહેલાં તો એનો મોબાઈલ ઝરઝરી ગયો. સ્ક્રીન પર દીપકનુ નામ ઝબકતું જોઈ એ શ્વાસ ગળી ગઈ. છાતી હાંફવા લાગી એની.

'એનો જ કોલ છે.' કહી એણે કોલ રિસીવ કર્યો કે તરત સામેથી દીપક મુશળધાર વરસાદની જેમ શબ્દોના છાંટણે વરસી પડ્યો.

'શું કરે છે તું ! મોબાઈલ કેમ સ્વિચઑફ છે !'

દીપકના ગુસ્સાના દહેકતા શબ્દો એના દિલને દઝાડતા નહોતા, બલકે ઠંડક પહોંચાડતા હતા. એ માનતી હતી, હું આવા ઉગ્ર શબ્દોની જ હકદાર છું. આ જ છે મેં બેવજહ એના પર કરેલ શંકાનું પ્રાયશ્ચિત્ત. સામેથી દીપકના તીખા વેણ હજી વરસતા હતા...

'કેટલાય દિવસથી તારી સાથે વાત કરવા પ્રયત્ન કરું છું. એક હજાર વાર તારો નંબર ડાયલ કરી ચૂક્યો છું. મારી હાલત ખરાબ થઈ ગઈ છે. સારા-નરસા વિચારોથી મન ભૂંજાઈ ગયું છે.'

સામે દીપક ગરમ તેલની જેમ ઊકળતો હતો. જ્યારે એ સાવ બરફની જેમ ઠરીને દીપકના ગરમ લ્હાય શબ્દો વેઠ્યે જતી હતી. આખરે પોતે આની જ હકદાર છે એવું માનતી હતી.

'શા માટે મોબાઈલ સ્વિચઑફ કર્યો હતો ?' દીપકે ગુસ્સાથી પૂછ્યું.

એ એકદમ ઠંડા કલેજે બોલી, 'બસ, એમ જ...'

'શું એમ જ, દિમાગ જેવું કાંઈ છે કે, નથી !'

'નથી.' ધડકતા દિલે એણે કહ્યું, 'મારી પાસે દિમાગ નથી, દિલ છે. જે દિવસથી તને જોયો છે તે દિવસથી દિમાગ કટાવા લાગ્યું છે, અને દિલ ચમકવા લાગ્યું છે. દીપક આઈ... આઈ... મિસ યુ.'

એના ચંદનના લેપ જેવા શીતળ શબ્દોએ દીપકની જબાનની બધી ગરમી શોષી લીધી.

'આઇ ઓલ્સો મિસ યુ સ્ટુપિડ ! મળવા માટે તડપું છું. જ્યાં સુધી તને નહીં જોઉં ત્યાં સુધી મારી આંખોને ઠંડક નહીં વળે. તારી સાથે વાત કર્યા પછી જ મારા બેચેન દિલને શાતા વળશે.'

'તો પછી મરીન લાઇન્સ, ત્યાંનો નજારો અને સમુદ્રી લહેરો હંમેશાં મારા આકર્ષણનું કેન્દ્ર રહ્યાં છે.'

'ઓ.કે. તો મરીન લાઇન્સની પાળી પર બેસીએ અને એકબીજાને વડાપાંઉ ખવડાવીએ !' કહી દીપકે સામેથી લાઇન ડિસ્કનેક્ટ કરી પછી હળવી થયેલી નિશા બંધ આંખે સોફામાં રિલેક્સ થઈ.

'તારી શારીરિક મુદ્રાઓ બયાન કરે છે, તારા મનના નકારાત્મક વિચારોનું શમન થયું છે.' શીતલે મલકાંતા-મલકાંતા પૂછ્યું. 'શું કહેતો હતો ?'

'તીવ્ર શબ્દોથી મારી શંકાને વીંધતો હતો. શીતલ હું આવી કેમ છું, જેના પર અખૂટ વિશ્વાસ રાખવો જોઈએ તેના પર જ શંકા કરી બેઠી !'

'પ્રેમ અને શંકા તો એક સિક્કાની બે બાજુ જેવા છે. જ્યાં અમાપ પ્રેમ છે, ત્યાં શંકાનો અંશ અવશ્ય હોય છે. આમાં વાંક તારો નથી, આમાં વાંક સમયનો છે, ગુનેગાર પરિસ્થિતિ છે. આ બંનેએ જ તારી અંદર શંકાનું બીજ રોપ્યું, અને તેં જાણ્યે-અજાણ્યે એને સીંચીને મોટું વૃક્ષ બનાવ્યું.'

નિશા બંધ આંખે સાંભળી રહી.

'નિશા, મારી એક વાત યાદ રાખજે, શંકા, શક, વહેમ... ખાટા દહીં જેવાં હોય છે. દહીંનો એક જ છાંટો દૂધમાં પડે તો બધું દૂધ બગાડી નાખે છે, તે જ રીતે શંકાના દહીંનો એક જ છાંટો પ્રેમના દૂધને બગાડી નાખે છે.'

'શીતલ, તારી વાત હું યાદ રાખીશ.'

'નિશા, જ્યારે સામા પાત્રનું વર્તન અસહ્ય-અયોગ્ય લાગે ત્યારે મુક્તમને એની સાથે ચર્ચા-વિચારણા કરી લેવી. પરિસ્થિતિ, સંજોગ ઘણી વાર ભ્રમિક હોય છે, એમને સમજ્યા વિના, વગર વિચાર્યે શંકાની આગમાં કૂદી પડીએ તો જિંદગી ખુદની સળગી જાય.'

'તારી વાત તદ્દન સાચી છે. વીતેલા થોડા દિવસોમાં હું અંદરોઅંદર એટલી સળગી છું કે એના ધુમાડા હજી શાંત થતા નથી. હું એને મળીશ પણ આ વિશે એને કાંઈ નહીં પૂછું.'

'જો એ નિર્દોષ હશે તો ગમે ત્યારે સ્વયં તને આ વિશે બધું જણાવી દેશે.'

'શીતલ-વિક્રમ તમે મુજ દિશાહીનને સહી દિશા બતાવી તે બદલ ખૂબ-ખૂબ આભાર.

'ગાંડી થઈ છે કે શું ! આમાં આભાર માનવાનો ન હોય !'

'ઠીક છે હું માનેલો આભાર પરત લઉં છું. અને હવે તું ફરી મને એક કપ સરસ મજાની ચા પિવડાવી દે, પછી હું એને મળવા જાઉં.'

'ક્યાં જવાની છો ?' શીતલે ચા બનાવવા ઊભી થતાં પૂછ્યું.

'એ તો મહાબળેશ્વરનું કહેતો હતો, પણ મેં મરીન લાઇન્સથી કામ પતાવ્યું. તારે આવવું છે અમારા બંનેની વચ્ચે બેસીને અમારી વાતો સાંભળવા ! સાલી...'

ત્રણેય ખડખડાટ હસી પડ્યાં. ચા પીધા બાદ નિશા દીપકને મળવા મરીન લાઇન્સ જવા નીકળી.

* * *

મેજરે ડાયરીમાં જોઈ ફોન નંબર ડાયલ કર્યો. ત્રણ-ચાર રિંગ વાગ્યા પછી સામેથી રેણુકાબહેને કોલ રિસીવ કરતાં કહ્યું, 'હલો !'

'રિટાયર્ડ મેજર રણજિત બત્રા બોલું છું.'

'મેજર... તમે રિટાયર્ડ થયા છતાં મેજર શબ્દ તમને છાજે છે. તમારા અવાજમાં વર્ષો પહેલાં જેવી જ ઘટ્ટતા છે.'

'બહેન, સિંહ ઘરડો થાય એટલે કાંઈ ઘાસ થોડો ખાવા લાગે ! અવાજની ઘટ્ટતા તો મને જીન્સમાં મળી છે.'

'એ તો છે...'

બંનેએ ફોન પર ખુલ્લા મને હાસ્ય માણ્યું.

'અચ્છા, વિધાબહેનની તબિયત કેવી છે ? નિશા શું કરે છે ?'

'બંને મજામાં છે. હું તમને કદાચ નિશાની જૉબ વિશે કહી ચૂક્યો છું.'

'હા, કહ્યું હતું તમે થોડા દિવસ પહેલાં તમારો ફોન હતો ત્યારે. કહો ક્યારે અમારા મહેમાન થાવ છો ? અમે મહેમાનનવાજીનો અવસર ઊજવવા થનગની રહ્યાં છીએ.'

મેજરના અવાજમાં સહેજ ઢીલાશ આવી ગઈ, 'એ વિશે વાત કરવા જ તમને ફોન કર્યો. અમે ત્યાં આવવાનું વિચારતાં હતાં પણ થોડા દિવસોથી મારી તબિયત નાદુરસ્ત છે, કમજોરી છે. જો તમે રાજેશ સાથે અહીં આવી શકતાં હો તો...'

'અરે કેમ નહીં ! પણ મેજર રાજેશ ત્રણ દિવસથી મદ્રાસ ગયો છે. હાર્ટ સ્પેશ્યાલિસ્ટોની કૉન્ફરન્સ એટેન્ડ કરવા. એ હજી ત્રણ દિવસ પછી ઘેર પાછો ફરશે. ત્યાર બાદ હું એની સાથે ચર્ચા કરીને અમારા આગમન વિશે તમને જણાવીશ.'

'ઠીક છે.'

'અને હા, તબિયત સાચવજો. સમયસર દવાઓ લેજો. વિધાબહેન અને નિશાને અમારી યાદ આપજો.'

'બહેન, રાજેશ જોડે રહીને તમે પણ અડધાં ડૉક્ટર બની ગયાં છો, દવા નહીં તો, સલાહ તો આપતાં થઈ જ ગયાં છો.'

બંનેએ ફરી હાસ્ય રેલાવી લાઇન કટ કરી.

* * *

— વિશાળ સમુદ્ર...

— અખૂટ પાણી...

— ઊછળતી લહેરો...

— ઘુઘવાટ...

— પાણીની સતહ પરથી સરકતી ઠંડી હવા...

દીપકના ખભે માથું ઢાળેલી નિશા અશબ્દ હતી. બંને પગપસારીને બેઠાં હતાં.

'નિશા વિશાળ શાંતિ છે. સમુદ્રી ઘુઘવાટ સિવાય કોઈ અવાજ નથી.'

'મને સમુદ્રી ઘુઘવાટ ગમે છે. જાણે લહેરો સાહિલો પ્રત્યેનો પોતાનો પ્રેમ સારી દુનિયાને પોતાની જબાની સંભળાવી રહી હોય એવું હું કલ્પું છું. આ ઘુઘવાટ મારા મન અને દિલને અપાર શાતા આપે છે.'

'નિશા, તે દિવસે સાંજે મળવાનું કહી પછી હું ન આવ્યો, તેના વિશે તેં કાંઈ ન પૂછ્યું !'

નિશાનું દિલ જોરજોરથી ધડકી ગયું. સ્વસ્થ રહેતાં એણે મનમાં રહેલી વાત જબાન પર ન આવવા દીધી.

'કોઈ અગત્યનું કામ આવી પડ્યું હશે એટલે તું ન આવી શક્યો, એવું મેં કલ્પી લીધું હતું.'

નિશાના જહેનમાં શીતલે કહેલી વાત દોડી ગઈ... એ જો નિર્દોષ હશે તો ગમે ત્યારે સ્વયં તને આ વિશે બધું જણાવી દેશે.

નિશા દીપકને ખભેથી મસ્તક ઊંચકી એને અનિમેષ નયને નિહાળી રહી. એના દિલમાં પડઘાયું...

દીપક તું ખરેખર નિર્દોષ છે. હું બેવજહ તારા પર શંકાનો વ્યાપ વિસ્તારી બેઠી હતી.

'નિશા, તે દિવસે એક દોસ્તની મદદ કરવા માટે ગયો હતો એટલે...'

નિશાએ દીપકના હોઠો પર પોતાની કોમળ આંગળીઓ દાબી દઈ ભૂતકાળ ઉલેચાતો અટકાવી દીધો.

'દીપક, મારે ગુજરેલી ક્ષણોને યાદ નથી કરવી. અત્યારે તું મારી સાથે છે, આ ક્ષણોને હું માણવા ઇચ્છું છું.'

દીપકની આંખો એક પળ મીંચાઇને ખૂલી.

'નિશા, કદાચ કોઈક દિવસ મારાથી ગલત કદમ ઉપાડી દેવાય તો તું શું કરે ?'

નિશા સ્થિર થઈ દીપકને જોઈ રહી. દીપકે એને ઢંઢોળી.

'મેં તને કાંઈક પૂછ્યું છે, તેનો જવાબ આપ નિશા.'

પલક ઝબકાવી નિશાએ લાંબો શ્વાસ લીધો.

'તું કોઈ ગલત કદમ ઉપાડી જ ન શકે દીપક. મને તારા પર પૂર્ણ વિશ્વાસ છે.'

'વિશ્વાસ...'

'દીપક, એ જ વિશ્વાસનું દામન પામીને તો મેં મારી જિંદગીનું મુખત્યારનામું તને સોંપી દીધું છે.'

'નિશા, વિચાર કે કોઈક દિવસ...' દીપકે નિશા સાથે નજર મિલાવી, 'કોઈક દિવસ મેં તારા વિશ્વાસના ટુકડેટુકડા કરી તેં મને સોંપેલા તારી જિંદગીના મુખત્યારનામાનો ગલત ઇસ્તેમાલ કર્યો તો...?'

નિશાએ દીપકના ગળે હાથ વીંટાળી માથું છાતીએ ઢાળી દીધું.

'એવું બની જ ન શકે. અને એવું બને તો મારા માટે એ કયામતનો દિવસ હશે.'

સાંભળીને દીપકના ચહેરે ગહેરી ગંભીરતા વ્યાપી ગઈ.

નિશાએ એના ગાલે હાથ ફેરવ્યો.

'તું ગંભીર થઈ ગયો છે. દીપક. તારી ગંભીરતા પાછળ ઉદાસીના બીજા ચહેરાએ આકાર લીધો છે તે હું કળી શકું છું.'

દીપક અમસ્તું હસ્યો, 'ના-ના, એવું કાંઈ નથી. છેલ્લા કેટલાય દિવસથી મારા હૃદયે ભાર વર્તાઈ રહ્યો છે. મને એવું લાગી રહ્યું છે કે હું તને છેતરી રહ્યો છું, તારી સાથે દ્રોહ કરી રહ્યો છું. એક વાત મારી અંદર દબાયેલી છે, જે હું તને નથી કહી શકતો કે નથી સહી શકતો. તને કહેવા ઇચ્છું છું તો બીજી પળે એ વિચારે કાંપી જાઉં છું, એ વાત સાંભળ્યા પછી તારી પ્રતિક્રિયા કેવી જલદ હશે !'

'દીપક, મારે તારી કોઈ વાત નથી સાંભળવી, અને મારી જલદ પ્રતિક્રિયા નથી જતાવવી. ખોટા વિચારો ત્યજીને ઘડિયાળમાં નજર નાખ. સાત વાગ્યા છે. મોડી પડીશ તો મેજર અને મોમના સવાલોનાં તીરોથી વીંધાઈ જઈશ. એટલે બહેતર છે કે ઘર તરફ પ્રયાણ કરીએ.'

'હા, ઠીક કહે છે તું...' કહેતાં ઊભા થયેલા દીપકે હાથ લંબાવ્યો. નિશા દીપકના હાથમાં હાથ પરોવીને ઊભી થઈ.

* * *

ઑફિસે આવેલી નિશા આજે તદ્દન હળવીફૂલ હતી. ઘણા દિવસોથી મન પર વર્તાતો બોજ હટી ગયો હતો.

ઑફિસમાં એણે બધા સ્ટાફમિત્રોને સસ્મિત ગુડમૉર્નિંગ કહ્યું. પછી પોતાની નિયત જગ્યાએ આવી. કોમલને પણ એણે ઘણા પ્રેમથી ગુડમૉર્નિંગ કહ્યું. સામું ગુડમૉર્નિંગ કહેતી કોમલે કહ્યું...

'ગુડમૉર્નિંગ. શું વાત છે મૅડમ, આજે ઘણી ચહેકી રહી છે ! છેલ્લા કેટલાય દિવસથી જે ચહેરે ઉદાસીના ચાસ હતા તેના પર આજે સ્મિતની સુર્ખિયાં ઊડી રહી છે !'

'કોમલ કાંઈ જ ન પૂછ... આજે હું ઘણી ખુશ છું.'

'વૉટ્સ અ મેટર...?'

'મેં કહ્યું ને... તું કાંઈ જ ન પૂછ.'

એ કમ્પ્યૂટરના કીબોર્ડ પર ચપોચપ બટનો દબાવવા લાગી. આજે ઑફિસમાં એનો આખો દિવસ ખુશનુમા વીત્યો હતો. સાંજે છૂટીને એ ઑફિસમાંથી બહાર આવી, ત્યારે રોજની આદત મુજબ કોમલ લિફ્ટ માટે જાણ્યા-અજાણ્યા બાઇક ચાલકોને ઊભા રાખવા હાથ કરતી હતી.

થોડી જ વારમાં એક બાઇક કોમલની પાસે આવીને સ્થિર થઈ. એ જોઈને નિશાનું હૃદય હાલી ગયું, આંખો ચકરાઈ ગઈ. એ બાઇક ચાલક દીપક જ હતો. કોમલ દીપકની બાઇકની પાછલી સીટ પર ગોઠવાઈ ગઈ.

નિશા રોડ ક્રોસ કરીને સામે જવા દોડી કે તરત જ જોરથી ગર્જી ગયેલા કારના હૉર્ને એના કાન બહેરાવી દીધા. કાર સાથે અથડાતાં એ સહેજમાં બચી ગઈ.

સામેના રોડ પરની બાઇક સડસડાટ આગળ દોડી ગઈ. એના મનમાં ફરી શંકાનાં કાળાં ભસ્મર વાદળ ગોરંભાઈ ગયાં, અને દાંત ગુસ્સાથી ભીડાઈ ગયા.

કારચાલકે હૉર્ન વગાડી વિન્ડોમાંથી માથું બહાર કાઢી કહ્યું, 'નિશા...'

નિશાએ તે તરફ જોયું તો કારચાલક નીરવ હતો.

'નિશા, ક્યાં જાય છે, આવ કારમાં બેસ.'

શંકા અને ગુસ્સાનો અસહ્ય ઘૂંટ ગળી જઈ નિશા દરવાજો ખોલી કારમાં બેઠી. નીરવે કાર ગતિમાન કરતાંની સાથે પૂછ્યું..

'ઇરાદો શું હતો, આત્મહત્યા કરવાનો !'

એણે અણગમા ભરી નજરે. નીરવ તરફ જોયું. નીરવ હસ્યો.

'સૉરી. આઇ એમ જસ્ટ જોકિંગ.'

નીરવે સીડી પ્લેયર ઑન કર્યું. કારમાં ધીરા અવાજે માઇલ્ડ મ્યુઝિક રેલાવા લાગ્યું.

'ક્યાં જતી હતી ?' નીરવે સામેના રોડ પર જોઈ રહેતાં પૂછ્યું.

'ઘરે.'

'ઉતાવળ ઘણી વાર અનર્થ નોતરે છે નિશા. રોડ ક્રોસ કરતાં સમયે સચેત રહેવું જરૂરી છે.'

એણે નીરવની વાતનો કોઈ પ્રત્યુત્તર ન વાળ્યો. બસ કપાળે હાથ દાબીને બેસી રહી.

દોડતી કારની જેમ થોડી વાર પહેલા આંખોએ જોયેલાં દૃશ્યો એના દિમાગમાં દોડતાં હતાં.

'તું ઉદાસ છે નિશા. કોઈ અસહ્ય વાત તારી અંદર પળે-પળે વિકરાળ થઈ રહી છે. કહી નાખ, શું છે...?'

'કાંઈ નથી.' ઉદાસી ખંખેરવાની એણે નાકામ કોશિશ કરી, 'થોડી થકાન અનુભવું છું. મન અને તનનો તાલ ખોરવાઈ ગયો હોય એમ લાગે છે.'

'તું ગલત કહી રહી છે. તારી અંદર કોઈ બીજી વાત ઘુમરાઈ રહી છે, તેને તું દબાવવાનો પ્રયત્ન કરે છે. નિશા સોચ કરતાં વિપરીત પરિસ્થિતિ જ્યારે આપણું દામન થામે ત્યારે મન અક્સર વિચારોના સૈલાબમાં ખેંચાઈ જાય છે.'

નીરવે કારનું એક્સિલેટર વધારે દબાવ્યું.

'નિશા, તારી અંદર જે વિસ્તરી રહી છે તે વાતને વાચા આપી દે, મન હળવું થશે. અને હું માનું છું ત્યાં સુધી હવે આપણે લગભગ અજનબી નથી, કે જેથી તારે કોઈ વાત મને કહેતા હિચકિચાવું જોઈએ.'

નિશાએ ચહેરે થાડું સ્મિત લાવવાનો પ્રયત્ન કરતાં કહ્યું, 'એવી કોઈ વાત નથી. હું તદ્દન સ્વસ્થ છું.'

'ઓ.કે. વાત કહેવી ન કહેવી તારી મરજી ! હું કોણ છું...જે...'

નીરવે કારને રાઇટ ટર્ન આપ્યો.

'નીરવ, હવે તમે ઇમોશનલ અત્યાચાર કરી રહ્યા છો.'

નિશાએ કહેતાં બંને એકસાથે હસી પડ્યાં.

દસ

'નીરવ, હવે તમે ઇમોશનલ અત્યાચાર કરી રહ્યા છો.' નિશાએ કહતાં બંને એકસાથે હસી પડ્યાં.

'નિશા, જો મોડું ન થતું હોય તો એક-એક કપ કૉફી થઈ જાય. કૉફીબારની કોલ્ડકૉફીનો ટેસ્ટ માણવા લાયક છે. કદાચ તેં એ ટેસ્ટ માણ્યો હશે.'

બધા વિચારો ત્યજી નિશાએ હળવાશ પ્રાપ્ત કરી લીધી હતી. કારના ટાયરો કૉફીબારના વિશાળ પાર્કિંગમાં આવીને સ્થિર થયાં.

કૉફીબારના બહાર બગીચામાં લીલા કૂણા ઘાસ પર દસ-બાર ટેબલો ગોઠવેલાં હતાં. ઘણાં ગ્રાહકો ખુલ્લી હવામાં કૉફીનો સ્વાદ માણી રહ્યાં હતાં. વર્દીધારી બેરરો ગ્રાહકોની ફરમાઈશ પૂરી કરવા માટે દોડાદોડી કરી રહ્યા હતા.

કારમાંથી બહાર આવેલ નીરવ અને નિશા બગીચામાં બેસવાને બદલે કૉફીબારના ગ્રીન મારબલી પગથિયાં ચઢી અંદર આવ્યાં. અંદર વિશાળ હૉલમાં ઘણાં ટેબલો ગ્રાહકોથી ભરેલાં હતાં. એક ખાલી ટેબલ તરફ સરકતાં નીરવે કહ્યું...

'નિશા, હું આ તરફથી પસાર થાઉં છું ત્યારે હંમેશાં અહીંયાં આવું છું. અહીંયાંની કોલ્ડ, કાપુચીનો ફ્લેટ વ્હાઈટ, લૉન્ગ બ્લૅક કૉફી આખા મુંબઈમાં પ્રખ્યાત છે.'

'હું જાણુ છું. પરંતુ મેં કદી આ કૉફીનો સ્વાદ નથી માણ્યો. નીરવ ઘણી ભીડ છે અહીં, નહીં ?'

'આ તો કાંઈ નથી નિશા, સાંજના સાત વાગ્યા પછી તો અહીં વેઇટિંગ ચાલે છે !'

બંને ખુરશીઓ ખેંચી સામસામે ગોઠવાયાં. નીરવે બે કોલ્ડકૉફીનો ઑર્ડર આપ્યો. સહેજ નીરવ તરફ ઝૂકીને નિશાએ પૂછ્યું, 'નીરવ, પછી તમે કહ્યું નહીં, તમારી લાગણીઓનો સાદનો સામો પ્રતિસાદ જન્મ્યો કે નહીં.'

'તું ફરી મારું મન ખોતરવા લાગી છે, નિશા.'

'મન નહીં, દિલ. મને બીજાનાં મન નહીં, દિલ ખોતરવામાં ઇન્ટરેસ્ટ છે. મેં તમને આવું કહ્યું હતું, યાદ કરો.'

બંને ધીમું ધીમું હસી પડ્યાં.

'તો પછી શું થયું તમારી વનસાઈડેડ, આઈ મીન એકતરફી લાગણીઓએ સામી વ્યક્તિના દિલ પર દસ્તક દીધી કે નહીં ?'

'ના.'

'ના !' આશ્ચર્ય વ્યક્ત કર્યું નિશાએ, 'તમારી લાગણીઓ એના સુધી પહોંચી ખરી !'

'આઇ... ડોન્ટ નો ! લગભગ ના ! નિશા, એની સમક્ષ ઊભા રહી મારી લાગણીઓને વાચા આપવાની મારામાં હિંમત નથી.'

'વૉટ ! તમારામાં હિંમત નથી !'

બૅરર કોલ્ડકૉફીના બે મોટા ગ્લાસ મૂકી ગયો. કૉફી સીપ કરતાં નીરવે કહ્યું, 'નિશા, હું એની સાથે બધી વાતો કરી શકું છું. પરંતુ જેવો દિલની વાત કહેવાની કોશિશ કરું છું ત્યાં જ પાછો પડું છું. વિચારું છું, એનો પ્રતિસાદ કેવો હશે ? શું હશે ? હકારાત્મક હશે કે પછી નકારાત્મક ?'

'નીરવ, વિચારવા-વિચારવામાં માણસ જિંદગીના અહેમ ફેંસલા સમયસર નથી લઈ શકતો. એક વાર બધા વિચારો બાજુ પર રાખી તમારા દિલના દરવાજા એની સમક્ષ ખોલી નાખો. તમારા દિલમાં અંકિત થયેલી એની છબી એને બતાવો. જો તમારી લાગણીઓ એને

સ્પર્શતી નહીં હોય તો બહુબહુ તો ઇન્કાર કરશે, નારાજગી જતાવશે, બે દિવસ તમારી સાથે અબોલા રાખશે. એથી વિશેષ તો કાંઈ નહીં કરે ને !'

'મારા દિલની વાત સાંભળીને પછી એ મને તમાચો મારશે તો !' નીરવે હસતાં-હસતાં કહ્યું.

નિશાએ પણ હસતાં-હસતાં જવાબ આપ્યો, 'તો એક તમાચો ખાઈ લેવાનો, એમાં શું ! ! !'

'વૉટ !'

'અરે...મજાક કરું છું... સાંભળો...'

નિશાએ સહેજ નીરવ તરફ ઝૂકતાં કહ્યું, 'તમે એકબીજાને ઓળખો છો એટલે નોબત તમાચા સુધી નહીં પહોંચે તેની હું ખાતરી આપું છું. હું માનું છું ત્યાં લગી તમારી લાગણીઓ એને સ્પર્શતી નહીં હોય તો એ એની નારાજગી જ જતાવશે, બીજું કાંઇ નહીં કરે. તમે હિંમત કરી તમારી લાગણીઓને એની સમક્ષ પાથરો. બને કે એ પણ તમારા સાદની જ રાહ જોઈ રહી હોય !'

'વેલ, તેં કહ્યું તેમ કરવાનો પ્રયત્ન કરીશ નિશા. હા... તેમ કરી શકીશ કે નહીં તે તો સમય બતાવશે.'

બિલ સાથે ટીપના રૂપિયા મૂકી નિશા સાથે બહાર આવી નીરવ કાર તરફ વળ્યો. નિશા બેઠી પછી એણે કાર નિશાના ઘર તરફ મારી મૂકી. કારમાં માઇલ્ડ મ્યુઝિક રેલાતું હતું. નિશા હેડરેસ્ટ પર માથું ઢાળી આરામથી બેઠી હતી.

'તમારી વાત સાચી છે નીરવ, કોલ્ડકૉફી ખરેખર સરસ હતી. સ્વાદ હજી મોંમાં રહી ગયો છે.'

કાર ઘર આગળ આવીને અટકતાં દરવાજો ખોલી નિશા બહાર આવી. પછી નીરવ તરફની ગ્લાસ વિન્ડો પાસે આવી જરાક નમીને નીરવ તરફ જોતાં કહ્યું..

'નીરવ, આવો.'

'નિશા, આજે નહીં, ફરી કોઈ વાર. આજે મોડું થઈ ગયું છે.'

'આવાં ઘસાયેલાં બહાનાંઓની કોઈ ગુંજાઈશ નથી. પ્રેમથી કહું છું, પ્લીઝ વેલકમ...'

'નિશા...'

'વધુ બહાનાબાજી કરશો તો દાદાગીરીથી કહીશ... આ મારો ઇલાકો છે. મારી મરજી વિરુદ્ધ અહીંયાંથી તમે જઈ નહીં શકો.'

નિશાએ કહેતાં બંને ખડખડાટ હસી પડ્યાં.

'નીરવ, હું મજાક કરું છું. આવો... મેજર અને મોમને મળીને જાવ. એમને આનંદ થશે.'

'ઓ.કે...'

કારનો દરવાજો ખોલી નીરવ બહાર આવ્યો. પછી ગેટ પાર કરી બંને ઘરમાં આવ્યાં ત્યારે મેજર અને વિદ્યાબહેન સામસામે બેસી વાતોમાં ડૂબ્યાં હતાં. નિશા અને નીરવને જોઈ એમણે વાતો સમેટી લીધી.

'પ્લીઝ વેલકમ નીરવ.' નિશાએ હૂંફાળો આવકાર આપ્યો.

નિશા સાથે નીરવ ઘરમાં આવ્યો. નીરવને બેસવાનો ઇશારો કરી મેજરની જોડે બેસતી નિશાએ પરિચય કરાવ્યો.

'નીરવ, હી ઈઝ મેજર, માય ડેડ. ઍન્ડ સી ઈઝ માય સ્વીટેસ્ટ મોમ.'

નીરવે બંને પ્રતિ હાથ જોડ્યા.

'અને આ છે મારા બૉસ, નીરવ. જેમના વિશે મેં તમને કહ્યું હતું.'

મેજર અને વિદ્યાબહેનના ચહેરે ખુશીનું સ્મિત રમી ગયું.

'નીરવ, નિશા તમારા વિશે અમને ઘણુંબધું કહી ચૂકી છે.' મેજરે વાતનો તંતુ પકડ્યો.

'સી ઈઝ વૅરી ઇન્ટેલિજન્ટ ગર્લ. નિશા ઘણી હોશિયાર અને મહેનતુ છે.' નીરવે કહ્યું.

'તારીફ...' મેજર મંદમંદ હસ્યા, 'નીરવ તારીફથી ઇન્સાન પોરસાય છે, પણ નિશા આગળ તમારું આ હથિયાર નાકામ રહેશે.'

'આ તારીફ નથી મેજર, હકીકત છે. નિશા ખરેખર ઘણી હોશિયાર અને મહેનતુ છે. થોડા સમયમાં જ ઑફિસમાં એણે એનું સ્થાન કાયમ કરી લીધું છે.'

નિશાએ ઊભા થઈ નીરવને પાણી આપ્યું. પાણી પીને થોડી વાતો કર્યા પછી ઘડિયાળમાં નજર કરતાં નીરવે કહ્યું,

'અચ્છા, તો હવે હું રજા લઉં.'

'તમે તમારી વાતથી ફરી રહ્યા છો નીરવ.' નિશા નીરવની પાસે આવી, 'યાદ કરો, તમે મને કહ્યું હતું, જ્યારે મારા મહેમાન બનશો ત્યારે મારે તમને લજીજ આઇટમો ખવડાવવી પડશે.'

'એ પ્રોગ્રામ કોઈક દિવસ પર મુલતવી રાખીએ નિશા. આજે ખરેખર મોડું થઈ ગયું છે.'

'જેવી તમારી મરજી. પણ તમારે હજી થોડી વાર બેસવું પડશે. હું આપણા બધા માટે ચા બનાવી રહી છું.'

'નિશા...'

'હું ચા ખૂબ સરસ બનાવી જાણું છું. શીતલ કરતાં પણ સરસ. પાંચ મિનિટ બેસશો તો ખોટમાં નહીં રહો.'

'પણ થોડા સમય પહેલાં જ તો કોલ્ડકૉફી પીધી હતી !'

'હવે ચા પીશો તો પેટમાં ફાટી નહીં પડે તેની ખાતરી આપું છું.'

'તું ખાતરીઓ ઘણી આપે છે, નિશા.'

'બૉસ, ખાતરીઓ આપવા માટે ભરપૂર આત્મવિશ્વાસની જરૂર પડે છે, જે મારામાં છે.' કહી હસતી-હસતી નિશા કિચનમાં ચાલી ગઈ.

નિશાએ બનાવેલ ચાનો સ્વાદ માણી નીરવ એના ઘરે ઊપડ્યો.

* * *

'આજે આવતાં-આવતાં રસ્તામાં દેવધરબાબુ મળી ગયા હતા.'

બહાર ચપ્પલ ઉતારી ઘરમાં આવતાંવેંત વિષ્ણુપ્રસાદે આરામખુરશીમાં લંબાવ્યું. રુક્મિણીએ એમને પાણી આપ્યું.

'દેવધરબાબુ... સેવાસદનના ટ્રસ્ટી છે તે ?'

'હા, એ જ.' વિષ્ણુપ્રસાદે પાણી પીને ગ્લાસ બાજુ પર મૂક્યો. રુક્મિણી એમની સામે બેઠાં.

'આપણા દીપક માટે એમણે પ્રકાશ આચાર્યની દીકરી વિશે વાત કરી.'

'પ્રકાશ આચાર્ય... એ વળી કોણ ?' રુક્મિણીએ પૂછ્યું. 'હું પણ નથી ઓળખતો. કહેતા હતા, પહેલા સ્કૂલના આચાર્ય હતા, હવે રિટાયર્ડ થઈ ચૂક્યા છે. ઘણી વાર સેવાસદનમાં સેવા આપવા આવે છે. ઘણા સારા ઇન્સાન છે. એમની એક જ દીકરી છે. એના માટે એ લોકો યોગ્ય મુરતિયો તલાશે છે. કવિતા નામ છે છોકરીનું. દેવધરબાબુ કહેતા હતા, છોકરી ઘણી સુશીલ અને સંસ્કારી છે. દેખાવડી અને ભણેલી પણ છે. ઘરકામમાં હોશિયાર છે. આપણા દીપક સાથે જોડી જામે એવી છે.'

'તમારી બધી વાત બરાબર, પણ દીપકનું મન આપણે જાણવું રહ્યું. અત્યાર સુધી જ્યારે

એની સમક્ષ લગ્નના પ્રસ્તાવો રાખ્યા છે, ત્યારે એ, હજી તો મારી ઉંમર જ કેટલી છે ! એમ કહી સિફતતાથી આપણી વાત ટાળી ગયો છે. એના મનમાં શું ચાલી રહ્યું છે તે જાણી લેવું જરૂરી છે.'

'તારું કહેવું સાચું છે. એનું મન કળી શકાતું નથી.' વિષ્ણુપ્રસાદે નિઃશ્વાસ નાખ્યો.

'પછી તમે દેવધરબાબુની વાતનો શો જવાબ વાળ્યો ?'

'ફિલહાલ તો મેં એમને કહ્યું, પહેલાં જન્માક્ષર મેળવીએ, એ જો મળતા આવે તો આગળ વાત વધારી શકાય.'

દીપકની બાઇકનો અવાજ સાંભળીને બંનેએ વાત પર પૂર્ણવિરામ મૂક્યું.

* * *

કોમલ અને નિશા પોતપોતાના કામમાં મશગૂલ હતી.

કોમલ અને દીપકને બીજી વાર સાથે જોયા પછી નિશાએ કોમલ સાથેના સંબંધો પર ઘણો ખરો અવરોધ લાવી દીધો હતો.

કેટલાય દિવસોથી નર્વસ, નીરસ નિશાને જોઈને કોમલે નિર્દોષભાવે કેટલીયે વાર પૂછ્યું હતું, 'નિશા, કોઈ અસહ્ય વાત તને અંદરોઅંદર ખોતરી રહી છે. તારામાં આવેલો દેખીતો બદલાવ હું જોઈ રહી છું. તું પહેલાંની જેમ મારી સાથે... મારી સાથે શું, કોઈની પણ સાથે સ્વસ્થતાથી વાત નથી કરતી. તું કોઈ વાતને લઈને દુઃખી છે. બોલ નિશા, શું છે એ વાત. મનની વાત બીજાને કહેવાથી દર્દ હલકું થશે.'

નિશા કોમલની અંતર સ્પર્શતી વાતનો જવાબ આપવાને બદલે અંદરો-અંદર સમસમીને રહી જતી...

તું જ મારા દુઃખનું કારણ છે. તારા અને હીનાની વાત સાચી છે, તારું કેરેક્ટર લૂઝ છે. મેં તને સમજવામાં ઘણી મોટી ભૂલ કરી. તને આટલી મોટી દુનિયામાં ફસાવવા માટે દીપક સિવાય બીજું કોઈ ન મળ્યું !

અંતરની વાચાને ઘણી વાર જબાની અવાજ આપી દેવાની એને તીવ્ર ઇચ્છા થઈ આવતી, પણ એ બધી કડવાશ ગળી જઈ શબ્દોને દાબી દેતી હતી.

કોમલ એને કહેતી... 'નિશા અંદરોઅંદર દબાવી રાખેલી વાત ગુબ્બારાની જેમ ફૂલે છે, અને કોક દિવસ અસહ્ય દબાણથી ફાટી પડે છે ત્યારે તેને જીરવવી મુશ્કેલ થઈ પડે છે.

નિશા મનોમન સમસમીને રહી જતી. એને કહી દેવાની ઇચ્છા થતી...

... તારી ફિલોસૉફી તારી પાસે રાખ. મારી અંદર ગુબ્બારો નહીં, બારુદ જન્મી રહ્યો છે. એ જે દિવસે ફાટશે તે દિવસે મારું અસ્તિત્વ તો નામશેષ થઈ જ જશે, પરંતુ સાથે તારા અસ્તિત્વ પર પણ મોટું સવાલિયા નિશાન લાગી જશે. કોમલ તને ખબર નથી, એ બારુદી બ્લાસ્ટમાં એક નહીં, ત્રણ-ત્રણ જિંદગીઓ હોમાઈ જશે. મારી, તારી અને દીપકની.

એકાએક ફોનની રિંગ ધણધણી જતાં નિશાએ ઝડપથી રિસીવર ઉઠાવ્યું.

'હું કોમલ સાથે વાત કરી શકું છું.' સામેથી કોઈ પુરુષ બોલી રહ્યો હતો.

'તારો ફોન છે.' કહેતી નિશાએ કોમલ તરફ રિસીવર ફેંક્યું. એની આ હરકતને અણગમાથી જોતી કોમલે રિસીવર ઉઠાવી કાને અડાડ્યું 'હલો !'

કોમલની વાતો પર ધ્યાન ન આપી નિશા ચપોચપ કીબોર્ડનાં બટનો દબાવવા લાગી.

વાત પતાવી રિસીવર ક્રેડલ કરી ટેબલ પર માથું ઢાળી એના મુખેથી સરી પડેલું ડૂસકું સાંભળી નિશાએ એના તરફ જોયું. ટેબલ પર માથું ઢાળી કોમલ ચોધાર આંસુએ રડતી હતી. કોમલનું માથું ટેબલ પરથી ઊંચકી પોતાના ખભે લઈ સરાહતી નિશાએ પૂછ્યું, 'કોમલ... કોમલ... શું થયું ?'

કોમલના શબ્દો ડૂસકામાં દબાઈ ગયા. એ ચાહવા છતાં કાંઈ ન બોલી શકી. નિશાએ એને સરાહી, 'કોમલ, કાંઈક તો બોલ, શું થયું ?'

કોમલને રડતી જોઈ બધા સ્ટાફમિત્રો એની પાસે આવી ગયા. બધાએ કોમલને શાંત કરવાનો પ્રયત્ન કર્યો. પ્યૂન કોમલ માટે પાણી લઈ આવ્યો. પ્યૂનના હાથમાંથી ગ્લાસ લઈ નિશાએ પાણીનો ગ્લાસ કોમલના હાથમાં આપી એની પીઠ પર હાથ ફેરવતાં કહ્યું..

'કોમલ રિલેક્સ... પાણી પી લે...'

બધા જાણવા અધીર થયા હતા કે અચાનક કોમલને થયું શું ? એ ધ્રુસકે-ધ્રુસકે કેમ રડી પડી ? નિશા હજી કોમલની પીઠ પર હાથ ફેરવીને એને ધીરજ બંધાવતી હતી.

વધારે ગણગણાટ સાંભળી શું થયું તે જાણવાના ઇરાદે નીરવ ઑફિસમાંથી બહાર આવ્યો. બહાર આવી એ કોમલની બાજુમાં બેઠો.

બે ઘૂંટ પાણી પીને હાથરૂમાલથી આંસુ લૂછી કોમલ જરા સ્વસ્થ થઈ. કોમલનો એક હાથ બાજુમાં બેઠેલા નીરવે દાબી રાખ્યો હતો. જ્યારે બીજો હાથ નિશાએ પકડી રાખ્યો હતો. નિશાનો બીજો હાથ કોમલની પીઠ પર ફરતો હતો. કોમલને જરા સ્વસ્થ થયેલી જોઈ નિશાએ ઘણી મમતાથી પૂછ્યું...

'કોમલ શું થયું ? કેમ અચાનક રડી પડી ?'

'મારી...' કોમલના શબ્દો સૂર છોડી દેતા હતા, 'મારી મા...' એણે નિશાના ખભે માથું ઢાળી દીધુ.

'મારી માની તબિયત વધારે લથડી છે. પડોશીનો ફોન હતો, માને એ લોકો હૉસ્પિટલ લઈ ગયાં છે.'

કોમલનો હાથ થામી રાખતાં નીરવે એને હૂંફથી કહ્યું...

'કોમલ રિલેક્સ. સહેજે ચિંતા ના કર. માજીને કાંઈ નહીં થાય. ચાલ હું તારી સાથે હૉસ્પિટલ આવું છું. સૌ સારું જ થશે. ચાલ, ઊભી થા.'

કોમલે ઊભા થઈ વૉશરૂમમાં જઈ મોં પર પાણી છાંટી આંસુઓના લિસોટા દૂર કર્યા. પછી પાછા ઑફિસમાં આવીને રિસીવર ઉઠાવી એક નંબર ડાયલ કર્યો. ત્રણ રિંગ પછી સામેથી કોલ રિસીવ થયો.

'હલો, દીપક...'

દીપકનું નામ પડતાં જ બાજુમાં બેઠેલી નિશાનું હૃદય ધમધમી ગયું. મોંમાં કડવાહટ ફેલાઈ ગઈ, શ્વાસોની સૂસવાટી લંબાઈ ગઈ.

કોમલે તૂટતા અવાજે દીપકને આખી બીના કહી દેતાં અંતે કહ્યુ, 'દીપક તું જલદી આવ. મારે તારી જરૂર છે. હું ચમરાઈ ગઈ છું. શું કરું તે કાંઈ સૂઝ નથી પડતી. તું આવે છે ને ? થેન્ક્સ્ દીપક.'

કોમલ રિસીવર ક્રેડલ કરી નીરવની સાથે-સાથે ઝડપથી બહાર આવી પાર્કિંગ તરફ વળી. એ બેઠી કે તરત નીરવે કાર પૂર વેગથી સિટી હૉસ્પિટલ તરફ દોડાવી દીધી.

સિટી હૉસ્પિટલના પાર્કિંગમાં કાર સ્થિર થતાં બહાર આવેલી કોમલ હૉસ્પિટલના પગથિયાં ચઢી ઝડપથી રિસેપ્શન કાઉન્ટર તરફ વળી. નીરવ ઊડતા પગે એની પાછળ-પાછળ આવતો હતો.

રૂમમાં આવેલી કોમલ સીધી માની પાસે દોડી ગઈ. દીનકરભાઈ અને જાનકી લક્ષ્મી પાસે બેઠાં હતાં.

'મા...' બેડ પર બેસી લક્ષ્મીના કપાળે હાથ ફેરવતી કોમલની આંખોમાં આર્દ્રતા હતી.

લક્ષ્મીએ આંખો ખોલી પ્રેમથી એના ગાલે હાથ ફેરવ્યો, 'તું રડે છે કેમ ! હું એકદમ

સ્વસ્થ છું.'

બાજુમાં ઊભેલા દીનકરભાઈએ કોમલના માથે હાથ ફેરવતાં કહ્યું ''હા કોમલ, ડૉક્ટરે કહ્યું છે, ચિંતા કરવા જેવું કાંઈ નથી. એકદમ શ્વાસ ચઢી ગયો હતો અને છાતીમાં એમને ગભરામણ જેવું લાગ્યું એટલે એમની પાસે બેઠેલી જાનકીએ મને કહ્યું. અને અમે તાબડતોબ એમને હૉસ્પિટલ લઈ આવ્યાં. ડૉક્ટરે કહ્યું, બધું બરાબર છે. પરંતુ ત્રણ-ચાર દિવસ હજી હૉસ્પિટલમાં રાખવાં પડશે.'

કોમલે કાંઈ ન બોલી હાથ જોડી અશબ્દ એમનો આભાર માન્યો.

જાનકીએ ઊભા થતાં કોમલને કહ્યું, 'કોમલ, હવે તું આવી ગઈ છે, અમને રજા આપ. ઉતાવળ-ઉતાવળમાં તમારા અને અમારા બંનેનાં ઘર ખુલ્લાં રહી ગયાં છે. અમે જઈને ત્યાં બધું વ્યવસ્થિત કરી દઈશું. તું ઘરની ચિંતા ના કરતી.'

કોમલે મસ્તક હલાવી ઇજાજત આપી. જાનકીએ લક્ષ્મી તરફ ઝૂકીને કહ્યું, 'ચિંતા કરશો નહીં. ચાર દિવસમાં સારાં થઈને ઘેર આવી જશો. કોમલ, હું સવાર-સાંજ આવતી રહીશ. સ્વયંને એકલી અને અસહાય ન સમજીશ.'

કોમલે ફરી હાથ જોડી બંનેનો આભાર માન્યો. એ બંને દરવાજા તરફ વળ્યા ત્યારે કોમલને એકદમ ખ્યાલ આવ્યો કે પોતે નીરવ સાથે હૉસ્પિટલ આવી હતી.

'બેટી...' લક્ષ્મીએ ઉધરસ દબાવીને પૂછ્યું, 'આ કોણ છે ?'

'મા, આ અમારા બૉસ છે. મેં તને કહ્યું હતું ને...'

'હા... નીરવ...'

'હા માજી.' નીરવે પાસે આવી લક્ષ્મીના હાથ થામ્યા. 'હું કોમલનો બૉસ છું, ઑફિસમાં... અહીંયાં નહીં !'

ત્રણેય ધીમું-ધીમું હસ્યાં.

'નીરવ, હું તો માની ચિંતામાં ભૂલી જ ગઈ હતી કે હું તમારી સાથે હૉસ્પિટલ આવી હતી.'

'થાય એવું. પ્રિયજનોનું દુઃખ સ્મરણશક્તિ ક્ષીણ કરી દે છે.'

'નીરવ થેન્ક્સ્. તમે જરૂરતના સમયે મારી મદદ કરી છે.'

'ઓહ નો ! એમાં થેન્ક્સ્ ન કહેવાનું હોય. મેં તને કહ્યું હતું, ઑફિસની બધી વ્યક્તિઓને હું મારા પરિવારજનો માનું છું. જરૂરતના સમયે પરિવારજનોની મદદ કરવી જ રહી. એમના સુખે જો હું સુખી થતો હોઉં તો એમના દુઃખે દુઃખી થવાનો મને પૂરેપૂરો અધિકાર છે.'

નીરવ ઘણી વાર સુધી હૉસ્પિટલમાં રહ્યો. પછી એણે કહ્યું, 'કોમલ, હવે કાંઈ ખાસ જરૂર ન હોય તો હું જાઉં. ઑફિસમાં નિશા છે એટલે કામની તો મને કોઈ ફિકર નથી છતાં...'

'ઠીક છે નીરવ. તમે જાવ.'

નીરવ હજી બહાર જ નીકળ્યો હશે અને દીપક હૉસ્પિટલમાં આવ્યો.

* * *

કોમલે દીપકને ફોન કર્યો હતો ત્યારથી નિશાનું દિમાગ વંટોળે ચઢ્યું હતું.

એણે વિચાર્યું... દીપક અત્યારે હૉસ્પિટલમાં, કોમલ પાસે હશે. હું એને ફોન કરું. એને પૂછું, કે એ ક્યાં છે ? જોઉં તો ખરી કે શો જવાબ મળે છે ?

અગિયાર

નિશાએ વિચાર્યું... દીપક અત્યારે હૉસ્પિટલમાં, કોમલ પાસે હશે. હું એને ફોન કરું. એને પૂછું, કે એ ક્યાં છે ? જોઉં તો ખરી કે શો જવાબ મળે છે ?

ખરેખર જો એના મનમાં પાપ નહીં હોય, એના અને કોમલના સંબંધોમાં કોઈ ગંદકી ન હોતા નિર્મળ પવિત્રતા હશે તો એની જબાનેથી સત્ય બહાર આવશે.

નિશા દીપકનો નંબર ડાયલ કરતી હતી ત્યાં જ એની અંદર પડઘો પડ્યો...

આગ સાથે રમત રમી રહી છે તું નિશા ! આખે- આખી સળગી મરીશ. સંબંધોની પવિત્રતા આ રીતે મપાય નિશા !

નિશા થોભ. દીપકને ફોન કરતાં પહેલાં એટલું નક્કી કરી લે કે, દીપકની જબાનેથી જૂઠ બહાર આવશે તો એનો મતલબ શો હશે ? કોમલ અને દીપકના સંબંધોમાં બદબૂ...! વાસનાની બૂ...!

જો દીપક કહેશે કે પોતે હૉસ્પિટલમાં નથી, કોઈ બીજી જગ્યાએ છે તો બધું જાણતી તું એના જૂઠને બર્દાસ્ત કરવાની હિંમત ધરાવે છે !

જો હકાર સાથે નકારના પડઘાને વેઠવાની તારામાં હામ હોય તો જ દીપકને ફોન કર. અન્યથા...

મોબાઈલ પર સરવરતી એની નાજુક આંગળીઓ અટકી ગઈ. ઘણી વારે મન મક્કમ કરી ધડકતા હૃદયે એણે દીપકને નંબર જોડ્યો.

‘હા નિશા, બોલ.’ કોલ રિસીવ કરતાની સાથે દીપકે પૂછ્યું, ‘શું કામ છે ?’

‘દીપક, તું અત્યારે ક્યાં છે ?’ પૂછતાં-પૂછતાં તો એની આંખો મીંચાઈ ગઈ, આખા ચેતનમાં શૂન્યતા વ્યાપી ગઈ.

‘નિશા હું...’

દીપક અટક્યો એટલે એની ધડકનોનો પીક એક જ ઝાટકે ઊંચકાયો. ચીસ જેવા અવાજે એ ફાટી પડી...

‘દીપક, ક્યાં છે તું અત્યારે...’

‘નિશા રિલેક્સ. શું થયું તને એકદમ, કેમ ચીસો પાડે છે !’

‘મને કાંઈ નથી થયું.’ એના અવાજમાં કઠોરતા હતી, ‘મારે બસ એ જાણવું છે કે તું અત્યારે ક્યાં છે ?’

દીપકે નિશાને હોલ્ડ કરવાનું કહી રિસેપ્શન કાઉન્ટર પર લક્ષ્મીનો રૂમ નંબર પૂછ્યો.

‘દીપક...’ સામેથી નિશાએ ચીસ નાખી.

‘નિશા !’ હવે દીપકના અવાજમાં ગરમાહટ ભળી, ‘શું પાગલની જેમ ચીસો નાખે છે ! શું છે તારે ? શું જાણવું છે તારે ?’

‘દીપક, હું ફક્ત એટલું જાણવા ઇચ્છું છું કે તું અત્યારે ક્યાં છે ?’

‘અત્યારે હું સિટી હૉસ્પિટલ છું. એક દોસ્તની મધરને એડમિટ કરી છે, તેની ખબર પૂછવા માટે આવ્યો છું.’

દીપકના ખુલાસાથી બીજી પળે નિશાએ ઊછળતી છાતીએ હાથ દાબી રાહતના લાંબા-લાંબા શ્વાસ લીધા.

‘નિશા... નિશા...’

સામેથી દીપકના શબ્દો હજી લસરતા હતા. પરંતુ નિશા એની સાથે વાત કરવાને બદલે કોઈક બીજી જ સૃષ્ટિમાં ઊતરી ગઈ હતી.

દીપક તારી નિર્દોષતાનું પ્રમાણ મને મળી ગયું. તારા અને કોમલના સંબંધોમાં વાસનાની માથું ફાડી નાખતી બદબૂ નથી. બલકે તન-મનને તાજગીથી તરબોર કરી દે તેવી ખુશ્બો છે.

'નિશા...!'

સામેથી કાને પડેલો દીપકનો ઊંચો અવાજ સાંભળી નિશા એકદમ ઝબકીને વર્તમાન સૃષ્ટિમાં આવી.

'હં ! દીપક...!'

'નિશા, શું કરે છે તું ! હું ક્યારનો નિશા... નિશા નામનું રટણ કરું છું. કાંઈક તો પ્રત્યુત્તર આપ ! આજુબાજુથી પસાર થતા લોકો એક જ નામનું રટણ કરતો સાંભળીને મને પાગલ સમજી લેશે !'

'તને શું લાગે છે, તું પાગલથી સહેજે કમ છે !' નિશાએ તદ્દન હળવા મૂડમાં કહ્યું 'દીપક, આઈ.એમ.સોરી.'

'નિશા, મને તો લાગે છે, પાગલ હું નથી, તું છે, એટલે જ તો થોડી વાર પહેલાં ચીસો નાખતી હતી. અને અત્યારે સોરી કહે છે, તે પણ શાના માટે તેય ખબર નથી.'

'પાગલ... ગાંડી... જે સમજવું હોય તે સમજ. જેવી છું તેવી તારી છું. અને હવે હું લાઇન કટ કરું છું.' નિશાએ લાઇન કટ કરી પછી દીપક લક્ષ્મીના રૂમ તરફ વળ્યો. એ રૂમમાં આવ્યો ત્યારે લક્ષ્મી ભરઊંઘમાં હતી. એટલે કોમલને લઈને એ બહાર આવ્યો. લાઉન્જમાં મૂકેલી ખુરશીમાં બંને બેઠાં. કોમલના ચહેરે ચિંતાની હળવી લકીરો હતી.

'કોમલ, તું બિલની ફિકર ન કરીશ. જો સારું ના લાગે તો માજીને બે દિવસ વધારે હૉસ્પિટલમાં રાખજે. હૉસ્પિટલનું બિલ હું ચૂકવીશ.'

કોમલે દીપકના હાથ પકડી લીધા. એની આંખોમાં આંસુનું પારદર્શક પડ ચઢી આવ્યું હતું.

'હજી તારા કેટલા અહેસાન લેવા પડશે મારે ! દીપક સાચું કહું તો, હૉસ્પિટલનું બિલ ચૂકવવા મારી પાસે સાચે જ રૂપિયા નથી. એ બાબતે જ હું ચિંતિત હતી. તેં મારી બધી ચિંતા દૂર કરી દીધી. થેન્ક્સ્ દીપક.'

દીપકે એના ગાલે ટપલી મારી.

'થેન્ક્સ્ કહેવાની જરૂર નથી. મારી મરજી થશે ત્યારે હું બધું વસૂલ કરી લઈશ.'

'યુ આર મોસ્ટ વેલકમ. કોઈ પણ સમયે હું તે માટે તૈયાર હોઈશ.'

વારાફરતી બધા સ્ટાફમિત્રો લક્ષ્મીની ખબર પૂછી ગયા. સાંજે નિશા હૉસ્પિટલ આવી તે પહેલાં દીપક ત્યાંથી નીકળી ગયો હતો.

નિશાની સરસરી નજર ઘણી જગ્યાએ ફરી વળી પણ દીપક નજરે ન ચઢ્યો. ઘણી વાર સુધી કોમલ પાસે બેસી લક્ષ્મીને મળીને પછી એ ઘેર ગઈ.

* * *

ડિનર બાદ બગીચાના લીલા ઘાસ પર ચક્કર લગાવી રાજેશ આરામ- ખુરશીમાં બેઠો હતો.

સામે એક ટિપોઈ અને બીજી બે ખુરશીઓ હતી. આખા બગીચામાં એલઈડી લાઇટનો ધવલ પ્રકાશ ફેલાયેલો હતો. વાતાવરણમાં ઠંડક હતી.

ઘરમાંથી આઇસક્રીમ ભરેલા બે બાઉલ લઈ બહાર આવેલાં રેણુકાબહેને એની સામે ખુરશીમાં બેસી એક આઇસક્રીમનો બાઉલ રાજેશને આપ્યો.

'બેટા, કેવી રહી કૉન્ફરન્સ ?' રેણુકાબહેને ખુરશીમાં પાછળ અઢેલતાં પૂછ્યું.

રાજેશે આઇસક્રીમનું ચોસલું ગળા નીચે ઉતારીને કહ્યું, 'ફેન્ટાસ્ટિક મધર. લાગતું જ

નહોતું કે અમે કોન્ફરન્સ એટેન કરવા મદ્રાસ આવ્યા છીએ, પિકનિક મનાવવા આવ્યા હોય એવું લાગતું હતું. એટલે જ તો ટૂર ત્રણ દિવસ વધારે લંબાવી દીધી હતી. જ્ઞાન સાથે ગમ્મતની મજા આવી ગઈ હતી.'

'રાજેશ, તું નહોતો ત્યારે મેજર બત્રાનો ફોન આવ્યો હતો.'

'અચ્છા, શું કહેતા હતા ?'

રાજેશે આઇસક્રીમનો ખાલી બાઉલ ટિપોઈ પર મૂક્યો.

'કહેતા હતા, એ લોકો આપણા મહેમાન બની શકે તેમ નથી. એમની તબિયત નરમ-ગરમ રહે છે. આપણને ત્યાં આમંત્ર્ યાં છે.'

'તો... તેં શું કહ્યું ?'

રેણુકાબહેને પણ આઇસક્રીમનો ખાલી બાઉલ ટિપોઈ પર મૂક્યો.

'મેં કહ્યું, રાજેશ આવે ત્યાર પછી એને પૂછીને તમને જણાવીશ. બેટા, એ લોકો આપણે ત્યાં આવે, અથવા આપણે એમને ત્યાં જઈએ, વાત તો એકસરખી છે. તારું શું કહેવું છે ?'

'એબ્સલ્યુટલી રાઇટ મધર.'

'તો પછી ક્યારે એમને ત્યાં જવું છે, એમને જણાવવું તો પડશે ને !'

'મા, હું મારી એપોઇન્ટમેન્ટો ચેક કરીને તને કહીશ કે હું ક્યારે ફ્રી છું. તે પ્રમાણે પ્રોગ્રામ ગોઠવીશું.'

'ઠીક છે.'

'બીજું શું કહેતા હતા મેજર બત્રા. નિશા વિશે કાંઈ કહ્યું કે નહીં ?'

'બીજું તો કાંઈ નહીં. નિશાની જૉબ ચાલુ છે એ કહ્યું.'

'ઘણાં વર્ષો વીતી ગયાં એ લોકોને મળ્યાને. નિશા તો હવે મોટી થઈ ગઈ હશે, નહીં ?'

'તું મોટા થઈ ગયો, તો એ પણ મોટી થઈ જ ગઈ હોય ને ! તારા પિતા મૃત્યુ પામ્યા ત્યારે તું માંડ મારી કમરે પહોંચતો હતો. અને હવે મારા કરતાં ઊંચો થઈ ગયો છે. ભગવાનની મહેર અને મેજર બત્રાના સહારે દુઃખના દિવસો વીતી ગયા નહીંતર પહાડ જેવી ભારે જિંદગી પાર કરવી અઘરી થઈ પડત.'

અતીતની યાદોએ રેણુકાબહેનની આંખો ભીની કરી દીધી. એમણે સાડીની કિનારીથી આંખોના ખૂણા લૂછ્યા.

* * *

ઑફિસે આવતાં પહેલાં નીરવે કારનું સ્ટિયરિંગ સિટી હૉસ્પિટલ તરફ વાળી દીધું. એ જ્યારે ફર્સ્ટ ફ્લોર રૂમ નંબર અગિયારનો દરવાજો હળવેથી હડસેલી અંદર આવ્યો ત્યારે ખુરશીમાં બેઠેલી કોમલ સામે ટેબલ પર પગ લંબાવી ઊંઘતી હતી. લક્ષ્મી બેડ પર ભરઊંઘમાં હતી. આવીને નીરવે ધીમેથી બીજી ખુરશી ખેંચી કોમલની બાજુમાં બેસી અખબાર ખોલ્યું.

રૂમમાં આવતી નર્સે દરવાજો ખોલતાં થયેલા ખખડાટથી કોમલ અને લક્ષ્મી જાગી ગયાં. બાજુમાં નીરવને જોઈને કોમલે આશ્ચર્ય વ્યક્ત કર્યું...

'નીરવ, તમે ! તમે ક્યારે આવ્યા !'

અખબાર બંધ કરી બાજુ પર મૂકતાં નીરવે કહ્યું 'થોડી વાર થઈ. તમે બંને ભરઊંઘમાં હતાં એટલે જગાડવાની ગુસ્તાખી ના કરી.'

નીરવે ખુરશી સહેજ લક્ષ્મીના બેડ પાસે ખેંચી.

'માજી, હવે તબિયત કેમ છે ?'

જવાબમાં લક્ષ્મીએ મમતાળુ સ્મિત વેર્યું. કોમલે ઊભા થતાં કહ્યું...

''નીરવ, તમે બેસો, હું ફ્રેશ થઈ જાઉં. રાત્રે મોડે સુધી જાગી હતી એટલે અત્યારે સમયનો

ખ્યાલ ન રહ્યો. રાત્રે નિશા હતી. લગભગ એક વાગ્યે એ ઘેર ગઈ. એનો સાથ હતો. એટલે સારું હતું. અમે બંનેએ ઘણે મોડે લગી વાતો કર્યા કરી.'

કોમલ રૂમમાં જ એટેચ બાથરૂમમાં ફ્રેશ થવા માટે ચાલી ગઈ. રૂમમાં આવેલી નર્સે લક્ષ્મીનું પ્રેશર માપ્યું, એટલામાં ડૉક્ટર આવી પહોંચ્યા. ફાઇલનો અભ્યાસ કરી એમણે લક્ષ્મીની આંખોના પોપચાં નમાવી લોહીનું પ્રમાણ જોયું.

'ગુડ. વેરી સ્પીડી રિકવરી. માજી હવે તમે એકદમ સ્વસ્થ છો.'

કોમલ ટુવાલથી મોં લૂછતાં-લૂછતાં બાથરૂમમાંથી બહાર આવી.

'ગુડ મૉર્નિંગ કોમલ.'

'ગુડ મૉર્નિંગ ડૉક્ટર.'

'માજી એકદમ સ્વસ્થ છે. તું એમને ડિસ્ચાર્જ કરાવી ઘેર લઈ જઈ શકે છે. હું જે દવા લખી આપું તે હજી પંદર દિવસ ચાલુ રાખવી પડશે.'

'ડૉક્ટર, હજી બે દિવસ વધારે...'

'ના-ના, કોઈ જરૂર નથી' ડૉક્ટરે હસતાં-હસતાં કહ્યું, 'ડૉક્ટર હું છું કે તું ! શી ઈઝ એબ્સલ્યુટલી ફાઈન. તું પછી મારી ઑફિસમાં આવ. હું વિઝિટ પતાવીને તને દવાઓ લખી આપું. અને હા... તારી બહેનપણી આજે નથી દેખાતી !'

'કોણ... નિશા ! એ રાત્રે ઘણી મોડી ઘેર ગઈ હતી એટલે અત્યારે ન આવી શકી.'

ડૉક્ટર અને નર્સ ગયા બાદ નીરવે કોમલને બહાર આવવાનો ઇશારો કર્યો. કોમલ નીરવની પાછળ-પાછળ બહાર આવી.

'કોમલ, બિલનું પેમેન્ટ હું કરીશ.' નીરવે કહ્યું.

'થેન્ક્સ્ નીરવ. પણ મારો એક દોસ્ત બિલનું પેમેન્ટ કરવાનો છે. જો હવે તમે પેમેન્ટ કરશો તો એ મારા પર નારાજ થશે. અને એ દોસ્તને નારાજ કરવો મને પોસાય તેમ નથી.'

'ઇટ્સ ઓ.કે. છતાં જો કાંઈ પણ જરૂરત હોય તો એક ફોન કરી દેજે, હું તરત આવી પહોંચીશ.'

'થેન્ક્સ્ નીરવ. તમારી હૂંફે મને હિંમત પૂરી પાડી છે. સ્ટાફમિત્રોએ ગુજરેલા ચાર દિવસોમાં મને ક્યારેય એવો અહેસાસ થવા નથી દીધો કે હું અસહાય છું, એકલી છું.'

'કોમલ, હવે હું જાઉં. ઑફિસનો સમય થઈ ગયો છે.'

'ઓ.કે. હું આવતીકાલથી ડ્યૂટી જોઈન કરીશ.'

'વાંધો નહીં, તારે હજી વધારે રજાની જરૂર હોય તો હું મંજૂર કરી શકીશ. તારી ગેરહાજરીમાં સ્ટાફમિત્રોએ તારું કામ જવાબદારીથી સંભાળી લીધું છે. ખાસ કરીને નિશાએ.'

ફરીથી કોમલ સાથે રૂમમાં આવીને લક્ષ્મીને મળીને નીરવ ત્યાંથી નીકળ્યો અને થોડી વારમાં દીપક આવી પહોંચ્યો.

* * *

'વિક્રમ, ઘણા દિવસોથી નિશા કે દીપકનો ફોન નથી આવ્યો.' વિક્રમની બાજુમાં બેસતી શીતલે અમસ્તાં જ કહ્યું.

'એ બંને લવબર્ડ્ ઝને પ્રેમનાં પલાખાં ભણવામાંથી સમય મળતો હોય તો આપણને ફોન કરે ને !'

'તોપણ... બે-ત્રણ દિવસે બંનેના ફોન આવ્યા કરતા હતા, આ વખતે સમયગાળો ઘણો લંબાયો.'

'શીતલ, આનો એક ઉકેલ છે, તું એમને સામેથી ફોન કર.'

'એ જ કરવું પડશે. ઉગ્ર ભાષામાં ખખડાવવાં પડશે બંનેને.'

શીતલે મોબાઈલ પરથી નિશાને નંબર જોડ્યો. આખી રિંગ પતવા છતાં નિશાએ રિસીવ ન કર્યો.

'નો રિસ્પોન્સ !' કહેતી શીતલે મોં મચકોડ્યું.

'ટ્રાય અગેઈન...' વિક્રમે હસતાં-હસતાં કહ્યું, 'કોશિશ કરનેવાલોંકી કભી હાર નહીં હોતી !'

શીતલે ફરી નિશાનો નંબર ડાયલ કર્યો. ઘણી રિંગો પછી નિશાએ કોલ લીધો.

'મૅડમ શું કરો છો !' શીતલે ઉગ્રતાને બદલે મજાક કરી, 'તમે તો અમને ભૂલી જ ગયાં લાગો છો. હવે તો ફોન પણ નથી કરતાં !'

'અલી... એવું કાંઈ નથી. એક સહકર્મચારી રજા પર છે એટલે કામનો બોજ વધારે છે. અત્યારે સરની ઑફિસમાં જ હતી.'

'શું વાત કરે છે ! નીરવે તને કામના બોજ તળે દબાવી દીધી છે !'

'ના-ના. એ વાત છોડ. તેં ફોન કેમ કર્યો તે જણાવ.'

'બસ અમસ્તાં જ. ઘણા દિવસથી તારો ફોન ન આવ્યો એટલે મેં કર્યો. ડિસ્ટર્બ તો...'

'અં... શીતલ, સરને કાંઇ કામ લાગે છે. મને ઑફિસમાં બોલાવી છે. હું પછી તને ફોન કરીશ. બાય.'

'ઓ.કે... બાય.'

નિશાએ લાઇન કટ કર્યા પછી શીતલે દીપકને લાઇન જોડી.

'બોલ વિક્રમ.' પહેલી જ રિંગે કોલ લેતાં દીપક બોલ્યો.

'વિક્રમ નહીં, શીતલ બોલું છું.'

'મરી ગયો !' દીપકનો ધીમો ગણગણાટ સામે છેડેથી વાત કરતી શીતલના કાન સુધી પહોંચી ગયો, 'આજે નહીં છોડે.'

'કેમ ભાઈ ! ગરજ પતી એટલે મોં ફેરવી લેવાનું ! અમારાથી કાંઈ ભૂલ થઈ હોય તો કહી દે, તારા પગ પકડીને માફી માગી લઈએ !'

'બ્રેક માર... તું બ્રેક માર શબ્દોને. ભૂલ તમારાથી નહીં, મારાથી થઈ છે. શીતલ એક દોસ્તની મધરને હૉસ્પિટલમાં, એડમિટ કરી છે, એની દોડધામમાં ફોન કરવાનું ચૂકી ગયો.'

'અચ્છા, કેટલા દિવસથી એડમિટ કરી છે ?'

'ચાર દિવસથી, આજે ડિસ્ચાર્જ આપવાના છે.'

'ચાર દિવસથી... અને તેં અમને છેલ્લા પંદર દિવસથી ફોન નથી કર્યો. બહાનો કોઈ મેળ નથી બેસતો એવું નથી લાગતું દીપક !'

'મારી ભૂલ સ્વીકારું છું. શીતલ ખોટું ન લગાડીશ, હું અત્યારે એમની ડિસ્ચાર્જ ફોર્માલિટી પતાવવામાં વ્યસ્ત છું. તને પછી ફોન કરીશ. બાય.'

'ઓ.કે... બાય...' હલકી હતાશા સાથે શીતલે લાઇન કટ કરી.

'અરે ! શું થયું !' વિક્રમે પૂછ્યું.

'એક પોતાની ઑફિસમાં વ્યસ્ત છે. અને બીજો એના દોસ્તની મધરને હૉસ્પિટલમાં એડમિટ કરી છે તેમની ડિસ્ચાર્જ ફૉર્માલિટી પતાવવામાં વ્યસ્ત છે. બંનેમાંથી કોઈ મારી સાથે વાત કરવા જ નથી માગતાં !'

'બધાં તારી જેમ નવરાં થોડાં હોય મૅડમ !' હસતાં-હસતાં કહેતાં વિક્રમ બાજુ શીતલે આંખો મોટી કરી.

* * *

'દીપક અને કવિતાના જન્માક્ષર મળતા આવે છે. આજે હું સેવાસદન પાસેથી પસાર થતો

હતો ત્યારે દેવધરબાબુ મળી ગયા હતા. એમની સાથે પ્રકાશ આચાર્ય અને તેમની દીકરી કવિતા પણ હતી.' કહેતા વિષ્ણુપ્રસાદની બાજુમાં રુક્મિણી બેઠી હતી.

વિષ્ણુપ્રસાદે વધુ કહ્યું...

'દેવધરબાબુએ મારો પરિચય પ્રકાશભાઈ સાથે કરાવ્યો. મને તો પ્રકાશભાઈ ઘણા સારા અને સરળ ઇન્સાન લાગ્યા. એમની દીકરી પણ વિનમ્ર, સુશીલ અને સંસ્કારી લાગી. દીપક સાથે જોડી જામે એવી છે.'

રુક્મિણીએ નિસાસો નાખતાં કહ્યું, 'માસ્તર, આપણને બધું વ્યવસ્થિત ભલે લાગે. પરંતુ દીપક તૈયાર હોવો જોઈએને ! એની સમક્ષ જ્યારે પણ એના લગ્નની વાત છેડીએ છીએ, ત્યારે એ બહાનાં બનાવી વાત ટાળી દે છે.'

'આ વખતે એવું નહીં થવા દઉં. હવે એના મનમાં શું છે તે જાણી લેવું પડશે. આવું યોગ્ય પાત્ર હાથમાંથી ચાલ્યું જાય તે ન પોષાય. પ્રકાશભાઈએ આપણને દીપક સાથે એમના ઘેર પધારવાનું આમંત્રણ પાઠવ્યું છે. એનો મતલબ એ થઈ શકે કે, આ વાતમાં તેઓ પણ ઇન્ટરેસ્ટ લઈ રહ્યા છે.'

પગ પર પગ ચઢાવી વિષ્ણુપ્રસાદે વાત આગળ વધારી...

'પહેલી જ મુલાકાતમાં એમના ખાનદાની ગુણો એને સ્પર્શી ગયા. અને કવિતા એટલે તો બીજી નિશા જ જોઈ લો. એવો જ સ્વભાવ, વિનમ્રતા. અને સુંદરતા પણ ઊડીને આંખે વળગે. મેં થોડી મિનિટો એની સાથે વાત કરી, એટલા સમયમાં તો એ દિલમાં વસી ગઈ. મારી સાથે ઘનિષ્ઠ આત્મીયતા એણે કેળવી લીધી. આવી બીજી છોકરી દીપક માટે મળવી મુશ્કેલ છે.'

'માસ્તર... સપનાના આસમાનમાંથી વાસ્તવિકતાની ધરા પર આવો. આપણાં સપનાં ત્યારે જ વાસ્તવિકતામાં પરિણમશે, જ્યારે દીપક આ સંબંધ માટે રાજી થશે.'

'હં... આજે એની સાથે પેટછૂટી વાત કરી જ લેવી પડશે. આખરે એના મનમાં શું છે તે જાણવું જ રહ્યું. આમ ને આમ તો લગ્નની ઉંમર વીતી જશે. અને આવું સારું પાત્ર પછી શોધવા છતાં નહીં મળે. શુકન સારા થઈ રહ્યા છે. મરજી બંને પક્ષે છે તો એને વધાવી લેવામાં જ સાર છે.'

વિષ્ણુપ્રસાદે દીર્ઘ શ્વાસ ભરતાં વધુ કહ્યું, 'આજે દીપક આવે એટલે આનો યોગ્ય ફેંસલો લાવી દઈએ. એને કોઈ છોકરી પસંદ હોય તો તે રાહ પર આપણાં કદમ વાળીએ. અન્યથા એને આપણા ચીતરેલા ચીલે ચાલવાનું કહી દઈએ.'

* * *

ઘટ્ટ ખામોશીના દરિયામાં ડૂબેલાં બંને પ્રેમીપંખીડાનાં દિલોમાં મદહોશીની લહેરો જન્મતી હતી. આસપાસ વિશાળ શીતળતા હતી, શાંતિ હતી, અભંગ એકાંત હતું. નિશાના ખોળામાં માથું રાખી દીપક લીસી રેત પર લાંબો થયો હતો. નિશાની મુલાયમ આંગળીઓ દીપકના સિલ્કી વાળમાં સરવરતી હતી.

કેટલીય પળો જન્મીને તૂટી ગઈ. તે સઘળી આ બંને દરમિયાન પ્રસરેલી ખામોશીને ખાળવામાં નાકામ રહી.

ઘૂઘવાતા દરિયાની જેમ નિશાની અંદર એક વાત ઘૂઘવાતી હતી. એ ઇચ્છતી હતી કે તેની છાલક દીપક સુધી પહોંચાડે. પણ ઘણા મનોમંથન બાદ તે ખામોશની ખામોશ જ રહી.

દીપકે આંખો ખોલી તર્જનીથી એના ધવલ લીસા ગાલ પંપાળતાં એનાથી આહ્ નંખાઈ ગઈ, અને અંતરમાં ઘૂઘવાતી વાત આપમેળે જબાન પર આવી ગઈ.

બાર

દીપકે આંખો ખોલી તર્જનીથી નિશાના ધવલ લીસા ગાલ પંપાળતા નિશાથી આહ્ નંખાઈ ગઈ, અને અંતરમાં ઘૂઘવાતી વાત આપમેળે જબાન પર આવી ગઈ.

'દીપક, કેટલાય દિવસથી મને આભાસ થઈ રહ્યો છે, કે તું મારાથી દૂર જઈ રહ્યો છે. આપણા પ્રેમની નજદીકીમાં ધીરે-ધીરે અંતર પગ પસારી રહ્યું છે.'

નિશાના ગાલ પંપાળતી દીપકની તર્જની અટકી ગઈ. લાંબો શ્વાસ ભર્યો નિશાએ.

'દીપક, મને એવું લાગી રહ્યું છે કે આપણે સંસારના રેગિસ્તાનમાં ચાલી રહ્યાં છીએ અને અચાનક કોઈ ત્રાહિત વ્યક્તિ આવી તને મારી પાસેથી બાળજબરીથી છીનવી રહી છે. એ અનજાન ત્રાહિત વ્યક્તિ તારો હાથ ખેંચી તને મારાથી દૂર લઈ જઈ રહી છે.'

નિશાના અવાજમાં અજાણી દહેશત હતી. એનું દિલ થડકતું હતું. અને એ બોલતી હતી...

'અને... અને... તું મારા હાથમાં પરોવેલો તારો હાથ છોડાવવાનો પ્રયત્ન કરી રહ્યો છે. હું તને વધુ મજબૂતાઈથી પકડી રાખવા મથું છું તેમ-તેમ તું વધુ ને વધુ જોરથી તારો હાથ મારા હાથમાંથી છોડાવવાનો પ્રયત્ન કરે છે. અંતે તું મારા હાથમાંથી તારો હાથ છોડાવી એ અનજાન વ્યક્તિની પાછળ-પાછળ ખેંચાઈ રહ્યો છે. મારાથી દૂર જઈ રહ્યો છે.'

નિશાનો અવાજ તૂટતો હતો. શ્વાસ ધબકતા હતા.

'હું તને... હું તને પામવા તારી પાછળ-પાછળ દોડું છું, તેમ-તેમ તે વ્યક્તિ તને બમણા વેગથી તને મારાથી દૂર લઈ જઈ રહી છે.'

નિશાને આસપાસનું વાતાવરણ ગોળ-ગોળ ફરતું લાગ્યું. એની બહાવરી આંખો ચારે તરફ ફરતી હતી, શ્વાસ ફફડતા હતા, અંતર ખળભળતું હતું, દિલ જોરજોરથી ધડકતું હતું.

'દીપક, હું...હું ચિલ્લાઉં છું. જોરજોરથી ચિલ્લાઉં છું, રડું છું ચોધાર આંસુએ. તને પામવા બહાવરી-બહાવરી તારી પાછળ દોડું છું, ચીસો નાખું છું... દીપક મને એકલી છોડીને ના જઈશ. હું તારા વિના એક ક્ષણ નહીં જીવી શકું. હું શરીર છું, તું આત્મા છે. આત્મા વિના આ શરીર નહીં ટકી શકે.'

ઢીલો શ્વાસ મૂકી નિશાએ ઉમેર્યું...

'પરંતુ મારી ચીસો જોરથી ફૂંકાતા પવનમાં ઓગળી જાય છે. તું મારાથી દૂર-દૂર ચાલ્યો જાય છે. અને સંસારના રેગિસ્તાનની ઊડતી રેતમાં ફસડાઈ પડેલું મારું અસ્તિત્વ ધીમે-ધીમે રેતમાં દબાઈને દમ તોડી દે છે.'

ઢીલી-ઢીલી થઈ ગઈ હતી નિશા અંતરની વાતને જબાન પર લાવીને. ખોળામાંથી માથું ઊંચકી બેઠા થઈ દીપકે એને પોતાની છાતીએ વળગાડી લીધી. દીપકે ઘણી વાર પછી બંને હાથોથી એનું મસ્તક ઊંચકી આંખોમાં આંખો પરોવતાં કહ્યું...

'દિવસે ખ્વાબ જોવાની આદતને હું ખરાબ માનું છું નિશા.'

'દીપક, આ ખ્વાબ નથી. મને થઈ રહેલા આભાસની ભારે લાગણીઓ છે. મને ખૂબ ડર લાગે છે.'

'આ આભાસી લાગણીઓ છે નિશા, ખોખલી કલ્પના માત્ર છે. અને ખોખલી કલ્પનાઓ ક્યારેય હકીકત ન બની શકે.'

ઊંડા-ઊંડા શ્વાસે નિશા બોલી, 'મને ખૂબ ડર લાગે છે. તારી જુદાઈ, તારો વિયોગ મારા અસ્તિત્વને ગૂંગળાવી નાખશે. હવે હું તારા વિના મારું અસ્તિત્વ કલ્પી શકતી નથી. હવે મારી જિંદગીની પ્રત્યેક પળ તારા નામ સાથે જોડાઈ ગઈ છે.'

'નિશા...'

દીપકે એના બંને ખભા પકડીને ઢંઢોળી.

'કેવી વાતો કરે છે ! મગજ સંતુલિત રાખ, શાંત રાખ. કોણ મને તારાથી છીનવીને દૂર લઈ જઈ રહ્યું છે !'

'એ...' બોલવા જતી નિશા ઝબકીને અટકી ગઈ.

'કોણ ? કોણ મને તારાથી દૂર કરી રહ્યું છે ? બોલ નિશા, તારા આભાસમાં કયો ચહેરો છુપાયેલો છે ?'

નિશા કાંઈ ન બોલી, ખામોશ-ચૂપચાપ દૂર શૂન્યમાં તાકી રહી.

'નિશા, અસહ્ય આભાસને વાસ્તવિકતા અને વિશ્વાસના ભાલાથી વીંધી નાખ. કોઈ પરિસ્થિતિ, કોઈ સંજોગ, કોઈ વ્યક્તિ મને તારાથી દૂર કરી શકવાની નથી. મેં કહ્યું ને... આભાસ કદી વાસ્તવિકતામાં પરિણમતો નથી.'

નિશા દીપકને જોરથી વીંટળાઈ ગઈ.

'દીપક, આવા આભાસો જ્યારે પરિસ્થિતિ અને સંજોગનું પીઠબળ લઈ ઇન્સાન સામે ઊભા થઈ જાય ત્યારે તેને વાસ્તવિકતામાં પરિણમવાના ચાન્સ અનેકગણા વધી જાય છે.'

'નિશા...'

'અને દીપક, ઇન્સાન નામનું નિર્બળ પ્રાણી પરિસ્થિતિ અને સંજોગ નામના વિકરાળ દૈત્યની આગળ જેટલું લાચાર બની જાય છે તેટલું કોઈની આગળ નહીં.'

નિઃશ્વાસ નાખ્યો નિશાએ.

'પરિસ્થિતિ... સંજોગ... આ બધાને ભલે ઇન્સાન અવગણતો હોય, એના અસ્તિત્વને સ્વીકારવાથી કતરાતો હોય, પણ સત્ય એ છે કે, આ બંનેનું અસ્તિત્વ છે. અને આ બંને આપણા જીવનના રૂખ બદલવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે.'

દીપકે નિશાને પોતાનાથી અળગી કરતાં પૂછ્યું...

'કઈ વાત ઘૂમરાઈ રહી છે તારી અંદર ? કેમ તું આવા આભાસોનું દામન થામી અકારણ દુઃખી થઈ રહી છે ?'

નકારમાં મસ્તક હલાવતી નિશા ઊભી થઈ ગઈ. દીપકે એનો હાથ પકડી લઈ ફરી બેસાડી દીધી.

'બેસ. તારી અંદર વિસ્તરતી વેદના મને કહી નાખ, નિશા.'

'નહીં કહી શકું, અસમર્થ છું.'

નિશાની ગળથૂથીમાં રહેલી માનવતા કોમલ પ્રત્યે કૂણી લાગણી ધરાવતી હતી. પરંતુ એ જ્યારે-જ્યારે કોમલને અને દીપક સાથે જોતી ત્યારે-ત્યારે એની અંદરની માનવતા ભરી લાગણીઓને દાબી દઈ શંકા... સંદેહ... વહેમ પોતાનું વિકરાળ સામ્રાજ્ય વિસ્તારતાં હતાં. આજે એણે ફરીથી કોમલ અને દીપકને સાથે જોયાં હતાં.

આજે એ મનમાં ગાંઠ વાળીને આવી હતી કે આ સંબંધનો દીપક પાસે ખુલાસો માગશે. પણ અંતે એ કાંઈ ન બોલી શકી.

'અવ્યક્ત વેદના ધીમા ઝેર જેવી હોય છે નિશા, તીલ-તીલ મારતી રહે છે.'

'સમય આવ્યે હું મારી વેદનાને વાચા આપીશ.' કહી એણે વાત સમેટી લેવાનો મનસૂબો સ્પષ્ટ કરી દીધો.

ઊજળી કલાઈ પર પહેરેલા રિસ્ટવૉચમાં નજર કરી એણે કહ્યું, 'દીપક, સમય ઘણો વહી ગયો છે, હવે ઘેર જવું જોઈએ.'

બંને ઊભાં થઈને ઘર તરફ વળ્યાં ત્યારે અવનિ પર અંધકારનું તર ફેલાઈ ગયું હતું.

* * *

વિષ્ણુપ્રસાદ અને રુક્મિણીની સામે દીપક બેઠો હતો. રાત્રીભોજન બાદ થોડી આડીઅવળી વાતો દ્વારા વિષ્ણુપ્રસાદે મૂળ વાતનો સેતુ તૈયાર કરી લીધો હતો.

‘દીપક, દરેક માતા-પિતાને પોતાના સંતાનજન્મની ઘણી ખુશી હોય છે. દરેક માતા-પિતા પોતાનાં સંતાનો પર અંતરમાં રહેલો બધો પ્રેમ વરસાવી દેતાં હોય છે. માતા-પિતાનાં અરમાન હોય છે કે પોતાની આંખોનું રતન દુનિયામાં શ્રેષ્ઠ હોય. તે માટે એ લોકો સંતાનોને અપાર પ્રેમ આપવાની સાથે-સાથે વારસામાં સદ્ગુણોનો ભંડાર આપતાં હોય છે. પોતાની સ્વતંત્ર ઓળખ દુનિયામાં ઊભી કરવા અ ેને શ્રેષ્ઠ કેળવણી આપે છે. સંતાન મોટું થઈ પોતાના પગભર ઊભું થાય તે દરેક માતા-પિતાની ઇચ્છા હોય છે.’

વિષ્ણુપ્રસાદે બે ક્ષણ થોભી આગળ કહ્યું...

‘ત્યાર બાદ દરેક માતા-પિતા ઇચ્છતાં હોય છે કે પોતાનાં પુત્ર-પુત્રીને સુશીલ, સંસ્કારી, લાગણીશીલ જીવનસાથી-જીવનસંગિની મળે. બેટા, તું ભણીને હવે પગભર થઈ ગયો છે. તું પરિવારની જવાબદારી ઉપાડવા સક્ષમ છે. અમે હવે તારાં લગ્ન ઇચ્છીએ છીએ.’

અત્યાર લગી શાંતચિત્તે બધું સાંભળતા દીપકે કહ્યું, ‘તમારી ઇચ્છા સર્વથા યોગ્ય છે પિતાજી, છતાં ઉતાવળ કરવામાં સાર નથી.’

સાંભળીને વિષ્ણુપ્રસાદ અને રુક્મિણીની નજર મળી. દીપકે વધુ ઉમેર્યું...

‘હજી મારી ઉંમર વહી નથી ગઈ. ઉતાવળ અમુકવાર અવળા મોંએ પછાડે છે.’

‘તારી વાત સાચી છે દીકરા, ઉતાવળ અમુકવાર અવળા મોંએ પછાડે છે. દીપક મેં દુનિયા જોઈ છે, માપી છે આ દુનિયાની ગહેરાઈ. હું લોકોનો સ્વભાવ ઓળખી જાણું છું. એટલે જ તારી જીવનસંગિની બનવા યોગ્ય પાત્ર વિશે તારી સાથે વાત કરવાનું મુનાસીબ લાગ્યું.’

‘પિતાજી...’

વિષ્ણુપ્રસાદે હાથ ઊંચો કરી દીપકને વધુ બોલતો અટકાવતાં કહ્યું, ‘પહેલાં મારી વાત સાંભળી લે. દીપક, એ વ્યક્તિઓ ખૂબ સારા છે, ખાનદાની છે. છોકરી સુશીલ, સંસ્કારી અને ભણેલી છે. બીજી વાત કે, એ લોકો પણ આ સંબંધમાં રસ લઈ રહ્યા છે.’

‘પિતાજી, મને લાગી રહ્યું છે કે ઉતાવળ થઈ રહી છે.’

‘સમયની રેતને હાથમાંથી સરકી જતાં વાર નથી લાગતી બેટા. એવું લાગે છે, ગઈકાલ સુધી તું નાનું બાળક હતો. તારી યુવાની દુનિયાની નજરે અમે જોઈ ત્યારે અચાનક ભાન થયું કે સમયના કાંટા સડસડાટ પચીસ વર્ષ આંખના પલકારામાં પાર કરી ગયા.’

‘દીપક...’ અત્યાર લગી ચૂપ રહેલી રુક્મિણીએ શબ્દોને સૂર આપ્યો, ‘બેટા, દરેક માનું અરમાન હોય છે, પોતાની પુત્રવધૂનાં કુમકુમ પગલાં ઘરમાં પડાવે.’

‘તારું અરમાન પૂરું થશે મા...’

વાતને ફરી પકડતાં વિષ્ણુપ્રસાદે કહ્યું, ‘દીપક, આજે આ વિશે અમે તારી સાથે પેટછૂટી વાત કરવા માગીએ છીએ. અત્યાર સુધી તું અમારી આ વાતને કોઈ ને કોઈ બહાનાથી ટાળતો આવ્યો છે. આજે અમારે તારું મન જાણવું છે. તેં કોઈ પાત્રને પસંદ કર્યું હોય તો અમને જણાવી દે, જેથી અમે એ દિશા તરફ વિચારીએ.’

દીપક કાંઈ ન બોલ્યો. એક ક્ષણ માટે એના જહેનમાં નિશા આવી ગઈ.

‘અને જો તેં કોઈ પાત્ર પર પસંદગી ન ઉતારી હોય તો અમે કહીએ તેના વિશે વિચાર. હવે બહાનાંના પરદા પાડી આ વાત અવગણવા યોગ્ય નથી. પ્રકાશ આચાર્યની દીકરી કવિતા અને તારા જન્માક્ષર મળતા આવે છે. એ લોકોએ આપણને એમને ત્યાં આમંત્ર્ યાં છે. પરંતુ હું ઇચ્છું છું કે તું પહેલાં એક વાર જઈને કવિતાને મળ. તમારા બંનેની ફિલિંગ્સ શું કહે છે તેના

પછી વાત આગળ વધારીશું.'

'જી...' દીપકે દ્વિધા સહિત કહ્યું, 'હું વિચારીશ.'

'દીપક, હું ઇચ્છું છું કે તું આવતીકાલે જ એમને ત્યાં જાય.'

'જી...'

દીપકને કદાચ ખબર નહોતી કે પોતે શું બોલી રહ્યો છે. આ વાતની નિશાને ખબર પડશે તો એની શી હાલત થશે તે દીપક અત્યારે કલ્પી શકતો નહોતો.

અત્યાર સુધી જુદાં-જુદાં બહાનાં બતાવી આવા પ્રસ્તાવોને એ ઠેલતો હતો. પરંતુ વિષ્ણુપ્રસાદે આજે એને સ્પષ્ટ જણાવી દીધું કે, આ પ્રસ્તાવને અવગણવા હવે કોઈ બહાનાને અવકાશ નથી. અને દર વખતની જેમ માતા-પિતાની ઇચ્છાને અવગણવાની આજે એની હિંમત ન થઈ. એ ઊભો થઈને એના રૂમ તરફ વળ્યો એટલે વિષ્ણુપ્રસાદે કહ્યું...

'હું પ્રકાશભાઈને ફોન કરીને જણાવી દઉં છું. તું ચાહે તો તારા કોઈ મિત્રને સાથે લઈ જઈ શકે છે.'

'જી...'

રૂમમાં આવેલા દીપકે ધબ્ દઈને બેડ પર પડતું મૂક્યું. દીપકની 'હા'થી વિષ્ણુપ્રસાદ અને રુક્મિણી આનંદિત થયાં, પરંતુ દીપક ખુદ દિશાહીન થઈ ગયો.

નિશાને ફોન કરી બધું બયાન કરી દેવાનું વિચારતા એના જહેનમાં નિશાના શબ્દો પડઘાયા...

...દીપક, કેટલાય દિવસથી મને આભાસ થઈ રહ્યો છે કે, તું મારાથી દૂર થઈ રહ્યો છે. આપણા પ્રેમની નજદીકીમાં ધીરે-ધીરે અંતર પગ પસારી રહ્યું છે...

એ ઝાટકા સાથે બેડ પર બેઠો થઈ ગયો.

... ઇન્સાન નામનું નિર્બળ પ્રાણી પરિસ્થિતિ નામના વિકરાળ દૈત્યની આગળ જેટલું લાચાર બની જાય છે, એટલું કોઈની આગળ નહીં...

એ સ્વગત બબડ્યો... નિશા, તારો આભાસ સાચો છે. પરિસ્થિતિ આગળ હું લાચાર થઈ ગયો છું.

ઘણી વાર અચેત અવસ્થામાં રહ્યા પછી જરા સ્વસ્થ થઈ એણે મોબાઈલ ઉઠાવી નંબર જોડ્યો. સામેથી વિક્રમે કોલ લેતાં એણે વિક્રમને 'ક'થી 'જ્ઞ' સુધીની બધી વાત કહી દીધી. આખી રાત એણે વિચારોની આગોશમાં પડખાં ફેરવી-ફેરવીને પસાર કરી.

બીજે દિવસે સવારે નવ વાગ્યે એ વિક્રમના ઘરે પહોંચ્યો. દીપક, વિક્રમ અને શીતલ સામસામે બેઠાં હતાં. ત્રણેય અશબ્દ હતાં. ઘણી ક્ષણો ખામોશી ઓઢીને પસાર થઈ ગઈ.

એક તરફ એ નિશાને પામવા બેતાબ હતો. જ્યારે બીજી તરફ જિંદગીની શતરંજનાં પ્યાદાં કાંઈ જુદી જ ચાલ ચાલી રહ્યાં હતાં. નિશાનો આભાસ વાસ્તવિકતાનું રૂપ તો નહીં ધરી લે ને ! એ વિચારે જ એને વિચલિત કરી દીધો હતો. એણે વિક્રમ અને શીતલ સમક્ષ પોતાની મૂંઝવણ મૂકી...

'હું શું કરું તે મને કાંઈ સમજાતું નથી. એક તરફ નિશા છે. અને બીજી તરફ...'

વિક્રમે એના હાથ પર હાથ રાખતાં કહ્યું, 'અલા, પણ તારે માસ્તરને સ્પષ્ટ જણાવી દેવું જોઈએ ને કે તને નિશા પસંદ છે.'

'કહેવાના ઘણા પ્રયત્નો કર્યા, જબાને સાથ ન આપ્યો.'

'નિશાને આ વાતની ખબર પડશે તો એનું હૈયું ચિરાઈ જશે તેનો અહેસાસ છે તને !'

દીપકની જબાન સીવાઈ ગઈ. ઘણી વાર લગી ત્રણેય ખામોશ બેસી રહ્યાં, પછી વિક્રમે પૂછ્યું..

'હવે શું કરવું છે, માસ્તરની ઇચ્છા મુજબ આગળ વધવું છે ?'

'ના ઇચ્છા હોવા છતાં એ જ કરવું પડશે. કવિતાના ઘેર જવું તો પડશે જ. નહીંતર માસ્તરનું વચન તૂટશે.'

'તો બીજા બધા વિચારોને મૂક બાજુ પર અને ઊભો થા. કવિતાના ઘેર જઈએ, પછીની વાત પછી.'

'મને તો કાંઈ સૂઝ નથી પડતી કે જિંદગી કેવા-કેવા વળાંકો લઈ રહી છે !'

'ચિત્ત શાંત રાખ...' દીપકને કહ્યા પછી વિક્રમે શીતલને કહ્યું, 'તું જ્યૂસ બનાવ.'

શીતલ ત્યાંથી ઊભી થઈને જ્યૂસ બનાવવા માટે કિચનમાં ગઈ પછી દીપકે કહ્યું..

'વિક્રમ, એક વાત તો સ્પષ્ટ છે, હું કવિતાને મળું કે ન મળું. આ સંબંધ પર મારા ઇન્કારની ચોકડી ચોક્કસ વાગશે.'

કિચનમાંથી ટ્રેમાં જ્યૂસના ત્રણ ભરેલા ગ્લાસ લઈ બહાર આવી શીતલે બંનેને એક-એક ગ્લાસ આપી, ત્રીજો ગ્લાસ પોતે લઈ એ બંનેની સામે બેસતાં કહ્યું..

'જો ઇન્કારની ચોકડી મારવાની જ હોય તો પછી ત્યાં જવામાં હર્જ શું છે !'

'શીતલ, મને ત્યાં જવામાં કોઈ હર્જ નથી. મને નિશાનો ખ્યાલ સતાવે છે, એને આ વાતની ખબર પડશે તો ! ! !'

'કઈ રીતે ખબર પડશે ! કોણ કહેશે નિશાને ! હું, તું કે પછી વિક્રમ !'

વિક્રમની આંખો ચમકી, 'શીતલની સોચ યોગ્ય છે, દીપક. નિશાને આ વાતની જાણ જ નહીં થવા દઈએ !'

'ધિસ ઈઝ નૉટ ફેર...' કહેતો દીપક ઢીલો થઈ ગયો. વિક્રમે એને સમજાવ્યો, 'દીપક, એવરીથિંગ ઈઝ ફેર ઈન લવ ઍન્ડ વૉર. મેં તને પહેલાં પણ કહ્યું હતું, પ્યાર ઔર જંગમેં સબકુછ જાયજ હૈ.'

'મારું મન નથી માનતું વિક્રમ. અાને નિશા સાથે વિશ્વાસઘાત કર્યો કહેવાશે.'

'આને વિશ્વાસઘાત કર્યો ના કહેવાય. તેં એને અંધારામાં રાખી પરસ્ત્રીગમન કર્યું હોય તેને વિશ્વાસઘાત કર્યો કહેવાય. તું બધી બહેશ છોડ અને ઊભો થા. આ રીતે માસ્તરનું વચન પણ જળવાઈ જશે.'

'વિક્રમ...'

ઊભા થયેલા વિક્રમ બાજુ ઊંચી નજરે જોતાં દીપકના ચહેરે ગૂંચળામણના સ્પષ્ટ વલયો હતા. એના દિલ અને દિમાગનો કોઈ અંશ રાજી નહોતો કે એ કવિતાને ત્યાં જાય. વિક્રમે એને હાથ ખેંચીને ઊભો કર્યો. કમને એ વિક્રમની પાછળ-પાછળ ખેંચાતો હતો.

* * *

ઘર પાસે વાહન ઊભું રહેવાનો અવાજ સાંભળીને પ્રકાશભાઈ અને એમની પત્ની લીલાબહેન ઘરમાંથી બહાર આવ્યાં. એ બંનેએ દીપક અને વિક્રમને સસ્મિત આવકાર્યા.

'આવો...'

દીપકના ચહેરે હજી ગૂંચળામણનાં વલયો ઉપસેલાં હતાં. એનું હાસ્ય કરમાઈ ગયું હતું. વિક્રમ એની કમરમાં કોણી મારી ધીમેથી ગણગણ્યો...

'મૂડ ઠીક કર. પાણીમાં કૂદ્યા જ છીએ તો થોડા હાથ-પગ હલાવી લેવા જોઈએ. થોડું તો સ્મિત ચહેરા પર રાખ મારા ભાઈ !'

દીપકે અનચાહ્યું સ્મિત ચહેરા પર સજાવ્યું.

'આવો... બેસો...'

બંનેને બેસવાનું કહી પ્રકાશભાઈ ખુરશીમાં બેઠા. વિક્રમની સાથે દીપક સોફામાં બેઠો.

કવિતા અત્યારે અહીંયાં ઉપસ્થિત નહોતી. શાયદ એ કિચનમાં અથવા એના રૂમમાં હતી. લીલાબહેને બંનેને પાણી આપ્યું. પ્રકાશભાઈએ પગ પર પગ ચઢાવતાં કહ્યું...

'દીપક, તમારા પિતાજીએ મને ફોન કરીને જણાવી દીધું હતું કે તમે આજે આવશો.'

દીપક ધીમું-ધીમું હસ્યો. તે જ સમયે લાઇટપિંક નરગીસી સાડી પરિધાન કરેલી ખૂબસૂરત કવિતા કિચનમાંથી નાસ્તાની ટ્રે લઈને બહાર આવી. ટિપોઈ પર ટ્રે મૂકતી કવિતા સાથે દીપક અને વિક્રમની નજર મળી, અને બીજી ક્ષણે બંને એકસાથે બોલી પડ્યા...

'તું...!'

બંનેને જોઈ સામે કવિતાએ પણ આશ્ચર્ય ઊગલ્યું, 'તું...! આઈ મીન તમે...!'

ત્રણેયના ચહેરે સ્મિતનાં ફૂલ ખીલી ઊઠ્યાં. દીપકના ચહેરે ફરફરતી ગૂંચળામણની લકીરો પર હવે હળવાશનો લૅપ લાગ્યો. એ સોફામાં સહેજ ટટ્ટાર થયો. ખુરશીમાંથી ઊભા થતા પ્રકાશભાઈએ કહ્યું...

'આઈ થિંક... તમે ત્રણેય એકબીજાને ઓળખો છો, બરાબર ?'

'જી...' થોડી શરમ અને સંકોચ સાથે કવિતા બોલી.

'વેલ, તો હવે અમારું અહીંયાં કોઈ કામ નથી. તમે ત્રણેય બેસીને નિરાંતે વાતો કરો. અમે બહાર જઈએ છીએ.'

કહી પ્રકાશભાઈ લીલાબહેનને સાથે લઈને બહાર નીકળી ગયા. પછી દીપક અને વિક્રમની સામે ગોઠવાતી કવિતાએ નાસ્તાની ડિશો બંનેને આપી. દીપકે સહેજ ટટ્ટાર થઈ કવિતા તરફ ઝૂકતાં કહ્યું

'કદાચ તને સાચું નહીં લાગે કવિતા, તને જોઈને મારું મન હલકું-હલકું થઈ ગયું. મને ખબર નહોતી કે તું પ્રકાશ આચાર્ય...'

'અને મને પણ ખબર નહોતી કે તું નિશાનો દીપક હશે. મને તો એમ. કે.. હશે કોઈ...' પગ પર પગ ચઢાવતાં કવિતાએ પૂછ્યું, 'અચ્છા દીપક, નિશા, શું કરે છે ? તમારા પ્રેમની પરચમ હવામાં હજી લહેરાય છે કે પછી...'

'હજી લહેરાય છે. અમારો પ્રેમ હજી ઝરણાની જેમ ખળખળ વહી રહ્યો છે.'

દીપક તદ્દન હળવા મને વાતો કરતો હતો.

'મતલબ કે નિશાનાં પણ હજી લગ્ન નથી થયાં. દીપક કૉલેજકાળમાં આપણે એકબીજાને ઝાઝું નહોતાં ઓળખતાં. નિશા મારી દોસ્ત હતી તે નાતે મને ખબર હતી કે નિશા અને તું એકબીજાના પ્રેમમાં છો. મને ખ્યાલ છે ત્યાં સુધી તે સમયે આપણે કદી એકબીજા સાથે વાત સુધ્ધાં નહોતી કરી.'

'બિલકુલ, તે સમયે આપણે એકબીજાને ચહેરાથી જ પહેચાનતાં હતાં. લાગે છે, તે સમયે નહીં થઈ શકેલી વાતો પૂરી કરવા માટે આપણે ભેગાં થવું પડ્યું.'

ત્રણેય એકસાથે હસી પડ્યાં.

'અચ્છા દીપક, તારો અને નિશાનો પ્રેમ હજી ઝરણાની જેમ વહી રહ્યો છે, તો પછી તું અહીંયાં કેમ...!'

'કવિતા, ઘણી વાર વડીલોની ઇચ્છા અને વચનનું માન રાખવા માટે મને-કમને આપણે અમુક કાર્યો કરવાં પડતાં હોય છે.' દીપકે સહેજ ટટ્ટાર થતાં કહ્યું 'કવિતા, મારે એક ખુલાસો કરવો છે.'

દીપક બોલી તો ગયો, પછી એણે મૂંઝવણ અનુભવી, એ નક્કી ના કરી શક્યો કે આ વાત કવિતાને કહે કે નહીં. ત્યાં કવિતાએ કહ્યું...

'એક મિનિટ દીપક, આપણા દરમિયાન દોસ્તી સિવાય બીજો કોઈ સંબંધ સંભવી શકે

એ શક્ય નથી.'

સાંભળીને દીપક ફાટી આંખે કવિતાને જોઈ રહ્યો.

તેર

કવિતાની વાત સાંભળીને દીપક ફાટી આંખે કવિતાને જોઈ રહ્યો. કવિતાએ ચપટી વગાડી દીપકની સ્થિર થઈ ગયેલી આંખોને ઝબકાર અપાવ્યો.

'ઓ મિસ્ટર દીપક... શું થયું...?'

દીપક ધીમું-ધીમું હસ્યો, 'કવિતા, તેં મારી મૂંઝવણ દૂર કરી દીધી. હું આ જ ખુલાસો તારી સમક્ષ કરવાનો હતો, પરંતુ મૂંઝાતો હતો. થેન્ક્સ કવિતા.'

'કેમ થેન્ક્સ ! દીપક, હું એટલી નગુણી નથી કે બીજાના પ્રેમ પર તરાપ મારી એને મારા ગળાની સુંદરતા વધારતો હાર બનાવી લઉં. આફટર ઓલ હું અને નિશા ફ્રેન્ડ્સ છીએ યાર...!'

'કવિતા, આપણે તય તો કરી લીધું કે આપણા દરમિયાન દોસ્તી સિવાય અન્ય કોઈ સંબંધ નહીં સંભવે. પરંતુ શબ્દો જેટલા બોલવામાં હળવા છે એનાથી અધિક બોજલ છે.'

'હું સમજી નહીં તારા કહેવાનો મતલબ.'

'કવિતા, આપણા વડીલો આપણા દરમિયાન જે સંબંધ જોડવાની ઇચ્છા ધરાવી રહ્યા છે, તેના પર ઇન્કારનો બેસૂરો આલાપ છેડશે કોણ !'

'આપણે બંને. વેરી સિમ્પલ, આપણે બંનેએ આપણાં વડીલોને કહી દેવાનું, મને સામું પાત્ર પસંદ નથી.'

'નાપસંદગીની વજહ એ લોકો અવશ્ય જાણવા માગશે.'

'કોઈ વ્યક્તિની પસંદગી માટે વજહ શોધવી પડે, નાપસંદગી માટે હજારો વજહ આપોઆપ મળી જાય છે દીપક !' કહેતી કવિતા ઝાંખા પ્રકાશ જેવું હસી.

'કવિતા, હું તને નાપસંદ નથી કરતો તું નિશા જેટલી જ ખૂબસૂરત અને ઇન્ટેલિજન્ટ છે. પરંતુ પ્રેમ આગળ આ પસંદગીને હું પ્રાધાન્ય નથી આપી શકતો.'

ફરી હસી કવિતા, 'દીપક, હવે તું મસ્કા લગાવી રહ્યો છે. મેં કહ્યુંને, બીજાના પ્રેમ પર તરાપ મારી એને મારા ગળાની સુંદરતા વધારતો હાર બનાવી લેવા જેટલી હું નગુણી નથી. દીપક, તું મને પસંદ કરે કે ના કરે, હું તને નાપસંદ જ કરું, નિશાને ખાતર. દીપક તું માનશે તું ખૂબ નસીબદાર છે !'

હકારમાં મસ્તક હલાવતાં દીપકે કહ્યું, 'એ તો છે જ ! હું અહીંયાં આવવાથી કતરાતો હતો.'

'આ બધો કરિશ્મા પ્રેમનો છે, દીપક. સાચા પ્રેમને કોઈ બીજા સંબંધની પરછાઈ અભડાવી નથી શકતી. સાચા પ્રેમ પર તો સ્વયં ઈશ્વરની મહેર વરસતી હોય છે. એ કોઈ પરિસ્થિતિ આગળ પીગળતો નથી.'

'બિલકુલ.' ખુરશીમાં રિલેક્સ થતાં દીપકે કહ્યું, 'કવિતા, આ વિક્રમને તો તું ઓળખે છે ને !'

'જેમ તને ઓળખતી હતી, તેમજ એને ઓળખું છું. ફક્ત ચહેરાથી.' વિક્રમ તરફ જોતાં કવિતાએ ઉમેર્યું, 'હું તારા લગ્નમાં આવી હતી, બેશક સામે પક્ષેથી. નિશાને લીધે શીતલ સાથે પણ મારે દોસ્તીના તાર ગૂંથાયા હતા.'

'પરિસ્થિતિ... સંજોગ... ઇન્સાનને ક્યાંથી ક્યાં ફેરવે છે. સપનામાંય નહોતું વિચાર્યું કે આ રીતે અચાનક કૉલેજકાળ તાજો કરાવતી ક્ષણો માણવા મળશે.'

'હા દીપક, આ બધા ખેલ હાથની લકીરો અને કપાળે પડતી કરચલીઓના છે.'

ત્રણેય સામસામે હસી પડ્યાં. કવિતાએ વિક્રમને પૂછ્યું, 'અચ્છા, વિક્રમ શીતલ શું કરે છે, મજામાં તો છે ને !'

'એકદમ ફર્સ્ટક્લાસ. અમે ઘણી વાર કૉલેજકાળને યાદ કરીએ છીએ. પરંતુ વાત અમારા બે અને દીપક, નિશા પરથી આગળ વધી નહોતી. આજે જઈને તારા વિશે કહીશ. શીતલને ઘણો આનંદ થશે.'

'દીપક-વિક્રમ ગુજરેલા દિવસોનાં મીઠાં સંભારણાં ઇન્સાનને પુલકિત કરી જાય છે.'

'સાચું કહ્યું તેં.' દીપકે કવિતા પર નજર ફેરવતાં ઉમેર્યું, 'કૉલેજ છોડ્યે ઘણો સમય થયો છતાં અત્યારે એવું લાગે છે, જાણે એ બધી ગઈકાલની જ ક્ષણો છે. સમયને સરકી જતાં વાર થોડી લાગે છે ! વેલ કવિતા, અત્યારે તું શું કરે છે ? મતલબ કોઈ એક્ટિવિટી...'

'ખાસ કાંઈ નહીં, કોઈક વાર પિતાજી સાથે સેવાસદન જાઉં છું. સંતાનો દ્વારા તરછોડાયેલા બુઝુર્ગો, નિઃસહાય નાનાં બાળકોને મળું છું.'

બોલતી કવિતાનું મસ્તક ઝૂકી ગયું.

'એમની સાથે સમય વિતાવું છું. અજીબ શકુન મળે છે. બીમાર દર્દીઓની સેવા કરું છું. જિંદગીમાં કોઈને મદદરૂપ થયાનો આત્મસંતોષ મળે છે. એમની સાથે સમય પસાર કરવો મને ગમે છે. એમની મજબૂરી, વેદના સાંભળું છું ત્યારે હૃદય ઝણઝણી જાય છે.'

કવિતાનો અવાજ ગળગળો થઈ ગયો.

'એમનું દર્દ વહેંચવાવાળું કોઈ છે એનો એમને અહેસાસ કરાવું છું. એમના દર્દને મારી લાગણીઓના લેપથી ઓછું કરવાનો પ્રયત્ન કરું છું.'

કવિતાની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં હતાં. દીપકે એનો હાથ થામતાં કહ્યું..

'ગ્રે...ટ. અતિઉમદા અને નેક કાર્ય કરે છે તું.'

'દીપક, એમને જોઈને મનોમન ભગવાનને પ્રાર્થના કરું છું કે, તે કોઈને આવા દિવસો ન દેખાડે. કેટલા મજબૂર છે એ લોકો ! કેટલા દુઃખી છે ! દીપક બુઝુર્ગોને તરછોડનાર સંતાનોને ભગવાન કદી માફ કરશે ? નવજાત શિશુને તરછોડતાં માનું હૃદય ચિરાઈ નહીં જતું હોય !'

કવિતા ક્યાંક ખોવાઈ ગઈ, ખામોશ થઈ ગઈ. રૂમમાં થોડી વાર ખામોશી ઊડી રહી. દીપકે કવિતાને ઢંઢોળી ત્યારે કવિતા જરા સ્વસ્થ થઈ.

'દીપક, વિક્રમ હું તમારા માટે બીજું કાંઈ લાવું ?'

'ના. હવે અમે જઈએ.'

તે જ સમયે પ્રકાશભાઈ અને લીલાબહેન ઘરમાં આવ્યાં એટલે કવિતા ટ્રે લઈને કિચન તરફ વળી. એ બંને આવીને દીપક અને વિક્રમની સામે બેઠાં.

ખામોશીએ ફરી રૂમમાં પંખ ફેલાવ્યાં.

'વિક્રમ...' વિક્રમના કાન પાસે મોં લઈ જઈ દીપકે કહ્યું,

'હવે ઊઠીએ.'

'હં...'

દીપકે મુસ્કરાતાં-મુસ્કરાતાં પ્રકાશભાઈ અને લીલાબહેનને કહ્યું, 'અંકલ-આન્ટી હવે અમે રજા લઈએ.'

એ બંને સાથે પ્રકાશભાઈ અને લીલાબહેન બહાર આવ્યાં. બંનેએ પાછળ ઊભેલી કવિતા તરફ મધુર સ્મિત કર્યું.

'વિષ્ણુપ્રસાદજી અને રુક્મિણીબહેનને અમારી યાદ આપજો.' બંનેને વિદાય કરતાં પ્રકાશભાઈએ કહ્યું.

'જી અંકલ.'

દીપક બાઇકની પાછલી સીટ પર બેઠો પછી વિક્રમે બાઇક હંકારી મૂકી.

* * *

'નિશા...!'

ડિપાર્ટમેન્ટલ સ્ટોરમાં શોપિંગમાં મશગૂલ નિશાના કાને કંઈક અંશે ભુલાયેલો છતાં પરિચિત અવાજ પડતાં એણે પાછળ ફરીને જોયું. એક પરિચિત ચહેરાને જોઈને એની આંખો વિસ્ફારિત થઈ. સામે કવિતા ઊભી હતી.

કહેવાય છે ને... નિયતિને કોઈ લગામથી કાબૂ કરી નથી શકાતી. દીપક, વિક્રમ, શીતલે જે વાત નિશાથી છુપાવવાનું તય કર્યું હતું તેના પડઘા શાયદ નિશા સુધી પહોંચવાના હતા !

ઘણા સમય પછી પરિચિત સહેલીને જોઈ નિશા ખુશીથી ખીલી ગઈ.

'કવિતા, આ સપનું તો નથી ને કે તું મારી સામે છે !'

'સપનું નથી, સતપ્રતિસત વાસ્તવિકતા છે. યકીન ના આવતું હોય તો એક થપાટ મારી યકીન કરાવું !'

'ના બાબા ! એની કાંઈ જરૂર નથી.'

'નિશા, આજે સૂર્ય પશ્ચિમમાં ઊગ્યો હોય એવું લાગે છે.'

'એ કેમ ?'

'જોને... આજ સવારથી તારું નામ મારી આગળ-પાછળ, આજુબાજુ રમે છે. સવારે દીપક સાથે પણ તારી જ વાતો કરી.'

'દીપક સાથે !' આશ્ચર્ય પાથર્યું નિશાએ.

કવિતાએ કહ્યું 'હા, દીપક અને વિક્રમ સાથે. તને તો ખબર જ હશે, વડીલોની ઇચ્છાને માન આપીને દીપક મુરતિયો બની મને જોવા માટે મારા ઘેર આવ્યો હતો.'

નિશાની આંખો ઝીણી થઈ.

'નિશા, જિંદગીની રાહમાં અજીબ-અજીબ મોડ આવે છે. ખબર નહોતી કે આવા કોઈ મોડ પર ફરી મુલાકાત થશે.'

'હં... એ તો છે... અચ્છા પછી શું થયું, દીપક તને જોવા આવ્યો હતો તે...'

નિશાનું હૈયુ અંદરોઅંદર વલોવાતું હતું.

ધીમું-ધીમું હસતી કવિતાએ કહ્યું 'થવાનું શું હતું, અમે સામસામે બેસીને ખૂબ વાતો કરી. એકબીજાની પસંદ-નાપસંદ વિશે જાણ્યું. કૉલેજના દિવસો યાદ કર્યા. એ સંબંધ પર મંજૂરીની મહોર મારવી કે નહીં તે ડિસકસ કર્યું.'

'તો શું તમારા દરમિયાન સંબંધ સેતુ રચાઈ ગયો ! એણે પણ 'હા' પાડી !'

કવિતાએ નિશાના હાથ પર પ્રેમથી ટપલી મારી, 'કેવી વાત કરે છે ! એ કદી શક્ય બની શકે ! હું નથી જાણતી કે, તું અને દીપક એકબીજાના ગાઢ પ્રેમમાં છો ! એ કેટલો પ્રેમ કરે છે તને તેની તને કલ્પના નથી ! દીપકે મને સ્પષ્ટ કહી દીધું... કવિતા, આપણા દરમિયાન બીજા કોઈ સંબંધને અવકાશ નથી, સિવાય કે દોસ્તી. નિશા મેં જોઈ છે એનામાં તારા પ્રત્યેના એના પ્રેમની કશિશ. તારો પ્રેમ એની જિંદગી છે, તારો વિયોગ એની જિંદગીનો અંત છે.'

બધું જાણ્યા પછી નિશાના જિસ્મમાં શીતળતા વ્યાપી.

'નિશા, તમારા પ્રેમને આટલાં વર્ષો પછી પણ ખીલેલી સવાર જેવો તાજો ને તાજો જોઈ હું દંગ રહી ગઈ હતી !'

નિશાએ કવિતાનો હાથ પકડી લેતાં કહ્યું 'એ બધું છોડ, મને એ કહે કે દીપક તારી પસંદગીમાં ખરો ઊતર્યો કે નહીં ?'

કવિતા મૂંઝાઈ. એણે નિશાના હાથમાંથી પોતાનો હાથ ધીરેથી ખેંચી લેતાં કહ્યું 'એ વાત છોડ, મેં દીપકને કહ્યું હતું, બીજાના પ્રેમ પર તરાપ મારી એને મારા ગળાની સુંદરતા વધારતો હાર બનાવી લઉં હું એટલી નગુણી નથી. નિશા, પ્રેમ આગળ આવી દરેક પસંદગી પીગળી

જાય છે, બરાબર ?'

'હં...' હકારમાં મસ્તક હલાવતી નિશા આસ્તે-આસ્તે સ્વથી અલગ થઈ રહી હતી. એના જહેનમાં દોડી ગયું... દીપક, તેં મને આ વાતથી કેમ અંધારામાં રાખી ! કવિતાએ નિશાને ઢંઢોળતાં કહ્યું, 'નિશા, ક્યાં ખોવાઈ ગઈ ! પૂતળાની જેમ સ્થિર થઈ ગઈ હતી તું !'

નિશાએ પલક ઝબકાવી સ્વસ્થ થતાં કહ્યું, 'કાંઈ નહીં, સ્વના ઊંડાણમાં ઊતરી ગઈ હતી.'

'નિશા, તારા અને દીપકના મિલનની મને સાક્ષી બનાવીશ ને !'

મુસ્કરાઈને હકારમાં મસ્તક હલાવ્યું નિશાએ.

'જરૂર, જો અમારો પ્રેમ કોઈ મંજિલ પામશે તો તું એની સાક્ષી જરૂર હોઈશ.'

'આ તું શું કહે છે નિશા, સાચો પ્રેમ ચોક્કસ મંજિલ પામે છે.'

'કવિતા... તેં જ તો હમણાં કહ્યું, જિંદગીની રાહમાં અજીબ-અજીબ મોડ આવે છે.' થૂંક ગળી નિશાએ શબ્દો ગોઠવ્યા, 'ન કરે કુદરત ને જિંદગીની રાહમાં એવો કોઈ મોડ આવી જાય, જે મને દીપકથી અલગ કરી દે તો...'

સાંભળીને કવિતાનો ચહેરો થોડો ઝંખવાઈ ગયો. નિશા બોલી તો ગઈ પછી કવિતાનો ઝંખવાયેલો ચહેરો જોઈ બીજી જ ક્ષણે હસી પડી.

'કવિતા... તું તો સિરિયસ થઈ ગઈ. આઈ એમ જસ્ટ જોકિંગ. પ્રભુની મહેર હશે તો મારો અને દીપકનો પ્રેમ ચોક્કસ કોઈ મંજિલ પામશે.'

'તારા હાસ્યમાં અકળ ઉદાસી છે નિશા.'

'એવુ કાંઈ નથી. આજે હું ખૂબ થાકેલી છું એટલે તને એવું લાગે છે. અચ્છા તો હવે હું જાઉં. ફરી મળીશું. બાય.'

કવિતા સાથે હસ્તધનૂન કરી એક ભાર સાથે નિશા ડિપાર્ટમેન્ટલ સ્ટોરમાંથી બહાર નીકળી.

કવિતા એને બહાર જતાં લગી પાછળથી જોઈ રહી.

નિશાએ બહાર આવીને ટૅક્સીને હાથ કર્યો. ટૅક્સીમાં પાછળની સીટ પર બેઠેલી નિશાના જહેનમાં રહી-રહીને સવાલો ઊઠતા હતા...

શા માટે ? દીપક તેં આવું કેમ કર્યું ? મારાથી આ વાત કેમ છુપાવી ? મને અંધારામાં રાખવા પાછળ અવશ્ય કોઈ કારણ હશે, શું છે એ કારણ...

હેડરેસ્ટ પર માથું ઢાળેલી નિશા બંધ આંખે વિચારતી હતી.

* * *

આખા રૂમમાં ઘટ્ટ ખામોશી છવાઈ હતી. છત પર ફરતા પંખાના ફરફરાટ સિવાય તદ્દન નીરવતા હતી.

દીપક અને વિક્રમની સામે વિષ્ણુપ્રસાદ અને રુક્મિણી બેઠાં હતાં. દીપકે કવિતા માટે પોતાની નાપસંદગી જાહેર કરતાં એ બંનેને થોડી હતાશા ઘેરી વળી હતી.

દીપકનો નકાર એમને અફસોસજનક લાગ્યો હતો. કારણ કે, એક સારા પાત્ર પર દીપકે નાપસંદગીની મહોર મારી હતી.

'દીપક, તારી નાપસંદગીની વજહ અમને આશ્ચર્યજનક લાગે છે.' વિષ્ણુપ્રસાદે અકળામણ ઠાલવી, 'કવિતામાં એવી કોઈ કમી નથી જેને લઈ તેની પસંદગી પર તેં ચોકડીનું નિશાન લગાવ્યું છે.'

દીપક અને વિક્રમ ચૂપ રહ્યા. વિષ્ણુપ્રસાદ અને રુક્મિણી અંદરોઅંદર મૂંઝાતાં હતાં.

'એ છોકરીને જોતાં જ મને ગમી ગઈ હતી. એની સાદગી, સદ્ગુણો, બુદ્ધિચાતુર્ય આત્માને

સ્પર્શી ગયાં હતાં. એને સામે ઊભેલી જોઈ એક ક્ષણે તો મને નિશાનું સ્મરણ થઈ આવ્યું હતું. ચહેરા સિવાય બધી જ સામ્યતા !'

હવે વિક્રમ સહેજ ટટ્ટાર થયો અને એના શબ્દો મૂકવા લાગ્યો, 'અંકલ, કવિતાને જોઈને તમને નિશાનું સ્મરણ થઈ આવ્યું. પરંતુ તમે એ કેમ ભૂલો છો... કવિતા, નિશા નથી !'

'વિક્રમ હું સમજ્યો નહીં તારી વાત.'

વિક્રમ સમજી વિચારીને વાત આગળ વધારવા લાગ્યો... 'અંકલ નિશા... નિશા છે. કવિતા, નિશા નથી.'

'વિક્રમ, તારી ગોળ-ગોળ વાતો મારી સમજ બહાર છે, સ્પષ્ટતા કર.'

'સો સિતારા ભેગા મળી જાય તોપણ એ ચાંદ કરતાં વધુ રોશની ન ફેલાવી શકે, અંકલ બરાબર છે ?

'હં...' વિષ્ણુપ્રસાદે માત્ર હંકાર ભર્યો.

'અંકલ, સંસારમાં દરેકનું સ્થાન ચોક્કસ હોય છે. ચાંદ કેટલોય ખૂબસૂરત કેમ ન હોય છતાં એ ચાહે તોપણ ધરતી પર આવી ધરતીની શોભા ન વધારી શકે. કારણ, ચાંદનું ચોક્કસ સ્થાન આસમાનમાં છે. એ જ રીતે આ ઘરમાં જે સ્થાન નિશાનું છે તેની શોભા કવિતા તો શું સ્વર્ગની કોઈ અપ્સરા પણ ન વધારી શકે.'

'શું !'

વિષ્ણુપ્રસાદ અને રુક્મિણી આશ્ચર્યથી ચમક્યાં.

'અંકલ, વાત સ્વચ્છ પાણી જેવી તદ્દન પારદર્શક છે. તમે કવિતામાં નિશાને જુઓ છો, એના બદલે નિશામાં જ નિશાને જુઓ ને !'

દીપકે હળવેકથી વિક્રમનો હાથ દાબી વાત સમેટી લેવાનો અશબ્દ ઇશારો કર્યો. વિક્રમે દીપક તરફ ફરીને કહ્યું..

'તું આજે મને ન રોક દીપક. આજે સમય છે. સંજોગ છે તો જે બધું પરદા પાછળ છે તેને સામે આવી જવા દે.'

'શું પરદા પાછળ છે ?' વિષ્ણુપ્રસાદે ઉત્સુકતાથી પૂછ્યું. વિક્રમે ફરી વિષ્ણુપ્રસાદ તરફ ફરીને કહ્યું, 'અંકલ, એ જ કે દીપક અને નિશા એકબીજાને પ્રેમ કરે છે, પસંદ કરે છે.'

'આઇ ડૉન્ટ બિલીવ !!!'

'ના હોય...!!!'

એકસાથે ઉદ્ગાર ઉગલતા વિષ્ણુપ્રસાદ અને રુક્મિણીની નજર સામ-સામે અથડાઈ.

વિક્રમે વધુ ઉમેર્યું, 'અંકલ, તમે બિલીવ કરો કે ન કરો, આ સત્ય છે. સોના જેવું ખરું સત્ય. અંકલ કવિતામાં કોઈ કમી નથી, તો સામે નિશામાં પણ કોઈ કમી નથી. ખૂબસૂરત છે, સુશીલ છે, સંસ્કારી છે, ભણેલી છે, આજ્ઞાકારી છે. કવિતાની નાપસંદગી માટેનું કારણ દીપક અને નિશાના પ્રેમ સિવાય બીજું કાંઈ નથી. અને અંકલ, બીજી એક ખાસ વાત, તમે એક નહીં બીજી દસ કવિતાને જોવા જવાનું કહેશો તોપણ અંતે પરિણામ આજના જેવું જ આવશે. નો... સોરી... એ છોકરી પસંદ નથી.'

વિષ્ણુપ્રસાદે દીર્ઘ શ્વાસ ભરી પગ પર પગ ચઢાવતાં બિન્દાસ્ત અવાજે કહ્યું..

'તો...હવે વાત અહીંયાં જ છોડી દઈએ.'

'મતલબ...!'

'અરે વિક્રમ... જ્યારે સામે જ ખળખળ વહેતી નિર્મળ નદી હોય તો કોઈ આચમન માટે બીજા પાણીની આશ રાખે જ શું કામ ! આની અને નિશાની પ્રેમ-કહાની જો મને પહેલેથી ખબર હોત તો આના માટે જીવનસંગિની શોધવાની હું મહેનત જ ના કરત ! અરે ભાઈ...

જ્યારે ધરતી પર જ ચાંદ મળતો હોય તો કોઈ આસમાન તરફ હાથ શું કામ લંબાવે !'
વિક્રમ, વિષ્ણુપ્રસાદ અને રુક્મિણી એકસાથે હસી પડ્યાં. દીપકના હોઠ હળવા સ્મિતથી ખેંચાયા.
'દીપક, મેં તને ગઈકાલે પૂછ્યું ત્યારે તારે મને તારી પસંદ વિશે જણાવી દેવુ જોઈએ ને !'
દીપકે નતનજરે જ કહ્યું, 'જણાવી દેવાની ઘણી ઇચ્છા થઈ હતી, છતાં મનની ઇચ્છા મનમાં રહી ગઈ. અને તમે પ્રકાશ અંકલને વચન આપ્યું હતું એટલે મારે ફોર્માલિટી માટે પણ એક વાર એમને ત્યાં જવું પડત. તમારું વચન જૂઠ સાબિત થાય એવું હું કદમ ઉઠાવી ન શકું.'
દીપકના શબ્દો સાંભળીને વિષ્ણુપ્રસાદ અને રુક્મિણીનાં હૈયાં ગદગદિત થઈ ગયાં. એ બંનેએ મોઢામાં મોઢું પરોવી એકબીજા સાથે થોડી ગુફતેગો કરી લીધી. પછી વિષ્ણુપ્રસાદે ખોંખારો ખાતાં કહ્યું...
'અમને પણ નિશા પસંદ છે. એ આ ઘરની શોભા વધારે તે અમને પણ ગમશે. હા... હવે પ્રકાશભાઈને કેવી રીતે ઇનકાર પાઠવવો તે વિચારવું પડશે.'
વિક્રમ આછું-આછું હસ્યો, 'અંકલ, એ તમારે વિચારવાની જરૂર નથી. કવિતા, દીપક અને નિશાના પ્રેમથી અજાણ નથી. એ ખુદ એના પિતાને ઇનકાર જતાવવાની છે.'
'ઓહ ! તો પ્રેમની બુંદે-બુંદ પથરાઈને રચાયેલા વર્તુળમાં દીપક, નિશા સાથે વિક્રમ, શીતલ અને હવે કવિતા પણ સામેલ છે !'
'જી અંકલ.'
વિષ્ણુપ્રસાદે થોડી ક્ષણો વિચાર્યું પછી પૂછ્યું, 'અચ્છા, મેજર અને વિદ્યાબહેનને આની જાણ છે ? આઈ મીન દીપક અને નિશાના પ્રેમ...'
'હજી સુધી તો નથી, અંકલ.'
'હં...' વિષ્ણુપ્રસાદે બે ક્ષણ વિચાર્યું પછી કહ્યું, 'ડૉન્ટવરી, હવેની બાજી હું સંભાળીશ. યોગ્ય સમય જોઈને હવે આ વાત હું એમના કાને ધરીશ. અને...'
'દીપક...' બહારથી ઘરમાં આવતી નિશાએ સાદ દીધો, 'દી...પ...ક...'
વિક્રમ ધીરેથી ગણગણ્યો, 'અંકલ-આન્ટી, લો આવી ગઈ તમારી પુત્રવધૂ, હવે એને પોંખવાની તૈયારી કરો !'
'આવવા દો એને ઘરમાં.' વિષ્ણુપ્રસાદે હુકમ છોડ્યો, 'તમારા બંનેમાંથી કોઈ એની સાથે વાત નહીં કરે. હું અને તારી મા જ એની સાથે વાત કરીશું, અન્ડરસ્ટેન્ડ...'
ડિપાર્ટમેન્ટલ સ્ટોરમાંથી શોપિંગ કરી પાછી આવેલી નિશા ઘેર સામાન મૂકી અધ્ધરશ્વાસે સીધી દીપકના ઘર તરફ વળી હતી, ઘેર આવી એણે પાણી પણ નહોતું પીધું.
અધ્ધરશ્વાસે ઊડતી-દોડતી એ દીપકના ઘરમાં પ્રવેશી ત્યારે દીપક અને વિક્રમ મસ્તક ઝુકાવી વિષ્ણુપ્રસાદ અને રુક્મિણીની સામે બેઠા હતા.
ચોક્કસ કાંઈક અવળું થયું — ખ્યાલ મનમાં દોડી જતાં એનો ચહેરો કરમાઈ ગયો. બીજી કોઈ જગ્યા બેસવા માટે ન મળતાં એ વિષ્ણુપ્રસાદ અને રુક્મિણીની વચ્ચે સોફામાં બેસી ગઈ.
કોઈ કરતાં કોઈ જ બોલતું નહોતું. ધડકતા હૈયે એણે વારાફરતી બધા પર નજર ફેરવી.
દીપક અને વિક્રમને એમ હતું કે નિશાને હજી કવિતા વિશે કાંઈ ખબર નથી. પરંતુ એ બંનેને એ ખબર નહોતી કે પોતે જે વાત છુપાવવાનું નક્કી કર્યું હતું તે વાતને નિયતિ પોતાની પીઠ પર ધરી નિશા લગી પહોંચાડી આવી છે.
દીર્ઘ શ્વાસ લઈ ફેફસાંમાં હવા ભરી જિગર કઠણ કરી સુકાતા કંઠે નિશાએ કહ્યું..
'સાંભળ્યું કે, તું મુરતિયો બની કવિતાને જોવા માટે ગયો હતો.'

નતમસ્તક દીપક અને વિક્રમની અથડાતી નજરોમાં એકસરખો સવાલ ઉદ્ભવ્યો... આને કોણે કહ્યું ?

નિશાએ નીચા નમી દીપક સાથે નજર મિલાવવાનો પ્રયત્ન કરતાં પૂછ્યું, 'કવિતા ઘણી ખૂબસૂરત છે ? તને પસંદ પડી ?'

'હા.' વિષ્ણુપ્રસાદે સપાટ શબ્દોમાં કહ્યું, 'દીપકને કવિતા પસંદ છે, દીપક એ સંબંધથી રાજી છે.'

'જી...!' તરડાતા અવાજે ખળભળીને નિશા એકદમ સોફામાંથી ઊભી થઈ ગઈ.

ચૌદ

નિશા ખળભળીને એકદમ સોફામાંથી ઊભી થઈ ગઈ.

'તને શું થયું !' વિષ્ણુપ્રસાદે કહ્યું, 'તું કેમ આટલી ભડકે છે ! બેસ... શાંતિથી બેસ.'

નિશા કરમાયેલા ફૂલની જેમ ચીમળાઈને ફરી સોફામાં બેસી ગઈ. એનો સફેદ પડી ગયેલો ચહેરો જોઈ વિષ્ણુપ્રસાદ અને રુક્મિણી એકબીજા પ્રતિ જોઈ મલકાયાં. પછી વિષ્ણુપ્રસાદે ફરી કહ્યું...

'નિશા... સાંભળ્યું છે... કવિતા તારી ફ્રેન્ડ છે ! અમને થોડું કવિતા વિશે જણાવ. એ કેવી છોકરી છે ? સંસ્કારી છે કે નહીં ? વગેરે...'

નિશા પથ્થરના પૂતળાની જેમ સ્થિર થઈ ગઈ હતી. વિષ્ણુપ્રસાદે એના ખભે હાથ મૂકીને ઢંઢોળી.

'જી...!' નિશા એકદમ ચમકી, પછી કહ્યું 'કવિતા... એકદમ ખૂબસૂરત, સંસ્કારી અને સારી છોકરી છે. હવે હું જાઉં.'

એ ફરી સોફામાંથી ઊભી થઈ ગઈ.

'અરે... જાય છે ક્યાં ? તું બેસ. મારે તારી સાથે સલાહ-મસવરા કરવી છે.'

'જી...! શું સલાહ-મસવરા કરવી છે !'

એ ફરી ઢીલી થઈને સોફામાં બેસી ગઈ.

'નિશા, યોગ્ય પાત્ર પસંદ પડી જાય પછી વહેલી તકે લગ્ન લઈ લેવાં જોઈએ. દેર કરવામાં દુરસ્તી નથી. તારું શું માનવું છે ?' વિષ્ણુપ્રસાદે હાસ્ય દબાવીને પૂછ્યું.

'અંકલ, હું શું કહી શકું.' એના અવાજમાં ઊંડી નિરાશા ઓગળી ગઈ હતી, 'આ તમારા ઘરની વાત છે. તમને જે યોગ્ય લાગે તેવો નિર્ણય તમારે લેવો જોઈએ.'

વિષ્ણુપ્રસાદે તર્જનીથી નિશાનો લટકી પડેલો ચહેરો ઊંચક્યો, 'કેમ, તું આ ઘરની નથી ?'

નિશા રડમસ થઈ ગઈ હતી, એણે નજર ચુરાવી, કાંઈ ન બોલી, બીજી તરફ ફરી ગઈ.

થોડી વાર રૂમમાં મૌન છવાઈ રહ્યું. પછી વિષ્ણુપ્રસાદ ફરી બોલ્યા...

'તેં કોઈ જવાબ ન આપ્યો નિશા, તું આ ઘરની છે કે નથી ?'

'આઈ ડૉન્ટ નો.' નિશાનો અવાજ દદળી ગયો, 'મને ખબર નથી. કદાચ છું... કદાચ નથી...' એણે નરોવા-કુંજરોવા કર્યું.

'તોપણ...' પૂછતાં વિષ્ણુપ્રસાદ રુક્મિણી બાજુ જોઈને મલકાયા.

'હવે બસ કરો...' રુક્મિણીએ વચ્ચે પડી વિષ્ણુપ્રસાદના અસહ્ય સવાલોનો માર ઝીલતી નિશાને પોતાની પાસે ખેંચી લઈ છાતીએ વળગાળી લેતાં કહ્યું, 'તમે રડાવશો મારી બચ્ચીને.'

નિશાની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં હતાં. રુક્મિણીએ એના માથે મમતાથી હાથ ફેરવ્યો.

વિષ્ણુપ્રસાદે ગરુરભર્યા અવાજે કહ્યું, 'એની સજા એ જ છે કે એ રડે.'

નિશાના ગળામાંથી ડૂસકું સરી પડ્યું.

'મારાથી કાંઈ ભૂલ થઈ ગઈ હોય તો માફ કરો. પરંતુ આવા તીખા અસહ્ય સવાલોના તીરથી મારું કાળજું ન વીંધો.'

એણે ભીની આંખો રુક્મિણીના ખભે દાબી દીધી.

રુક્મિણીએ નારાજગી જતાવી, 'આખરે તમે રડાવી જ દીધી મારી દીકરીને !'

'ભલે રડે...' વિષ્ણુપ્રસાદ હસતા-હસતા બોલ્યા, 'એણે અને દીપકે જે વાત આપણાથી

છુપાવી હતી તેની સજા એને મળી ગઈ.'

'કઈ વાત અમે તમારાથી છુપાવી હતી ?' નિશાએ ઓગળતા અવાજે પૂછ્યું. એણે બંને હથેળીથી આંખોનાં આંસુ લૂછ્યાં.

રુક્મિણીની છાતીએ વળગેલી એને વિષ્ણુપ્રસાદે પોતાની પાસે ખેંચી લેતાં કહ્યું, 'તમારા બંને વચ્ચે ખીલેલા પ્રેમના મહેકતા ફૂલની ખુશ્બો છેક આજે અમારા સુધી પહોંચી છે.'

'જી...!' તરડાતા અવાજે બોલતી એ ઊભી થઈને સડસડાટ દરવાજા તરફ વળી.

'રુક...' વિષ્ણુપ્રસાદે આદેશ આપ્યો, 'પાછી આવ.'

નતમસ્તકે પાછી આવી એ વિષ્ણુપ્રસાદ અને રુક્મિણીની સમક્ષ આવીને ઊભી રહી.

'બેસ.' વિષ્ણુપ્રસાદે કહેતાં એ ફરી વિષ્ણુપ્રસાદ અને રુક્મિણીની વચ્ચે બેસી ગઈ. એનું મસ્તક ઝૂકેલું હતું.

વિષ્ણુપ્રસાદે એના ધવલ ગાલે હાથ ફેરવ્યો, 'નિશા, બેટી અગર તું આ ઘરનો હિસ્સો છે તો અમને મંજૂર છે. અને જો આ ઘરનો હિસ્સો ન હોય તો બનીશ ? અમને ઘણો આનંદ થશે.'

શરમાહટની લાલીમઢ્યા નિશાના હોઠ સ્મિતથી ખેંચાયા. આંખો ઢળેલા એના ગૌર ચહેરે શરમની રતાશ ચઢી આવી હતી.

'આનો જવાબ હું ન આપી શકું, ફક્ત મેજર અને મોમ આપી શકે.'

'યાને કી માતા-પિતાની ઇચ્છા પર બધું નિર્ભર છે.'

'મારો જન્મ એમની ઇચ્છા પર નિર્ભર હતો, તો પછી મારી જિંદગીના મહત્ત્વના ફેંસલા પણ એમની ઇચ્છા પર જ નિર્ભર હોવાના.'

'તારા શબ્દો સુસંસ્કારનું પ્રમાણ આપી જાય છે.' કહેતાં રુક્મિણીએ બંને હથેળીમાં એનો ચહેરો લીધો, 'મારા દીપકની નિશા બનીશ બેટી !'

નિશા ખુશીથી ખીલી જઈ રુક્મિણીને વીંટળાઈ ગઈ. રુક્મિણીએ એના માથે મમતાથી હાથ ફેરવ્યો. થોડી વારે એ સ્વસ્થ થઈ દીપક તરફ ફરી.

'દીપક, કવિતાને જોવા જવાની વાત તેં મને કરી હોત તો હું એંતરાજ થોડી જતાવવાની હતી ! તું ત્યાં જવાનો ઇન્કાર કરત તો હું સામેથી તને કહેત કે, માતા-પિતાના વચનનું પાલન કરવું, એમની ઇચ્છાને માન આપવું દરેક સંતાનનું પ્રથમ કર્તવ્ય છે.'

દીપકે સહેજ નિશા તરફ ઝૂકતાં કહ્યું, 'મેં વિચાર્યું કે આ વાત તારા દિલને ઠેસ પહોંચાડશે, એટલે તને કહેવાનુ મુનાસીબ ન માન્યું.'

વિષ્ણુપ્રસાદે ખોંખારો ખાધો, 'હવે તમે બંને તમારા ગીલા-શીકવા બહાર જઈને દૂર કરો. અને અમને શાંતિથી વિચારવા દો કે આગળ શું કરવું.'

ઊભી થયેલી નિશાએ વિષ્ણુપ્રસાદ અને રુક્મિણીના ચરણસ્પર્શ કર્યા.

'અંકલ-આન્ટી અકસર હું તમારા ચરણસ્પર્શ કરું છું. આજે એક નવા સંબંધે ચરણસ્પર્શ કરી રહી છું. આશીર્વાદ આપો.'

વિષ્ણુપ્રસાદ અને રુક્મિણીએ નિશાના માથે હાથ ફેરવ્યો. ખુરશીમાંથી ઊભા થયેલા વિક્રમે વિષ્ણુપ્રસાદ અને રુક્મિણી બાજુ હાથ જોડતાં કહ્યું...

'અંકલ-આન્ટી હવે મને પણ રજા આપો. શીતલ રાહ જોતી હશે.'

'ઠીક છે બેટા, સંભાળીને જજે.'

નિશા, દીપક અને વિક્રમ ઘરમાંથી બહાર આવ્યાં પછી નિશાએ કહ્યું

'વિક્રમ, આજે હું શીતલની બરાબર ખબર લઈશ. એણે પણ મને કવિતાવાળી વાતથી અંધારામાં રાખી !'

વિક્રમ હસ્યો, 'ઠીક છે, તારે જે ડાંટ-ફટકાર એને આપવી હોય તે આપજે. હવે હું જાઉં

છું, બાય.'

'બાય.' નિશાએ કહ્યું.

વિક્રમના ગયા પછી દીપક અને નિશા બગીચામાં હીંચકે બેઠાં.

* * *

મેજર બત્રાએ રિસીવર ઊંચકતાં સામેથી શબ્દો સર્યા... 'હલો મેજર બત્રા... હું રેણુકાબહેન બોલું છું.'

'બોલો-બોલો, અમે તમારા ફોનની રાહ જોતાં હતાં, ઘણા દિવસો સુધી તમે ફોન ન કર્યો એટલે વિચાર્યું હતું કે, આજે તમને ફોન કરીશ, એટલામાં સામેથી તમારો ફોન આવ્યો. તમારી તબિયત સારી હશે એવી આશા રાખું છું.'

'મારી તબિયત બિલકુલ સારી છે. ઘરમાં જ ડૉક્ટર હોય તો બીમારી ઘરમાં પ્રવેસતાં પહેલાં સો વાર વિચારે !'

બંને એકસાથે હસી પડ્યાં.

'એ તો છે... અચ્છા, રાજેશ શું કરે છે ?'

'પરમ દિવસ પછી દસ દિવસ માટે ફ્રી છે. એટલે અમે પરમ દિવસે તમારે ત્યાં આવી પહોંચીશું.'

'ઠીક છે. મોસ્ટ વેલકમ.'

'અચ્છા, વિધાબહેન અને નિશા શું કરે છે ?'

'તમારી સહેલી અત્યારે ઘરમાં હાજર નથી. અને નિશા જૉબ પર ગઈ છે.'

'ઠીક છે, બંનેને અમારી યાદ આપજો. ચાલો ફોન મૂકું છું.'

'ઓ.કે. વહેલાં આવજો.' કહી રિસીવર કેડલ કરી સોફામાં બેઠેલા મેજરે નિરાંતનો લાંબો શ્વાસ ભર્યો ત્યાં વિધાબહેન ઘરમાં આવ્યાં.

'તું સહેજ મોડી પડી. હમણાં જ રેણુકાબહેનનો ફોન હતો.'

'શું કહેતાં હતાં ?'

'પરમ દિવસે એ લોકો આવે છે.'

'ચાલો સરસ.'

મેજરની જેમ વિધાબહેને પણ નિરાંતનો શ્વાસ ભર્યો.

* * *

આજે ફરીથી દીપકની બાઇક પર બેસતી કોમલને જોઈ નિશાની આંખોમાં શંકાનાં સાપોલિયાં સળવળી ગયાં. ઝડપથી રોડ ક્રોસ કરીને આવેલી એણે બાઇક ગતિશીલ થાય તે પહેલાં બાઇકના સ્ટિયરિંગ પર હાથ રાખી દીધો.

એને જોતાં જ દીપકની આંખો વિસ્ફારિત થઈ અને કોમલ પથ્થરની જડ પૂતળી થઈ ગઈ.

તીવ્ર નજર દીપકની આંખોમાં પરોવી રાખી નિશાએ કોમલનો હાથ પકડી બાઇકની પાછલી સીટ પરથી ઉતારી પોતાની સાથે લીધી. અને એ હાથ લંબાવે તે પહેલાં એક ટૅક્સી એની પાસે આવીને ઊભી રહી.

'નિશા, કહાં જાના હૈં ?' ટૅક્સી ચાલક ઇસ્માઈલે દરવાજાની વિન્ડોમાંથી માથું બહાર કાઢીને કહ્યું, 'ચલો બૈઠો.'

કોમલનું બાવળું પકડી નિશાએ બળજબરીથી એને ટૅક્સીની પાછલી સીટ પર ધકેલી દઈ દીપક તરફ જોયું. અને આંખોના ઇશારાથી જ ફોલો મી... કહી દઈ પોતે પણ ટૅક્સીની પાછલી સીટ પર બેઠી. ચહેરાની કઠોરતા દાબી એણે ઇસ્માઈલને કહ્યું...

'ઇસ્માઈલ, ઇતને દિનો કે બાદ ! કહાં-કીસ દુનિયામેં રહેતે હો ભાઈ !'

'ઈસી દુનિયા મેં રહેતા હું, મેરી બાત છોડ
ઔર નિશા તુમ કૈસી હો, સબ ખૈરિયત !'

કોઈ જવાબ ન આપતી નિશાએ કોમલ પર નખશિખ નજર ફેરવી. કોમલ અશબ્દ નતમસ્તક હતી. એના હૃદયના ધબકારા વધી ગયા હતા.

કોમલને તીવ્રતાથી જોઈ રહેલી નિશા પણ ચૂપ હતી. એનાં જડબાં ગુસ્સાથી કઠણ થઈ ગયાં હતાં.

દોડતી ટૅક્સીની પાછળ દીપકની બાઇક દોડતી હતી. ઈસ્માઇલ મુંબઈના ટ્રાફિકને ચીરીને સડસડાટ ટૅક્સી હંકારતો હતો.

* * *

નિશા, દીપક, કોમલ, ઈસ્માઇલ ઊડતી સૂકી રેતના પટ પર ઊભાં હતાં. નિશાનું હૈયું ઊછળતું હતું, અંતર ચિત્કારતું હતું.

'શું સંબંધ છે તમારા બંને વચ્ચે ?' એના આ શંકાપ્રચુર સવાલે દીપક અને કોમલનાં હૈયાં હચમચાવી દીધાં હતાં.

ખામોશીના ખરલમાં એનો વજનદાર સવાલ ઘૂંટાઈ રહ્યો હતો. હવે એમાંથી નીકળતો અર્ક મીઠો મધુરો હશે કે કડવો વખ તે તો દીપક અને કોમલ સિવાય કોઈ જાણતું નહોતુ.

'તારું મન શંકાના સુનામીમાં ખેંચાઈ રહ્યું છે તે હું જાણી શકું છું.' દીપકે લૂલો બચાવ કરવાનો પ્રયત્ન કર્યો.

'આ મારા સવાલનો જવાબ નથી, દીપક.'

નિશાના શબ્દોમાં શૂળ જેવી ચુભન હતી.

'અમુક સંબંધોનાં નામ ન હોય નિશા.' આ વખતે કોમલે પરદો ઢાંકવાનો પ્રયત્ન કર્યો.

દીપક તરફ જોઈ રહેલી નિશાએ ફરીને તીક્ષ્ણ આંખો કોમલ પર ઠેરવી.

'કોમલ, જે સંબંધોનાં નામ ન હોય તે સંબંધો નાજાયજ કહેવાય છે.'

નિશાના શબ્દો કોમલના અંતરને વીંધીને આરપાર નીકળી ગયા. ચૂપ થઈ ગઈ કોમલ.

'અને કોમલ, નાજાયજ સંબંધોમાંથી હંમેશાં વાસનાની બૂ આવે છે.'

'અમારા સંબંધો નાજાયજ નથી.' દીપકે ભારે અવાજે કહ્યું, 'તારી આંખો અને મનમાં શંકાનું વિષ ઓગળેલું છે.'

'તું જે માને તે.' નિશા ફરી દીપક તરફ ફરી, 'હું સ્ત્રી છું, મારા મનમાં તમને બંનેને સાથે જોઈને જે રોપાયું છે તેનો હું ખુલાસો માગું છું. અને મને એ ખુલાસો માગવાનો લગભગ અધિકાર છે, એમ આઈ રાઇટ ?'

'યા. તને ખુલાસો માગવાનો ચોક્કસ અધિકાર છે. નિશા.'

'દીપક, તને અને કોમલને સાથે જોતાં જ મારા દિમાગની દીવાલો પડઘા પાડે છે કે, જે તું કોમલમાં શોધે છે, જે કોમલ પાસેથી અપેક્ષા રાખે છે તેના માટે હું ક્યાં અયોગ્ય છું ! અને કોમલને જોઈને એક જ વિચાર દોડી જાય છે... આના જિસ્મ પર કેટલા પુરુષોની પરછાઈ આળોટી ચૂકી હશે !'

અસહ્ય અપમાન ગળી જતી કોમલ મોઢે હાથ દાબી બે ડગલાં દૂર હટી ગઈ. દીપકે કસીને નિશાના મખમલી ગાલે તમાચો જડી દીધો. સમસમી ગઈ િનશા. કોમલે દીપકના ખભે હાથ રાખી વધારે બખેડો ન કરવા અશબ્દ ઇશારો કર્યો.

'શ્...' દીપકે દાંત ભીંસીને કહ્યું, 'આટલું હલકું વિચારતાં પહેલાં તેં મારા પરના તારા વિશ્વાસને ટટોલી ન જોયો નિશા ! મનની વાત સાંભળીને તેં મારા અને કોમલના સંબંધને નાજાયજ જેવી ગાળ આપતાં પહેલાં એક ક્ષણ અટકી દિલની વાત ન સાંભળી.'

'દીપક, મારું મન તમને બંનેને દોષિત કરાર સુનાવે છે, જ્યારે દિલ નિર્દોષતાનું પ્રમાણ પાઠવે છે. અને તારા પરનો મારો વિશ્વાસ ડગ્યો નથી અને ડગશે પણ નહીં.'

'ઓહ શીટ્.' દીપકે બંને હાથે પોતાનું માથું દબાવ્યું, 'તો પછી ક્યા સબૂતને આધારે અમારા સંબંધો પર તારી શંકા ઝરઝરી રહી છે !'

'મારી સાથે સાંજ દરિયાકિનારે વિતાવવાનું કહ્યા પછી તું એ સાંજ કોમલ સાથે ક્વૉલિટી હોટલના રૂમ નંબર એકસો ત્રણમાં રંગીન કરી આવ્યો હતો.'

'શટ્ અ...પ...' બરાડો નાખતી કોમલ બીજી ક્ષણે હાથ જોડીને કરગરી, 'એ સાંજ યાદ ન કરાવીશ નિશા ! પ્લીઝ...'

'કેમ.' નિશા કોમલ તરફ ફરી, 'ચારિત્ર પર લાગેલા ડાઘને સ્પર્શતા હાથ દાઝે છે !'

'હું તો બદનામ પંછી છું નિશા. મારા ચારિત્ર પર અનેક બદનામીના તું ધબ્બા લગાવી દે, પણ આ દેવ સમાન ઇન્સાન પર બદનામીનો ડાઘ સત્ય જાણ્યા વિના મહેરબાની કરીને ના લગાવ.'

નિશાએ કોમલ તરફ તીવ્રતાથી આંગળી ચીંધી, 'તો સત્ય શું છે તે જણાવ. અને... જો ફક્ત અને ફક્ત સત્ય જ જણાવવાની હોય તો જ શબ્દોને સૂર આપજે, અન્યથા ચૂપ જ રહેજે.'

કોમલે દીપક પાસે આવી હાથ જોડીને કહ્યું, 'મેં તને વચન આપ્યું હતું દીપક, એ સાંજે આપણા દરમિયાન જે થઈ ગયું તેનો અણસાર બીજાને નહીં આવવા દઉં. મને મારા ચારિત્ર પર લાગતા ડાઘનો ડર નથી, પણ આજે મારી સાથે તારા ચારિત્ર પર આંગળી દબાઈ રહી છે તો હું ચૂપ નહીં રહું.'

'કોમલ...' દીપકે દાંત ભીંસ્યા, 'કોઈ ખુલાસો આપવાની જરૂર નથી આને. અરે જેને...'

કોમલે હાથના ઇશારાથી દીપકના શબ્દોને અટકાવી દીધા. પછી નિશા પાસે આવી.

'નિશા, તે સાંજે હું લિફ્ટ માટે કોઈક બાઇકવાળાને હાથ કરતી હતી તે તેં જોયું હતું. રોજ હું લિફ્ટ માટે હાથ લંબાવું છું તે તારી જાણ બહાર નથી. આમ કરવા પાછળ મારી મજબૂરી છે. બીમાર માની દવાઓના ખર્ચા કાઢવા માટે મારે ટ્રાવેલિંગનો ખર્ચ ઘટાડવો પડે છે. ગરીબી અને બીમારી જ્યારે એકસાથે કોઈના ઘરમાં વાસ કરે ત્યારે ઇન્સાનને તોડી નાખે છે. તે દિવસે હું તૂટી ગઈ હતી. માની બીમારીના ઇલાજ માટે મારે રૂપિયાની જરૂર હતી, એટલે મેં નક્કી કરી લીધું હતું કે જિસ્મ વેચીને રૂપિયા લાવી માની બીમારીનો ઇલાજ કરાવીશ.'

કોમલના શબ્દો સૂકા પાંદડાની જેમ કાંપતા હતા.

'તે દિવસે અનાયાસે દીપકે મને લિફ્ટ આપી. હું એને ક્વૉલિટી હોટલ લઈ ગઈ. અમે બંને રૂમ નંબર એકસો ત્રણમાં ગયાં.'

ટૂંકો શ્વાસ લઈ કોમલે જિગર કઠણ કરીને વધુ કહ્યું...

'મજબૂરીના હાથે તે દિવસે હું પહેલી વાર મારું જિસ્મ કોઈ પુરુષને કમને ધરી દેવાની હતી. હું ગભરાતી હતી, કતરાતી હતી આમ કરવાથી, એક ક્ષણે મને રૂમ છોડીને નાસી જવાની ઇચ્છા થઈ હતી. પણ પગોમાં બંધાયેલી મજબૂરી અને લાચારીની જંજીરે મને ખેંચીને બિસ્તર પર સુવડાવી દીધી. મને બરાબર યાદ છે...'

કોમલની આંખો સામે અતીત દૃશ્યમાન થવા લાગ્યો...

'દીપક મારાથી દૂર રૂમના બંધ બારણા પાસે ઊભો હતો. મેં ડ્રેસનો દુપટ્ટો ગળા પરથી ઉતારી બાજુ પર નાખ્યો એટલે એણે નજરે ઝુકાવતાં કહ્યું...

'પ્લીઝ તમે બાથરૂમમાં જઈને કપડાં બદલો. અને જલદી ચાલો, હું તમને તમારા ઘેર છોડી દઉં. ક્યાંક કોઈક મારી રાહ જોઈ રહ્યું છે.'

'જેવી તમારી ઇચ્છા. તમને ઉતાવળ હોય તો મને વાંધો નથી. આ રૂમ બે કલાક સુધી

આપણા માટે છે. હું પહેલાં સ્પષ્ટતા કરી દઉં, આ રૂમનું ભાડું તમારે ચૂકવવાનું છે. અને પાંચસો રૂપિયાની ઉપર તમે મને જે આપશો તે હું વિના બોલ્યે સ્વીકારી લઈશ.'

દીપકે પાસે આવીને મારા ગાલે તમાચો જડી દઈ મારી ઉઘાડી છાતીએ દુપટ્ટો ઢાંકી દીધો.

'સાલી, સમજે છે શું તું મને ! તારા જેવી રેડલાઈટ સાથે વાસનાનાં ઊભરા સંતોષતો પુરુષ હું તને લાગું છું !'

એ ઝડપથી બારણા તરફ વળ્યો. મેં એની સામે હાથ જોડીને કરગરતાં કહ્યું..

'આમ તરછોડીને ન જાવ. હું રોજ રાત્રે જિસ્મફરોશીનો ધંધો નથી કરતી. મારી મજબૂરી મને આજે પહેલી વાર અહીંયાં ખેંચી લાવી છે. મારી મા બીમાર છે. એના ઇલાજ માટે મારે રૂપિયાની જરૂર છે, એટલે મને-કમને હું જિસ્મ વેચવા તૈયાર થઈ છું.'

મેં એના પગ પકડી લીધા.

'જૂઠ... જૂઠ ટપકે છે તારી ગંદી જબાનેથી. મને ખબર હોત કે આટલા માટે તું મને અહીંયાં લાવવાની છે તો હું તને રસ્તામાં જ ઉતારી દેત.'

'પ્લીઝ મારો વિશ્વાસ કરો. હું જૂઠ નથી બોલતી. હું મજબૂર છું. મારી બીમાર મા-ના સમ.'

એણે મારા બંને ખભા પકડીને મને ઊભી કરી.

'જો આ સત્ય છે, તો હું મારી આંખોથી જોવા ઇચ્છીશ.'

'તે માટે હું તૈયાર છું. પણ સત્ય સામે આવ્યા પછી તમારે મને રૂપિયા આપવા પડશે. અને અત્યારે આ રૂમનું ભાડું ચૂકવવાના રૂપિયા મારી પાસે નથી.'

'એની તું ચિંતા ના કર, એ હું ચૂકવી દઈશ.'

હું એની સાથે હોટલમાંથી બહાર આવી.

'થેન્ક્સ' મેં કહ્યું, 'હું તમારું નામ જાણી શકું છું ?'

'દીપક.'

બાઇકની પાછલી સીટ પર બેસતાં મેં કહ્યું..

'હું કોમલ. દીપક આજે મજબૂરીએ મને... આમ તો હું અવંતિકા ફાર્મામાં જૉબ કરું છું.'

'ઓહ ! તો-તો નિશાને પહેચાનતી હોઈશ.'

'ખૂબ સારી રીતે. પણ તમે નિશાને... કઈ... રીતે...'

'કોમલ, હું અને નિશા એકબીજાના પ્રેમ...'

ઘેર આવેલો દીપક મારા ઘરની હાલાત અને માની બીમારી જોઈ પીગળી ગયો. થોડી વાર મા પાસે બેસી એના ખબર-અંતર પૂછી પછી બહાર આવીને એણે મારી મુઠ્ઠીમાં એક હજાર રૂપિયા દબાવ્યા. હું નતમસ્તક થઈ ગઈ એની આગળ.

'દીપક, તેં મારી મદદ કરી છે. આના બદલામાં તું કહેશે ત્યારે હું આ જિસ્મ તારા હવાલે કરવા તૈયાર રહીશ.'

એણે મારા ગાલે બીજો તમાચો માર્યો.

'હવે આવી હલકી વાત કરીશ અથવા આવું વિચારીશ તોપણ હું તને તમાચો મારીશ. કોમલ તારા જિસ્મની લાલચ મને હોત તો હોટલમાં જ મેં એ ચૂંથી લીધું હોત. મેં તને મારા અને નિશાના નિર્દોષ, પવિત્ર પ્રેમ વિશે કહ્યું છે. હું નિશા સાથે દ્રોહ ન કરી શકું. અને હા... તારે જ્યારે રૂપિયાની કે બીજી કોઈ મદદની જરૂર હોય તો મને ફોન કરી દેજે, હું હાજર થઈ જઈશ. રૂપિયા માટે તારે તારી પવિત્રતા વેચવાની જરૂર નથી.'

અતીત બયાન કરી ગયેલી કોમલની આંખોમાં નમી ચઢી આવી હતી. દીપક, નિશા, ઇસ્માઈલ અબોલ હતાં.

'નિશા, તે દિવસે દીપકે મને પતિત થતાં બચાવી હતી. અમારા નામ વિનાના સંબંધને નિભાવવા એ હંમેશાં મારી પડખે ઊભો રહ્યો. મેં આ વાત કોઈને ન કહેવાનું દીપકને વચન આપ્યું હતું. પણ તેં આજે એના ચારિત્ર, એની નિયત પર શંકાનાં વાદળ વરસાવ્યાં એટલે મેં મારું વચન તોડ્યું. નિશા, તું ખુશકિસ્મત છે, તને દીપક જેવો દિલબર મળ્યો છે, તેં તારા નિર્દોષ પ્રેમી પર શંકા કરી પાપ કર્યું છે.'

નિશા બંને હથેળીમાં ચહેરો છુપાવી રડી પડી. દીપકે એને પોતાની છાતીએ ખેંચી લઈ સમજાવી-સરાહીને શાંત પાડી.

પંદર

દીપકે રડતી નિશાને પોતાની છાતીએ ખેંચી લઈ સમજાવી-સરાહીને શાંત પાડી.

તૂટતા અવાજે નિશાએ એકરાર કર્યો, 'મારાથી મોટી ભૂલ થઈ ગઈ દીપક. શંકાની આગોશમાં સપડાયેલી હું આંધળી થઈ ગઈ હતી. આજે આંખો ખૂલી તો મારો અંતરઆત્મા મને ડંખી રહ્યો છે.'

દીપકે એના માથે હાથ ફેરવતાં-ફેરવતાં કહ્યું, 'એક રીતે સારું જ થયું નિશા. મનમાં રહેલા ઝેરના બધા કટોરા આજે બહાર ઢોળાઈ આવ્યા. નહીંતર આ શંકાના ઝેરથી આપણા ત્રણમાંથી કોઈનું અસ્તિત્વ નંદવાઈ જાત. જે થયું તે સારું થયું.'

નિશાએ પોતાની આંખો લૂછી દીપકની આંખોમાં આંખો પરોવી, 'દીપક, હવે ભૂલીને પણ આવી ભૂલ નહીં કરું. તારા અને કોમલના પવિત્ર સંબંધો પર મારી નાદાની શંકા કરી બેઠી તે બદલ તમે બંને મને ક્ષમા કરો. તેં સાચું કહ્યું હતું દીપક, જે સંબંધોના નામ ન હોય તે બધા સંબંધો નાજાયજ ના કહેવાય. તારી વાત હવે હું સમજી શકી છું.'

કોમલે નિશાના ખભે હાથ મૂક્યો. નિશાએ કોમલનો હાથ પકડી લીધો. કોમલે નિશાના કોમળ ગાલે હાથ ફેરવતાં કહ્યું,

'નિશા, જાણે છે તારી આ શંકા પાછળ જવાબદાર કોણ છે ?' કાંઈ ન બોલી નિશા, સ્થિર નજરે કોમલને જોઈ રહી.

'તારો પ્રેમ. પ્રેમ અને શંકાને બહુ પુરાણો નાતો છે નિશા. જેટલો ગહેરો પ્રેમ એટલી ગહેરી શંકા.'

'આઇ એમ સોરી કોમલ. હું અજાણતામાં...' નિશા દીપક તરફ ફરી, 'દીપક, કોમલ વચને બંધાઈ હતી, પણ તારે તો મને આ સંબંધ વિશે કહેવું જોઈએ ને !'

દીપક મુસ્કરાયો, 'કહેવાનો હતો. કહેવાના ઘણા પ્રયત્નો કર્યા, પણ દર વખતે અટકી ગયો. ડર લાગતો હતો, કોમલ સાથેના સંબંધને ખુલ્લો કર્યા પછી આપણા પ્રેમમાં ખટાશ ભળી જવાનો.'

દીપકનું મસ્તક ઝૂકી ગયું. નિશાએ એની સાથે નજર મિલાવતાં કહ્યું, 'દીપક, આ સંબંધ પર પ્રકાશ ન પાડી તેં મારી સાથે વફા નથી કરી.'

કોમલે નિશાના ખભે હાથ રાખ્યો, 'નિશા, વફા તો દીપકે તારી સાથે દર શ્વાસે કરી છે. હા, એનાથી ભૂલ થઈ ગઈ, તને અમારા સંબંધ વિશે ના જણાવ્યું. નિશા, કોઈને એટલો બધો પણ પ્રેમ ન કરવો કે એની એક ભૂલ આપણને બેવફાઈ લાગે !'

દીપક, કોમલ, નિશા વચ્ચે રચાયેલા શંકા-કુશંકાનાં વાદળ ફીટી જતાં નિર્દોષતાનું સ્વચ્છ આસમાન નજરે પડતું હતું.

'તો ઉસ દિન તેરી રોને-ધોને કી વજહ યે થી !' આવ્યો ત્યારના ચૂપ રહેલા ઇસ્માઈલે કહ્યું, 'મુઝે તો કુછ સમઝમેં નહીં આ રહા થા કી યે મેરી ટૅક્સીમેં બૈઠકર રો ક્યું રહી હૈ. મૈં સમજ નહીં રહા થા કી ઈસકો હુઆ ક્યા હૈ' ઇસ્માઈલે નિશા સાથે નજર મિલાવતાં કહ્યું, 'નિશા, એક બાત યાદ રખના... ઇશ્ક હોતા નહીં સભી કે લીયે, વો તો બના હૈ કિસી કિસી કે લીયે. તું તો બહોત ખુશકિસ્મત હૈ.'

ચારેય એકસાથે હસી પડ્યાં. નિશાએ દીપકનો હાથ પકડીને કહ્યું...

'દીપક, ઘણો સમય થઈ ગયો. હવે તું કોમલને એના ઘેર છોડી આવ. હું ઇસ્માઈલ સાથે ટૅક્સીમાં ઘેર જાઉં છું. આમેય એની એક ચા મારા પર ઉધાર છે, આજે એ ઉધાર પૂરું કરી દઈશ.'

'નિશા, તું દીપક સાથે ઘેર જા.' કોમલે કહ્યું, 'મને ઇસ્માઈલ ઘેર છોડી જશે. દીપક સાથે મને જોઈને ફરી ક્યાંક...'

'હવે તો ભગવાન આવીને કહે તોપણ હું તમારા સંબંધો પર શંકાનો વ્યાપ ન વિસ્તારું. દીપક તને ઘેર છોડી દેશે, હું ઈસ્માઇલ સાથે જાઉં છું.'

કોમલ પાછલી સીટ પર બેઠી પછી દીપકે બાઇક દોડાવી દીધી, અને નિશાના બેસતાં ઇસ્માઈલે કાર હંકારી મૂકી.

* * *

થોડા દિવસો બાદ કંપનીના ગેટ પાસે ભેગી થઈ ગયેલી નિશા અને કોમલ ઑફિસ તરફ વળતાં નીરવ મળી ગયો. આજે નીરવના નવા રંગરૂપની નોંધ લેતી બંનેએ નીરવ પર નખશિખ નજર ફેરવી. નિશા મુસ્કરાતાં-મુસ્કરાતાં બોલી, 'સર, આજે કોઈ સ્પેશ્યલ દિવસ છે એવું તમારા બદલાયેલાં રંગ-રૂપ કહી જાય છે. સૂટ, બૂટ, ટાઈ...'

'યુ આર રાઈટ નિશા. તમારું એઝમશન તદ્દન સાચું છે. આજે ખરેખર સ્પેશ્યલ દિવસ છે. તમે ઘણી વાર મારી એકતરફી લાગણીઓ વિશે પૂછ્યું છે. આજે એ લાગણીઓને દ્વિતરફી કરી નાખવાનું નક્કી કરીને આવ્યો છું.'

નિશાએ ધીમેથી કોમલને કોણી મારી. શરમના શબાબમાં ઓગળી ગયેલી કોમલની ધડકનો વધી ગઈ. એ ઝડપથી ચાલી જઈને એની જગ્યાએ બેસી ગઈ.

'તો સર રાહ કોની જુઓ છો.' નિશાએ કહ્યું, 'તમારી લાગણીઓનો સાદ એની સામે પાડી દો, અને જુઓ કે સામો પ્રતિસાદ કેવો પડે છે ! સારા કાર્ય માટે પ્રત્યેક ક્ષણ શુભ હોય છે, તો કરો કંકુના !'

'નિશા, એની સમક્ષ પ્રેમનો ઇજહાર કે એકરાર કરવાની મારામાં હિંમત નથી. એટલે વિચાર્યું છે કે આજે સાંજે એના પરિવારજનો પાસે જઈ હાથ જોડી એનો હાથ માંગી લઈશ.'

'મતલબ કે એક તીર દો નિશાન ! તમારી સ્વપ્નસુંદરી સાથે-સાથે એના પરિવારજનોની ઇચ્છા પણ જાણી લેવાશે. સર, આઈ હોપ, સામે પક્ષેથી હકારાત્મક જ જવાબ મળશે. કારણ કે, ઇન્કાર માટે સુંદરતા, સારી જૉબ, પર્સનાલિટી જેવી વજહ મને જણાતી નથી. સર, હવે તો તમારી સ્વપ્નસુંદરીનું નામ જણાવો, એના દિદાર કરાવો !'

'આજે સાંજે તમે એનું નામ જાણી જ જશો નિશા...' કહેતાં નીરવે કોમલ તરફ જોયું. કોમલની ધડકનોમાં ઔર ઇજાફો થયો.

નિશાએ ખભા ઉલાળ્યા, 'ઓ...કે... એઝ યુ વિશ. જ્યાં અત્યાર સુધી ઇંતેજાર કર્યો છે, ત્યાં બે-ચાર કલાક વધારે ! સાંજ સુધીનો ઇંતેજાર વેઠી શકવા હું તૈયાર છું. એન્ડ બેસ્ટ લક !'

'થેન્ક્સ.' કહી નીરવ એની ઑફિસમાં ચાલ્યો ગયો.

નિશાએ કોમલની બાજુમાં બેસતાં કહ્યું, 'તેરી તો નિકલ પડી ! વિરહની પતઝળ વીતી ગઈ, હવે પ્રેમની બહાર ખીલી રહેશે. કોમલ કેવું લાગી રહ્યું છે ! કાલથી તો મારે તને મૅડમ કહેવું પડશે, નહીં ?' એ ખીલ્યું-ખીલ્યું હસી.

કોમલે નિશાની કમરે ચીમટો ભર્યો, 'જસ્ટ શટ્ અપ... શટ અપ... મૂંગી મર અને કામ કર.'

'યસ મૅડમ !' નિશાએ કહેતાં બંને ખડખડાટ હસી પડી.

* * *

લંચ પછી કૅન્ટીનમાંથી પાછી ફરેલી નિશાને લૉબીમાં હીના અને તારા મળી ગઈ.

'નિશા...' હીનાએ ઈર્ષાનું બીજ મૂકવાનું શરૂ કર્યું, 'કોમલ સાથે તારી દોસ્તીની બહાર કાંઈક વધુ જ મહેકી રહી છે !'

નિશાએ બિન્દાસ્ત કહ્યું, 'હા, કોમલ છે જ એવી. એની દોસ્તી દરેકને ગમે છે.'

વાતો કરતી-કરતી ત્રણેય ઑફિસમાં આવી.

'તને યાદ હોય તો મેં તને પહેલાં ચેતવી હતી કે, બને તેટલી કોમલથી દૂર રહેજે, એનું કેરેક્ટર લૂઝ છે. આ ઑફિસના દરેક પુરુષની પરછાઈ એના જિસ્મ પર આળોટી ચૂકી છે. લાગે છે...'

નિશાએ મુઠ્ઠીઓ વાળી દાંત ભીંસી બરાડો નાખ્યો, 'સ્ટોપેડ... ઇનફ !'

ઑફિસમાં સ્તબ્ધતા ફેલાઈ ગઈ. પાસે દોડી આવેલી કોમલે નિશાને ધીરેથી પૂછ્યું 'વોટ્સ અ મેટર...?'

એટલામાં નીરવ ઑફિસમાંથી બહાર આવી ગયો. ઑફિસનો સ્ટાફ પણ એક તરફ ભેગો થઈ ગયો હતો. નિશાની આંખોમાં ગુસ્સાની લાલી જોઈ હીના અને તારા થરથરી ગઈ. નિશાએ એ બંને તરફ આંગળી ચીંધી કહ્યું...

'જસ્ટ સ્ટોપેડ... જોયા-જાણ્યા વિના કોમલ માટે એક પણ ખરાબ શબ્દ ન બોલશો. અરે... લૂઝ કેરેક્ટરની એ નથી, તમે બંને છો. તમે બંનેએ ક્યારેય એને જોઈ છે કોઈ સ્ટાફમિત્ર સાથે હલકી ચેષ્ટાઓ કરતાં !'

સાંભળીને કોમલની આંખો આઘાતથી ફાટી ગઈ. જડ થઈ એ એની જગ્યાએ આવી ધ્રુસકે-ધ્રુસકે રડી પડી. હીના અને તારાનાં માથાં શરમથી નમી ગયાં. નિશાએ આક્રોશ ઠાલવ્યો.

'અરે... લૂઝ તમારા બંનેનું થિંકિંગ છે. કેટલા ગંધાતા, પાયા-વિહોણા વિચાર છે તમારા. જરાક શરમ કરો, સહકર્મી પર આવા બે-બુનિયાદ કલંક લગાડતાં પહેલાં.'

નિશાએ કોમલની પાસે આવી એનાં આંસુ લૂછ્યાં.

'આના નિર્દોષ માસૂમ ચહેરા તરફ જુઓ અને પછી કહો, એના પર ક્યાંય તમને વાસનાની કાળી ઘટા ફેલાયેલી દેખાય છે !'

રડતી કોમલે બધા સમક્ષ હાથ જોડી ગળગળા સાદે બોલી, 'શું હું એટલી ખરાબ છું ! હીના, તારા, મારી કઈ ગલતીની સજા મને આવી મળી રહી છે ! મારો ભગવાન સાક્ષી છે, મેં કોઈ પુરુષની પરછાઈ મારા જિસ્મ પર પડવા નથી દીધી.'

નિશાએ ફરીથી કોમલનાં આંસુ લૂછી તીવ્રતાથી કહ્યું...

'કોમલ, તારે કોઈ સફાઈ આપવાની જરૂર નથી આ બંનેને. તારા આખા બોલાપણાને લીધે આ બંનેએ તને લૂઝ કેરેક્ટરની ગણી કાઢી. સ્ટાફમિત્રો સાથે તારા લાગણીભર્યા સંબંધોમાંથી આ બંનેને વાસનાની બૂ આવે છે. તારા સ્ટાફમિત્રો સાથેના સારા સંબંધો આ બંનેની આંખોમાં કણાની જેમ ખૂંચે છે.'

કોમલે બંને હાથથી પોતાનું કપાળ દાબતાં અંતરની લાગણીઓને વહેતી કરી, 'કોઈની સાથે હસી-હસીને બે વાત કરી લેતી વ્યક્તિ લૂઝ કેરેક્ટરની કહેવાય ! દરેક સાથે હસી-ખુશીથી વર્તવું, બીજાની લાગણીઓ, બીજાની જિંદગીના ચઢાવ-ઉતાર વિશે જાણવું મારી પ્રકૃતિ છે. ઇન્સાન પોતાનો સ્વભાવ બદલી શકે, પ્રકૃતિ નહીં. હું આવી છું, અને આવી જ રહીશ. લોકો સાથે હળીમળી જવાની મારી પ્રકૃતિ ક્યારેય નહીં બદલાય. તમારે બંનેએ મારા વિશે જે વિચારવું હોય, જેવી ખરાબ વાતો કરવી હોય તેવી કરજો. આઇ ડૉન્ટ કેર...!'

'તારા... હીના...' પાછળ ઊભેલા નીરવે ઊંચા અવાજે કહ્યું, 'શું છે આ બધું ! મેં કહ્યું હતું, આ ઑફિસ નથી, મારો પરિવાર છે. મારા પરિવારજનોમાં અંદરોઅંદર આવા બેબુનિયાદ દોષારોપણ ! છી... તમારી આ ઘટિયા હરકત બદલ હું તમને બંનેને ટર્મિનેટ કરી શકું છું.'

'સર પ્લીઝ...' કોમલે ભીની આંખો લૂછી. 'મામૂલી વાતને આટલું મોટું સ્વરૂપ આપવું

યોગ્ય નથી.'

નીરવે બે ડગલાં આગળ આવતાં કહ્યું, 'તારા, હીના તમારાથી ભૂલ થઈ છે. તમે કોમલનું દિલ દુભાવ્યું છે. તમારે એની માફી માગવી જોઈએ.'

સ્ટાફમિત્રોએ પણ નીરવના સૂરમાં સૂર પુરાવ્યો. પોતાની ગલતીનો અહેસાસ થતાં તારા અને હીના આંખોમાં પશ્ચાત્તાપ ભરી કોમલ પાસે આવી. અશબ્દ એ બંનેનાં મસ્તક કોમલ સમક્ષ ઝૂકી ગયાં. કોમલે ક્ષણમાં એ બંનેને માફ કરી દેતાં બંનેના ગાલ પર પ્રેમથી હાથ ફેરવ્યો. એણે નીરવને કહ્યું,

'સર, ઘરમાં બે વાસણો હોય એટલે ક્યારેક તો ખખડાટ થાય જ. આ બંને પ્રત્યે મને સહેજે મનદુઃખ કે અણગમો નથી.'

કોમલની દરિયાદિલી બધા સ્ટાફમિત્રોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી. બધા પોતપોતાની જગ્યાએ ગયા પછી નીરવ કોમલ અને નિશાની બાજુમાં આવીને બેઠો.

'નિશા, કોમલ હવે હું જાઉં છું. એક નવા મોડ પર જિંદગીને ટર્ન આપવા.'

'ઓહ !' કોમલે હાથ લંબાવી નીરવ સાથે શેકહેન્ડ કરતાં કહ્યું, 'ઓલ ધ બેસ્ટ !'

'થેન્ક્સ કોમલ' ગરદન ટટ્ટાર કરી ટાઈના નોટને સહેજ ગરદન પર કસતો એ નિશા તરફ નમ્યો, 'તમે શુભકામનાઓ નહીં આપો મને !'

ખુરશીમાં રિલેક્સ થતાં નિશાએ બિન્દાસ્તપણે કહ્યું 'બળજબરીથી પાઠવેલી શુભકામનાઓ ક્યારેક ન પણ ફળે !' કોમલે જોરથી એના પર પગ દબાવ્યો એટલે સિસકારો ભરતાં એણે ઉમેર્યું, 'છતાં બેસ્ટ ઑફ લક !'

'થેન્ક્સ.' કહી નીરવ ઑફિસમાંથી બહાર નીકળ્યો પછી નિશાએ કોમલને ધધડાવી, 'કોમલ ડાર્લિંગ, તને બૉસની ઘણી ફિકર રહેતી હોય એવું લાગે છે ! મેં એમને બેસ્ટ લક ના કહ્યું એટલામાં તો તેં મારો પગ કચડી નાખ્યો ! સાલી... હજી ચચરે છે...'

'આજે પગ કચડ્યો છે, હવેથી ગળું દબાવી દઈશ.'

'સૉરી મૅડમ, ભૂલ થઈ ગઈ મૅડમ, માફ કરી દો.'

બંને એકસાથે ખડખડાટ હસી પડી.

'મૅડમ કોમલ...' નિશાએ કહેતાં કોમલે એની બાજુ ડોળા ફાડ્યા. નિશા ધીમું-ધીમું હસી, 'આ તો અત્યારથી તને મૅડમ કહેવાની પ્રેક્ટિસ પાડું છું.'

કોમલે ચિડાતાં કહ્યું, 'હવે તું મારા હાથનો માર ખાઈશ !'

હસી પડી નિશા, 'સૉરી...સૉરી... અચ્છા કોમલ આજે સાંજે તારી જિંદગીનો ફેંસલો થઈ જવાનો. તને શું લાગે છે, આન્ટી આ સંબંધનો સ્વીકાર કરશે કે પછી ઇન્કાર પાથરશે.'

'ઇન્કારની કોઈ વજહ મને જણાતી નથી. મા હૉસ્પિટલમાં હતી તેટલા દિવસમાં નીરવે માનું દિલ જીતી લીધું છે. માને નીરવનો સ્વભાવ ગમે છે. બૉસપણું છોડી કોઈ અંગત સ્વજનની જેમ નીરવે માની સેવા કરી હતી. મા એનાથી ઘણી ઇમ્પ્રેસ થઈ હતી.'

'ગુડ. તારી ગણતરી શું કહે છે, નીરવ અત્યારે ક્યાં હશે ?'

'મારી ગણતરી કહે છે... નીરવ અત્યારે મારા ઘરમાં પ્રવેશી રહ્યો હશે.' કહેતી કોમલના ગાલે શરમની લાલી આવી ગઈ.

* * *

રાત્રે ડિનર બાદ મેજર, વિધાબહેન અને નિશા ટીવી સામે ગોઠવાયાં હતાં. ક્રિકેટની મોસમ હતી. ભારત વિરુદ્ધ ઇંગ્લૅન્ડની મૅચમાં ધોની ચારેતરફ ફટકાબાજી કરી રહ્યો હતો. નિશા મેજરની બાજુમાં બેઠી હતી.

'આજે ધોનીને રનની ધાણી ફોડતો અટકાવવો અઘરો છે, તમને શું લાગે છે મેજર ?'

નિશાએ પૂછ્યું.

'બિલકુલ, આજે એનો બલ્લો બરાબર બોલે છે.' ટીવીનું વોલ્યુમ ઓછું કરતાં મેજર જરા નિશા તરફ નમ્યા, 'નિશા, આજે સાંજે તારા બૉસ આપણા ઘરે આવ્યા હતા.'

'યુ મીન નીરવ !'

'હા, નીરવ. જાણે છે શા માટે આવ્યા હતા !'

નિશાએ ખભા ઉલાળ્યા, 'આઈ ડૉન્ટ નો.'

'તારો હાથ માંગવા...'

'વૉટ !' ચમકી જતી નિશાની આંખો વિસ્ફારિત થઈ, 'મારો હાથ માંગવા !' એ મનમાં ગણગણી, 'આ કઈ રીતે શક્ય બને ! તો પછી કોમલ...'

મેજરે ખભે હાથ મૂકી નિશાના મનોસંવાદો અટકાવ્યા.

'નિશા, તારું શું માનવું છે, મેં એમના પ્રસ્તાવને સ્વીકારી લીધો હશે કે નહીં ?'

નિશાનું હૃદય ફફડતું હતું. જડબાં ભીંસી એ મનોમન બબડી, 'નીરવ... આ તમે શું કર્યું...'

મેજરે અશબ્દ નિશાને ટટોલી, 'નિશા, કેમ કાંઈ બોલતી નથી ! મેં નીરવના પ્રસ્તાવને સ્વીકારી લીધો હશે કે નહીં !'

નિશાએ ટૂંકો શ્વાસ મૂકતાં કહ્યું, 'હું આશા રાખું છું કે તમે એ પ્રસ્તાવને સ્વીકાર્યો નહીં હોય.'

'રાઇટ... એબ્સલ્યુટલી રાઇટ !'

હવે નિશાના કલેજે ટાઢક વળી.

'આ તમે તદ્દન યોગ્ય નિર્ણય લીધો મેજર.' નકારમાં મસ્તક હલાવ્યું એણે, 'મેજર, મોમ મને ઊંઘ આવે છે, હું મારા રૂમમાં જાઉં છું.' કહી ઝડપથીએ પોતાના રૂમમાં આવી બારણું બંધ કરી દીધું. એનું દિલ ઊછળતું હતું, એને દીપક યાદ આવી ગયો. પછી મોબાઇલ પરથી એણે સીધો વિક્રમનો નંબર જોડ્યો.

'બોલ નિશા...' વિક્રમે કહેતાં એણે અધીરાઈથી પૂછ્યું,

'નીરવ તારે ત્યાં છે !'

'નહીં તો ! તું અત્યારે એને કેમ શોધી રહી છે !'

'વિક્રમ તું મને એ કહે કે, આજે અથવા તો વીતેલા થોડા દિવસોમાં નીરવે તને કોઈ વાત કરી હતી મારા ઘેર આવવા વિશે, મારા વિશે તને કાંઈ પૂછપરછ કરી હોય એવું કાંઈ...'

'ના...' વિક્રમે યાદદાસ્ત પર જોર આપતાં કહ્યું, 'એવું... તો કાંઇ નથી થયું. એણે મને ફોન કર્યાને પણ લગભગ પંદર દિવસ થઈ ગયા. અને તે સમયે એકબીજાના ખબરઅંતર પૂછવા જેવી સામાન્ય વાતો જ થઈ હતી.'

નિરાશાભરી આહ નંખાઈ ગઈ નિશાથી.

'પણ નિશા, શું થયું, તું આવું બધું કેમ પૂછી રહી છે ?'

'વિક્રમ... આજે નીરવ આવ્યો હતો મારા ઘેર, એના અને મારા લગ્નનો પ્રસ્તાવ લઈને.'

'વૉટ !' આશ્ચર્ય અને આંચકાના મિશ્રણ જેવું વિક્રમ બોલ્યો, 'ના હોય !'

'એણે...' નિશાએ ધીરેધીરે આખી વાત વિક્રમને બયાન કરી દઈ કહ્યું, 'એ તો સારું થયું કે મેજરે એ સંબંધનો ઇન્કાર કર્યો. નહીંતર... વિક્રમ પ્રેમના પથ પર માંડ એક ડગલું આગળ ચાલું છું ત્યાં કોઈ નવો જ વળાંક આવે છે. હજી થોડા દિવસો પહેલાં જ દીપક અને કોમલના સંબંધો પરથી ગલતફેહમીનાં વાદળાં દૂર થયાં ત્યાં આ...'

'નિશા... નિશા... રિલેક્સ. તું બિલકુલ ફિકર ના કર. હું નીરવને સમજાવીશ. તું

આવતીકાલે અહીંયાં આવ. આપણે નીરવને અસલિયતથી રૂબરૂ કરાવીએ.'

'વિક્રમ મારું તો દિલ ભારે થઈ ગયું છે, શું થઈ રહ્યું છે, કાંઈ સમજાતું નથી. તું નીરવને સમજાવજે. હવે હું દીપકને ફોન કરું છું.'

'નિશા... દીપકને આ બધું કહેવાની કોઈ જરૂરત મને તો જણાતી નથી. છતાં તને જે યોગ્ય લાગે તે કર.'

'મારી દરેક અહેમ વાતમાં હવે હું દીપકના સાથની આશા રાખું છું. વિક્રમ, મારે એને આ બધું કહેવું પડશે.'

'ઓ.કે. પણ તું ફિકર ના કરતી. ચાલ બાય.'

વિક્રમ સાથે વાત પતાવીને પછી નિશાએ ફોન કરીને દીપકને સઘળી ઘટનાથી માહિતગાર કર્યો. નિશાની વાત સાંભળીને દીપક પણ મૂંઝાઈ ગયો. બંનેએ બીજે દિવસે વિક્રમના ઘેર ભેગા થવાનું નક્કી કર્યું.

* * *

બીજે દિવસે કંપનીના ગેટ પાસે રાહ જોતી નિશા કોમલ આવતાં એની પાસે ગઈ.

'હાય ! ગુડમૉર્નિંગ.' કોમલે કહ્યું, 'કેમ ગેટની બહાર ઊભી છે !'

'તારી જ રાહ જોતી હતી. કોમલ તારે મારું એક કામ કરવાનું છે.'

'એક શું દસ કામ કરીશ, બોલ કામ શું છે ?'

નિશાના ચહેરે ફેલાયેલી ઉદાસીની આભા ઊડીને આંખે વળગતી હતી.

'નિશા તું પરેશાન લાગે છે. મૂંઝાયેલી-મૂરઝાયેલી દેખાય છે.'

નિશાનું માથું નમી ગયું. કોમલે એનું માથું ઊંચકી આંખોમાં આંખો પરોવી. નિશાએ અનચાહ્યું સ્મિત કર્યું.

'નિશા... મારા અને દીપકના સંબંધ પર હજી તારી શંકાનાં વાદળ તો નથી વરસતાં ને !'

'અરે ના-ના ! મેં તને કહ્યું હતું, હવે ભગવાન આવીને કહે તોપણ તમારા સંબંધ પર હું શંકાનો વ્યાપ ન વિસ્તારું.'

'તો પછી તારી મૂંઝવણ, ઉદાસી, પરેશાનીનું કારણ શું છે ?'

'એ બધી વાત છોડ. તું મારું કામ કરીશ કે નહીં ?'

કોમલે મસ્તક હલાવી હકાર ભર્યો. નિશાએ પર્સમાંથી એક કવર કાઢીને એને આપતાં કહ્યું...

'આ તારે નીરવને આપી દેવાનું છે.'

'શું છે આમાં ?' શંકા જતાવતી કોમલે ઝીણી આંખે પૂછ્યું.

'મારો રિઝાઈન લેટર.'

'વૉટ !' કોમલને હળવો આંચકો લાગ્યો, છતાં એ સ્વસ્થ રહી, 'આમ... અચાનક... જાણી શકું છું, અચાનક રિઝાઈન કરવા પાછળનું કારણ !'

'કોમલ, તું અત્યારે કાંઈ ન પૂછ. અત્યારે હું મેન્ટલી ડિસ્ટર્બ છું. બસ તું આ બૉસને આપી દેજે.'

કોમલ સ્થિર નયને નિશાને જોઈ રહી. નિશાએ એનો હાથ પોતાના હાથમાં લેતાં ઘણી આશા સાથે પૂછ્યું, 'આપી દઈશને...?'

'હા.' ઘણી નિરાશા સાથે કોમલે કહ્યું, 'આની પાછળ કારણ ગમે તે હોય, પરંતુ તારો આ નિર્ણય ઉતાવળિયો છે.' એનો અવાજ ઢીલો થઈ ગયો, 'નિશા, તારા વગર મને ઑફિસમાં નહીં ગમે.'

નિશાએ કોમલના કોમળ ગાલે હાથ ફેરવ્યો, 'મને પણ દુઃખ તો થાય છે. પરંતુ...શું

કરું...કાંઈ સમજાતું નથી. અચ્છા, ચલ હું નીકળું છું. બાય.'

નિરાશા દબાવી નિશાએ ટૅક્સીને હાથ કર્યો.

* * *

ઑફિસમાં આવી કોમલ પોતાના ટેબલ પર પર્સ મૂકી સીધી નીરવની ઑફિસમાં આવી ત્યારે નીરવ ફાઇલોમાં ડૂબ્યો હતો. કોમલને જોતાં એણે 'વેલકમ' અને 'ગુડમૉર્નિંગ' કહી ખુરશીમાં બેસવા માટે ઇશારો કર્યો.

ખુરશીમાં બેસતી કોમલે હાથમાં રહેલું કવર નીરવ તરફ લંબાવ્યું. કોમલના હાથમાંથી કવર લેતાં નીરવે પૂછ્યું, 'શું છે આમાં ?'

'નિશાનો રિઝાઈન લેટર.'

'નિશાનો રિઝાઈન લેટર ! આર યૂ શ્યોર !'

'યા. એણે જ મને આ લેટર તમારા સુધી પહોંચાડવાનું કહ્યું હતું.'

હતાશ નીરવ કપાળે હાથ દાબી ઘણી વાર લગી સૂનમૂન બેસી રહ્યો.

'સર.' સામે બેઠેલી કોમલના મૃદુ શબ્દોથી એણે મસ્તક ઊંચક્યું. એની આંખોમાં અપરાધભાવ તરતો હતો.

'કોમલ, આ નિશાનો રિઝાઈન લેટર નથી. અજાણતામાં મેં કરેલી ભૂલની સજા એણે મને લખીને મોકલી છે. મને કલ્પના નહોતી કે, મારી એ ભૂલ એના દિલોદિમાગ પર આટલો ઊંડો પ્રહાર કરશે !'

'સર વાત શી છે, મેં નિશાને આ રિઝાઈનનું કારણ પૂછ્યું પરંતુ એ કાંઈ ન બોલી.'

'કોમલ, નિશાના રિઝાઈનનું કારણ...'

ફોનની રિંગ ધણધણી જતાં નીરવે વાત અટકાવી રિસીવર ઊંચક્યું. લાઇન પર વિક્રમ હતો.

સોળ

ફોનની રિંગ ધણધણી જતાં નીરવે વાત અટકાવી રિસીવર ઊંચક્યું. લાઇન પર વિક્રમ હતો.

'ક્યાં છે અત્યારે તું...?' સામેથી વિક્રમે તીવ્રતાથી પૂછ્યું.

'ઑફિસમાં.'

'અત્યારે ને અત્યારે મારા ઘરે આવ. નિશા થોડી વારમાં અહીંયાં આવે છે.'

'ઓ.કે. હું આવું છું.' કહેતાં નીરવના શરીરે એસીમાં પણ પરસેવો વળી ગયો હતો. રિસીવર ક્રેડલ કરી એ ઊભો થયો, 'કોમલ, હું નિશાને મળવા જાઉં છું.'

'સર, હું પણ તમારી સાથે આવું ? મેં એને સવારે જોઈ ત્યારે ઘણી પરેશાન લાગતી હતી. મૂંઝાયેલી, ઉદાસ, બેનૂર દેખાતી હતી.'

'ઠીક છે. ચાલો જલદી.'

* * *

નીરવ અને કોમલ વિક્રમના ઘેર આવી પહોંચ્યાં ત્યારે નિશા અહીંયાં હાજર નહોતી. શીતલે એ બંનેને પાણી આપ્યું.

'આ કોણ છે ?' વિક્રમે નીરવને કોમલ વિશે પૂછ્યું.

'આ મારી સહકર્મી છે, કોમલ.'

'આ...હા...હા... કોમલ, દીપક તારા વિશે કહેતો હતો. તારાં મધરને હૉસ્પિટલમાં એડમિટ કર્યાં હતાં. અને...'

'હા. એ જ.' કોમલે કહ્યું, 'દીપક અને નિશાને હું ઓળખું છું.' મૂંઝાતા નીરવે પૂછ્યું, 'આ... દીપક કોણ છે...!'

જડબાં ભીંસતાં વિક્રમે કહ્યું, 'બધી ખબર પડી જશે. થોડી વાર રાહ જો. અને શું ગતગડા કરે છે તું આ બધાં ! નિશાના ઘેર લગ્નનો પ્રસ્તાવ લઈને જતાં પહેલાં ભલામાણસ મને એક વાર પૂછવું તો હતું ! કમ સે કમ મને ખબર કરી હોત તોપણ હું તને ત્યાં ન જવા દેત !'

'નિશાને ત્યાં ! લગ્નનો પ્રસ્તાવ !' મનમાં સમસમીને મોઢે હાથ દાબી કોમલ બીજી તરફ ફરી ગઈ, 'નીરવ લગ્નનો પ્રસ્તાવ લઈને મારા ઘેર નહીં, નિશાના ઘેર ગયો હતો. એટલે જ મા તરફથી આ વિશે કોઈ વાત ગઈકાલે ન છેડાઈ.'

'નીરવ, નિશાના પ્રેમની માંડ-માંડ સીધી પડતી રાહમાં તેં એક ઔર વળાંક લાવી દીધો.' વિક્રમ દેખીતો રોષ પ્રગટ કરતો હતો, 'અલા...'

'વિક્રમ મારાથી ભૂલ થઈ ગઈ. મને ખબર નહોતી કે નિશા...'

'શું ખબર નહોતી !' વિક્રમના અવાજમાં ગરમાહટ ભળી ગઈ, 'ત્યાં જતાં પહેલાં મને પુછાય ના ! એક તો એ વધુ સંવેદનશીલ છોકરી. તને ખબર નથી, ગઈ રાતે એણે કેટલી ટેન્શનમાં પસાર કરી છે.'

'મારી ભૂલ થઈ ગઈ. હું નિશાની પણ માફી માંગવા તૈયાર છું.'

'માફી...! તમાચો મારી દીધા પછી માફી માંગવાનો શો મતલબ ! પહેલાં વિચારવું જોઈએ ને !'

'નીરવ હું જાઉં છું.' કહી મોઢે દુપટ્ટાનો ડૂચો મારી રુદન દબાવી કોમલ ઊભી થઈ.

વિક્રમ સાથે વાત અટકાવી નીરવ કોમલ તરફ ફર્યો, 'કોમલ, તું ન જા, કદાચ મારે તારા સહારાની જરૂર પડશે.'

'ના, મારાથી હવે નહીં વેઠાય. હું જાઉં છું.' કહી કોમલ ઝડપથી દરવાજા બાજુ સરકી

ગઈ.

તે જ સમયે અંદર આવતી નિશાએ કોમલને દરવાજામાં જ આંતરી લીધી. બંનેની નજર એક થતાં કોમલની આંખોમાંથી આંસુઓનાં બુંદ સરી પડ્યાં.

'નિશા, બધું ઊલટું થઈ ગયું. આપણે જે હાથ મારા તરફ લંબાયેલો ધારતાં હતાં, વાસ્તવમાં તે તારા તરફ લંબાયો હતો.'

'તું ફિકર ના કર, આજે એનો ફેંસલો થઈ જશે, આવ મારી સાથે.'

કોમલે મસ્તક હલાવી નકાર કર્યો છતાં નિશા એને બાવડેથી પકડીને અંદર લઈ આવી. કોમલને નીરવની બાજુમાં બેસાડી પોતે શીતલની બાજુમાં બેઠી.

આખા રૂમમાં ભાર ભળી ગયો હતો. ઘણી વાર સુધી કોઈ કાંઈ ન બોલ્યું. અંતે શબ્દોના પ્રહારથી નિશાએ ખામોશી તોડી.

'નીરવ, મારી જિંદગીના માંડ-માંડ શાંત થતા પાણીમાં તમે કંકર નાખી વમળો સર્જી દીધાં.'

નીરવે નજર ઊંચકી. એની આંખોમાં ક્ષમાયાચના હતી.

'નીરવ, હું તમને આજે સ્પષ્ટ શબ્દોમાં જણાવી દઉં છું, હું કોઈકને પ્રેમ કરું છું. અમે બંને એકબીજાને બેઇન્તિહા પ્રેમ કરીએ છીએ. હું એને જીવનસાથી રૂપે પામવા માંગું છું. મેં તમારી સ્વપ્નસુંદરીનું નામ જાણવાના કેટલીયે વાર પ્રયત્નો કર્યા, પણ તમે ન જણાવ્યું. મને ખબર નહોતી કે તમે તમારા ખ્વાબોમાં મને જુઓ છો.' દીર્ઘ શ્વાસ ભરી નિશાએ ઉમેર્યું, 'હું તો એમ સમજતી હતી કે, તમારી સ્વપ્નસુંદરી કોમલ સિવાય બીજી કોઈ ન હોઈ શકે !'

'કોમલ...!' આશ્ચર્ય પાથર્યું નીરવે.

'કેમ, બદસૂરત છે ! બદચલન છે ! ખરાબ સ્વભાવની છે ! શું સ્વપ્નોમાં સજાવી શકાય એટલી ખૂબસૂરત નથી !'

'ના-ના નિશા, એવું કાંઈ નથી. કોમલમાં કોઈ એબ નથી.'

'નીરવ, હું તો એમ માનતી હતી કે, તમે કોમલને પ્રેમ કરો છો, પણ એકરાર નથી કરી શકતા. મને તો એમ જ હતું કે, તમે કોમલનો હાથ માંગવા એની મા પાસે જવાના છો. મને શું ખબર...'

'નિશા...'

બોલવા જતાં નીરવના શબ્દો નિશાએ ઇશારાથી ટૂંકાવ્યા.

'નીરવ, પહેલાં મને કહી નાખવા દો. મારી આખી વાત સાંભળ્યા પછી તમારો મત રજૂ કરજો. નીરવ, અહીંયાં હું બીજી એક ઢંકાયેલી હકીકત પરથી પરદો ઊંચકી દઉં. કોમલ તમને ચાહે છે, પ્રેમ કરે છે. અપાર પ્રેમ. તમારા નામનો પોકાર એની ધડકનોમાંથી થાય છે, મેં સાંભળ્યો છે, તમે કેમ ન સાંભળી શક્યા એની મને નવાઈ લાગે છે !'

'નિશા હું...'

નિશાએ ફરી ઇશારાની નીરવને બોલતાં અટકાવ્યો.

'પ્લીઝ, મારી વાત હજી પૂરી નથી થઈ. નીરવ, સંસાર જીવનના લાંબા પથ પર ચાલવા એવા સાથીને પસંદ કરાય, જે આપણને પ્રેમ કરતો હોય. આ બાબતમાં ખૂબસૂરતી બીજા નંબરનું સ્થાન પામે છે. અને એમાંય ઇન્સાનની બાહ્ય નહીં, આંતરિક ખૂબસૂરતી મહત્ત્વની બની રહે છે. કોમલમાં એવી કોઈ એબ નથી જે તમારી જીવનસંગિની બનવા માટે કમજોર કડી પુરવાર થાય.'

થોડી વાર રૂમમાં શાંતિ પ્રસરી ગઈ. ઘણાં મનોમંથન પછી નીરવે મૌન તોડ્યું.

'નિશા, કોમલની મારા પ્રત્યેની લાગણી-ચાહતથી હું અત્યાર સુધી અજાણ હતો. એ મને

પ્રેમ કરતી હશે એવી મેં કલ્પના પણ નહોતી કરી. હું એને જોઈને માત્ર એટલું વિચારતો... આ છોકરી ખૂબસૂરત, સુશીલ, સંસ્કારી, મહેનતુ છે. દરેક પરિસ્થિતિને હેન્ડલ કરી જાણે એવી છે. મારા સ્ટાફમાં આ મારી સૌથી માનીતી કર્મચારી છે.'

'સ્ટાફ... ઑફિસ... કર્મચારી... ઓહ ગોડ !' નિશાએ દૃઢ શ્વરે કહ્યું, 'નીરવ, આ બધામાંથી બહારની દુનિયામાં આવો. સ્ટાફમિત્રોને તમે તમારા પરિવારજનો માનો છે, તો પછી પરિવાર જનોની લાગણી-ચાહત-પ્રેમને સમજી નથી શકતા ! મહેસૂસ નથી કરી શકતા !'

'નિશા... કોમલની લાગણી-ચાહત-પ્રેમને ન સમજી શક્યો, મહેસૂસ ન કરી શક્યો, એટલે જ તો તારે ત્યાં તારો હાથ માગવા જવાની ગુસ્તાખી કરી બેઠો. નિશા આજે તેં કોમલનો પ્રેમ મારા સુધી પહોંચાડ્યો છે.'

'તો હવે તમારો આખરી નિર્ણય શું કહે છે, કોમલને જીવનસંગિની રૂપે સ્વીકારી શકશો ?'

નીરવ કાંઈ ન બોલ્યો એટલે કોમલનું દિલ જોરજોરથી ધડકી ઊઠ્યું. વિક્રમે નીરવના હાથ પર પોતાનો હાથ રાખતાં કહ્યું...

'નીરવ, મેં કોમલને આજે જ જોઈ છે. પણ આ પહેલાં મારા દોસ્તે એના વિશે મને ઘણું બધું કહ્યું છે. આ ખૂબ સારી છોકરી છે. તારી જીવનસંગિની રૂપે આ એકદમ યોગ્ય રહેશે.'

નીરવે હસતાં-હસતાં કહ્યું, 'વિક્રમ, મારા પ્રત્યેના કોમલના પ્રેમની પહેલેથી મને ખબર હોત તો અત્યારે તને કોઈ અંકલ કહીને બોલાવવાવાળું આવી ગયું હોત.'

સાંભળીને બધાના ચહેરે ખુશી ખીલી ઊઠી. કોમલે શરમથી બંને હથેળીમાં ચહેરો છુપાવી લીધો. નીરવ નિશા તરફ ફર્યો.

'પણ નિશા... કોમલે એની લાગણીઓને સ્વયં મારા સુધી પહોંચાડી દીધી હોત તો આ બધું...'

નિશાએ કપાળ કૂટતાં કહ્યું, 'નીરવ, તમે તો સાવ બેવકૂફ જ બૉસ છો !'

બધાની સાથે નીરવ પણ હસી પડ્યો. નિશાએ ઉમેર્યું...

'તમે પહોંચાડી શક્યા હતા તમારી લાગણીઓ મારા સુધી, સીધા મારા ઘેર પહોંચી ગયા ! નીરવ, દુનિયા ગમે તેટલી મૉડર્ન કેમ ન થઈ જાય, સ્ત્રીની આસપાસ અમૂક તો શરમના પરદા પડેલા રહેવાના જ ! અને એમાં છુપાઈને જ એ જીવ્યે જાય છે.'

બધાનાં હૈયાં હળવાફૂલ થઈ ગયાં હતાં. ઘણો સમય વીતી ગયો હતો એટલે નિશા અધીરાઈથી શીતલ તરફ નમી એના કાનમાં ગણગણી...

'શીતલ, હજી દીપક ના આવ્યો...'

શીતલે નિશાનું મોઢું પકડી દરવાજા તરફ ફેરવ્યું, 'સામે જો, તારી અધીરાઈનો અંત આવી રહ્યો છે.'

દીપકે આવીને નિશાની બાજુમાં સોફામાં ફસડાઈ પડતાં કહ્યું, 'શીતલ... પાણી આપી દે મને. અધ્ધર શ્વાસે અહીં આવ્યો છું. કાલેરાત્રે નિશાએ બધું જણાવ્યા પછી હાલત ખરાબ થઈ ગઈ છે. એક પરિસ્થિતિ માંડ-માંડ સવળી થાય છે, ત્યાં બીજી પડખું ફેરવે છે. શું થઈ રહ્યું છે, મને તો કાંઈ સમજાતું નથી.'

શીતલે પાણી આપ્યું. પાણી પીને દીપકે રાહતના લાંબા-લાંબા શ્વાસ લીધા.

'નીરવ આ...' કહેવા જતી નિશાને અટકાવીને નીરવે કહ્યું...

'જસ્ટ અ મિનિટ નિશા. આ રાજેશ છે, એમ આઈ રાઈટ ?'

'રોંગ...' નિશા ચિડાઈ, 'એબ્સલ્યુટલી રોંગ... આ દીપક છે.'

વિક્રમે નીરવના ખભે હાથ રાખતાં કહ્યું, 'તેં થોડી વાર પહેલાં પૂછ્યું હતું ને... દીપક

વિશે. તે જ આ દીપક, મારો દોસ્ત.'

નિશાએ દીપકના હાથ પર હાથ રાખતાં નીરવને સમજાવ્યું...

'નીરવ, આ દીપક છે. અમે બંને એકબીજાને બેઇન્તીહા પ્રેમ કરીએ છીએ. હું આને જીવનસાથી રૂપે પામવા માગું છું. અને તમે અમારી માંડ-માંડ પાટે પડતી ગાડીને અજાણતામાં રેડ સિગ્નલ દેખાડી દીધો.'

'એક મિનિટ...' હોઠ પર આંગળી ફેરવી ઊંડું વિચારતાં નીરવે કહ્યું, 'એક મિનિટ, કાંઈક વિરોધાભાસ સર્જાઈ રહ્યો છે. હું મૂંઝાઈ રહ્યો છુ. નિશા.. આ દીપક છે, તો પછી રાજેશ કોણ છે !'

'રાજેશ...!' નિશાની ભમર કમાનો વંકાઈ.

'હા... રાજેશ...' નીરવ સહેજ નિશા તરફ ઝૂક્યો, 'તારા પિતાના દિવંગત દોસ્ત મેજર ત્રિપાઠીનો દીકરો, હાર્ટ સ્પેશ્યાલિસ્ટ, જેના હાથમાં તારા પિતા તારો હાથ સોંપવાની તૈયારી કરી બેઠા છે !'

'વોટ !' નિશાના દિમાગમાં જાણે બૉમ્બવિસ્ફોટ થયો. એ તીણી ચીસ જેવું બોલી, 'ધીસ ઇસ રોંગ, આ જૂઠ છે...'

'ના નિશા... આ જૂઠ નથી... સાંભળ.'

નીરવની નજર સામે ગઈકાલની સાંજ તાજી થઈ ગઈ.

ગઈકાલે સાંજે હું તારા ઘરે પહોંચ્યો તારો હાથ માંગવા ત્યારે મેજર સોફામાં બેઠા હતા, અને તારી મોમ કિચનમાં વ્યસ્ત હતાં. હું મેજરની જોડે બેઠો. મને જોઈને તારાં મોમ મારા માટે પાણી લઈને બહાર આવ્યાં. મેં પાણી પી લીધું પછી મેજરે કહ્યું..

'નીરવ, તમે અચાનક અહીંયાં ! નિશાએ પણ અમને તમારા આગમન વિશે કાંઈ કહ્યું નથી.'

'એક્ચ્યુલી મેજર, નિશાને એટલી ખબર છે કે હું ઑફિસમાંથી બહાર નીકળ્યો છું. પણ એને એ ખબર નથી કે હું અહીંયાં આવવાનો છું.'

વિધાબહેન ત્રણેય માટે જ્યૂસ બનાવી લાવ્યાં.

'નિશાની જાણ બહાર અહીંયાં આવવાનું કોઈ ખાસ જ કારણ હશે નીરવ, બરાબર ?'

નીરવે જ્યૂસનો ખાલી ગ્લાસ વિધાબહેનને પાછો આપતાં કહ્યું, 'હા... મેજર, કારણ ખાસ જ છે.'

વિધાબહેન જ્યુસના ખાલી ગ્લાસ કિચનમાં મૂકી આવી એ બંનેની સામે બેઠાં.

હાથરૂમાલથી હાથ લૂછવાની સાથે ચહેરા પરથી હળવો પ્રસ્વેદ લૂછ્યો નીરવે. એના હૃદયના ધબકારા સહેજ વધી ગયા હતા. દીર્ઘ શ્વાસ ભરી એણે હિંમત જગવી કહ્યું..

'મેજર, હું તમારી સાથે એક મહત્ત્વની વાત કરવા આવ્યો છુ.'

'નિશા વિશે ?' મેજરે બિન્દાસ પૂછી લીધું.

'હા, નિશા વિશે. મેજર, ખરેખર તો હું તમારી પાસે કાંઈક માગવા આવ્યો છું.'

મેજર મરક-મરક હસ્યા, જાણે નીરવ આગળ શું બોલવાનો હોય તે જાણી ગયા હોય એમ.

'મેજર, હું જે વાત કરવા આવ્યો છું. તેની શરૂઆત ક્યાંથી કરવી તે કાંઈ સમજાતું નથી.'

મેજરે મૂંઝાતા નીરવના હાથ પર હાથ રાખતાં કહ્યું, 'નીરવ, તમે નિશાનો હાથ માંગવા આવ્યા છો ને !'

સાંભળીને નીરવની આંખો અપલક થઈ ગઈ. એ મેજરને ફાટી આંખે જોઈ રહ્યો. મેજર ફરી મરક-મરક હસ્યા.

'નીરવ, સામેવાળી વ્યક્તિના શબ્દો, હાવભાવ અને મૂંઝવણને પકડી શકો તો તમે એના મનમાં શું ચાલી રહ્યું છે તે ઘણે બધે અંશે જાણી શકો છો. મેં પણ તમારું મન એ જ રીતે જાણ્યું.'

હવે નીરવે જરા હળવાશ અનુભવી.

'નીરવ, માણસને એની વાતો પરથી ઓળખી શકાય છે. તમારી નિખાલસ વાતો, નિરભિમાની સ્વભાવ, હસમુખ પ્રકૃતિ તમારા સારા ચારિત્રનો પડઘો પાડે છે. નિશા ઘણી વાર તમારા વિશે અમને કહે છે. તમારામાં કોઈ એબ નથી. માતા-પિતા પોતાની પુત્રીના જીવનસાથીમાં જે શોધી રહ્યા હોય તે તમામ ગુણ, લાયકાત તમારામાં છે.'

વિધાબહેને મેજર સાથે નજર મિલાવી એમનો ઇશારો સમજી ગયેલા મેજરે નીરવને વધુ કહ્યું...

'નીરવ... સારી જૉબ, સારો સ્વભાવ, સુંદરતા... કોઈ પણ સુંદર છોકરી સાથે તમારી જોડી જચે એવી છે. તમારા જેવો જીવનસાથી દસ ઘરનાં બારણાં ખખડાવવા છતાં પુત્રીના માવતરને મળવો મુશ્કેલ છે. તમારા હાથમાં કોઈ પણ માતા-પિતા પોતાની પુત્રીનો હાથ સોંપવા તૈયાર થઈ જાય. અને કોઈ પણ છોકરી તમારી જીવનસંગિની બની ધન્યતા અનુભવે.'

મેજરની વાતો સાંભળી નીરવના કલેજે અપાર ઠંડક વળી. મેજર સહેજ અટક્યા, પછી ધીરે-ધીરે શબ્દો પાથરવા લાગ્યા.

'પણ નીરવ... અમે... મજબૂર છીએ...'

મેજરના ચંદ શબ્દોએ નીરવના અરમાનોના હજારો ટુકડા કરી વેરવિખેર કરી દીધા. એના હૃદય પર જાણે પ્રચંડ વીજળી ત્રાટકી. અંદરથી આખેઆખો હચમચી ગયો એ. એક ક્ષણે તો એને પોતાના કાનો પર વિશ્વાસ ન બેઠો. એને લાગ્યું... પોતે જે સાંભળ્યું છે તે ભ્રમ માત્ર છે. પરંતુ એ ભ્રમ નહોતો, નક્કર શબ્દો હતા. ઘણી વારે એને કળ વળી.

'નીરવ, કહેતાં જીભ નથી ઊપડતી, છતાં મન મક્કમ કરીને કહી રહ્યો છું, અમને માફ કરો... નિશાનો હાથ અમે તમારા હાથમાં નહીં સોંપી શકીએ.'

ઘણી નિરાશા સાથે નીરવે મસ્તક હલાવી મેજરના ફેંસલાને માથે ચઢાવ્યો.

'નીરવ, તમે એમ ન વિચારશો કે તમે નિશા માટે યોગ્યતાના માપદંડ પર ખરા નથી ઊતરતા. નિશા માટે તમે એકદમ યોગ્ય જીવનસાથી બની રહો એમ છો.'

નીરવ મૂંઝાતો હતો. એને ખબર નહોતી પડકી કે આગળ શું કરવું, શું કહેવુ. મેજરે એની માંગણીને મૂળ સમેત ઉખેડી નાખી હતી.

'નીરવ, અમારા સ્પષ્ટ ઇન્કારને તમે તમારું અપમાન ન સમજશો. આમેય જે ઇન્કાર બે દિવસ બાદ જણાવવાનો હતો તેને અમે તમારી સમક્ષ અત્યારે જ મૂકી દીધો. જે સંબંધ શક્ય ન હોય તેના માટે કોઈને જૂઠી આશ બંધાવવા કરતાં માનભર્યો સ્પષ્ટ ઇન્કાર કરવો મારા મતે વધુ બહેતર છે.'

'યુ આર રાઈટ મેજર, તમારા ઇન્કારથી હું થોડો હતાશ થયો હતો, પણ હવે હું સ્વસ્થ છું.'

'હું તમને ઇન્કારનું કારણ જણાવી દઉં જેથી તમારા મનમાં નિશા પ્રત્યે કે અમારા પ્રત્યે કોઈ અણગમો ન રહે.'

મેજરે ટૂંકો શ્વાસ ભરી ઉમેર્યું, 'નીરવ, નિશા માટે જીવનસાથીની પસંદગી વર્ષો પહેલાં થઈ ચૂકી છે. એનું નામ રાજેશ છે. ડૉક્ટર છે, હાર્ટ સ્પેશ્યાલિસ્ટ. મારા દિવંગત દોસ્ત મેજર ત્રિપાઠીનો પુત્ર. મેં અને મારા દોસ્તે એકબીજાને વચન આપ્યું હતું કે રાજેશ અને નિશાનાં લગ્ન થકી આપણી દોસ્તીને રિસ્તેદારીમાં ફેરવીશું. મેજર ત્રિપાઠી તો હવે હયાત નથી. હા.... રાજેશ

અને એની મા રેણુકાબહેન આવતીકાલે અહીંયાં આવી રહ્યાં છે. નીરવ આ છે અમારા સ્પષ્ટ ઇન્કારનું કારણ.'

થોડી વાર ત્રણેય વચ્ચે મૌન ઊઠી રહ્યું, પછી નીરવે કહ્યું...

'તમે સ્પષ્ટવક્તા છો મેજર. જૂઠી આશ બંધાવવા કરતાં સ્પષ્ટ ઇન્કાર વધુ બહેતર... તમારો આ અભિગમ મને ગમ્યો. તમારા ઇન્કારનું કારણ એકદમ યોગ્ય છે. અને હા... નિશા કે તમારા પ્રત્યે ન મને કોઈ અણગમો હતો, છે નહીં અને હશે પણ નહીં. હું મારી માંગણીને સમેટી લઉં છું. તમે તમારા દિવંગત દોસ્તને વચન આપ્યું છે, એ વચન તમારે પૂર્ણ કરવું જ રહ્યું. હવે મને રજા આપો.' કહેતો નીરવ ઊભો થઈ ગયો.

* * *

અત્યારે નીરવની બાજુમાં બેઠેલી નિશા આ બધું સાંભળીને ઝાટકા સાથે ઊભી થઇ ગઇ. એના પૂરા જિસ્મમાં ઝણઝણાટી ફેલાઈ ગઈ હતી. આઘાતથી સમસમી ગઈ હતી એ. ક્ષણોની ગંભીરતાને માપતો દીપક ટટ્ટાર થયો. નીરવે જાણે કોઇ બૉમ્બવિસ્ફોટ કર્યો હોય તેમ બધાં ડઘાઈ ગયાં હતાં.

'નિશા...' દીપકે નિરાશા ઠાલવી, 'બીજું એક કમૌસમી માવઠું આપણા પ્રેમ પર અંધકાર પાથરવા ચઢી આવતું નજરે પડે છે.'

'ના દીપક.' નિશા તદ્દન ગંભીર હતી, 'આવનાર માવઠાને કમૌસમી ગણી થોડી વાર વરસીને ચાલ્યું જશે એવું માનવાની ભૂલ કરવા જેવી નથી. મને તો એ ભરચોમાસે ધોધમાર, વરસવા માટે ઊમટી પડેલ કાળાંડિબાંગ વાદળાં નજરે ચઢે છે.'

'નિશા...' દીપકે નિશાનો હાથ થામ્યો.

નિશાની સ્થિર આંખો સામે આવનાર કોઈ વિચિત્ર પરિસ્થિતિના અદૃશ્ય ચિત્રો ઉદ્ભવતાં હતાં.

'દીપક, જો આ કાળાડિબાંગ વાદળાં વરસસે તો મારું અસ્તિત્વ એના ફોરાઓની થપાટોથી ચરમરાઇ જશે.'

'નિશા, તું શું કહેવા માગે છે તે મને સમજાતું નથી.'

આખા રૂમમાં અદૃશ્ય ભાર ઊઠી રહ્યો હતો. બધાના તેજ શ્વાસોની સુસવાટી સંભળાતી હતી.

'દીપક, જો આ વાત મેજરની જબાનેથી બહાર આવી હોય તો...'

'નિશા...' હવે નીરવે કહ્યું 'આ વાત ગઈકાલે મેજરે જ મને કહી હતી. એમણે એમના દિવંગત દોસ્ત મેજર ત્રિપાઠીને વચન આપ્યું હતું કે, તારા અને રાજેશના લગ્ન થકી એ એમની દોસ્તીને રિસ્તેદારીમાં ફેરવશે. મારા પ્રસ્તાવને પાછો ઠેલવા એમણે આ જ વજહ મારી આગળ ધરી હતી. બીજી એક ખાસ વાત, રાજેશ અને એની મા આજે તારા ઘેર આવવાનાં છે.' ઊભી-ઊભી બૂત બની ગયેલી નિશા ધબ્ દઈને દીપકની બાજુમાં ફસડાઈ પડી. બધાં અબોલ હતાં. બધાંના કાળજે આઘાતનો વજનદાર ઘણ વાગ્યો હતો. દીપકે નિશાને પોતાની છાતીએ ખેંચી લઈ સરાહી-સમજાવવાનો પ્રયત્ન કર્યો.

'નિશા, આશા રાખીએ કે એવી કોઈ વાત ન હોય. એવું બને કે મેજરે નીરવના પ્રસ્તાવને પાછો ઠેલવા કોઈ વજહ રૂપે આ કાલ્પનિક વાત આગળ ધરી દીધી હોય.'

'રાજેશ અને એની મા કાલ્પનિક પાત્ર નથી દીપક, નક્કર હકીકત છે. હું રાજેશને ઓળખું છું. ઘણાં વર્ષો પહેલાં મેજર ત્રિપાઠી અંતેવાસી થયા હતા ત્યારે હું એમને મળી ચૂકી છું, અને ત્યાર બાદ પણ એ લોકો અવાર-નવાર અમારે ત્યાં આવતાં રહ્યાં છે. હું રાજેશને...'

હતાશાની આગોશમાં સમાઈ ગયેલી નિશાના શબ્દો સુકાઈ ગયા. દીપક પણ આ બધું

સાંભળીને ઢીલો થઈ ગયો હતો. વિક્રમે જરા હિંમત જુટાવીને કહ્યું...

'નિશા, તું એ બધી વાત છોડ. ચાલ, આપણે તારા ઘેર જઈએ. મને તો લાગે છે, મેજરે નીરવના પ્રસ્તાવને પાછો ઠેલવા અમસ્તા જ આ કારણ આગળ ધર્યું છે.'

હતાશ નિશા ઢીલી-ઢીલી ઊભી થઈ. દીપક હજી માથું ઢાળીને બેસી રહ્યો હતો. વિક્રમે એને જરા ભારે સ્વરે કહ્યું...

'તું કેમ ઢીલો થઈને બેસી રહ્યો છે ! ઊભો થા. હિંમત રાખ જરાક. તું ઢીલો પડીશ તો નિશાની પણ હિંમત તૂટી જશે.'

નિઃશ્વાસ નાખી દીપક ઊભો થયો. કોમલે પણ ઊભા થઈ પાસે આવી નિશાના હાથ થામ્યા. નિશાની આંખોમાં આંસુનું પૂર ચઢી આવ્યું હતું. કોમલે એને બાઝી પડીને હિંમત બંધાવી. વિક્રમે ઇશારો કરતાં શીતલે કોમલનો હાથ પકડી પોતાની પાસે ખેંચી લીધી.

* * *

નિશા, દીપક અને વિક્રમ ઘરમાં પ્રવેશતાંવેંત જ સડક થઈ ગયાં. કાલ્પનિક હોવાની જેની આશ રાખતાં હતાં તે વાત અત્યારે હકીકતનું રૂપ ધરી ત્રણેયની સામે હતી.

મેજર અને વિદ્યાબહેનની સામે રાજેશ અને રેણુકાબહેન બેઠાં હતાં. વિષ્ણુપ્રસાદ અને રુક્મિણી પણ અત્યારે અહીંયાં ઉપસ્થિત હતાં. નિશા, દીપક અને વિક્રમને જોઈને એમણે વાતો અટકાવી.

'નિશા !' મેજરે આશ્ચર્ય અને ખુશી સહિત પૂછ્યું, 'આજે આટલી જલદી ઑફિસેથી પાછી આવી ગઈ !'

'મેં રિઝાઈન કરી દીધું છે.' નિશાના અવાજમાં કંપન હતું.

નિશાને જોઈ અપલક થઈ ગયેલાં રેણુકાબહેને હાથ લંબાવી નિશાનો હાથ પકડી પોતાની બાજુમાં બેસાડી.

'દીપક, વિક્રમ આવો. બેસો...' મેજરે બંનેને આવકાર્યા. અનચાહ્યું ધૂંધળું સ્મિત કરતાં વિક્રમ અને દીપક ખુરશીમાં બેઠા.

'હું તમારો પરિચય મહેમાનો સાથે કરાવું.'

મેજરના શબ્દો નિશા, દીપક, વિક્રમના કાળજા પર ઘણની જેમ વાગતા હતા.

સત્તર

મેજરના શબ્દો નિશા, દીપક, વિક્રમના કાળજા પર ઘણની જેમ વાગતા હતા.

'નિશા.' મેજર નિશા તરફ ફર્યા, 'આમને તો તું ઓળખે છે, રેણુકાઆન્ટી અને રાજેશ.'

નિશાએ કમને રેણુકાબહેનના ચરણસ્પર્શ કર્યા. અને ત્રાંસી નજરે રાજેશ તરફ જોઈ બળજબરીથી સ્મિત કર્યું.

'અને રાજેશ, આ છે દીપક, માસ્તર વિષ્ણુપ્રસાદનો દીકરો. અને આ છે વિક્રમ. નિશા, દીપક અને વિક્રમ એકબીજાના ખાસ દોસ્ત છે. વિક્રમની પત્ની શીતલ અને નિશા કૉલેજમાં સાથે હતી.'

રાજેશે દીપક અને વિક્રમ સાથે હસ્તધનૂન કર્યું. ખામોશીની થોડી ક્ષણો પસાર થઈ ગઈ, પછી મેજરે કહ્યું 'તમે બધા હાજર છો, નિશા પણ હાજર છે. અત્યાર સુધી નિશાથી છુપાવેલી એક વાત આજે હું કહી દઉં.'

નિશા, દીપક અને વિક્રમનાં હૃદય ઊછળતાં હતાં. નિશા ઇચ્છતી હતી કે મેજર આગળ કાંઈ ન કહે. પણ...

'રાજેશ મારા દિવંગત દોસ્ત મેજર ત્રિપાઠીનો પુત્ર છે. મેં અને મારા દોસ્તે એકબીજાને વચન આપ્યું હતું કે, રાજેશ અને નિશાના લગ્ન થકી અમે અમારી દોસ્તીને રિસ્તેદારીમાં ફેરવીશું. મેજર ત્રિપાઠી તો હવે હયાત નથી. રાજેશ ડૉક્ટર બની ગયો છે. આજે અમે ઘણાં ખુશ છીએ. બંને દોસ્તોએ એકબીજાને આપેલું વચન પૂર્ણ થવા જઈ રહ્યું છે.'

નિશા મોઢે હાથ દાબી રુદન ગળી ઘરમાંથી બહાર દોડી ગઈ.

'લગ્નની વાત સાંભળીને શરમાઈ ગઈ લાગે છે.' રેણુકાબહેને હસતાં-હસતાં કહ્યું, 'મેજર, નિશા ઘણી સુંદર દેખાય છે. વર્ષો પહેલાં જોઈ હતી ત્યારે શ્યામરંગી, એકવડા બાંધાની દેખાતી હતી. એને જોઈને મને થતું હતું... આ છોકરીનું શું થશે ! અને આજે... એનું રૂપ દુનિયાને આંજી નાખે એવું ખીલ્યું છે !'

'બહેન, માંડ-માંડ બેઠા થતા ઘણા નાના છોડ મોટા થઈ ઘટાદાર વૃક્ષો બની જતા હોય છે !'

મેજર, વિદ્યાબહેન અને રેણુકાબહેન ખડખડાટ હસ્યાં. પછી મેજરે દીપક અને વિક્રમને કહ્યું, 'દીપક, વિક્રમ મારી એક વિનંતી છે. રાજેશ અહીંના માહોલથી અપરિચિત છે. એને કાંઈ જરૂર હોય તો મદદ કરજો.'

દીપક અને વિક્રમે હકારમાં મસ્તક હલાવ્યું. રાજેશે ફરી હાથ લંબાવી બંને સાથે હસ્તધૂનન કરતાં કહ્યું...

'થેન્ક્સ યાર. તમારી મદદની મને આવશ્યકતા રહેશે. નિશાની જેમ જ મને પણ તમારી દોસ્તીની હૂંફ મળી રહેશે એવી આશા રાખું છું.'

થોડી વાર વાતો કર્યા પછી વિષ્ણુપ્રસાદ અને રુક્મિણી ઊભાં થયાં.

'મેજર, હવે અમે જઈએ.'

વિષ્ણુપ્રસાદ અને રુક્મિણીની પાછળ-પાછળ દીપક અને વિક્રમ પણ ઊભા થયા.

'તમે બંને ક્યાં ચાલ્યા ?' મેજરે કહ્યું, 'તમે બંને બેસો, રાજેશને કંપની મળી રહેશે.'

વિક્રમે કહ્યું, 'મેજર, મહેમાનોને સફરનો થાક લાગ્યો હશે, એમને જરા રિલેક્સ થવા દઈએ.'

'ઓહ ! હા...' મેજર હસી પડ્યા, 'ઠીક છે તમે બંને જાવ. અને રાજેશ તને બુઝુર્ગોની વાતોમાં રસ નહીં પડે. તું બહાર નિશા પાસે જઈને બેસ.'

મેજરના શબ્દો દીપકના દિલ પર કરવતની જેમ ચાલ્યા. ઝડપથી બહાર આવી જઈ એણે ગાર્ડનમાં હીંચકે ઝૂલતી નિશા તરફ જોયું. દીપકને જોઈ નિશા ઝટકાથી હીંચકા પરથી ઊભી થઈ ગઈ. એનું હૃદય બેલય ધડકતું હતું. એની આર્દ્ર આંખોમાં ઉદાસી સાથે લાચારી ઓગળેલી હતી. એણે દીપક પાસે જવા કદમ વાળ્યા ત્યાં જ રાજેશને બહાર આવેલો જોઈ એના કદમ આપોઆપ અટકી ગયાં. વિક્રમ દીપકનો હાથ પકડીને ઘેર લઈ આવ્યો.

* * *

ઘેર આવી વિષ્ણુપ્રસાદ અને રુક્મિણી રીતસર ફસડાઈ પડ્યાં હતાં. ઘોર અંધકારથી ઘેરાયેલા દીપક અને વિક્રમે એમની સામે પડતું મૂક્યું. ચારેય અબોલ હતાં. જે સપનાં સંજાવ્યાં હતાં તે બધાં ભાંગીને ભૂકો થતાં હોવાનો અહેસાસ ચારેયને થતો હતો.

હતાશામાં ડૂબેલા વિષ્ણુપ્રસાદે કહ્યું, 'આજે અમે નિશાનો હાથ માંગવા મેજર પાસે ગયાં હતાં. પરંતુ રેણુકાબહેન અને રાજેશ ત્યાં હાજર હતાં. એ બંનેની ઓળખાણ અમારી સાથે કરાવી મેજરે એમના વચન વિશે કહ્યું એટલે પછી અમારે અમારો પ્રસ્તાવ મેજરની સામે રાખવાનો કોઈ મતલબ નહોતો.'

રુક્મિણીએ પણ પોતાની વ્યથા ઠાલવતાં કહ્યું, 'આપણે કેટલા પ્રેમથી નિશાને સ્વીકારી હતી. આ ઘરની પુત્રવધૂ માની લીધી હતી. કેટલો આનંદ થતો હતો, જ્યારે એ પુત્રવધૂની ફરજ સમજી આપણી સેવા કરતી હતી. બધાં અરમાન પિસાઈ ગયાં.'

રુક્મિણી ડૂસકું રોકીને રસોડામાં ચાલી ગઈ. વિક્રમે મસ્તક ઝુકાવતાં કહ્યું...

'નિશાને ખબર નહોતી કે મેજરે આવું કોઈક વચન એમના દોસ્તને આપ્યું છે. મેજરે આવું નહોતું કરવા જેવું. એમણે નિશાની મરજી પૂછ્યા વિના સીધો એમનો ફેસલો સંભળાવી દીધો.'

દીપક એકદમ ભડક્યો, 'વિક્રમ, મારે મેજર કે એમના વચન સાથે કાંઈ લેવા-દેવા નથી.' એની અંદર આગ લાગી હતી. અંદર સળગતી આગના ધુમાડા એની જબાનેથી બહાર આવતા હતા, 'મારે નિશા સાથે મતલબ છે. હું એને કહીશ કે, એ આ પ્રસ્તાવનો અસ્વીકાર કરે. એવું થોડું ચાલે કે, દીકરીની મરજી જાણ્યા સિવાય એના લગ્નનો ફેંસલો સંભળાવી દેવાય.'

'દીપક શાંત થા.' વિક્રમે દીપકના ખભે હાથ રાખ્યો, 'ગુસ્સાથી પરિસ્થિતિની બાજુ પલટી નથી શકાતી, ધૈર્યથી કામ લે.'

'ક્યાં સુધી ધૈર્યથી કામ લઉં... ક્યામત સુધી...!' બરાડો નાખી ગુસ્સામાં પગ પછાડતો દીપક એના રૂમમાં ચાલ્યો ગયો.

વિષ્ણુપ્રસાદ હિંમતથી ટટ્ટાર થયા, 'વિક્રમ, દીપક પર શું વીતતી હશે તે તો એ જ જાણે. એ અંદરથી તૂટી રહ્યો હોય એવું મને લાગે છે. નિશા એને નહીં મળે તો એની શી હાલત થશે તે તો ભગવાન જાણે. હું મેજર બત્રાને સમજાવીશ, કહીશ કે, આ લગ્ન માટે એમણે નિશાની મરજી જાણવી આવશ્યક છે. વિક્રમ તું દીપકને સંભાળજે. હાલના હાલાતમાં એને બે જ વ્યક્તિ સંભાળી શકે એમ છે, એક તું અને બીજી નિશા.'

'તમે ફિકર ના કરો, અંકલ. હું દીપકને સંભાળીશ. અને નિશાની મરજી શું છે તે પણ જાણી લઈશ. લગભગ તો નિશા આ પ્રસ્તાવથી નાખુશ જ હશે.'

* * *

બહાર આવેલો રાજેશ હીંચકા પર નિશાની બાજુમાં બેઠો હતો. બંનેએ હજી લગી એકબીજા સાથે કોઈ વાત નહોતી કરી. નિશા નતનજરે બગીચાના લીલા-કૂણા ઘાસને તાકી રહી હતી. શાયદ શરમનો પરદો આડો આવી રહ્યો છે એમ સમજી રાજેશ વાતનું બિંદુ પકડી રેખા ખેંચવા લાગ્યો...

'નિશા, કેટલો ખૂબસૂરત નજારો છે, નહીં ! પશ્ચિમે પડેલા સૂરજની સોનેરી ઝાંય ધરા પર

ફેલાઈ ગઈ છે. વાતાવરણમાં ધીરે-ધીરે ઠંડક ભળી રહી છે. મંદ-મંદ પવન લહેરાઈ રહ્યો છે…'

નિશાએ હાથ ઊંચો કરી ઇશારાથી રાજેશના શબ્દોને અટકાવતાં સહેજ તીવ્રતાથી પૂછ્યું, 'રાજેશ તમે અમેરિકામાં ભણ્યા છો ને !'

'હા… કેમ આવું પૂછવું પડ્યું ?'

સહેજ ત્રાંસી નજરે રાજેશ બાજુ જોતાં નિશા બોલી, 'ત્યાં કોઈ ગોરી મેમ લગ્ન યોગ્ય ન લાગી ? આજ-કાલ તો લોકો ડોલરિયા પ્રવાહમાં તણાઈ રહ્યા છે. તમે કેમ ઊલટા પ્રવાહે તરવાનું વિચાર્યું ? ડૂબી જવાનો ભય ન લાગ્યો ?'

'કમોન નિશા !' રાજેશ ધીમું-ધીમું હસ્યો. 'યુ આર જોકિંગ. મારી મા મને વર્ષોથી પિતાના વચન વિશે કહેતી આવી છે, જ્યારે મને ખબર છે કે મારે તારી સાથે લગ્ન કરવાનાં છે, તો પછી મને બીજી કોઈ છોકરીને પ્રેમ કરવાનો અધિકાર નથી.'

'તમે મને એક વાત સાચે-સાચી કહેજો રાજેશ.' નિશાએ રાજેશ તરફ જોયું. નિશા સાથે નજર મળતાં રાજેશની આંખો બીજી તરફ જોઈ ગઈ, 'તમને પિતાના વચનની પહેલેથી ખબર હતી એટલે તમે એમ માનો છો કે, તમને નિશા સિવાય બીજી કોઈ છોકરીને પ્રેમ કરવાનો અધિકાર નથી. પરંતુ… જો તમને પિતાના વચનની પહેલેથી ખબર ન હોત તો… શું તમે કોઈ બીજી છોકરીના પ્રેમમાં પડ્યા હોત ?'

કોઈ ઉત્તર ન આપતો રાજેશ ફક્ત ફિક્કું હસ્યો.

'તમારું ફિક્કું હાસ્ય મારા સવાલનો જવાબ નથી રાજેશ.'

રાજેશનું મસ્તક ઝૂકી ગયું, 'વેલ… તો શાયદ…હું કોઈ બીજી છોકરીના પ્રેમમાં પડ્યો હોત. કૉલેજમાં મારી સહાધ્યાયી પ્રત્યે મને આકર્ષણ જન્મ્યું હતું. પણ નિશા…'

'બસ… મારે આગળ કાંઈ જ નથી જાણવું.' થૂંકનો ઘૂંટ ગળી નિશાએ ઉમેર્યું, 'રાજેશ, મારે તમને એટલું જ કહેવું છે કે, મારા અને તમારા પિતાએ એકબીજાને આપેલા વચનની મને આજે જ ખબર પડી છે.'

ચૂપ થઈ ગયો રાજેશ. નિશા શું કહેવા માગે છે, એની વાતનો શું જવાબ આપવો તે એ ન સમજી શક્યો. આખરે એ દિલનો ડૉક્ટર છે, દિમાગનો નહીં ! નિશાની દિમાગી કમાન કયા તીર છોડે છે તે સમજવું એના માટે દુષ્કર હતું. ઘણા ઊંડા વિચારો પછી એ બોલ્યો…

'નિશા, તું શું કહેવા માગે છે તે હું સમજી શકતો નથી.'

નિઃશ્વાસ નાખતી નિશાએ સ્પષ્ટ શબ્દોમાં પૂછ્યું, 'રાજેશ, તમે શા માટે મારી સાથે લગ્ન કરવાની ઇચ્છા ધરાવો છો…?'

'કારણ કે આપણા…'

નિશાએ રાજેશના શબ્દો પકડી લીધા, '…આપણા વડીલો એકબીજા સાથે વચને બંધાયા હતા એટલા માટે, બરાબર ?'

રાજેશે મસ્તક હલાવી હકાર ભર્યો.

'રાજેશ, એમના વચનની વેદીમાં મારાં કે તમારાં અરમાનોને હોમી દેવાં પડે તો…'

'એવું નહીં થાય નિશા, એમના વચનની વેદીમાં આપણાં કોઈ અરમાન નહીં હોમાય. મારી સાથે જોડાયા બાદ તારાં દરેક અરમાન, ઇચ્છા હું પૂર્ણ કરીશ, હું તને વચન આપું છું.'

'વચન…!' નિશાના શબ્દોમાં તીવ્રતા આવી ગઈ, 'રાજેશ, તમને કદાચ ખબર નથી, આ 'વચન' શબ્દના ભાર તલે હું ગૂંગળાઈ રહી છું.'

'નિશા પ્લીઝ ! મહેરબાની કર મારા પર. તારી ફિલસૂફી મારા કોઠે પડતી નથી. હું કાંઈ સમજી શકતો નથી કે તું શું કહેવા માગે છે.'

નકારમાં મસ્તક હલાવી નિશા ઊભી થઈને ઝડપથી ઘરમાં ચાલી ગઈ.

* * *

પોતાના રૂમમાં પુરાઈ ગયેલી નિશા રાત્રે જમવા પણ બહાર નહોતી આવી. ચારે બાજુથી એ ચિંતાના ચક્રવ્યૂહમાં ઘેરાઈ ગઈ હતી. હવે મારા અને દીપકના પ્રેમનું શું થશે ? આ પ્રશ્ન એના દિમાગને ઊધઈની માફક કોતરતો હતો.

મોડી રાત્રે રાજેશ અને રેણુકાબહેનને એમના રૂમમાં છોડી મેજર અને વિદ્યાબહેન નિશાના રૂમમાં આવ્યાં ત્યારે આરામખુરશીમાં બંધ આંખે લાંબી થયેલી નિશાના ચહેરે હતાશાની કરચલીઓ ઊપસી આવેલી હતી.

પંદર દિવસની બીમાર વ્યક્તિ બેઠી થાય તેમ નિશા ઢીલી-ઢીલી ખુરશીમાં ટટ્ટાર થઈ. એના માથે હાથ ફેરવી એની સામે ખુરશીમાં બેસતાં મેજરે પૂછ્યું,

'નિશા, શું થયું તને ? લગ્નની વાત સાંભળીને તો યુવાનો-યુવતીઓ રોમાંચિત થઈ ઊઠે, જ્યારે તું ચિંતાના સમંદરમાં ડૂબી ગઈ હોય એવું લાગે છે !'

વિદ્યાબહેન નિશાની બાજુમાં ખુરશીમાં બેઠાં હતાં. નિશાએ બોલવા માટે હિંમત જુટાવી. એના હૃદયના ધબકારા વધી ગયા હતા.

'મેજર, તમે ખોટું કર્યું. તમારે તમારા વચન વિશે મને પહેલેથી જણાવવું જોઈતું હતું.'

'બસ, આટલી નાની વાત તારી ચિંતાનું કારણ છે !'

'તમે ધારો છો આ વાત તેટલી નાની નથી. મેજર, હું તમારા વચનને પૂર્ણ નહીં કરી શકું.'

'નિશા...!' ઘટ્ટ અવાજે ગુસ્સામાં ત્રાડ નાખતાં મેજર ઝાટકાથી ઊભા થઈ ગયા. સાથે વિદ્યાબહેનના શરીરમાંથી વિદ્યુતવેગી કંપારી દોડી ગઈ.

મેજરે ત્રાંસી નજરે જોતાં પૂછ્યું, 'એવું તે શું થયું છે ?'

'મને પ્રેમ થઈ ગયો છે. હું કોઈકને ચાહું છું, પસંદ કરું છું.'

'નિશા...' મેજરની આંખોમાં ગુસ્સાની રતાશ આવી ગઈ. નિશા પર ઉગામેલો હાથ એમણે ઘણો સંયમ ધરી હેઠો મૂકી દીધો.

મેજરનું રૂપ જોઈ નિશા સાથે વિદ્યાબહેન પણ થરથરી ગયાં.

'મેં આપેલી છૂટછાટનો તેં ગલત ઇસ્તેમાલ કર્યો અને પ્રેમ કરવાની ગુસ્તાખી કરી બેઠી.'

'મેજર, મેં પ્રેમ કર્યો નથી, આપોઆપ થઈ ગયો. ક્યારે એ મને ગમવા લાગ્યો, ક્યારે મારા મનમંદિરમાં ભગવાન બની બેસી ગયો તેની મને ખબર જ ન પડી. મેજર તમે આપેલી છૂટછાટનો મેં કોઈ ગલત ઇસ્તેમાલ નથી કર્યો. મારા પર વિશ્વાસ રાખો.'

'તેં પ્રેમ નથી કર્યો, પાપ કર્યું છે. મારા ભરોસાને ખંડિત કર્યો છે, મારી સાથે દ્રોહ કર્યો છે.'

'મેં તમારી સાથે કોઈ દ્રોહ નથી કર્યો. તમારો ભરોસો ખંડિત થાય એવું કોઈ કામ મેં નથી કર્યું. મારા પર વિશ્વાસ રાખો.'

નિશાએ નજર ઊંચી કરી મેજર સાથે મિલાવતાં વધુ કહ્યું...

'તમારી દીકરી પર ભરોસો રાખો, એ કદી તમારી સાથે વિશ્વાસઘાત ન કરી શકે. મેં ફક્ત પ્રેમ કર્યો છે. નિસ્વાર્થ, શાશ્વત પ્રેમ. એ પ્રેમમાં નદીના જળ જેવી નિર્મળતા છે, પવિત્રતા છે, પાપનો લેશ માત્ર અંશ નથી.'

મેજરે જોરથી નિશાનાં બાવળાં પકડી દબાતા ઘટ્ટ અવાજે કહ્યું,

'તારી પ્રેમકહાની અહીંયાં જ અટકાવી દે છોકરી ! મારે તારી પ્રેમકહાનીનો કોઈ અધ્યાય નથી સાંભળવો. મારે એ પણ નથી જાણવું કે એ કોણ છે, જેના ખાતર તું આજે તારા બાપ સામે સફાઈ પેશ કરે છે.' મેજરે નિશાને ઝાટકાથી છોડી દીધી. પછી સામે ખુરશીમાં બેઠા.

'નિશા, તું અજાણતામાં ગુનો કરી બેઠી છે. હું બધું ભૂલી જઈશ જો તું મારી વાતને

અનુસરશે તો.'

વિદ્યાબહેન ચૂપ હતાં, એ મેજરનો ગુસ્સો જાણતાં હતાં. ઘણી વારે ગુસ્સો ઓગળતાં મેજરે નિશાના હાથ પોતાના હાથમાં લઈને પંપાળ્યા.

'નિશા... બેટી... સંતાનો અક્સર માતા-પિતાની આબરૂ, માનમર્યાદા જાળવતાં હોય છે. તેં એ જાળવ્યાં છે, અત્યાર સુધી જાળવ્યાં છે, અને આગળ પણ જાળવશે તે હું જાણું છું. મેં મારા અંશ પર ભરોસો રાખી મારા દોસ્તને વચન આપ્યું હતું કે, તારું લગ્ન એમના દીકરા સાથે થશે. બેટી, આજે એ વચન પૂરું કરવાનો સમય આવ્યો છે. નિશા, અમારી પરવરીશમાં શું ખામી રહી ગઈ, અમારા પ્રેમમાં ક્યાં કમી છે કે તું...'

'તમારી પરવરીશમાં કોઈ ખામી રહી નથી મેજર, મેં જે ઇચ્છ્યું તે તમે મને કરવા દીધું છે. મારા મુક્ત-સ્વતંત્ર વિચારોને તમે બેરોકટોક ખીલવા દીધા છે. આ ઘરમાં મને હંમેશાં મનચાહ્યું મુક્ત વાતાવરણ મળ્યું છે. તમારા પ્રેમમાં કોઈ ઊણપ મેં નથી અનુભવી. પરંતુ, એ પણ મને બેહદ પ્રેમ કરે છે.'

'નિશા, બચપનથી લઈ આજ સુધી મેં તારી દરેક ઇચ્છા, દરેક માંગણી પૂર્ણ કરી છે. આજે... આજે હું યાચક બનીને તારી પાસે કાંઈક માગી રહ્યો છું.'

નિશા સામે હાથ ફેલાવતાં મેજરે દદળતા અવાજે કહ્યું, 'શું યાચક બાપની માંગણી બેટી પૂર્ણ કરશે !'

નિશા ફાટી આંખો મેજરને જોઈ રહી. એની આંખોમાંથી દળદળ આંસુ સરી પડ્યાં. મેજરના ફેલાયેલા હાથ થામી લઈ એણે આંસુઓથી પખાળ્યા. શરદીનો સળકો ખેંચતાં એણે કહ્યું...

'એક બાપ યાચક બની બેટી સામે હાથ ફેલાવે તે સ્થિતિ બેટી માટે અસહ્ય બની રહે છે. મેજર, તમે મારી ઇચ્છાઓને, લાગણીઓને સમજો. તમારો પ્રેમ મારા માટે ધરા છે, એનો પ્રેમ આસમાન છે. અને હું એ બંનેના મિલનની ક્ષિતિજો તરફ પુરપાટ દોડી રહી છું. નથી જાણતી કે હું એ ક્ષિતિજોને સ્પર્શી શકીશ કે નહીં.'

'ક્ષિતિજ ફક્ત આભાસ છે બેટી. ધરા અને આસમાનનું મિલન કદી સંભવ્યું નથી, અને સંભવશે નહીં. બેટી, આસમાનને અડકવાની આશમાં ક્ષિતિજ તરફ દોડતો ઇન્સાન જ્યારે થાકે ત્યારે એને વાસ્તવિકતા સમજાય કે, ધરા જ આપણી જિંદગી છે, ધરા પર જ આપણું અસ્તિત્વ પાંગર્યું છે અને વિસ્તર્યું છે.'

'પ્રેમની ગહેરાઈ પાતાળ કરતાં વધુ અને ઊંચાઈ આસમાન કરતાં અધિક હોય છે મેજર. મેં એ ઊંચાઈના સહારે આસમાનનો સ્પર્શ અનુભવ્યો છે. એનો પ્રેમ મારી જિંદગી છે, એનો વિરહ મારું મોત !'

'એ જ રીતે તારો 'હકાર' મારી જિંદગી છે, અને 'નકાર' મારું મોત !'

'મેજર...!' અઘાતથી નિશાની આંખો મીંચાઈ ગઈ.

'નિશા, મેજર રણજિત બત્રા વચનપાલન માટે જીવ આપી દેશે. અને એણે શાયદ પોતાના પરિવારજનોને આ જ પાઠ શીખવ્યા છે.'

'તમે મારો જીવ લઈ લો મેજર, મને સહેજે અફસોસ નહીં થાય.'

'જ્યારે તારી જિંદગી પર મારો અધિકાર નથી રહ્યો તો પછી તારા મોત પર મહોર મારવાનો તો મને સહેજે અધિકાર જ નથી. અ◌ામેય ઇન્સાનના મોત પર સ્વયં અને કુદરત સિવાય બીજા કોઈનો અધિકાર હોતો નથી. નિશા, મારા મોત પર પણ મારા અને કુદરત સિવાય કોઈનો અધિકાર નથી.'

'મેજર...!' આઘાત પચાવી ગઈ નિશા, 'મેજર, તમે આવું ના બોલો.'

'નિશા, આ મેજર યુદ્ધમાં એકલે હાથે હજારો દુશ્મનોને મોતને ઘાટ ઉતારી ચૂક્યો છે. પરંતુ આજે એના પોતાનાએ જ એને મોતની કગાર પર લાવીને ઊભો કરી દીધો છે. મારી અંદરનો મેજર મને કહી રહ્યો છે, પ્રાણની આહુતિ આપીને પણ વચનપૂર્તિ કરો.'

'અને તમારી અંદરનો પિતા શું કહી રહ્યો છો, મેજર ?'

'એ જ કે, તેં તારા સંતાનને વચનપાલનના પાઠ બરાબર ગળથૂથીમાં નથી આપ્યા. સંતાનની પરવરીશમાં તેં ઊણપ રાખી છે. તું અંધકારમાં મોં છુપાવી ક્યાંક દૂર નાસી જા. એટલે દૂર નાસી જા કે જ્યાં જિંદગીનો છેડો આવી જાય.'

'મેજર...' નિશા આખેઆખી મેજર પર ઝૂકી ગઈ. મેજરે એનો ખભો પકડી પોતાનાથી અળગી કરતાં કહ્યું..

'નિશા, એક વાત સ્પષ્ટ જાણી લે. તું તારા મનમંદિરના ભગવાન સાથે મારી ચિતાની આસપાસ ફેરા ફરતી હોઈશ.'

'મેજર...!' ક્ષણ ભર જડ થઈ ગઈ નિશા, 'તમે આજે મારા પિતા હોવાની કિંમત મારી પાસેથી વસૂલી રહ્યા છો. તમે તમારા વચનની પૂર્તિ માટે મારાં અરમાનોની, મારી ઇચ્છાઓની, મારી લાગણીઓની બલિ માગી રહ્યા છો. મેજર તમારા વચનની વેદીમાં મારે મારાં અરમાનો, ઇચ્છાઓ, લાગણીઓ, મારી જિંદગીની આહુતિ આપવાની છે, બરાબર ?'

શરદીનો સળકો ખેંચ્યો નિશાએ. એની આંખોમાંથી ટપકી રહેલાં અશ્કમોતી ફર્સ પર પડી ફૂટીને વેરવિખેર થતાં હતાં. એણે આર્દ્ર સ્વરે પૂછ્યું..

'તમારા વચન આગળ દીકરીનાં અરમાન, ઇચ્છા, લાગણી, જિંદગીનું કોઈ... મહત્ત્વ નથી ?'

એનો લાગણીભીનો સવાલ પથ્થરદિલ મેજરના અંતરને પલાળી ન શક્યો. અબોલ રહ્યા મેજર.

'બોલો મેજર... જવાબ આપો... મારાં અરમાન, ઇચ્છા, લાગણી, જિંદગીનું કોઈ મહત્ત્વ છે કે નથી ? અગર મહત્ત્વ નથી તો તમે ધડકતા દિલવાળા લાગણીશીલ, સંવેદનશીલ પિતા નથી, ફક્ત અને ફક્ત પથ્થર હૃદયવાળા મેજર છો. તમારા હૃદયમાં ફક્ત ધબકાર છે, શરીરને જીવંત રાખવા. એમાં બીજાની વેદનાને સમજી શકે એવી સંવેદનશીલ સંવેદના નથી. મેજર ફર્સ પર પડી તૂટી-ફૂટીને વેરવિખેર થતાં આ મારાં આંસુ માત્ર નથી... મારાં અરમાન છે, મારી ઇચ્છાઓ છે, મારી લાગણીઓ છે, મારી જિંદગી છે.'

'નિશા... બસ. હું ફક્ત એટલું જાણવા માગું છું કે મેં આપેલા વચનને પૂર્ણ કરવામાં તું મારા પડખે રહીશ કે નહીં ? મેં જિંદગીમાં પહેલી વાર તારી પાસે કાંઈક માંગ્યું છે. શું મારી માંગણી પૂર્ણ થશે ?'

સ્વસ્થ થઈ નિશા, બંને હાથે આંખો લૂછી બોલી,

'સ્વયંની ગરદન પર તલવાર રાખી આજે એક બાપ પોતે આપેલી જિંદગીની કિંમત બેટી પાસે માગી રહ્યો છે. બેટી લાચાર છે, મજબૂર છે, ઇન્કાર નહીં કરી શકે. પિતાના વચનની વેદીમાં એણે એના પ્રેમની આહુતિ આપવી જ રહી ! મેજર...કાશ... મારા શરીરની નસોમાં તમારું લોહી ન દોડતું હોત...'

નિશાના માથે હાથ ફેરવી ખુરશીમાંથી ઊભા થઈ દરવાજા તરફ વળ્યા મેજર.

'મેજર, જતાં-જતાં એક કડવું સત્ય જાણતા જાવ.'

મેજર પાછું ફર્યા. એમની સાથે નજર મિલાવતી નિશાએ જડબાં ભીસી તીવ્ર અવાજે કહ્યું..

'તમે અત્યંત જિદ્દી માણસ છો. બેટીની લાગણીને સમજી શકો એવા સંવેદનશીલ પિતા

નથી. તમે જડ પદાર્થ કરતાં વિશેષ કાંઈ નથી.'

નિશાની વાતનો કોઈ જવાબ ન વાળી મેજર પથ્થરદિલ ઇન્સાનની જેમ રૂમમાંથી બહાર નીકળી ગયા.

નિશા ઢીલી થઈ ગઈ. એની ભીની આંખો વરસાદી વાદળની જેમ વરસતી હતી. ડૂસકાં ભરતી હતી એ.

'નિશા...' વિધાબહેને એના માથે હાથ ફેરવીને પંપાળી, 'તું આજે મેજરને ઘણું કડવું બોલી ગઈ. એમણે કેમ કરી સહન કર્યું હશે !'

નિશાએ તિરસ્કાર વેર્યો, 'મોમ, એ મિલિટરીમૅન પાસે દિલ નામની કોઈ ચીજ જ નથી, ફક્ત દિમાગ છે. એમનું ઠોસ દિમાગ બીજાની લાગણી, પ્રેમ, અરમાનોને સમજી શકતું નથી. તેં કઈ રીતે આટલાં વર્ષો એમની સાથે વિતાવ્યાં તે મને સમજાતું નથી !'

'તું સમજે છે મેજર એવા ઠોસ પણ નથી, એ ઘણા સંવેદનશીલ અને માયાળુ છે. પરંતુ એ વચને બંધાયા છે, એ મજબૂર છે. પ્રાણ નીકળી જતાં લગી એ પોતાના વચનને પાળવાનો પ્રયત્ન કરશે.'

'અને... એમના વચનપાલન માટે મારે મારા પ્રેમની ચિતા સળગાવી દેવાની એમ જ ને !'

'નિશા...તું તદ્દન શાંતિથી મનોમંથન કર. ઘણી વાર નાદાનિયતમાં જન્મેલું આકર્ષણ પ્રેમનું મહોરું પહેરી લે છે. પછી જ્યારે આકર્ષણની અસલી સૂરત સામે આવે ત્યારે પેટ ભરીને પસ્તાવું પડે છે.'

'મારો પ્રેમ આકર્ષણ માત્ર નથી. મારો પ્રેમ બે ક્ષણના બુલબુલા જેવો નથી. જે બાહ્ય દબાણથી ફૂટી જાય, એ તો ઘણો તાકતવર છે. કોઈ પણ મુશ્કેલ પરિસ્થિતિ સામે ઘૂંટણ ટેકવે એવો નથી.'

'હું સમજું છું નિશા તારા દિલ પર શું વીતતી હશે. હું મેજરને સમજાવવાનો પ્રયત્ન કરીશ.' વિધાબહેને નિશાના મૂરઝાઈ ગયેલા ગાલે હાથ ફેરવ્યો, નિશાએ એમનો હાથ પકડી લીધો.

અઢાર

વિધાબહેને નિશાના મૂરઝાઈ ગયેલા ગાલે હાથ ફેરવ્યો. નિશાએ એમનો હાથ પકડી લીધો.

'થેન્ક્સ મોમ. તું એ જડ માણસને જરૂર સમજાવ.'

'જરૂર સમજાવીશ બેટી. પણ... તને એ ખાતરી નથી આપતી કે, એ મિલિટરીમેન માની જશે. સાચા પ્રેમ સમક્ષ એક વાર મેરુ ડગી જાય, પણ આ મેજર તો...'

ફરી હતાશ થઈ ગઈ નિશા, 'મેં પ્રેમ નહીં, પાપ કર્યું છે, મેજરે આવું આળ મારા પર ચઢાવ્યું છે. મોમ તું મારા પર પૂર્ણ ભરોસો રાખ, મેં ફક્ત નિર્દોષ પ્રેમ કર્યો છે, કોઈ પાપ નથી કર્યું. મારું તન-મન સતી જેટલું પવિત્ર છે.'

'નિશા, આ બાબતે હું તારા પર આંધળો વિશ્વાસ મૂકી શકું. મેં સિંચેલા સંસ્કાર અને સમજણ એટલાં તો નબળાં નથી જ કે બીજા આગળ ઉઘાડા થઈ જાય.'

'તો પછી મેજરે આવું આળ...'

'નિશા... ગુસ્સામાં માણસ શું બોલે છે તે ઘણી વાર એના ખ્યાલ બહાર હોય છે. મેજર કોઈ બીજા અર્થમાં બોલ્યા હોય અને આપણે ઊંધું સમજ્યાં હોય એવું બને. નિશા, આ બાબતે મેજર પણ મારા જેટલો જ વિશ્વાસ તારા પર મૂકે, કદાચ મારાથી પણ વધારે મૂકે. અને નિશા, હવે તું શાંતિથી સૂઈ જા.'

નિશાને સમજાવી, શાંત કરી વિધાબહેન દરવાજા તરફ વળ્યાં. અટકીને પાછું જોઈ એમણે કહ્યું..

'નિશા, તેં સાંજે કાંઈ ખાધું નથી, ભૂખ લાગી હશે, થોડું ખાઈ લે.'

'ખાવાની જરા પણ ઇચ્છા નથી, મોમ. ભૂખ મરી ગઈ છે. છતાં ઇચ્છા થશે તો જરૂર ખાઈ લઈશ.'

વિધાબહેન દરવાજો બંધ કરી નિશાના રૂમમાંથી બહાર નીકળી ગયાં. નિશા બંધ આંખે ખુરશીમાં જ બેસી રહી. એના દિમાગમાં તુમુલ યુદ્ધ ચાલતું હતું.

* * *

વિધાબહેન એમના રૂમમાં આવ્યાં એટલે મેજર રિમોટથી ટીવી બંધ કરી બિસ્તરમાં લાંબા થયા. ઘણી વાર લગી બંનેમાંથી કોઈ કાંઈ ન બોલ્યું. તકિયાને અઢેલીને બિસ્તરમાં બેઠેલાં વિધાબહેને બહુ વારે વાતનું દામન થામ્યું.

'મેજર, તમારા વચનપાલન માટે નિશાનાં અરમાન, ઇચ્છા, લાગણીને છેદી નાખવાં, સારું નથી.'

મેજરે તીવ્રતાથી વિધાબહેન પ્રતિ જોયું, છતાં એમણે દૃઢતાથી કહ્યું

'તમે એમ માનતાહોવ કે નિશાને લાચાર, મજબૂર કરી તમામ વચનપાલન માટે એના પ્રેમના ટુકડા કરી નાખી તમે જીતી ગયાં તો તે તમારી મોટી ભૂલ છે. આજે એક મેજર, એક બાપ પોતાની બાવીસ વર્ષની બેટી આગળ હારી ગયો, એણે ખૈરાત માંગવી પડી.'

મેજરે સહેજ ટટ્ટાર થતાં કહ્યું, 'મારી આ હારમાં એનું જ હિત છુપાયેલું છે. માતા-પિતાએ કોઈક વાર સંતાનોની મરજી વિરુદ્ધ જઈ પોતાના કડવા ફેંસલા મનાવવા મજબૂર કરવા પડે તો એમાં સંતાનોનું જ ઉજ્જ્વળ ભવિષ્ય, હિત છુપાયેલાં હોય છે. પ્રેમના સહારે આખી જિંદગી ન જીવી શકાય. મેં જે કદમ ઉઠાવ્યું છે તે એકદમ યોગ્ય છે. તું ચિંતા ના કર. પ્રેમનો બુખાર ઊતરતાં એ સમજાઈ જશે કે, હકીકત શું છે. પરપોટા જેવા તરત જન્મીને મરી જતા પ્રેમની ઉંમર અને તાકાત કેટલી !'

'પ્રેમની તાકાતને ઓછી આંકવાની ગુસ્તાખી ન કરશો મેજર ! પ્રેમ તો ભલભલા પાષાણને પીગળાવી દે છે, તો પછી ઇન્સાન શી ચીજ છે !'

'તું આ બધી ખેંચાતાણી છોડ. નિશાને સુખી જોવી હોય, એના ઉજ્જ્વળ ભવિષ્યની આશ રાખતી હોય તો તું પણ તારા દિલ પર પથ્થર રાખી લે, જેમ મેં રાખી લીધો છે.'

'ઠીક છે. તમે કહો તેમ કરવા હું તૈયાર છું. પણ જો નિશા પછીથી દુ:ખી થશે તો હું તમને માફ નહીં કરું.' કહી વિધાબહેને પડખું ફેરવી લીધું.

મેજર થોડી-થોડી વારે પડખું બદલતા હતા. આ તરફ નિશાના મનમાં ઘમસાણ મચ્યું હતું. ઊંઘ ત્રણેયમાંથી કોઈની આંખોમાં નહોતી.

* * *

બે દિવસ રહ્યા બાદ રેણુકાબહેન અને રાજેશે ઘેર જવાની તૈયારી કરી લીધી હતી. રેણુકાબહેને મેજર પાસે આવી હાથ જોડીને કહ્યું,

'અચ્છા મેજર, હવે ઇજાજત આપો. આજથી સાતમા દિવસે જાન તમારા આંગણે આવીને ઊભી રહેશે.'

'બહેન, અમને પણ એ શુભ દિવસનો ઇંતેજાર છે. અમે તો અત્યારથી જાનને પોંખવાની તૈયારી આરંભી દીધી છે.'

એક ખૂણામાં મૂરઝાઈને ઊભેલી નિશા પાસે આવી રેણુકાબહેને બંને હાથે એનું મસ્તક પકડી નમાવીને ચૂમ્યું.

'તું ઉદાસ કેમ છે, બેટી !'

'એ તો...' વિધાબહેને વાત વાળી લેતાં કહ્યું 'પિયર છોડવાની વાત પર દરેક છોકરી ઉદાસ થઈ જાય છે.'

રેણુકાબહેને નિશાના ગાલ થપથપાવ્યા. નિશાએ એમનાં ચરણસ્પર્શ કર્યાં.

રેણુકાબહેન અને રાજેશ વિદાય થયા પછી નિશાએ કહ્યું 'મોમ, હું શીતલને ત્યાં જાઉં છું.' કહીએ પગમાં સ્કોલ ચઢાવી આગળ વધી ગઈ.

મેજર અને વિધાબહેન ઘરમાં પાછાં આવ્યાં.

* * *

દીપક જ્યારે શીતલના ઘેર આવી પહોંચ્યો ત્યારે નિશા શીતલના બેડરૂમમાં હતી. અને વિક્રમ અને શીતલ લટકેલા મોંએ ડ્રૉઇંગરૂમમાં સોફા પર બેઠાં હતાં.

'નિશા ક્યાં છે ?' દીપકે આવતાંવેંત પૂછ્યું.

વિક્રમે દીપક તરફ જોતાં કહ્યું 'બેડરૂમમાં છે. ક્યારની તારી રાહ જુએ છે.'

દીપક ઝડપથી બેડરૂમ તરફ વળ્યો એટલે વિક્રમે એને સમજાવ્યો, 'દીપક, તદ્દન ધૈર્યથી કામ લેજે. નિશાની હાલત ખૂબ જ ખરાબ છે.'

બેડરૂમમાં આવેલા દીપકે બેડરૂમનું બારણું અમસ્તુ જ બંધ કર્યું. બેડ પર બેઠેલી નિશા ઊભી થઈને આવી એને જોરથી બાઝી પડી. દીપકે થોડી વાર એના રેશમી વાળમાં હાથ ફેરવ્યો, પછી એનો હાથ પકડીને બેડ પાસે લાવ્યો.

નિશાની આંખોમાં ઝળઝળિયાં હતાં, ચહેરે સ્પષ્ટ ગૂંગળામણનાં વર્તુળો રચાયેલાં હતાં. દીપકે તર્જનીથી એનું મસ્તક ઊંચકતાં પૂછ્યું,

'નિશા, શું થયું ?'

નિશાએ એની આંખોમાં આંખો પરોવી, 'દીપક, મેજર ઘણા જિદ્દી છે. એમના સીનામાં આપણા પ્રેમને સમજી શકે એવું દિલ નથી. એ ઇન્સાન નથી, ઠોસ પથ્થર માત્ર છે.'

નિશાના એક-એક શબ્દો દીપકના કાળજાને વીંધીને આરપાર નીકળતા હતા.

'દીપક, મેં મેજરને ઘણું સમજાવ્યા. આપણા પ્રેમ વિશે કહેવાની કોશિશ કરી. પણ એ જડ પદાર્થ મારી કોઈ વાત સાંભળવા તૈયાર નથી. દીપક, એમણે એમની ગરદન પર તલવાર રાખી મને લાચાર અને મજબૂર કરી દીધી છે.'

બીજી જ સેકન્ડે દીપકના ભારે હાથનો તમાચો નિશાના ગાલે લાલી ઉપસાવી ગયો. જડબા ભીંસી દીપકે નિશાની આંખોમાં જોયું. નિશાની આંખો છલકાઈ ગઈ, અવાજ દદળી ગયો.

'બસ, એક જ તમાચો ! દીપક, તું મારું ગળું દબાવી દે, મને મારી નાખ, મારે નથી જીવવું.'

'મારી નાખીશ. હું તને મારી જ નાખીશ.' દીપકની આંખોમાં વિચિત્ર ક્રૂરતા ઊતરી આવી હતી, 'મારા સિવાય જો બીજાની સાથે જોડાવાની વાત કરી તો હમણાં જ મારી નાખીશ.'

અંદરથી બહાર ખેંચાઈ આવેલા તમાચાની ગુંજ અને સંવાદો સાંભળી ડ્રૉઇંગરૂમમાં બેઠેલા વિક્રમ અને શીતલ ધ્રૂજી ઊઠ્યાં હતાં.

'શીતલ, બંને વચ્ચે ઝઘડો થયો લાગે છે.' વિક્રમના શબ્દો પૂર્ણ થાય તે પહેલાં તો અંદરથી બીજા બે તમાચાનો અવાજ બહાર ખેંચાઈ આવ્યો. બંને એકદમ સોફામાંથી ઊભાં થઈ ગયાં.

'વિક્રમ, મને લાગે છે, દીપકે નિશા પર હાથ ઉપાડ્યો.'

'સો ટકા. તું ચાલ... તો' કહેતાં વિક્રમે ઝડપથી આવી બેડરૂમનું બારણું ખોલ્યું. અંદરનું દૃશ્ય જોતાં જ બંનેની આંખો પહોળી થઈ ગઈ.

એક હાથે જોરથી નિશાના વાળ ખેંચતા દીપકનો બીજો હાથ નિશાની ગરદને દબાયો હતો. એની લાલ આંખોમાં અત્યારે હેવાન ઊતરી આવ્યો હતો. દાંત કચકચાવતાં એણે નિશાને જોરથી ભીંતમાં દાબી દીધી હતી.

'દીપક ! શું કરે છે !' વિક્રમે બરાડો નાખ્યો, 'છોડ...છોડ એને.'

વિક્રમે ઝડથી અંદર દોડી આવી દીપકના શિકારી પંજામાંથી માસૂમ નિશાને છોડાવી. શીતલે નિશાને પોતાની પાસે ખેંચી લેતાં કહ્યું...

'શું કરી રહ્યો હતો તું... મારી નાખવી છે આને...!'

'હા...' બેવડ વળી દીપકે બરાડો નાખ્યો, 'હું આને મારી નાખીશ. જો મારા સિવાય બીજાની થવાનું વિચારશે તો હું આનું ગળું દાબી દઈશ.' કહેતો એ વિક્રમના હાથમાંથી પકડ છોડાવી નિશા તરફ મોતની જેમ ધસ્યો.

આંસુભીની નિશાની આંખો દબાઈ ગઈ. વિક્રમે ફરી દીપકને પકડી લઈને દૂર બેસાડ્યો.

નિશા શીતલની છાતીમાં માથું દાબીને રડતી હતી. દીપકના સીનામાં ક્રોધનો જ્વાળામુખી ફાટ્યો હતો, જેના લાવામાં એ આખે-આખો ઓગળી ગયો હતો. નિશાને સરાહતી શીતલે કડક અવાજે પૂછ્યું...

'શું છે તમારે બંનેને ! આટલો ઝંઝાવાત શાનો !'

દીપકે દાંત ભીંસ્યા, 'શીતલ, તું આને મારી નજર સામેથી દૂર કરી દે. હું અત્યારે ખુદથી બેકાબૂ છું. મારાથી કાંઈક અવળું થઈ જશે.'

લાંબા-લાંબા શ્વાસ ફૂંકતો દીપક માનો ગુસ્સો ફૂંકતો હતો. સામે નિશાનું દિલ બેસી ગયું હતું દીપકનું આ ઉગ્ર રૂપ જોઈને.

'મેજર સામે અમારા પ્રેમને ખુલ્લો કરવાની આનામાં હિંમત નથી. મેં આને કહ્યું હતું, ખરા સમયે પણ આ મેજર સામે અમારા પ્રેમનો ઇજહાર, એકરાર નહીં કરી શકે.'

ડૂસકાં ભરતી નિશા દીપક પાસે આવી. આંખો લૂછતાં એણે કહ્યું 'દીપક, તું મારો

વિશ્વાસ કર. મેં મેજરને આપણા પ્રેમ વિશે કહ્યું. પણ એ મિલિટરીમેન પોતાના વચન પર અફર છે, મારી કોઈ સફાઈ સાંભળવા તૈયાર નથી. એમને મન બેટીનાં અરમાન, ઇચ્છા, લાગણી, જિંદગી મહત્ત્વનાં નથી, માત્ર એમનું વચન મહત્ત્વનું છે.

'શટ અ...પ...' દીપક ચિડાયો, 'શટ અ...પ... બંધ કર તારો બેહૂદો બકવાસ, એમાંથી બેવફાઈની બદબૂ આવે છે મને.'

'હું બેવફા નથી... તું મારો વિશ્વાસ કર. મેં મારાથી થતા બધા પ્રયત્નો કર્યા, પણ મેજર કાંઈ સમજવા તૈયાર નથી. એ વચન...'

'વચન...' દીર્ઘ શ્વાસ ભર્યો દીપકે, 'વચન, શબ્દ નહીં, માનો એક દીવાલ બની ગઈ છે આપણી વચ્ચે. પિતાએ કોઈકને આપેલાં વચન સંતાનોએ પાળી બતાવવાં જરૂરી છે !'

વિક્રમે દીપકનો ખભો પકડીને ઝાટકાથી પોતાના તરફ ફેરવતાં ભારે અવાજે કહ્યું, 'તેં નહોતું પાળ્યું પિતાનું વચન ! માસ્તરના વચન ખાતર તું કવિતાને જોવા નહોતો ગયો ! તે સમયે તો તું એમ કહેતો હતો કે, વડીલોએ આપેલા વચનને પાળવું સંતાનોનું કર્તવ્ય છે. તું કેન્દ્રસ્થાને હોય તો વચન પાલન કર્તવ્ય, અને નિશા કેન્દ્રસ્થાને હોય તો નહીં !'

સમસમી ગયો દીપક, કાંઈ ન બોલ્યો, જિગર પર ચાબખો જ એવો વાગ્યો હતો. ઘણી વારે કળ વળતાં એણે નિશાને જોરથી બાવડેથી પકડી પૂછ્યું, 'નિશા, તું શું ઇચ્છે છે ?'

મસ્તક ઝૂકી ગયું નિશાનું, 'હું કશું ઇચ્છતી નથી. પરિસ્થિતિ મારી મરજીથી વિરુદ્ધ દોડી રહી છે. એક તરફ પિતાનું વચન છે, બીજી તરફ તારો પ્રેમ છે. બંને બાજુ જે ગુમાવવાનું છે તે મારે જ છે.'

'નિશા, આપણે ભાગી જઈશું. પછી કૉર્ટમૅરેજ કરી લઈશું.'

'એ માટે હું તૈયાર નથી દીપક. મેજરે મને સ્પષ્ટ કહી દીધું છે, એમની મરજી વિરુદ્ધ હું બીજા કોઈની સાથે એમની સળગતી ચિતાની આસપાસ ફેરા ફરતી હોઈશ. દીપક, બાપની ચિતાને લગ્નની વેદી માની બેટી ફેરા નહીં ફરી શકે.'

દીપકે નિશાને ઝાટકાથી દૂર હડસેલી દીધી. ભીંતમાં અથડાતાં-અથડાતાં બચી ગઈ નિશા. એ રડમસ અવાજે બોલી...

'દીપક, તારી અને રાજેશની આસપાસ વર્તુળો રચાયેલાં છે. આ બંને વર્તુળો એકબીજાને જે બિંદુ પર સ્પર્શે છે તે બિંદુ પર અત્યારે હું ઊભી છું. મને કાંઈ સૂઝ નથી પડતી કે હું શું કરું. તું જ કહે, હું શું કરું ?'

'તારે શું કરવું તે હવે તારે ખુદ નક્કી કરવાનું છે. હા... તેં શું કર્યું તે હું તને કહી શકું છું.'

'મેં શું કર્યું છે, તું કહે મને.'

'તેં ફરેબ... બેવફાઈ... દગો... કર્યો છે.'

દીપકના શબ્દો નિશાના જિગરે મરચાની જેમ લસોટાયા.

'દીપક, મેં કોઈ ફરેબ, બેવફાઈ કે દગો નથી કર્યો. મેં તને પ્રેમ કર્યો છે. અપાર પ્રેમ. હું તને પ્રેમ કરું છું. દીપક આઈ લવ યુ...'

'બસ...!' બે ક્ષણ અટકી દીપકે ઉમેર્યું, 'પ્રેમને આઈ લવ યુ જેવા બોદા શબ્દોના સહારાની જરૂર પડી જ ગઈને ! નિશા...આપણો પ્રેમ લથડાઈ રહ્યો છે, દમ તોડી રહ્યો છે, એને આઈ લવ યુ જેવા શબ્દોનો પ્રાણવાયુ સશક્ત નહીં કરી શકે.'

'દીપક...' વિક્રમે દીપકની પાસે આવીને કહ્યું, 'આઈ લવ યુ શબ્દો કોઈ કાળે બોદા નથી, ઘણા સશક્ત છે. પ્રેમ આવા શબ્દોના પ્રાણવાયુથી અનંત લગી સશક્ત બની રહે છે.'

દીપક આંખો મીંચીને ચિડાયો, 'કેવો... પ્રેમ...! કયો... પ્રેમ...! ક્યાં છે... પ્રેમ...!'

નિશાએ ફરી દીપક પાસે આવી દીપકની આંખોમાં જોતાં કહ્યું, 'જે લગ્નની મંજિલ પામે

તેને જ સાચો અને સફળ પ્રેમ કહેવાય ! દીપક, પ્રેમ પિંજર નથી, પ્રેમ પાંખો છે. પ્રેમ અધિકાર નથી, પ્રેમ બલિદાન છે. જો હું તારી હોઉં તો મારા પરનો તારો અધિકાર જતો કરી બતાવ. અને જો હું તારી ન હોઉં તો મારા પર તારો કોઈ અધિકાર ન જતાવ.'

અબોલ થઈ ગયેલો દીપક બેડ પર બેસી ગયો. બંને હથેળીમાં મોઢું ઢાંકી લીધું. નિશાએ એની પાસે જમીન પર બેસી જઈ એના પગે માથું ઢાળ્યું.

'દીપક, હું તને રુહાની પ્રેમ કરું છું. રુહાની પ્રેમ ક્યારેય મરતો નથી. જો તું પણ મને રુહાની પ્રેમ કરતો હોય તો આપણો પ્રેમ ચિરંજીવી છે, ક્યારેય નહીં મરે.'

'પ્રેમ... પ્રેમ... મને તું જોઈએ છે નિશા...'

'દિલથી અને મનથી હું તારી છું દીપક, ફક્ત તારી, બીજા કોઈની નહીં. હા...હું જિસ્મથી તારાથી જુદી છું. જો તારે મારું જિસ્મ પામવું હોય તો મને અત્યારે જ ભોગવી લે, હું તૈયાર છું.'

કહેતી નિશાએ ગળા પરથી દુપટ્ટો ખેંચી કાઢ્યો. એની ઉભાર ભરેલી સફેદ તંગ લીસી છાતી દીપક સામે તગતગતી હતી. નજર નમાવી દીપકે એના હાથમાંથી દુપટ્ટો લઈ એની છાતી પર ઢાંકી દીધો.

'જિસ્મની ભૂખ સંતોષવી હોત તો ક્યારની સંતોષી લીધી હોત. નિશા, મારે તારું જિસ્મ નથી પામવું, તારો પ્રેમ પામવો છે.'

'રુહાની પ્રેમ જ શાશ્વત હોય છે, જિસ્માની નહીં. દીપક, વિશ્વાસ રાખ, મારો પ્રેમ ફક્ત અને ફક્ત તારા માટે છે. હું જિસ્મથી બીજાની પાસે હોઈશ, રુહથી તો તારી પાસે જ રહેવાની.'

'નિશા, કોઈ ક્ષણે વિચાર્યું નહોતું કે પ્રેમસાગરમાં તરતા આપણને સાગરની એક લહેર આ રીતે છૂટા પડવા મજબૂર કરી દેશે.'

થૂંકનો ઘૂંટ ગળી હિંમત જુટાવી નિશાએ પૂછ્યું, 'દીપક, હું મેજરના વચનને પૂર્ણ કરી શકું છું ને ? તું ઇજાજત આપે છે ?'

'હવે તારી મરજીની તું માલિક છે, ઇજાજત આપવાવાળો હું કોણ ?'

'શાયદ તને યાદ હશે, મેં તને અપાર વિશ્વાસ સાથે મારી જિંદગીનું મુખત્યારનામું સોંપેલું છે. દીપક, હું તને વિનંતી કરું છું, એ મુખત્યારનામાનો આજે ઉપયોગ કરે તો એવો હુકમ કરજે, જે તારી મરજી વિરુદ્ધ છે.'

'નિશા, જો હું તારી વિનંતી માન્ય ન રાખું તો...?'

'મારી વિનંતીને તું વખોડી શકે છે, તું હકદાર છે. મેં ઘણી શ્રદ્ધા સાથે વિનંતી કરી છે. તું લગભગ મારી વિનંતીને માન આપીશ એવી આશા રાખું છું.'

'અને માન ન આપું તારી વિનંતીને તો...?'

'તો તારી મરજી. હા... મેં મારી જિંદગીનું મુખત્યારનામું તને સોંપેલું છે, મારા મોતનું મુખત્યારનામું હજી મારી પાસે જ છે. અને એ મુખત્યારનામા પર કાંઈ પણ લખવાને હકદાર ફક્ત અને ફક્ત હું છું.'

નિશાની વાત સાંભળીને દીપક સાથે વિક્રમ અને શીતલ ઝણઝણી ઊઠ્યાં.

'દીપક, હું મારા અસ્તિત્વને જ ખતમ કરી નાખીશ, બધી ઝંઝટ જ ખતમ !'

નખશિખ હચમચી ગયેલો દીપક ઘણી વાર લગી અશબ્દ બેસી રહ્યો. ઘણી અસમંજસના અંતે આખરી નિર્ણય લઈ વેદનાથી આંખો મીંચી જતાં એણે કહ્યું..

'નિશા, તું મેજરના વચનને પૂર્ણ કરી શકે છે.'

નિશાએ દીપકના બંને હાથ પકડી લીધા, 'થેન્ક્સ દીપક. મેં એક સમજુ, ચારિત્રવાન, મને સમજનાર યોગ્ય વ્યક્તિને પ્રેમીરૂપે પામ્યો છે.'

કહી આંખો લૂછતી-લૂછતી નિશા બેડરૂમમાંથી બહાર નીકળી ગઈ. દીપક આંખો મીંચી

ત્યાં જ બેસી રહ્યો હતો.

'નિશા, તને ખબર નથી, તારો વિરહ મને ઝડપથી મોતની મંજિલે પહોંચાડી દેશે. તારો વિયોગ મારું મોત બની મારી નજીક આવી રહ્યો છે.'

વિક્રમે ભગ્નહૃદય દીપકને ખભેથી પકડીને ઢંઢોળ્યો, 'કોની સાથે વાત કરે છે તું... એ તો ચાલી ગઈ મારા ભાઈ !'

દીપકે આંખો ખોલી નિઃશ્વાસ નાખ્યો. પછી વિક્રમના બંને હાથ પોતાના હાથમાં લેતાં કહ્યું...

'વિક્રમ, એવું લાગે છે, મારું મોત જાણે મારી નજીક આવી રહ્યું છે. એના વિરહમાં હું મરી જાઉં તો મારા શરીરને અગ્નિદાહ ન આપશો, દફનાવજો, એક મજાર બનાવજો. જેથી એ મજારને જ્યારે જુએ ત્યારે મારી બેવફા પ્રેમિકાને એની બેવફાઈનું સ્મરણ થાય.'

અંદરથી આવતા શબ્દો સાંભળી ડ્રૉઇંગરૂમમાં બેઠેલી નિશા પણ તૂટી ગઈ, એનું અંતર ચરમરાઈ ગયું.

વિક્રમે દીપકની પીઠ પર હાથ ફેરવ્યો, 'દીપક, તું બહેકી-બહેકી વાતો કરે છે, સ્વયંને સંભાળ.'

'શું સંભાળું ! એણે મારા મોતના દસ્તાવેજ પર અદૃશ્ય દસ્તખત કરી દીધા છે, મારી જિજીવિષા તૂટી રહી છે.'

'દીપક, તું આવી વાતો ના કર. તને દુઃખી જોઈને ક્યાંક નિશા અવળું પગલું ભરી બેસશે. તેં એને મેજરનું વચન પૂર્ણ કરવા માટે મુક્ત કરી દીધી છે તો હવે દિલમાં એના પ્રત્યે નફરતનો કટોરો ભરી રાખવાનો કોઈ મતલબ નથી. ચાલ ઊઠ અહીંયાંથી બહાર ચાલ.'

વિક્રમે હાથ પકડીને દીપકને ઊભો કર્યો. દીપક, વિક્રમ અને શીતલ ડ્રૉઇંગરૂમમાં આવ્યાં એટલે સોફામાં બેઠેલી નિશાએ ઊભા થતાં કહ્યું...

'હું ઘેર જાઉં છું.'

'ઊભી રહે. હું તને ઘેર છોડી જાઉં.' બંનેની મનોસ્થિતિ સમજતાં વિક્રમ નિશાને અટકાવીને દીપકને કહ્યું, 'દીપક, તું પણ ચાલ, હું તમને બંનેને ઘેર છોડી આવું.'

દીપકનાં જડબાં ભીંસાયાં, 'ઘેર જવાની મારી જરાય ઇચ્છા નથી. હું ક્યાંક બીજે જવાનો છું. મારા વિચલિત મનને શાંતિ મળશે પછી ઘેર જઈશ.'

શંકાના વમળમાં ફસાતાં વિક્રમે અધીરાઈથી પૂછ્યું, 'ક્યાં જવાનો છે તું...?'

'ખબર નથી.'

'તારા મનની શાંતિ તલાશતાં-તલાશતાં નિશાના મનની શાંતિ હણાઈ ન જાય તેનું ધ્યાન રાખજે. એ અત્યારે અત્યંત નાજુક હાલાતમાંથી પસાર થઈ રહી છે. તારું કોઈ પણ અવળું કદમ...'

'આત્મહત્યા કરવા નહીં જાઉં એની ખાતરી આપું છું. હું જાણું છું, હજી તો મારે મારી બરબાદીને સગી આંખે જોવાની છે. તું જા આને ઘેર છોડી આવ.'

વિક્રમ શીતલ તરફ ફર્યો, 'શીતલ, તું દીપકને અહીંયાં જ બેસાડ. હું નિશાને ઘેર છોડીને જલદી પાછો આવું છું.'

વિક્રમ નિશાને લઈને બહાર નીકળી ગયો પછી શીતલે દીપકનો હાથ પકડીને આરામથી સોફામાં બેસાડ્યો.

દીપકનું વિચલિત મન નિશાના વિયોગના વિચારોથી ઊભરાતું હતું. નફરતથી ભરાઈ ગયેલા દીપકના દિલ પર લેપ લગાવવાના પ્રયત્નો કરતી શીતલે કહ્યું, 'દીપક પ્રેમ...'

'બસ...!' તીવ્ર આક્રોશ ઠાલવતાં દીપકે ઇશારાથી શીતલના શબ્દોને અટકાવી દીધા,

‘પ્રેમ શબ્દ હવે મારી સમક્ષ ક્યારેય ન ઉચ્ચારીશ. નફરત થઈ ગઈ છે મને આ શબ્દથી. વિશ્વાસ ઊઠી ગયો છે આ શબ્દ પરથી. આજે મને સમજાઈ ગયું છે, આ સૃષ્ટિમાં સૌથી ક્ષણભંગુર કોઈ ચીજ છે તો તે પ્રેમ છે. આજે મને ખાતરી થઈ ગઈ છે કે પ્રેમ... લાગણીનો અહેસાસ નથી, માત્ર એક ચીજ છે... ચીજ...’ ઝડપથી બહાર આવી દીપક બાઇક હંકારી ગયો.

* * *

વિષ્ણુપ્રસાદ અને રુક્મિણીની સામે દીપક બેઠો હતો. ત્રણેય અબોલ હતાં. પરિસ્થિતિ અને સંજોગે આપેલા પછડાટની કળ ત્રણેયે મહામહેનતે ખમી હતી. બધાં અરમાનો ચૂરચૂર થઈ ગયાં હતાં. જેને આ ઘરની વહુ રૂપે આશીર્વાદ આપ્યા હતા, તેને હવે બીજાના ઘરની શોભા વધારવાની સમજણ આપવાની હતી. ઘણી વારે વિષ્ણુપ્રસાદ બોલ્યા...

‘અમે મેજરને સમજાવ્યા પણ એ માણસ પોતાના વચન પર અડગ છે. નિશાએ પણ મેજરને સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો, પોતાના પ્રેમ વિશે કહેવાનો પ્રયત્ન કર્યો હતો, પણ મેજરે એની કોઈ વાત ન સાંભળી અને નિશાને એમના વચનપૂર્તિ માટે એક રીતે મજબૂર કરી દીધી છે.’

વિષ્ણુપ્રસાદની સાથે-સાથે રુક્મિણીએ પણ અંતરની વ્યથા ઠાલવી.

ઓગણીસ

વિષ્ણુપ્રસાદની સાથે-સાથે રુક્મિણીએ પણ અંતરની વ્યથા ઠાલવી.

'મને તો એ છોકરીની ચિંતા થાય છે. એની હાલત અત્યારે કેવી હશે ! અન્નનો કોળિયો ગળે ઊતરતો નહીં હોય. ખૂણામાં છુપાઈ-છુપાઈને રડતી હશે. એ એકલી પડી ગઈ છે. એને સમજનાર, એને સાથ આપનાર અત્યારે કોઈ નથી.'

'માસ્તર... ઓ માસ્તર...'

બહારથી મેજરનો ઘટ્ટ અવાજ આવતાં વિષ્ણુપ્રસાદ અને રુક્મિણીએ પોતાની વ્યથા સમેટી લીધી. મેજર અને વિધાબહેન ઘરમાં આવતાં ત્રણેયે ઉદાસી ખંખેરી ચહેરા પર સ્મિતનું નકાબ પહેરી લીધું.

'આવો... આવો મેજર...' વિષ્ણુપ્રસાદે હૂંફાળો આવકાર આપ્યો.

ઘરમાં આવીને મેજર વિષ્ણુપ્રસાદની બાજુમાં બેઠા, જ્યારે વિધાબહેન રુક્મિણી પાસે આવ્યાં. મેજરે થેલીમાંથી લગ્નની કંકોત્રી કાઢી વિષ્ણુપ્રસાદના હાથમાં આપતાં કહ્યું..

'માસ્તર, અમારી દીકરીના લગ્નનું આમંત્રણ સૌથી પહેલાં તમને પાઠવવા આવ્યાં છીએ. આ કંકોત્રી સ્વીકારો. નિશા જેમ અમારી દીકરી છે તેમ તમારી પણ દીકરી છે. તમારે એને આશીર્વાદ આપવા અવશ્ય આવવાનું છે.'

વિષ્ણુપ્રસાદ બળજબરીથી હસ્યા, 'હા... એ તો છે જ.'

મેજર દીપક તરફ ફર્યા, 'દીપક, તું અને નિશા ખાસ દોસ્ત છો ને ! યાર, આ કેવી દોસ્તી ! તારી ખાસ દોસ્તનું પાંચ દિવસ પછી લગ્ન છે અને તું એને સહાયરૂપ થવાને બદલે ઘરમાં બેસી રહ્યો છે !'

દીપક ઢીલુંઢીલું બોલ્યો, 'તબિયત સારી નથી મેજર, કમજોરી લાગે છે. એટલે...'

'ના..., કોઈ બહાનાને અત્યારે અવકાશ નથી. નિશા એકલી ક્યાં-ક્યાં દોડશે !'

એ જ સમયે નિશા ઘરમાં આવી.

'લે નિશા પણ આવી ગઈ. નિશા, તેં દીપકને સ્પેશ્યલ આમંત્રણ પાઠવ્યું કે નહીં !'

નિશાની નજર નમી ગઈ. પ્લાસ્ટિક બૅગમાંથી આમંત્રણપત્રિકા કાઢી એણે અચકાતાં-અચકાતાં દીપકને આપી.

દીપક એને અપલક જોઈ રહ્યો. બંનેનાં દિલ બેફામ ધડકતાં હતાં. આ શુભ આમંત્રણપત્રિકા બંનેની બરબાદીના જશ્નની પહેલી ગવાહ હતી. દીપકે નિશાના હાથમાંથી આમંત્રણપત્રિકા લીધી.

નિશા વેડ્સ રાજેશ... વાંચતાં એના આખા શરીરમાં લખલખું દોડી ગયું. નિશાથી વધારે ન વેઠાતાં એણે કહ્યું..

'મેજર, હું મારા દોસ્તોને આમંત્રણ પાઠવવા જાઉં છું.' દરવાજા તરફ વળેલી નિશાને રોકતાં મેજરે કહ્યું, 'જસ્ટ અ મિનિટ. એકલી ક્યાં-ક્યાં અથડાઈશ તું. એક કામ કર, દીપકને સાથે લઈ જા.'

નિશા કાંઈ ન બોલી. દીપક, વિષ્ણુપ્રસાદ અને રુક્મિણીનાં હૈયાં હાલી ગયાં. કોઈ તીક્ષ્ણ શૂળ દીપકની છાતીમાં ભોંકાઈ ગયું. પોતાની બરબાદીના દરેક ડગલાનો સાક્ષી સ્વયં બનતો હોય એવું એને લાગ્યું. એ તૈયાર ન થયો એટલે મેજરે કહ્યું

'અરે ભાઈ ઊભો થા, બેસી શું રહ્યો છે !'

'મેજર, સાચું કહું છું, મારી તબિયત સારી નથી.'

'કોઈ બહાનું નહીં, ચાલ ઊભો થા. બહાર નીકળીશ તો વાતાવરણ બદલાશે, શરીરમાં

સ્ફૂર્તિ આવશે, કમજોરી દૂર થશે. તારે તો હજી ઘણું કામ કરવાનું છે આ લગ્નમાં.'

કમને ઊભો થઈ દીપક નિશાની પાછળ-પાછળ બહાર આવ્યો. એણે બાઇક સ્ટાર્ટ કર્યું. પાછલી સીટ પર બેસી નિશાએ એની કમર ફરતે હાથ વીંટાળી દેતાં એણે આંખો મીંચી જિગર કઠણ કરીને ચાબખો માર્યો...

'તું આ અધિકાર ખોઈ ચૂકી છે નિશા. પતિ સિવાય પરપુરુષના શરીરનો સ્પર્શ સ્ત્રી માટે નાપાક ગણાય છે.'

નિશાનું અંતર ખળભળી ઊઠ્યું. નિરાશ થઈ એણે દીપકની કમરે વીંટાળેલા હાથ પાછા ખેંચી લીધા. દીપકે બાઇક હંકારી.

નિશાએ પૂછ્યું, 'દીપક, તારી તબિયત સારી નથી ? શું થયું છે તને ?'

'તારે મારી ફિકર કરવાની જરૂર નથી. હું મારી જાતને સંભાળી લઈશ.' તલવારના ઝાટકા જેવું બોલ્યો દીપક. ચિરાઈ ગઈ નિશા, ચૂપ થઈ ગઈ.

* * *

બંને એકસાથે વિક્રમના ઘરમાં પ્રવેશતાં સોફામાં બેઠેલા વિક્રમે સસ્મિત આવકાર આપ્યો...

'આવો... આવો...' પછી કિચનમાં વ્યસ્ત શીતલને સાદ દીધો, 'પાણી લાવજે... દીપક અને નિશા આવ્યાં છે.'

કિચનમાંથી પાણી લઈને આવેલી શીતલે બંનેને પાણી આપ્યું. દીપક અને નિશા સામ-સામે બેઠાં હતાં. એક ક્ષણ માટે પણ બંનેની નજર મળતી નહોતી. આખા રૂમમાં ભાર વર્તાતો હતો. આખરે નીરવતાને તોડતાં વિક્રમે પૂછ્યું...

'નિશા, કેવી ચાલે છે લગ્નની તૈયારીઓ ? કાંઈ કામ હોય તો ચોક્કસ કહેજે.'

'જી...' ઢીલું-ઢીલું બોલતી નિશાએ પ્લાસ્ટિક બૅગમાંથી આમંત્રણપત્રિકા વિક્રમના હાથમાં આપી. શીતલ નિશાનો મૂડ બદલવાના ઇરાદે અતિ ઉત્સાહથી બોલી...

'આમંત્રણ પાઠવવા આવી છે... એમ...'

નિશાની નજર ઢળી ગઈ, 'શીતલ, આ મારા લગ્નની શુભ આમંત્રણપત્રિકા નથી, મારા બેસણાની અશુભ ચિઠ્ઠી છે. આજથી પાંચમે દિવસે મારું બેસણું છે. રડવા-કકડવા અવશ્ય પધારશો એવી વિનંતી કરું છું.'

હૃદય ફાટી જાય તેવા નિશાના શબ્દો સાંભળી શીતલે ગરમી પકડી, 'ગાંડી થઈ ગઈ છે ! આ કેવું બોલે છે !'

નિશાની આંખો ભીંજાઈ ગઈ. દીપકના ચહેરે કોઈ ભાવ નહોતો. દીપક તરફ જોતાં શીતલે પૂછ્યું 'અને... તું કેમ ઢીલોઢસ દેખાય છે !'

દીપકે નજર નમાવી રાખીને જ કહ્યું, 'મારી તબિયત સારી નથી. શીતલ, આને પૂછી જો, શક્ય હોય તો મારા બદલે વિક્રમ આને એના બધા દોસ્તોના ઘેર લઈને જઈ આવે.'

નિશાએ સપાટ શબ્દોમાં કહી દીધું, 'શીતલ, હું એની સાથે જ જઈશ, જેને મેજરે મારી સાથે મોકલ્યો છે.'

'તો પછી શીતલ, તું એને કહી દે ઉતાવળ કરે. મારી હાલત ખરાબ છે.'

'શીતલ...'

આગળ બોલવા જતી નિશાને અટકાવી. શીતલે વારાફરતી નિશા અને દીપક પ્રતિ જોયું.

'શું છે તમારે બંનેને ! તમારી વચ્ચે હવે એટલી દૂરી આવી ગઈ કે એકબીજા સુધી શબ્દો પહોંચાડવા કોઈ ત્રીજી વ્યક્તિની જરૂર પડે ! ગઈકાલ સુધી એકબીજા વિના રહી ના શકનારાં આજે એકબીજા સામે જોવાથી પણ કતરાય છે ! આ તે કેવાં રિસામણાં !'

'આ રિસામણા નથી. બીજા દ્વારા કરાયેલા દ્રોહના પડઘા છે.' તીખા મરચા જેવું બોલ્યો દીપક.

સામે નિશાએ કહ્યું, 'મેં કોઈ દ્રોહ નથી કર્યો. હું હજી કહું છું, તનથી હું બીજાની થઈશ, મનથી જેની છું તેની જ રહીશ. બીજો પુરુષ મારા તનને ભોગવી શકશે, મનને નહીં.'

'બસ... બહુ થયું...' બંનેનું વાક્ યુદ્ધ સંહારલીલામાં પરિણમે તે પહેલાં શીતલે અટકાવીને પૂછ્યું, 'બોલો, બંને શું લેશો ? ઠંડું... ગરમ... કે પછી જ્યૂસ...'

'થોડું ઝેર હોય તો આપી દે.' કચડાયેલા અરમાનોની વેદના નિશાએ વહાવી, 'હવે તો આ જિંદગીનો અંત આવી જાય તો સારું.'

'તારું ચસકી ગયું છે, ઊલટું-સીધું, બોલ્યે જાય છે. હું બધા માટે જ્યૂસ બનાવી લાવું છું.'

શીતલે બધા માટે જ્યૂસ બનાવ્યું. જ્યૂસના ગ્લાસ ખાલી કરીને નિશા અને દીપક બહાર નીકળ્યાં.

* * *

નિશા અને દીપકને વિદાય કરીને આવેલી શીતલ વિક્રમની બાજુમાં બેઠી.

'વિક્રમ, મને તો લાગે છે દીપકના દિલમાં પ્રેમના હિલોળા લેતા સમુદ્રના સઘળા જળમાં નફરતનું હલાહલ વિષ ભળી ગયું છે. જેને નથી એ બહાર કાઢી શકતો કે નથી પચાવી શકતો.'

'શીતલ, આઘાત જેટલો સખત હોય, પ્રત્યાઘાત તેટલો જ સખત હોય. વર્ષોનો પ્રેમ પળમાં પડખું ફેરવી લે ત્યારે નફરતના સૈલાબ ઊમટી આવે તે સ્વાભાવિક છે. આ બંનેના પ્રેમવિચ્છેદમાં દિલ કોઈ એકનું નથી તૂટ્યું, બંનેનું ચૂરચૂર થયું છે. પરિસ્થિતિ બંને દિલે સરખી છે.'

'જો પરિસ્થિતિ બંને દિલે સરખી છે, તો પછી નિશા કેમ એના પ્રેમ પ્રત્યે વફાદારી દાખવી રાખવાનું કહી રહી છે, જ્યારે સામે દીપક નફરત પાયેલાં તીર છોડ્યે જાય છે !'

'દીપક નફરત પાયેલાં તીર એટલે છોડે છે કે એ હજી નિશાને બેઇન્તિહા પ્રેમ કરે છે.'

'શું ! સામ-સામે અથડાઈને જે પ્રેમના અસંખ્ય ટુકડા થઈ ગયા છે તે હજી અકબંધ છે એવું તું કહેવા માગે છે, વિક્રમ ?'

'એમાં કહેવા જેવું શું છે ! સમય બતાવશે દીપક અને નિશાનો પ્રેમ મરી નથી પરવાર્યો, જીવે છે, અને અનંત સુધી જીવશે. દિલમાં સુનામીની જેમ ઊછળતા પ્રેમને દીપક નફરતના તીરથી નાથવાની કોશિશ કરી રહ્યો છે. શીતલ, તમે જેટલી પ્રબળતાથી બીજાને નફરત કરો, એટલી જ પ્રબળતાથી પ્રેમ કરી શકો છો.'

* * *

દીપક અને નિશા અત્યારે નીરવની ઑફિસમાં હતાં.

ઇસ્માઈલ, કવિતા ઉપરાંત બીજા બધા મિત્રોને આમંત્રણ પાઠવી આવી બંને છેલ્લે નીરવની ઑફિસમાં આવ્યાં હતાં.

દરેકે બંનેના લગ્નપ્રેમ પર આંસુ સાથે અફસોસ જતાવ્યો હતો.

નીરવની ઑફિસમાં અત્યારે ભારની સાથે-સાથે નીરવતા ફેલાઈ ગઈ હતી. કોમલ પણ ઑફિસમાં જ ઉપસ્થિત હતી. ફેલાયેલી નીરવતાને તોડતાં નીરવે કહ્યું...

'નિશા, મેં અને કોમલે તો લગ્ન કરવાનું નક્કી કરી લીધું છે. તેં મને મારા સાચા પ્રેમથી રૂબરૂ કરાવ્યો હતો. પણ આ...'

પ્યૂન પેપ્સીની ચાર બૉટલો મૂકી ગયો. દીપક અને નિશાની ખંડિત થયેલી પ્રેમકહાની સાંભળીને નીરવ અને કોમલને આઘાત લાગ્યો હતો. સ્ટ્રૉથી પેપ્સી શીપ કરી નીરવ જરા ભારે

અવાજે બોલ્યો...

'બે કિનારા વચ્ચે ખડ્ખડ વહેતો તમારો પ્રેમ સુકાઈ ગયો એની ખબર અમને આજે પડે છે. નિશા તેં મને તારી જિંદગીમાં બૉસ રૂપે જ અંકિત કરી રાખ્યો, દોસ્ત રૂપે કદી ન સ્વીકાર્યો.'

'એવું નથી નીરવ તમે...'

'એવું નથી તો પછી આટલી અસહ્ય વેદના મારી સાથે વહેંચવાનું તને મુનાસીબ ન લાગ્યું !'

'નીરવ, હું દિશાસૂઝ ખોઈ ચૂકી છું. શું કરી રહી છું, શું થઈ રહ્યું છે, શું થશે તે મને કાંઈ જ ખબર પડતી નથી. અને જે થઈ ગયું તે થઈ ગયું. આ વાતને વધારે ખોતરતાં વાયુઓની દિશા નથી બદલાઈ જવાની.'

નીરવે ટેબલ પર હાથ પછાડ્યો, 'બદલાશે નિશા... જરૂર બદલાશે. તારા અને દીપકના પ્રેમના વાયરા હું મેજર સુધી પહોંચાડીશ.'

નિશાએ નિરાશામાં મસ્તક હલાવ્યું, 'નીરવ, તમે શું માનો છો, મેં મેજરને મારા પ્રેમથી રૂબરૂ કરાવવાનો પ્રયત્ન નહીં કર્યો હોય ! નીરવ, મેં એમને મારા પ્રેમ વિશે કહેવાનો પૂરો પ્રયત્ન કર્યો, પણ એ માણસ એવા જિદ્દી છે કે મારી કોઈ વાત સાંભળવા તૈયાર નથી.'

નીરવ ઝાટકા સાથે ખુરશીમાંથી ઊભો થઈ ગયો, 'એવું તે કાંઈ થોડું ચાલે ! એમની મરજી જ મહત્ત્વની ! એમનું જ વચન અખંડ રહેવું જોઈએ ! દીકરીની મરજી અને અરમાનોનું કોઈ મહત્ત્વ હોય કે નહીં !'

નિશાએ નીરવને ખુરશીમાં બેસવાનો ઇશારો કરતાં કહ્યું, 'તમારા સમજાવટના કોઈ શબ્દો એમના ઇરાદા નહીં બદલી શકે. નીરવ, સખત દીવાલ સાથે અથડાઈને જે પોતાના પર જ પાછા ફરવાના હોય તે શબ્દો ન ઉચ્ચારવા જ સારા. અત્યારે એ માણસને મન એમના વચન સિવાય કાંઈ મહત્ત્વનું નથી.'

નિઃશ્વાસ નાખતાં નિશાએ ઉમેર્યું, 'પણ તમે બધા જ જોજો, આવનારા દિવસોમાં એ માણસ પેટ ભરીને પસ્તાશે, રડશે. ગમે તેટલાં લૂછશે છતાં એમની આંખોનાં આંસુ નહીં ખૂટે. ખેર જવા દો અત્યારે બધું...'

નિશાએ પ્લાસ્ટિક બૅગમાંથી આમંત્રણપત્રિકા કાઢી.

'આમ તો આમંત્રણ પાઠવવા દરેકના ઘેર આવવાની હતી. પરંતુ સમય ખૂબ ઓછો છે. દરેકના ઘેર ફરવામાં ઘણો સમય વીતી જાય તેમ હતો એટલે ઑફિસમાં જ આવી ગઈ. જેથી બધાને એકસાથે મળી લેવાય અને આમંત્રણ પાઠવી દેવાય.'

ભારે હૃદયે નિશાએ નીરવ અને કોમલને આમંત્રણપત્રિકા આપી. કોમલ એને બાઝી પડી. બંનેની આંખોમાં નમી આવી ગઈ.

'નિશા જે થઈ રહ્યું છે તે સદંતર ખોટું છે.'

નિશાએ કોમલને સરાહી, 'હુંય જાણું છું. પરંતુ હું લાચાર છું, મજબૂર છું. પિતાના વચને જ્યારે મારાં અરમાનોને કચડી નાખ્યાં ત્યારે ઘણું રડી છું.'

કોમલ અને નીરવ બાદ બધા સ્ટાફમિત્રોને આમંત્રણ પાઠવી નિશાએ ભીની આંખોએ ત્યાંથી દીપક સાથે વિદાય લીધી.

* * *

રંગબેરંગી રોશનીથી લગ્નમંડપ ઝળહળતો હતો. રિટાયર્ડ મેજર રણજિત બત્રાની એકની એક દીકરીનાં લગ્ન હતાં. મહેમાનોની હાજરી ઓછી નહોતી.

વિક્રમ, શીતલ, નીરવ, કોમલ, ઇસ્માઈલ, કવિતા અને બીજા મિત્રો સ્મિતનું મહોરું ચઢાવી લગ્નમંડપના એક ખૂણે ઊભાં હતાં. અંદરથી બધાં જ વિષાદગ્રસ્ત હતાં.

એમના સ્મિતની પાછળ રહેલા બીજા ચહેરા પર ઉદાસીની કરચલીઓ હતી. આખરે આ બધાં જ સાક્ષી હતાં નિશા અને દીપકના ગહેરા પ્રેમનાં. એમના માટે આ ક્ષણો વેઠવી મુશ્કેલ હતી, પણ કમને બધાં હસતાં હતાં.

જાન લગ્નમંડપે આવી પહોંચી હતી. નિશા દુલ્હન રૂપે તૈયાર થઈ એના રૂમમાં હતી.

દીપકની અનુપસ્થિતિ ઊડીને આંખે વળગતી હતી. એક છોકરીએ વિક્રમ પાસે આવીને કહ્યું..

'નિશા તમને બધાને બોલાવે છે, એના રૂમમાં.' સાંભળીને બધાં એકબીજાને જોઈ રહ્યાં. દરેકની આંખોમાં સવાલ રમતો હતો... કેમ ? આપણને કેમ બોલાવ્યાં હશે ?

બધાં રૂમમાં આવ્યાં ત્યારે રૂમમાં નિશા એકલી હતી. બધાંના ચહેરા ઉદાસીથી લટકી ગયા હતા. નિશા વારાફરતી બધાંને ગળે વળગી. શીતલે કમને સ્મિત કરતાં નિશાના ગાલે હાથ ફેરવતાં કહ્યું..

'તું દુલ્હનના લિબાસમાં ખૂબ સુંદર દેખાય છે.'

'શીતલ, આ દુલ્હનનો લિબાસ નથી. આ તો મોતનું કફન છે. મારો આત્મા તો ક્યારનો એના આત્મામાં લીન થઈ ગયો છે. આજે મારું શરીર સાસરે નહીં, સ્મશાને જઈ રહ્યું છે.'

સાંભળીને બધાં અંદરોઅંદર ઝણઝણી ગયાં. નિશાએ વિક્રમ પાસે આવી ભીની આંખો વિક્રમના ખભે દાબી દેતાં પૂછ્યું..

'એ ક્યાં છે ?'

વિક્રમે નિશાના માથે હાથ ફેરવ્યો, 'નિશા, એ...'

'નથી આવ્યો ને !'

નિશાના પ્રશ્નનો શો જવાબ આપવો તે વિક્રમ સમજી ના શક્યો. એ અબોલ રહ્યો.

'વિક્રમ, તું એને લઈ આવ. મારે મળવું છે, મન ભરીને જોવો છે. ખબર નહીં ફરી ક્યારે એને મળી શકીશ, જોઈ શકીશ.'

'હં... ઠીક છે.' નિશાને પોતાનાથી અળગી કરી વિક્રમે શીતલને કહ્યું, 'શીતલ, તમે બધાં નિશા પાસે જ રહો. હું એને લઈને આવું છું.'

આ તરફ કન્યાને લગ્નમંડપમાં પધારવા ગોરમહારાજે કહ્યું અને બીજી તરફ વિક્રમ દીપકના ઘર તરફ વળ્યો.

* * *

વિક્રમ દીપકના ઘરમાં આવ્યો ત્યારે ઘરમાં ઘોર અંધકાર ફેલાયેલો હતો. હૃદયભગ્ન દીપક આંખો મીંચી ઊંડા વિચારોમાં ઊતરેલો હતો.

વિક્રમે લાઇટની સ્વિચ ઑન કરતાં પૂછ્યું, 'એકલો-અંધારામાં કેમ બેઠો છે ?'

'જેની જિંદગીમાં અંધકાર ફેલાઈ ગયો હોય એના ઘરમાં અંધકાર હોય કે ઉજાસ, શો ફર્ક પડે છે !'

'અહીંયાં નથી બેસી રહેવાનું તારે, ચાલ મારી સાથે.'

'ક્યાં...? ખુદની બરબાદીના જશ્નને સગી આંખે જોવા ! વિક્રમ તું જા અહીંયાંથી, મારે એકાંત જોઈએ છે.'

'આ એકાંત જ મનમાં ખરાબ-ખરાબ વિચારો જન્માવે છે. એકાંત ઘણી ખરાબ અવસ્થા છે. તું ચાલ મારી સાથે.'

'કેમ, મારી બરબાદીના જશ્નમાં નાચવાવાળા ઓછા પડ્યા, જે તું મને લઈ જવા અધીર થયો છે !'

ખુરશીમાં બેઠેલા દીપકની સાથે વિક્રમ ઘૂંટણિયે બેઠો.

'દીપક, નિશા તને યાદ કરે છે, તને બોલાવે છે. એ તને મન ભરીને જોવાની ચાહ સંજોવી બેઠી છે.'

દીપક સપાટ શબ્દોમાં બોલ્યો, 'કહી દેજે એને, પતિના રહેતાં સ્ત્રીએ પરપુરુષ પ્રત્યે આટલી ઊંડી લાગણી અને ચાહ ન રાખવી જોઈએ, લગ્નજીવનમાં દરાર પડવાનો ખતરો રહે છે.'

'એટલે તું નહીં આવે એમ !' વિક્રમે ગુસ્સામિશ્રિત સ્વરે કહ્યું, 'જે છોકરીએ તને અનહદ પ્રેમ કર્યો, અને કરે છે. જે તને મનમંદિરમાં વસાવી ચોરીના ફેરા ફરવાની છે, તેની લાચારી અને મજબૂરી તું નથી સમજી શકતો. એક તો કમને એ આ લગ્ન માટે તૈયાર થઈ છે. એને સંભાળનાર, માનસિક સહારો આપનાર અત્યારે કોઈ નથી. એને તારા સાથની આશા છે. દીપક, એની એક તરફ કૂવો છે, બીજી તરફ ખીણ છે. એણે કૂદવાનું તો છે જ. એની જિંદગીના ફોદેફોદા થઈ જવાના છે. આવામાં જો તું સાથ આપે તો શાયદ એની જિંદગીનો ભાર હળવો થઈ જાય. શાયદ એ હળવા મને વિદાય થાય.'

દીપકે ઘૃણાથી મોં ફેરવી લીધું. વિક્રમે હાથ જોડ્યા.

'દીપક, મારા ભાઈ, એના પ્રત્યે આટલી બધી નફરત દિલમાં ન ભરી રાખ. એના પ્રેમનાં અમી હજી તારા પર વરસી રહ્યાં છે. હું તને હાથ જોડીને વિનંતી કરું છું, એની ઇચ્છા પૂરી કરી દે. જતાં-જતાં એ તને મન ભરીને જોવા ઇચ્છે છે.'

દીપક કાંઈ ન બોલ્યો. નાકામિયાબીનું દામન થામી વિક્રમ ઊભો થયો.

'જો તારા દિલમાં એના પ્રત્યે થોડો પણ પ્રેમ બાકી રહ્યો હોય તો એની ઇચ્છા પૂરી કરી દે. દીપક, ભૂતકાળમાં તેં એની દરેક ઇચ્છા પૂરી કરી છે. આજે એની અંતિમ ઇચ્છા પૂરી કરી દે મારા ભાઈ...'

'વિક્રમ, મારું મન અત્યારે ભયંકર વિચલિત છે. હું કોઈની કોઈ ઇચ્છા પૂરી કરવા સમર્થ નથી. મહેરબાની કરીને તું જા અહીંયાંથી.'

હતાશ થઈ વિક્રમ ત્યાંથી બહાર નીકળી ગયો. પછી દીપકે બંને હથેળીમાં મોઢું દબાવી ડૂસકું મૂક્યું.

ક્યાંયે સુધી એ મોઢે હાથ દાબીને રડતો રહ્યો. અંતરની બધી વેદના માનો આંસુઓમાં ઓગળી-ઓગળીને બહાર આવી રહી હતી. એ આખે-આખો તૂટી ગયો હતો, વેરવિખેર થઈ ગયો હતો.

'દીપક...'

ચૂપચાપ ઘરમાં આવેલા વિષ્ણુપ્રસાદે દીપકની પીઠ પર હાથ રાખ્યો. રુક્મિણીએ એના હાથ થામ્યા. દીપક એ બંનેને બાઝીને ચોધાર આંસુએ રડ્યો.

વિષ્ણુપ્રસાદે એને આશ્વાસન આપી હિંમત બંધાવતાં સમજાવ્યું, 'દીપક, બેટા જિંદગીની સફળતા માટેના ઘણાં પ્રિસ્ક્રિપ્શનો લખાયાં છે. પરંતુ પ્રેમની સફળતા માટેનું અત્યાર સુધી કોઈ પ્રિસ્ક્રિપ્શન લખાયું નથી. બેટા ચાલ ઊઠ, એ તને જોવા ઇચ્છે છે.'

વિષ્ણુપ્રસાદ એને સમજાવતા રહ્યા અને એ આંસુ સારતો બધું સાંભળી રહ્યો.

* * *

આંખો સામે સળગતી લગ્નની વેદી નિશાને સ્મશાનની ચિતા લાગતી હતી. વિક્રમ સાથે એની નજર મળતાં વિક્રમે નકારમાં મસ્તક હલાવ્યું. તે સાથે જ એના દિલના, અરમાનોના, ઇચ્છાઓના અસંખ્ય ટુકડા થઈ ગયા.

આ અસંખ્ય ટુકડા અત્યારે લગ્નની વેદીમાં હોમાઈને ભડભડ બળી રહ્યા હતા. ચોરીના ચાર ફેરા એ મહામહેનતે ફરી.

વિદાયની વેળાએ મેજર અને મોમને બાઝીને એ ધ્રુસકે-ધ્રુસકે રડી.

મેજર અને વિધાબહેનની પણ આંખો આંસુથી છલકાયેલી હતી. છૂટાં પડતાં પહેલાં એણે મેજરના કાનમાં ધીરેથી કહ્યું...

'મેજર, તમે આ સારું નથી કર્યું. તમારા વચનના પહાડ તળે મારાં અરમાન, લાગણી, જિંદગી કચડાઈ ગયાં છે. તમારી બેટી હોવાની કિંમત મેં બહુ મોટી અદા કરી. તમારા થકી મારું અસ્તિત્વ સંભવ્યું છે, એટલે તમારા ઋણમાંથી હું કદી મુક્ત થઈ શકું એમ નથી. પણ હા... મારા પરના તમારા તમામ અધિકારો આજથી ખતમ થયા.'

મેજર કાંઈ ન બોલ્યા. પોતાનાથી અળગી કરી બસ સુખી લગ્નજીવનના આશીર્વાદ આપ્યા.

નિશા એક પછી એક બધા મિત્રોને ગળે વળગી. બધાની આંખો રડતી હતી. એની ચારે તરફ ફરતી આંખો મહેમાનોની ભીડમાં દીપકને શોધતી હતી. પરંતુ... દીપક ક્યાંયે નહોતો.

વીસ

નિશાની ચારે તરફ ફરતી આંખો મહેમાનોની ભીડમાં દીપકને શોધતી હતી. પરંતુ... દીપક ક્યાંયે નહોતો.

વિદાયનો સમય આવી ગયો હતો. નિશાએ ઊંડી આશ સાથે દૂર ઊભેલા વિક્રમ તરફ જોયું.

વિક્રમે પાસે આવી એને ગળે લગાડી લઈ ધીરા અવાજે ભારે હૃદયે એના કાનમાં કહ્યું..

'નિશા, હવે એની રાહ જોવી નિરર્થક છે, એ નહીં આવે.'

'એ આવશે મને વિશ્વાસ છે. એ ચોક્કસ આવશે.'

રાજેશે નિશાના ખભે હાથ રાખતાં એ વિક્રમથી અળગી થઈ. રાજેશે નિશાનો હાથ પોતાના હાથમાં લેતાં પૂછ્યું

'હવે વિદાય થઈએ ?'

મસ્તક ઝૂકી ગયું નિશાનું. ભીની આંખે અને ભારે હૈયે એ રાજેશ સાથે કાર તરફ વળી. એની આંખો હજી ભીડમાં દીપકને શોધતી હતી.

હતાશ મને એ રાજેશની બાજુમાં કારમાં બેઠી. ડ્રાઇવર કાર ગતિશીલ કરે તે પહેલાં ખુલ્લી વિન્ડો પર હાથ મુકાયો તે જોઈને નિશાના અંતરે અપાર શાતા વળી.

'દીપક...' કહેતી એ દીપકનો હાથ પકડીને ધ્રુસકે-ધ્રુસકે રડી પડી.

ગમગીની પર સ્મિતનો લેપ લગાડી દીપકે કહ્યું, 'હું એટલો બધો તો બીમાર નથી જ કે તને વિદાયના સમયે પણ મળવા ન આવી શકું.'

દીપકને જોઈને દરેક મિત્રોનું હૈયું હળવું થયું હતું, જે એમના પ્રેમનું સાક્ષી હતું.

'નિશા, કેમ, મને મળ્યા વિના જ ચાલી જતી હતી ! ખૂબ સારી દોસ્તી નિભાવી તેં.'

એના હાથ પર માથું ઢાળી નિશાએ આંખો નિચોવી નાખી. દીપકે નિશાનું મસ્તક ઊંચકી આંસુ લૂછ્યાં. નિશા અપલક દીપકને જોઈ રહી. માનો આખે-આખો આંખોમાં સમાવી એને પોતાની સાથે લઈ જવાની હોય !

'યાર, ક્યાં હતો તું !' રાજેશે પણ નારાજગી જતાવી, 'દોસ્તના લગ્નમાં વિદાય વેળાએ અવાય !'

'શું કરું યાર... શરીરે સાથ ન આપ્યો, નહીંતર હું તો આ લગ્નમાં ભાંગડા કરવાનો હતો.'

એકીનજરે દીપકને જોઇ રહેલી નિશાએ હાથ જોડી નકારમાં મસ્તક હલાવ્યું. જાણે કહેતી હતી, દીપક હું તારી છું. તારા સિવાય કોઈની નહીં. મને રોકી લે.

દીપક ફીકું હસ્યો, જાણે પ્રેમિકાના અવાજ વિનાના શબ્દોને પામી ગયો હોય.

એણે કહ્યું, 'રાજેશ-નિશા તમારી જોડી જામે છે. નિશા તું દુલ્હનના લિબાસમાં ઘણી ખૂબસૂરત લાગે છે. તને જોયા જ કરવાનું મન થાય છે. પરંતુ તબિયત નાદુરસ્ત છે. પગ પાણી-પાણી થઈ રહ્યા છે. વધારે વાર ઊભો નહીં રહી શકું. વિદાય સમયે આવ્યો છું, શુભકામનાઓ સિવાય કાંઈ નથી લાવ્યો.'

દીપકે નિશાના હાથ પોતાના હાથમાં લેતાં કહ્યું.. 'તમારુ લગ્નજીવન સુખી થાય.'

નિશાએ દીપકના હાથ આંસુઓથી પખાળ્યા. એ કાંઇ ન બોલી શકી.

ડ્રાઇવરે કાર ગતિશીલ કરી.

* * *

રાતના આઠ વાગ્યા હતા. મહેમાનો ધીરે-ધીરે વિદાય થઈ ગયા હતા. નિશાની વિદાય પછી દીપક ત્યાં જ ખુરશીમાં બેસી પડ્યો હતો તે ઊભો થયો.

એનું સર્વસ્વ લૂંટાઇ ગયું હતું. અંતરમાં વેદનાના દરિયા ઊછળતા હતા. ઊભો હતો ત્યાંથી એક ડગલું આગળ વધતાંવેંત જ છાતીએ હાથ દાબી એ જમીન પર ફસડાઈ પડ્યો. એની આંખો દર્દથી મીંચાઈ ગઈ હતી. છાતીએ હાથ દાબી તરફડતા દીપકનું માથું ખોળામાં લઈ વિક્રમે એના ગાલ થપથપાવ્યા.

બધા મિત્રો ઉપરાંત વિષ્ણુપ્રસાદ, રુક્મિણી, મેજર અને વિદ્યાબહેન પણ ત્યાં દોડી આવ્યાં. તરફડતા દીપકને જોઈને રુક્મિણી તો રડી જ પડ્યાં. શીતલ એમને સહારો આપીને થોડે દૂર લઈ ગઈ.

પરિસ્થિતિની ગંભીરતા પામી ગયેલા નીરવે તરત જ 108 (એકસો આઠ) પર ફોન કરી દીધો હતો. ત્રીજી જ મિનિટે અૅમ્બ્યુલન્સ આવી પહોંચી.

તરફડતા દીપકને એમ્બ્યુલન્સમાં સુવડાવી ડૉક્ટરે પ્રથમ તો ઑક્સિજન માસ્ક દીપકના મોઢે લગાવી દઈ ઑક્સિજન ચાલુ કરી દીધો. સહેજે સમય ગુમાવવો પાલવે તેમ ન હતું. વિક્રમના બેસતાં જ એમ્બ્યુલન્સ હરકિશનદાસ હૉસ્પિટલ તરફ દોડવા લાગી.

નીરવે બધાને હિંમત બંધાવી. પછી શીતલ અને કોમલને જરૂરી સૂચનાઓ આપી એ પોતાની કાર લઈને હરકિશનદાસ હૉસ્પિટલ જવા નીકળ્યો.

સતત હૉર્ન વગાડતી ટ્રાફિકમાંથી રસ્તો કરતી સડસડાટ દોડતી એમ્બ્યુલન્સ બારમી મિનિટે તો હરકિશનદાસ હૉસ્પિટલના કંમ્પાઉન્ડમાં આવીને ઊભી રહી ગઈ હતી.

* * *

મેજર અને ઇસ્માઈલ બધાને લઈને હૉસ્પિટલ આવી પહોંચ્યા ત્યારે તો ડૉક્ટરે દીપકને આઈ.સી.યુ.માં ઍડમિટ કરી દીધો હતો.

બે ડૉક્ટરો આઈ.સી.યુ.માં દીપકના ઉપચારમાં લાગેલા હતા.

મેજરે વિષ્ણુપ્રસાદનો હાથ થામી રાખ્યો હતો. જ્યારે વિદ્યાબહેન સતત રડતાં રુક્મિણીનાં આંસુ લૂછતાં હતાં, એમને સમજાવતાં હતાં, ધીરજ બંધાવતાં હતાં.

બધા જ હૉસ્પિટલની લાઉન્જમાં ખુરશીમાં બેઠા હતા. કોમલ કુલરના ઠંડા પાણીના બે ગ્લાસ ભરી લાવી. એક ગ્લાસ એણે રુક્મિણી તરફ ધર્યો પણ રુક્મિણીએ નકારમાં મસ્તક હલાવ્યું. રુક્મિણીની બીજી તરફ બેઠેલી શીતલે કોમલના હાથમાંથી પાણીનો ગ્લાસ લઈ રુક્મિણીના હાથમાં પકડાવતાં કહ્યું...

'આન્ટી પ્લીઝ, થોડું પાણી પી લો. જુઓ હિંમત રાખો. દીપકને કાંઈ નહીં થાય. પ્લીઝ.'

શીતલના આગ્રહ પર રુક્મિણીએ બે ઘૂંટડા પાણી પીને ગ્લાસ પાછો વાળ્યો.

ત્યાર બાદ નીરવે વિષ્ણુપ્રસાદને સમજાવી, હિંમત બંધાવી થોડું પાણી પિવડાવ્યું.

* * *

ઘણી વારે ડૉક્ટર આઈ.સી.યુ.માંથી બહાર આવ્યા. પેશન્ટની શું સ્થિતિ છે જાણવાની અધિરાઈથી બધા એમને ઘેરી વળ્યા.

આંખ પરથી ચશ્માં ઉતારતાં ડૉક્ટર ગુપ્તાએ કહ્યું, 'ઇટ્સ અ કેસ ઑફ હાર્ટએટેક. પેશન્ટને કોઈક વાતનો તીવ્ર આઘાત લાગ્યો છે. માનો કોઈ વસ્તુની તીવ્રકામના કરતા હોઈએ અને એ ન મળે, યા...તો... કોઈ બેસ્ટ ફ્રેન્ડ અચાનક છોડીને ચાલ્યો જાય, અથવા તો આવી બીજી ઘણી પરિસ્થિતિઓ હોય છે જેમાં તીવ્ર આઘાત લાગે ત્યારે આવા હાર્ટએટેક આવી શકે છે.'

'ડૉક્ટર...' ચિંતિત થઈ ઉઠેલા વિક્રમે ડૉક્ટરના બંને હાથ પકડી લીધા.

ડૉક્ટરનું મસ્તક ઝૂકી ગયું, 'જુઓ... પેશન્ટની કન્ડિશન વિશે હું અત્યારે કાંઈ ન કહી શકું, ટ્રીટમેન્ટ ચાલુ જ છે. પેશન્ટ થોડી થોડી વારે ક્ષણ-બેક્ષણ ભાનમાં આવે છે. અને કાંઈક

નામ બોલે છે... તીસા...જીસા...' સ્પષ્ટ સંભળાતું નથી.'

'નિશા !' વિક્રમે અધિરાઈથી કહ્યું, 'એ નિશા બોલતો હશે.'

'હં... શાયદ નિશા જ બોલે છે.' ડૉક્ટરે વિક્રમ સાથે નજર મિલાવીને પૂછ્યું, 'આ નિશા કોણ છે ? શાયદ આ આઘાતની વજહ નિશા જ હોઈ શકે.' કહી ડૉક્ટર ત્યાંથી ફરી આઈ.સી.યુ.માં ચાલ્યા ગયા.

'નિશા...!' મેજરની આંખો ઝીણી થઈ, 'દીપકને લાગેલા આઘાતની વજહ નિશા હોઈ શકે ! એક દોસ્ત લગ્ન કરીને ગઈ, તેની વિદાયનો આટલો આઘાત !'

'મેજર...' વિક્રમ મેજરની પાસે આવ્યો, 'આ દોસ્તની વિદાયનો આઘાત નથી. બલકે... બલકે... પ્રેમિકાના વિયોગનો આઘાત છે.'

'શું...!' ફાટી આંખે મેજર ચાર-પાંચ ડગલાં પાછળ હટી દીવાલમાં જડાઈ ગયા, 'પ્રેમિકા...!'

'જી...હા... દીપક અને નિશા એકબીજાના ગાઢ પ્રેમમાં હતાં.'

'પણ નિશાએ તો...'

'એ તમને બધું જ કહેવા માંગતી હતી. પરંતુ તમારા વચને તમારી અંદર એટલું વિકરાળ રૂપ ધરી લીધું હતું કે, તમે એની કોઈ વાત સાંભળવા તૈયાર નહોતા.'

મસ્તક ઝુકાવી મેજર બીજી તરફ જોઈ ગયા. વિક્રમ એમની વધુ નજીક આવ્યો.

'મેજર, શું મળ્યું તમને તમારી દીકરીનાં અરમાનોના ગળે ટૂંપો દઈને ? એક વાર એની પ્રેમકહાની સાંભળી હોત, એની લાગણીઓને સમજી શક્યા હોત તો કદાચ તમારું વચન એના પ્રેમ આગળ પાંગળું સાબિત થાત. એની જિંદગીને તમારા વચને તોડી-ફોડીને ટુકડે-ટુકડા કરી નાખી. એની રગોમાં તમારા દોડતા લોહીની ઘણી મોટી કિંમત તમે વસૂલી.'

'ના-ના...'

'ના નહીં, હા... તમે શું માનો છો, જેના મનમંદિરમાં દીપક ભગવાન બની પહેલેથી બિરાજી ગયો હતો તેમાં હવે કોઈ બીજા પુરુષને સ્થાન મળી શકશે ! ના...મેજર, કદાપિ નહીં. તમારા વચને આજે ત્રણ જિંદગીઓ બરબાદ કરી નાખી. દીપક, રાજેશ અને ખુદ નિશાની.'

વિક્રમે જોરથી મેજરનાં બંને બાવળાં પકડ્યાં.

'મેજર, નિશા રાજેશને પતિ રૂપે સ્વીકારવા કદી તૈયાર નહોતી. એની લાચારી અને મજબૂરીએ એને આ સંબંધ સ્વીકારવા ફરજ પાડી હતી. અન્યથા એ વિદાય સમયે પણ કહી ગઈ છે... હું ફક્ત અને ફક્ત દીપકની છું. તનથી હું બીજાની થઈશ પણ મનથી તો હું દીપકની હતી... છું... અને રહીશ.'

વિક્રમે ઘૃણાથી મેજરના બંને બાવળાં છોડી દીધાં. સાચા પ્રેમનો પ્રકાશ જોતાં મેજરની આંખો ધૂંધળાઈ ગઈ. ઢીલા થઈ એ ખુરશીમાં બેસી ગયા.

'વિક્રમ, હું નિશાના ગહેરા પ્રેમને સમજી ના શક્યો. હંમેશાં મેજર બની ફેંસલા કરતો રહ્યો. નિશાએ ઘણી વાર મારી અંદરના પિતાને જગાડવાની કોશિશ કરી, પરંતુ એ ન જાગ્યો. વચનપૂર્તિની વેદીમાં મેં એના પ્રેમને હોમી દીધો. મારાથી ઘણી મોટી ભૂલ થઈ ગઈ.'

મેજર બંને હોઠોમાં રુદન દબાવી ત્યાંથી બહાર નીકળી ગયા.

* * *

મઘમઘતાં ફૂલોથી સજેલી સુહાગની સેજ પર નિશા બેઠી હતી. મધુ- રજનીના મીઠા વિચારો નવોઢાને મનોમન ગુદગુદાવી દેતા હોય છે. પરંતુ નિશાના મનમાં ન કોઈ વિચારો હતા કે ન તલભાર ઉત્સાહ હતો.

દીપકને પામવાના એના ખ્વાબો પિતાએ એમના વચનના ખરલમાં લસોટી નાખ્યા હતા.

એનાં અરમાનોના ટુકડે-ટુકડા થઈ લગ્નની વેદીમાં હોમાઈ ગયા હતા. એ દીપકને ચાહતી હતી, પ્રેમ કરતી હતી. પરંતુ એની ચાહત, પ્રેમ વેદીની જ્વાળાઓમાં ભડભડ બળી ગયા હતા.

એ ક્યારેય રાજેશ સાથે લગ્નસંબંધ સ્વીકારવા તૈયાર નહોતી. મેજરે પોતાની ગરદને તલવાર મૂકતાં એ આ સોદો સ્વીકારવા કમને તૈયાર થઈ હતી. એના મન-મંદિરમાં હજી દીપક બિરાજમાન હતો. એ ક્યારેય રાજેશને મનથી પતિ માની શકે એમ નહોતી.

અત્યારે સુહાગની સુંવાળી સેજ એને કાંટાળી શય્યા લાગતી હતી. મુલાયમ ફૂલો કંટક સમાન ચૂભતાં હતાં. લોહીલુહાણ થઈ રહી હતી એ. એક ક્ષણે તો એને રૂમ છોડી બહાર દોડી જવાની ઇચ્છા થઈ આવી. ખુલ્લા આસમાન નીચે બાંહો પસારી દુનિયાને મોટા-મોટા અવાજે પોતાના ભગ્ન પ્રેમ વિશે કહી નાખવાની ઇચ્છા થઈ. પણ એ એવું ન કરી શકી, મનમનાવીને સુહાગની સેજ પર જ બેસી રહી.

રૂમમાં આવેલા રાજેશે રૂમનો દરવાજો બંધ કરતાં વિચારોમાં વહી ગયેલી એ એકદમ ચમકી ગઈ. રાજેશ એની બાજુમાં આવ્યો. એના શ્વાસોની લંબાઈ વધવા લાગી.

‘રૂમમાં ઘણી ઠંડક છે નિશા, નહીં ?’

નિશા મનોમન બોલી... મારા અંતરમાં ગરમ લ્હાય લાવા ખળભળે છે. રૂમની ઠંડકથી એ ઠંડો પડે એમ નથી.

રાજેશે એના હાથ પર હાથ રાખતાં એના જિસ્મમાંથી કંપારી દોડી ગઈ. એણે રાજેશના હાથ નીચેથી ધીરેથી પોતાનો હાથ ખેંચી લીધો. રાજેશે સસ્મિત પૂછ્યું,

‘નિશા, ખામોશ કેમ છે તુ ં?’

રાજેશના પ્રશ્નનો કોઈ પ્રત્યુત્તર ન વાળતી એ ઊંડી નજરે રાજેશને જોઈ રહી. ધૂંધળું હસતાં રાજેશે કહ્યું..

‘શું વાત છે, નજરનાં બાણથી ઘાયલ કરી નાખવાની હોય એવું લાગે છે !’

બીજી તરફ જોઈ જતી એ તદ્દન રુક્ષતાથી બોલી, ‘ઘાયલ તો હું થઈ ગઈ છું. તરફડી રહી છું, મરી રહી છું.’

‘નિશા શું થયું...?’ રાજેશે એના બંને ખભા પકડીને પોતાના તરફ ફેરવી, ‘મેં તને જ્યારથી જોઈ છે ત્યારથી ઉદાસ જ જોઈ છે. સ્મિતની ખીલેલી એક બહાર મેં તારા ચહેરે જોઈ નથી.’

નિરાશ આહ નાખી નિશા બેડ પરથી ઊભી થઈ. અને થોડી ક્ષણો વિચાર્યા પછી એણે પૂછ્યું..

‘રાજેશ તમે મારી સાથે લગ્ન કેમ કર્યાં...?’

સાંભળીને રાજેશના અંતરે થપાટ વાગી. એ જ સમયે પહેલા માળ પર પોતાના રૂમમાં સૂવા માટે જઈ રહેલાં રેણુકાબહેનનાં કદમ રાજેશના રૂમમાંથી આવેલો અવાજ સાંભળીને પગથિયાં પાસે અટકી ગયાં. નિશા દ્વારા રાજેશને પુછાયેલો સવાલ બહાર એમણે સ્પષ્ટ સાંભળ્યો હતો.

પછી થોડી વાર લગી રાજેશના રૂમમાંથી કોઈ અવાજ ન આવ્યો એટલે એ એક પગથિયું ચઢ્યાં, ત્યાં ફરીથી એ જ સવાલ કાને અથડાયો.

‘રાજેશ, તમે મારા સવાલનો જવાબ ન આપ્યો. તમે મારી સાથે લગ્ન કેમ કર્યાં ?’

‘નિશા, આ સવાલ તું પહેલાં પણ બીજા સ્વરૂપે મને પૂછી ચૂકી છે. તે વખતે તેં પૂછ્યું હતું... તમે મારી સાથે કેમ લગ્ન કરવા માગો છો ? અને તે વખતે મેં એનો જવાબ આપી દીધો હતો... આપણા પિતાએ એકબીજાને આપણા લગ્ન માટે વચન આપ્યું હતું એટલે...’

‘તે વખતે મેં તમને બીજો પણ એક સવાલ પૂછ્યો હતો રાજેશ, અગર તમને પિતાના

વચનની પહેલેથી ખબર ન હોત તો શું તમે કોઈ છોકરીના પ્રેમમાં પડ્યા હોત ?'

'ઓહ કમોન નિશા, આ સવાલનો જવાબ પણ મેં તે વખતે આપી દીધો હતો. શાયદ હા... મેં કહ્યું હતું, મારી સહાધ્યાયી પ્રત્યે મને આકર્ષણ જન્મ્યું હતું.'

રાજેશ પાસે આવી નિશાએ રાજેશની આંખોમાં આંખો પરોવી.

'રાજેશ, તમને પિતાના વચનની પહેલેથી ખબર હતી એટલે તમે એમ માનતા હતા કે, નિશા સિવાય બીજી કોઈ છોકરીને પ્રેમ કરવાનો તમને અધિકાર નથી. પરંતુ રાજેશ, મને એ વચનની ખબર તમે જે દિવસે મારા ઘેર આવ્યા તે દિવસે જ પડી હતી...'

'નિશા, પ્લીઝ !' રાજેશે હાથ પકડીને નિશાને પાસે બેસાડી, 'તારા મનમાં શું છે તે હું જાણી શકતો નથી. પ્લીઝ સ્પષ્ટતા કર.'

'મનની વાત ન સમજી શકો એ તો ઠીક. પણ દિલની વાત તો સમજી શકશો ને !'

'તારા દિલમાં શું છે તે પણ હું સમજી શકતો નથી.'

'કેમ, તમે તો હાર્ટસ્પેશ્યાલિસ્ટ છો ! કોઈનું દિલ શું કહે છે તે નથી સમજી શકતા !'

'હા, હું હાર્ટ સ્પેશ્યાલિસ્ટ છું, હાર્ટસર્જરી કરી શકું છું. પણ એમાં કઈ વાત છુપાયેલી છે તે જાણી શકતો નથી. હું ફક્ત ચીરફાડ જ કરી શકું છું.' કહેતો રાજેશ અમસ્તું હસ્યો.

'તમે ચીરફાડ જ કરી નાખી રાજેશ !'

'વોટ !' રાજેશ એકદમ ઊભો થઈ ગયો.

'હા... ડિસેક્શન કરી નાખ્યું તમે, મારાં અરમાનોનું, મારી લાગણીઓનું, મારી ઇચ્છાઓનું અને મારી જિંદગીનું.'

રાજેશે બંને હાથે પોતાનું માથું દાબ્યું, 'તું શું કહેવા માગે છે તે મને જરાય સમજાતું નથી.'

નિઃશ્વાસ છોડ્યો નિશાએ.

'જરાક સમજો રાજેશ... તમને પિતાના વચનની પહેલેથી ખબર હતી એટલે તમે બીજી કોઈ છોકરીના પ્રેમમાં ન પડ્યા. જ્યારે મને એ વચનની પહેલેથી ખબર નહોતી.'

હવે રાજેશની આંખો ઝબકાર સાથે ચમકી ગઈ, 'જસ્ટ અ મિનિટ... ઓહ ગોડ !'

ધબ્બ દઈને એ બેડ પર બેસી ગયો.

'હું આટલી વાત ન સમજી શક્યો ! નિશા કોણ છે એ ? શું નામ છે એનું ?'

નિશાના ધબકારા વધી ગયા. બહાર પગથિયાં પર ઊભેલાં રેણુકાબહેનના પગ પાણી-પાણી થઈ ગયા હતા. એ પગથિયા પર જ બેસી ગયાં.

બીજી તરફ મોં ફેરવીને બેસેલ નિશાને રાજેશે પોતાના તરફ ફેરવી.

'નિશા, તેં મને આ વિશે પહેલાં કહ્યું હોત તો...'

'મેં તમને નિર્દેશ નહોતા આપ્યા ?'

'આપ્યા હતા. હું જ ના સમજી શક્યો તારા દિલની વાત.'

'રાજેશ, હું તમને હાર્ટસ્પેશ્યાલિસ્ટ માનતી નથી. તમે હાર્ટ બીટ્સ ફક્ત ગણી શકો છો. એમાં રહેલી વેદના-સંવેદના નથી સમજી શકતા.'

'યુ આર રાઇટ નિશા. હું હાર્ટ બીટ્સમાં રહેલી વેદના-સંવેદના સમજી શકતો હોત તો શાયદ આ નોબત ન આવત. પણ નિશા, તારે મેજર આગળ તારા પ્રેમને ખુલ્લો કરવો જોઈતો હતો.'

નિશાએ દીર્ઘ શ્વાસ ભરતાં રાજેશની આંખોમાં જોયું.

'મેં મેજર સમક્ષ મારા પ્રેમને ખુલ્લો કરવાની કોશિશ કરી હતી. પણ એ મિલિટરીમેનને મન એમણે આપેલા વચન સિવાય કાંઈ બીજું મહત્ત્વનું નહોતું. રાજેશ, તમારા અને મારા પિતાએ એકબીજાને આપેલા વચનમાં તમારી ખબર નથી, પણ મારી જિંદગી કંતાઈ ગઈ છે.'

'એટલે કે આ લગ્ન તારી મરજી વિરુદ્ધ થયાં છે, એમ ?'

'લગ્ન થયાં જ છે ક્યાં ! લગ્ન થયાં જ નથી ! આ તો સોદો થયો છે, એકપક્ષીય સોદો. મેજરે એમની ગરદને તલવાર ન મૂકી હોત તો હું આ સોદા માટે તૈયાર જ ન થાત !'

'ઓહ ગોડ !' રાજેશ દર્દથી આંખો મીંચી ગયો.

નિશાએ ઊંડી આંખે રાજેશને જોતાં કહ્યું, 'રાજેશ, હું તમને ક્યારેય પતિરૂપે નહીં સ્વીકારું.'

રાજેશ નખશિખ ખળભળી ગયો, છતાં એણે સંયમ રાખ્યો.

'રાજેશ, હું કોઈને મારા મનમંદિરમાં દેવરૂપે પહેલેથી સ્થાપિત કરી ચૂકી છું. એ સ્થાન હવે તમે નહીં લઈ શકો. હું એને બેઇન્તિહા પ્રેમ કરું છું. અમારો પ્રેમ શાશ્વત છે, પાક છે. હું એની હતી, છું અને રહીશ.'

અંદરથી તૂટી જતાં રાજેશે નિશાના ખભે હાથ મૂકી સહારો લીધો.

'પણ રાજેશ એનો મતલબ એ નથી કે હું પત્ની અને પુત્રવધૂની મારી ફરજ અદા નહીં કરું. જાહેર જગ્યાએ, સમારંભોમાં હું તમારી પરફેક્ટ પત્નીરૂપે તમારી જોડે જ હોઈશ. ઘરમાં માજીની સેવા કરીશ. પત્ની અને પુત્રવધૂની બધી મર્યાદાઓનું પાલન કરીશ. અને તમારી ઇચ્છા હશે ત્યારે જાતીય સુખનો સંતોષ આપીશ. પણ...'

નિશાએ જિગર કઠણ કરી વધુ કહ્યું...

એકવીસ

નિશાએ જિગર કઠણ કરી વધુ કહ્યું...

'રાજેશ, હું તનથી તમારી થઈશ, પણ મનથી તો એની જ રહીશ. તમારી ઇચ્છા થાય ત્યારે તમે મારા તનને ભોગવી શકશો. પરંતુ મારા મનને ભોગવવાનો અધિકાર હું તમને નહીં આપું. કારણ કે, એ અધિકાર હું કોઈ બીજાને આપી ચૂકી છું.'

રાજેશને લાગતું હતું કે પોતે હમણાં મૂર્છિત થઈ ધડામ દઈને ગબડી પડશે. એ નિશાને જોરથી બાઝી પડ્યો. એને બધું ગોળગોળ ફરતું લાગતું હતું. આંખો સામે અંધકાર છવાઈ ગયો હતો. દિલે જાણે ધબકાર છોડી દીધો હતો.

દિમાગમાં ઊઠેલો ચક્રવાત શમ્યો ત્યારે એ ઝબકીને નિશાથી અલગ થયો. અને જરા સ્વસ્થ થતાં કહ્યું,

'માફ કરજે નિશા, હું અશક્ત થઈ ગયો હતો.'

ટેબલ પરથી જગ ઉઠાવીને એણે ચાર-પાંચ ઘૂંટ પાણી પીધું. પછી બે-ત્રણ લાંબા શ્વાસ લીધા..

'નિશા, કાશ...હું આ બધું પહેલાં સમજી શક્યો હોત, જાણી શક્યો હોત, તો તારા અને મારા પિતાએ એકબીજાને આપેલા વચનની ચક્કીમાં તારાં અરમાન, લાગણી, ઇચ્છા, જિંદગી કદી પિસાવા ન દેત. નિશા, અરમાન, લાગણી, ઇચ્છાને બેરહેમીથી દાબી દેતાં તારા પર શું-શું વીતી હશે એની કલ્પના માત્રથી ધ્રૂજી જવાય એમ છે. જ્યારે માણસની કોઈ સામાન્ય ઇચ્છા પૂર્ણ ન થાય ત્યારે તે નાસીપાસ થઈ જતો હોય તો પછી તારી તો...'

રાજેશના શબ્દો સુકાઈ ગયા. સ્વસ્થ થતાં એણે પૂછ્યું...

'નિશા, હવે તું શું ઇચ્છે છે ?'

'રાજેશ, હવે મેં ઇચ્છાઓ પોષવાનું છોડી દીધું છે. મેજરે જ્યારથી મારી ઇચ્છાઓનો એક જ ઝાટકે છેદ ઉડાડી દીધો હતો ત્યારથી મેં મારી ઇચ્છાઓને આગ ચાંપી દીધી છે. હા... તમે તમારી ઇચ્છાને અવશ્ય પૂર્ણ કરી શકો છો. મધુરજનીની પહેલી રાતનાં સહસ્ર અરમાનો તમે સજાવી રાખ્યાં હશે તે હું સમજી શકું છું.'

'મારાં અરમાનોની આગ ઠંડી કરવામાં તારો કેટલો સાથ હશે, નિશા ?'

'ફક્ત શારીરિક. મારો આત્મા તો એનામાં લીન થઈ ગયો. હવે આ શરીર બચ્યું છે. તેનો તમારે ભોગ કરવો હોય તો છૂટ છે.'

'આત્મા વિનાના શરીરને શું કહેવાય છે નિશા, જાણે છે ?'

રાજેશના સવાલ પર અબોલ નિશા સ્થિર આંખે રાજેશને જોઈ રહી. હવે રાજેશ તદ્દન સ્વસ્થ હતો. રાજેશે પૂછેલા સવાલનો જવાબ ખુદ આપતાં રાજેશે કહ્યું...

'લાશ...! આત્મા વિનાના શરીરને લાશ કહેવાય છે નિશા !'

નિશાની આંખો દર્દથી દબાઈ ગઈ, 'હું લાશ જ છું... જીવતી લાશ...'

'તો પછી તું એ પણ જાણતી હોઈશ નિશા કે, લાશ સાથે કોઈ મધુરજની ન માણે !'

નિશાના બંને હોઠ દાંત નીચે દબાઈ ગયા. રાજેશે નિશાનો હાથ પોતાના હાથમાં લેતાં કહ્યું...

'નિશા, જેને માણવામાં સાથીનો શારીરિક સાથે માનસિક સાથ ન હોય તે મધુરજની માણવાથી ક્યારેય સંતોષનો ઓડકાર ન આવે.'

'મેં તમને સ્પષ્ટ કહી દીધું છે રાજેશ કે, હું મનથી એની છું. મારા મનને ભોગવવાનો અધિકાર હું તમને નહીં આપું.'

રાજેશે સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું, 'તો પછી માત્ર હાડમાંસ ચૂસવા-ચૂંથવામાં મને કોઈ રસ નથી.'

ઘણી વાર સુધી બંને અબોલ બેસી રહ્યાં. પછી રાજેશે જિગર કઠણ કરતાં કહ્યું...

'નિશા, મને તારા આ વર્તન પ્રત્યે સહેજે અણગમો નથી. તું તારી જગ્યાએ સર્વથા સાચી છે. ભૂલ મેજર અને મારાથી થઈ છે. મેજરે બધું જાણવા છતાં તને આ લગ્ન માટે મજબૂર કરી. અને હું બેવકૂફ-બુઠ્ઠો તારા નિર્દેશોને સમજી ના શક્યો.'

રાજેશ બંને હાથે નિશાનું મસ્તક પકડી એની અાંખોમાં આંખો પરોવી.

'નિશા, તને યાદ હોય તો... મેં તને કહ્યું હતું, લગ્ન બાદ તારા દરેક અરમાન, ઇચ્છા હું પૂર્ણ કરીશ. નિશા આપણે પતિ-પત્ની નહીં, સાચા દોસ્ત તો બની જ શકીએ છીએ. નિશા, મારી દોસ્તીને સ્વીકારતી હોય તો એ કોણ છે તે જણાવ.'

નિશા બીજી તરફ જોઈ ગઈ.

'નિશા, એને પામવાની તારી ઇચ્છા કોઈ કાળે રૂંધાઈ શકે તેમ નથી, તે હું સમજી શકું છું. આપણી દોસ્તીને સ્વીકાર નિશા, ક્યારેય પતિનો હક જતાવી તારાં અરમાન દાબી દેવાની ગુસ્તાખી નહીં કરું. નિશા, હું નથી ઇચ્છતો કે તારી કોઈ ઇચ્છા અધૂરી રહે. તારી ઇચ્છા એને પામવાની છે. તે ઇચ્છા હું પૂર્ણ કરીશ. તને આપણાં તમામ બંધનોમાંથી મુક્ત કરી તારો હાથ એના હાથમાં હું સોંપીશ. પણ તું મને કહે તો ખરી કે એ કોણ છે !'

'આટલી ઉદારતા ન બતાવો રાજેશ. ખૈરાતમાં કોઈ પત્ની ન આપી દે.'

'ખૈરાતમાં પત્ની આપી દઉં એટલો છું મહાન નથી. તારા ગળામાંથી મંગળસૂત્ર ઉતારી પતિ-પત્નીના સંબંધોમાંથી તને મુક્ત કરી એક દોસ્ત રૂપે તારો હાથ એના હાથમાં સોંપીશ.'

'રાજેશ...!'

નિશાએ રાજેશના ખભે માથું ઢાળી દીધું. એની આંખો આંસુઓથી ધૂંધળાઈ ગઈ.

'મેં તમને સમજવામાં ભૂલ કરી. મને ખબર નહોતી કે તમારી અંદર ઉદારતાનાં નીતર્યાં નીર ખળખળ વહે છે. નહીંતર હું પહેલેથી એમાં હાથ ઝબોળી મારી ઇચ્છાપૂર્તિની ભીખ માંગી લેત. રાજેશ, બાવીસ વર્ષ જેની સાથે રહી તે બાપે જેટલી ઉદારતા ન દાખવી એનાથી અનેકગણી ઉદારતા તમે દાખવો છો.'

રાજેશે નિશાની ધૂંધળાયેલી આંખો લૂછી એના ગાલ થપથપાવ્યા.

'નિશા, મારા પર ભરોસો મૂક્તી હોય તો હવે જણાવ કે એ કોણ છે.'

દીપકનું નામ જહેનમાં ઊભરાતાં જ નિશાના શ્વાસ ફૂલી ગયા, છાતી ઊછળવા લાગી.

'દીપક...' નામ બોલતાં-બોલતાં તો એનાં ફેફસાં ખાલી થઈ ગયાં.

પગથિયાં પર બેસેલાં રેણુકાબહેન હજી અંદર ચાલતો વાર્તાલાપ સાંભળતાં હતાં.

'નિશા... દીપક...' રાજેશે દીર્ઘ શ્વાસ ભર્યો, એના શબ્દો તૂટવા લાગ્યા, 'મેં કલ્પના પણ નહોતી કરી કે... નિશા... દીપક... હું તો તમારી વચ્ચે ફક્ત દોસ્તી... જો પહેલાં જાણી શક્યો હોત કે એ દોસ્તીની પાછળ પ્રેમ... તો તારી મરજી વિરુદ્ધના લગ્ન ક્યારેય...'

રાજેશે જરા સ્વસ્થ થતાં કહ્યું, 'ખૈર, જે થઈ ગયું તેને ભૂલી જવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. નિશા હવે તારા અને દીપકના મિલનની જવાબદારી મારી.'

નિશા રાજેશના ચરણોમાં નમી ગઈ. રાજેશે એને ઊભી કરી, 'નિશા, આ શું કરે છે !'

નિશા કાંઈ ન બોલી. બસ હાથ જોડી આંસુ સાર્યાં. એની ખામોશી રાજેશને ઘણું-ઘણું કહી ગઈ. રાજેશે એનો હાથ પકડીને ફરી પોતાની બાજુમાં બેસાડતાં કહ્યું...

'નિશા, માને આ વાતની ખબર પડશે તો એને આંચકો જરૂર લાગશે. પણ એ બધું સહન કરી શકશે. એણે આવા ઘણા આંચકા જિંદગીમાં સહ્યા છે. માટે નચિંત થઈ જા. અને હવે

મધરાત થઈ છે, હવે સૂઈ જઈએ.'
રાજેશ બેડ પરથી તકિયો લઈને દરવાજા તરફ વળતાં નિશાએ પૂછ્યું, 'ક્યાં જાવ છો ?'
હસ્યો રાજેશ, 'બીજા રૂમમાં. આ રૂમમાં એક જ બિસ્તર પર તારી સાથે સૂતાં પછી ક્યાંક મારી અંદરનો પતિ જાગ્રત ન થઈ જાય એટલા માટે.'
'રાજેશ, તમે બીજા રૂમમાં સૂઈ જશો તો કાંઈ ન જાણતી માનું અંતર સારા-નરસા વિચારોથી ભરાઈ જશે.'
'ઓહ કમોન નિશા, માને આજે નહીં તો કાલે આ વાતની ખબર પડવાની જ છે ને ! અં... તું ફિકર ના કર, હું બીજા રૂમમાં નહીં તો... બહાર બગીચામાં સૂઈ જઈશ.'
નિશાનું મસ્તક ઝૂકી ગયું, 'લગ્નની પહેલી રાતે પતિ બહાર બગીચામાં સૂઈ જાય તો દુનિયા આ સંબંધ પર શંકા જતાવી અનેક સવાલોનાં તીર મારશે.'
'એ નોબત પણ આજે નહીં તો કાલે આવવાની જ છે. હશે, છોડ એ બધું, અને તું જ હવે કહે, હું ક્યાં સૂઈ જાઉં.'
'તમે આ રૂમમાં જ સૂઈ જાવ.'
'ઓ...કે... એઝ યુ વિશ...' કહેતો રાજેશ ફર્શ પર તકિયો નાંખી લાંબો થયો.
'આ શું ફર્શ પર !' નિશા રાજેશ પાસે આવીને ઘૂંટણિયે બેઠી, 'રાજેશ, તમે બેડ પર સૂઈ જાવ. હું ફર્શ પર સૂઈ જઈશ, મને ફર્શ પર ફાવશે.'
'મને પણ ફર્શ પર ફાવશે નિશા...'
'રાજેશ, બેડ તમારો છે, ઘર તમારું છે.'
'કમોન નિશા... આ બેડ મારો છે તો તારો પણ છે. આ ઘર મારું છે તેમ તારું પણ છે. બોલ છે કે નહીં ?'
'હા... એ તો છે છતાં...' કહેતી નિશાએ રાજેશ તરફ હાથ લંબાવ્યો. રાજેશે એના હાથમાં હાથ પરોવતાં એણે રાજેશનો હાથ ખેંચી ફર્શ પરથી ઊભો કર્યો.
'રાજેશ, તમે બેડ પર સૂઈ જાવ. હું ફર્શ પર જ સૂઈશ.'
ખભા ઉલાળી, 'ઓ.કે... એઝ યુ વિશ...' કહેતો રાજેશ બેડ પર આવ્યો.
નિશા ફર્શ પર આડી પડી. એના હૈયાનો બધો ભાર હળવો થઈ ગયો હતો. એણે ફર્શ પર જ રાજેશ તરફ પડખું ફેરવીને પૂછ્યું...
'રાજેશ, હું દીપકને ફોન કરી શકું છું ?'
'એમાં પૂછવાનું ન હોય નિશા. તું ફોન લગાવ. હું પણ દીપક સાથે વાત કરીશ. અને એને બરાબર ખખડાવીશ. એક વાર મને તમારા પ્રેમ વિશે કહ્યું હોત તો...'
નિશાએ ફર્શ પર બેઠા થઈ દીપકને ફોન જોડ્યો. પણ જવાબમાં લાંબી-લાંબી રિંગ વાગ્યા કરી. શુભ-અશુભનાં વમળોથી એનું અંતર ડહોળાઈ ગયું. એણે બીજી વાર ફોન જોડ્યો છતાં... નો રિસ્પોન્સ ! અંતે એણે વિક્રમને ફોન લગાડ્યો. ત્રણ-ચાર રિંગ પછી વિક્રમે કોલ લેતાં એણે કહ્યું...
'વિક્રમ... હું નિશા...'
'નિશા ! આટલી રાત્રે !' વિક્રમે આજુબાજુ નજર ફેરવી. આખી હૉસ્પિટલ શાંત હતી. વિક્રમે બધાંથી થોડે દૂર અત્યંત ધીરા અવાજે કહ્યું, 'નિશા, રાજેશને ખબર પડશે કે તું આટલી રાત્રે ફોન પર કોઈની સાથે વાત કરે છે તો તારા સંસારમાં શંકાનું ઝેર ઘોળાશે.'
'રાજેશ જાગે જ છે, મારી સામે છે. એમની અનુમતિ પછી જ મેં ફોન કર્યો છે. મારા અને દીપકના પ્રેમની દાસ્તાન હવે એમનાથી છૂપી રહી નથી.'
'શું કહે છે તું નિશા ! પછી બંને વચ્ચે ઉગ્ર ઝઘડો થયો !'

'ના. ઝઘડો નથી થયો. હા વિક્રમ, મેં દીપકને ફોન કર્યો પણ એ કોલ રિસીવ નથી કરતો.'

'દીપક કોલ રિસીવ ક્યાંથી કરે, એ તો હૉસ્પિટલમાં છે.'

'હૉસ્પિટલ !'

'હા... તારી વિદાય બાદ...'

વિક્રમ જેમ-જેમ ઘટી ગયેલી ઘટના કહેતો ગયો તેમ-તેમ નિશાના કાળજાના કટકા થવા લાગ્યા.

'નિશા, એની જબાને બસ તારું જ નામ છે. જીવતી લાશ થઈને એ હૉસ્પિટલના બિછાને પડ્યો છે.'

બધું સાંભળી નિશાએ સજળ આંખે લાઇન કટ કરી. પછી રાજેશ નિશાની પાસે આવ્યો. એણે નિશાનાં આંસુ લૂછતાં પૂછ્યું..

'નિશા શું થયું ? કેમ આંસુ છલકાઈ આવ્યાં ?'

'રાજેશ... દીપક...'

નિશાએ ડૂસકું ભર્યું, પછી વિક્રમે કહેલી ઘટના એણે રાજેશને કહી નાખી. સાંભળીને રાજેશની આંખોમાં પણ ઝળઝળિયાં આવી ગયાં.

'રાજેશ, મારે એની પાસે જવું છે. એની હાલત નાજુક છે. એની જબાને મારું જ નામ છે. રાજેશ...'

રાજેશની છાતીમાં માથું દાબી દેતી નિશાથી રડી પડાયું.

'એણે કહ્યું હતું, તારું મિલન મારી જિંદગી છે. તારો વિયોગ મારું મોત છે. એ મરી જશે... મારે એની પાસે જવું છે. રાજેશ તમે મને એની પાસે લઈ જાવ. હવે તમે જ મારા આધાર છો. તમે કહ્યું હતું, તમે મારી તમામ ઇચ્છા પૂર્ણ કરશો.'

'નિશા... નિશા...' રાજેશે બંને હાથથી નિશાનું મસ્તક ઊંચક્યું, 'હું તને એની પાસે લઈ જઈશ. પણ અત્યારે ઘણી રાત થઈ ગઈ છે. આવતીકાલે સવારે હું તને દીપક પાસે લઈ જઈશ.'

નિશાએ ફરી રાજેશની છાતીમાં માથું દાબી દીધું. રાજેશે એનો હાથ પકડીને ફર્શ પરથી ઊભી કરીને બેડ પર સૂવડાવી. એની આંખો સુકાતી નહોતી. રાજેશે એના માથે હાથ ફેરવી સાંત્વના આપી સુવડાવવાનો પ્રયત્ન કર્યો. ઘણી વારે એની આંખો ઘેરાઈ, ત્યાર પછી રાજેશ આવીને ફર્શ પર આડો પડ્યો.

રૂમની બહાર પગથિયાં પર બેઠેલાં રેણુકાબહેન પણ બધું સાંભળીને હતાશ થઈ ગયાં હતાં. પગથિયા પરથી ઊભાં થઈ એ ધીરે-ધીરે એમના રૂમમાં જતાં રહ્યાં.

* * *

દી પ...ક...

નિશાની કારમી ચીસથી માંડમાંડ ઊંઘ તરફ ઢળેલો રાજેશ સફાળો જાગી ગયો. અધ્ધર શ્વાસે એ નિશા પાસે આવ્યો.

નિશા પરસેવે આખી પલળી ગઈ હતી. કારમી ચીસ સાથે બિસ્તરમાં બેઠી થઈ ગયેલી નિશાનું હૃદય ઊછળતું હતું, ગળું સુકાતું હતું, હાંફતી હતી એ. રાજેશે. એના કપાળે હાથ ફેરવતાં પૂછ્યું.. 'શું થયું ? નિશા, કેમ એકદમ...'

નિશાની બહાવરી આંખો ચારે બાજુ ફરતી હતી. આ હૉસ્પિટલ નહોતી, પોતે ઘરમાં હતી. અહીં હૉસ્પિટલનો પલંગ નહોતો, બલકે ઘરનો બેડ હતો. અને એ બેડ પર અત્યારે પોતે બેઠી હતી. આંખો સામે દીપક નહોતો, રાજેશ હતો. રાજેશે એના ગાલ થપથપાવ્યા.

'નિશા... નિશા... આર યુ ફીલ નૉર્મલ...'

થૂંક ગળી નિશાએ ગળું ભીનું કર્યું. રાજેશે ફરી પૂછ્યું.

'નિશા... આર યુ નૉર્મલ...?'

નિશાએ મસ્તક હલાવી હકાર ભર્યો. પરંતુ એની છાતી હજી ઊછળતી હતી. રાજેશે મજબૂતીથી નિશાના હાથ થામતાં પૂછ્યું, 'નિશા, શું થયું હતું ? કેમ એકદમ ચીસ નાખી ?'

'રાજેશ, દીપક...' બોલતાં-બોલતાં એનું જિગર બેસી ગયું, ' મને ખૂબ જ ખરાબ સપનું આવ્યું. હૉસ્પિટલના બિછાને સૂતેલા દીપકના શ્વાસ પડી રહ્યા છે. ડૉક્ટર લાચાર છે, દીપકની બીમારીનો કોઈ ઇલાજ નથી કરી શકતા. બધા વિલાયેલા ચહેરે મૂર્છિત દીપકની આસપાસ ઊભા છે. દીપક અંતિમ શ્વાસ લે છે. અને ત્યાર બાદ ડૉક્ટર એને સફેદ કફન ઓઢાડે છે. અને હું...'

નિશાએ ચહેરા પરથી પરસેવો લૂછ્યો. એના મનમાં શુભ-અશુભ વિચારો દોડતા હતા.

'રાજેશ, આ સપનું...'

રાજેશે ધીરજ બંધાવતાં કહ્યું, 'નિશા રિલેક્સ. સપનાં ક્યારેય સાચાં પડે છે ખરાં !'

'પરોઢનાં સપનાં સાચાં પડે છે, એવું લોકો કહે છે.'

'નિશા, પરોઢ ક્યાં થયું છે. હજી તો...'

બંનેની નજર એકસાથે વૉલક્લોક પર ગઈ. સવારના સાડા-પાંચ વાગ્યા હતા. તે જોઈને નિશા અનેક ધડકનો પર ધડકનો ચૂકી ગઈ. બહાવરી-બહાવરી એણે રાજેશનો હાથ પકડી લીધો.

'રાજેશ, પરોઢ જ થઈ છે. આ સપનું... આ સપનું...' એનાથી રુદન છૂટી ગયું.

નિશાને પાસે ખેંચી લઈ સમજાવતાં રાજેશે કહ્યું, 'નિશા, પરોઢનાં બધાં સપનાં સાચાં નથી પડતાં. અને સપનાં તો રાત્રે સૂતી વખતે દિમાગમાં દોડતા વિચારોની સિક્વલ જ હોય છે.'

નિશાએ હીબકું ભરતાં કહ્યું, 'આ સિક્વલ ઘણી ભયંકર છે રાજેશ, હું નહીં સહન કરી શકુ.'

'રિલેક્સ... રિલેક્સ નિશા.' રાજેશે નિશાની પીઠ પર હાથ ફેરવ્યો, 'તું હવે ઊંઘવાનો પ્રયત્ન ના કરીશ, નહીંતર ખોટા-ખોટા વિચારે ચઢી જઈશ. આમેય સવારના સાડા-પાંચ વાગી ગયા છે. તું તૈયાર થવા માંડ આપણે જલદી નીકળીએ.'

આંસુ લૂછી નિશા બેડરૂમમાંથી બહાર આવી. નાહીને મંગલા આરતી કરી. પછી બ્રેકફાસ્ટ તૈયાર કર્યો, તે દરમિયાન રાજેશ અને રેણુકાબહેન પણ તૈયાર થઈને બ્રેકફાસ્ટ ટેબલ પર આવી ગયાં.

દૂધ, બ્રેડબટર, સેન્ડવિચ, ફ્રૂટ્સ ટેબલ પર સજાવી નિશા ખુરશી ખેંચીને રેણુકાબહેનની સામે બેઠી. એના ચહેરે ઊપસી આવેલી ઉદાસીની કરચલીઓ નરી આંખે નજરે પડતી હતી. બ્રેડ પર બટર લગાવતાં રેણુકાબહેને પૂછ્યું,

'બંને ક્યાંક જાવ છો ?'

રાજેશે કહ્યું, 'હા મા. નિશાને લઈને એના ઘેર જાઉં છું.'

'ઠીક છે. નિશાને માતા-પિતાની યાદ સતાવતી હોય એમ લાગે છે. એના ચહેરે ઉદાસી વ્યાપેલી છે.' રેણુકાબહેને સહેજ રાજેશ તરફ નમતાં કહ્યું, 'રાજેશ, હું પણ તમારી સાથે આવવાની ઇચ્છા ધરાવું છું.'

નતમસ્તક નિશાએ ત્રાંસી નજર રાજેશ અને રેણુકાબહેન પર નાંખીને તરત વાળી લીધી.

રેણુકાબહેને હસતાં-હસતાં કહ્યું, 'જો તમારી કારમાં એકાદ સીટ ખાલી હોય તો...'

'ઓહ કમોન મા ! કેવી વાત કરે છે !' રાજેશ હસ્યો, 'પણ તું ત્યાં આવીને કરશે શું...?'

રેણુકાબહેને જડબાં કઠણ કર્યાં, 'મારે મેજર અને વિદ્યાબહેન સાથે થોડી વાતો કરવી છે. કારમાં સીટ ખાલી છે ?'

'મા... તું આવું કેમ પૂછે છે...? તું તૈયાર થઈ જા.'

રેણુકાબહેને સસ્મિત કહ્યું, 'મને વિશ્વાસ હતો, તું ના નહીં પાડે, એટલે હું તૈયાર થઈને જ બ્રેકફાસ્ટ ટેબલ પર આવી છું.'

બ્રેકફાસ્ટ પતાવી ત્રણેય બહાર આવી કાર તરફ વાગ્યાં. કારનો દરવાજો ખોલી રાજેશ ડ્રાઇવર સીટ પર બેઠો. નિશા આવીને એની બાજુમાં બેઠી. અને રેણુકાબહેન પાછલી સીટ પર બેઠાં, પછી રાજેશે કાર દોડાવી દીધી.

* * *

હૉસ્પિટલની લાઉન્જમાં બધાએ આખી રાત અધ્ધર શ્વાસે વિતાવી હતી. ડૉક્ટરે મોડી રાત્રે જ દીપકની ક્રિટીકલ કન્ડિશન વિશે બધાને જણાવી દીધું હતું. બધા વારાફરતી હૉસ્પિટલના બિછાને નિશ્ચેત થઈને સૂતેલા દીપકને જોઈ આવ્યા હતા.

દીપકની હાલતમાં કોઈ જ સુધારો થતો નહોતો. કોઈક વાર ક્ષણભર એનામાં ચેતન આવતાં એની જબાનેથી નિશાનું નામ સરી પડતું હતું.

* * *

કારમાં રાજેશની બાજુમાં બેઠેલી નિશાનો જીવ તાળવે ચોંટી ગયો હતો. આખા રસ્તે એ ચૂપચાપ બેસી રહી હતી. રાજેશ અને રેણુકાબહેન કોઈવાર સંવાદ સાધી લેતાં હતાં.

ગતિશીલ કારનાં ટાયરો હૉસ્પિટલના પાર્કિંગમાં સ્થિર થયાં કે તરત નિશા દરવાજો ખોલીને બહાર આવી.

* * *

'ડૉક્ટર... ડૉક્ટર...'

આઈ.સી.યુ. મોનિટર પર નજર ચોંટાડી બેઠેલી નર્સે દીપકના હાર્ટબિટ્સ એબનોર્મલ થતાં જ ડૉક્ટરને ચેતવ્યા.

'ઓહ નો...!' આઈ.સી.યુ. મોનિટર પર ચાલી રહેલા એબનોર્મલ પીક્સ જોઈ ખતરો પામી ગયેલા ડૉક્ટરના ચહેરે પણ પરસેવો વળી ગયો. એમણે દીપકના ગાલ થપથપાવ્યા.

નર્સ પણ ડૉક્ટરે આપેલી સૂચનાઓ ઉતાવળે ફોલો કરવા લાગી. મોનિટર પર સતત પડતા જતા પીક જોઈ ડૉક્ટરે પોતાનો પૂરો પ્રયત્ન કરતાં ફરી દીપકના ગાલ થપથપાવ્યા.

'કમોન-કમોન-કમોન-'

પરંતુ... આખરી એક પળ એ સઘળા પીકને એક સીધી લીટીમાં ફેરવીને આગળ વધી ગઈ.

દીપકના ધબકારા ઓગળી ગયા, શાંત થઈ ગયા.

કુદરતના ન્યાય સામે પોતાના હારી ગયેલા પ્રયત્નોને પડતા મૂકી ડૉક્ટરે આઈ.સી.યુ.માંથી બહાર આવી લાઉન્જમાં બેઠેલાં બધાંને અશુભ સમાચાર આપતાં બધાના શ્વાસ ક્ષણભર જાણે થંભી ગયા. પછી આખા વાતાવરણમાં આક્રંદ ભળી ગયું.

બાવીસ

દીપકના મૃત્યુના અશુભ સમાચાર સાંભળી લાઉન્જમાં બેઠેલા બધાના શ્વાસ ક્ષણભર જાણે થંભી ગયા. પછી આખા વાતાવરણમાં આક્રંદ ભળી ગયું.

ડૉક્ટર ફરી આઈ.સી.યુ.માં આવ્યા. દીપકના મોઢા પરથી ઑક્સિજન માસ્ક અને બીજી લાઈફ સપોર્ટ સિસ્ટમ હટાવી દીપકના મૃતદેહને સ્ટ્રેચર પર સુવડાવી બહાર લાવ્યા.

દીપકનો મૃતદેહ જોઈને મજબૂત મનના મેજર પણ ભાંગી પડ્યા. સતત આંસુ વહાવતા વિષ્ણુપ્રસાદને વિક્રમે સંભાળ્યા. રુક્મિણી દીપકના મૃતદેહને બાઝીને વિલાપ કરતાં હતાં.

ડૉક્ટરે ઓઢાડવા માટે મૃતદેહના પગ પાસેથી સફેદ ચાદર માથા સુધી ખેંચી તે જ સમયે લાઉન્જમાં આવી ચઢેલી નિશાના જિગરમાંથી કારમી ચીસ ફાટી પડી.

'દી...પ...ક...'

બહાવરી-બહાવરી પાસે દોડી આવી એણે ડૉક્ટરના હાથમાંથી સફેદ ચાદર ખેંચી લઈ દૂર ફેંકી દીધી. પછી બંને ખભા પકડીને દીપકને હચમચાવી નાખ્યો.

'દીપક, ઊઠ... ઊઠ... જો હું આવી ગઈ છું. તારી નિશા. ફક્ત તારી નિશા. આંખો ખોલ. મારી સાથે વાતો કર. મારા ખોળામાં માથું મૂકીને વાતો કર. મારે તારા વાળમાં આંગળીઓ ફેરવવી છે. હું હંમેશાં મિલનની વાતો કરતી, ત્યારે તું જુદાઈની વાતો કરતો. આજે પણ તેં એ જ કર્યું. તેં મારી સાથે છળ કર્યું. મને એકલી છોડીને તું ના જઈ શકે. હું તો હંમેશને માટે તારી થવા આવી છું. જો મને કોણ તારી પાસે લઈને આવ્યું છે. ખુદ રાજેશ...'

રઘવાયી-રઘવાયી નિશા રાજેશ પાસે આવી, 'રાજેશ, તમે એને સમજાવો, કહો કે હું એની છું. એ તમારી વાત માનશે.' રાજેશનો હાથ ખેંચીને એ દીપક પાસે લઈ ગઈ, 'રાજેશ, તમે એને ઉઠાડો. કહો કે હું તમારી નથી. ફક્ત એની છું.'

નિશાએ ફરી દીપકના બેજાન શરીરને હચમચાવ્યું, ગાલ થપથપાવ્યા.

'દીપક... દીપક... ઊઠ. હવે આપણને કોઈ અલગ નહીં કરી શકે. મેજર પણ નહીં. મેજરનો હવે મારા પર કોઈ અધિકાર રહ્યો નથી. હવે મારા પર રાજેશનો અધિકાર છે અને એ ખુદ મારો હાથ તારા હાથમાં સોંપવા મને અહીંયાં લઈને આવ્યા છે.'

નિશાએ રાજેશ બાજુ ફરીને હાથ જોડ્યા.

'રાજેશ, તમે એને સમજાવો. મારો દીપક કદી ખૈરાત નહીં સ્વીકારે. તમે એને સમજાવો કે તમે ખૈરાત રૂપે મને એને નથી સોંપવાના. તમે એને સમજાવો...'

રાજેશે કરગરતી નિશાનું માથું પોતાની છાતીએ ખેંચી લીધું, 'નિશા કોને સમજાવું... કોને...'

'એને...' કહેતી નિશાએ દીપક બાજુ જોયું અને બીજી જ પળે એ ધ્રુસકે-ધ્રુસકે રડી પડી.

હૈયું ફાડીને રડી. રાજેશે એને સંભાળીને નીચે બેસાડી દીધી. પછી ઘણી વાર સુધી રડવા જ દીધી. વેદનાનું પૂર થોડું ઓછું થતાં એ જરા સ્વસ્થ થઈ અને રાજેશના ખભે માથું ઢાળીને કહ્યું...

'રાજેશ, આજે નિશાનો દીપક બુઝાઈ ગયો. હવે નિશા અંધકાર સિવાય કાંઈ નથી.'

રાજેશે નિશાને શાંત કરી પછી બાંહોમાં ભરીને દૂર લઈ જઈ ખુરશીમાં બેસાડી.

ઇશ્ક જીવ લઈ લે છે એ સાંભળ્યું તો હતું. આજે દરેકે નજરોનજર જોયું. નિશાના વિયોગે દીપકનો જીવ લઈ લીધો.

* * *

હૉસ્પિટલમાં બધી કાર્યવાહી પતાવી દીપકનો મૃતદેહ ઘેર લવાયો. દીપકના બીજા દોસ્તો

અને અડોશ-પડોશના લોકોને ખબર પડતાં બધા દીપકના ઘેર આવી ચઢ્યા. બધાની આંખો સજળ હતી.

રાજેશે નિશાને ઘરની બહાર જ બેસાડી રાખી હતી જેથી એ દીપકના મૃતદેહને જોઈને રડ્યા ના કરે. કોમલ, નીરવ, વિક્રમ, શીતલ, કવિતા નિશાને સમજાવતાં હતાં, સાંત્વના આપતાં હતાં.

નિશાએ હાથ ઊંચો કરી બધાંને બોલતાં અટકાવીને કહ્યું, 'હવે, આ બધી વાતોનો કોઈ મતલબ નથી. દીપકની નજરમાં હું બેવફા અંકિત થઈ ગઈ હતી. એણે એની અંતિમ ઇચ્છા રૂપે કહ્યું હતું કે, મારા વિરહમાં એ મરી જાય તો એના શરીરને અગ્નિદાહ ન આપશો, દફનાવજો. એક મજાર બનાવજો. જેથી એ મજારને જ્યારે જુએ ત્યારે એની બેવફા પ્રેમિકાને એની બેવફાઈનું સ્મરણ થાય. દીપક મારા વિરહમાં...' નિશાએ વિક્રમ સામે જોઈને કહ્યું, 'વિક્રમ, દીપકની એ ઇચ્છા પૂર્ણ થાય એમ હું ઇચ્છું છું.'

નિશાએ આંખો મીંચી દીધી. આંસુ એના ગાલ પર લસરી પડ્યાં.

'પણ નિશા માસ્તર અને રુક્મિણી આન્ટીની મરજી.' નિશાને થોડું સમજાવ્યા પછી વિક્રમે ઘરમાં આવી માસ્તર અને રુક્મિણીને સમજાવી દીપકની અંતિમ ઇચ્છા વિશે કહ્યું.

પછી વિક્રમ સાથે માસ્તર અને રુક્મિણી બહાર નિશા પાસે આવ્યાં. નિશાએ એમની પાસે હાથ જોડ્યા. માસ્તર નિશાના માથે હાથ ફેરવતાં કહ્યું..

'નિશા, દીપક તારો હતો. અમે તને અમારી પુત્રવધૂ માની લીધી હતી. આ ઘરમાં તારું સ્થાન અભંગ છે. દીપકની અંતિમ ઇચ્છા જરૂર પૂર્ણ થશે, બેટી.'

* * *

દીપકના મૃતદેહને અગ્નિદાહ ન અપાયો, જમીનમાં દફનાવી મજાર બનાવાઈ.

દરેકે મજાર પર ભીની આંખે પુષ્પાંજલિ કરી. દીપકની મજાર પર પુષ્પ ચઢાવી માથું ટેકવી નિશા રાજેશ પાસે આવી પછી મસ્તક ઝુકાવી કહ્યું.

'રાજેશ, મેં કહ્યું હતું, પરોઢનાં સપનાં સાચાં પડે છે. મારું સપનું પણ સાચું પડ્યું. આ દીપક...'

નિશાએ મજાર બાજુ જોયું પછી રાજેશ બાજુ ફરી હાથ જોડ્યા.

'રાજેશ, મને હવે પતિ-પત્નીના સંબંધમાંથી મુક્ત કરો એવી હું આપને વિનંતી કરું છું. હું તટસ્થતાથી નહીં નિભાવી શકુ આ બંધન.'

રાજેશ કાંઈ ન બોલ્યો. મેજર નિશા પાસે આવ્યાં એમણે નિશાના માથે હાથ ફેરવતાં કહ્યું..

'નિશા...'

નિશાએ હાથના ઇશારાથી જ મેજરને બોલતાં અટકાવી દઈ જડબાં ભીંસીને કહ્યું..

'મેજર, તમે મારું કન્યાદાન કરી ચૂક્યા છો. મારી જિંદગીના ફેંસલા લેવાનો હવે તમને કોઈ અધિકાર નથી. તમે તમારા અધિકારનો ઉપયોગ કરી જે ફેંસલા લીધા હતા તેનું પરિણામ અત્યારે આપણા બધાની સામે .... હવે મહેરબાની કરો...'

નિશાએ રાજેશ બાજુ ફરી રાજેશનો હાથ પકડ્યો.

'રાજેશ, હું દીપકની હતી, છું અને રહીશ. એણે મને બેવફા માની લીધી હતી. પણ હું એને સમજાવીશ કે હું બેવફા નથી. હવે આ મજાર જ મારું ઘર છે. અને અહીં સૂતેલા દીપકની સેવા જ મારી વફા છે, ધર્મ છે. તમે મને પતિ-પત્નીના બંધનમાંથી મુક્ત કરો એવી હું વિનંતી કરું છું.'

રાજેશે રેણુકાબહેન તરફ જોયું. જાણે એ નિશાની વાતનો જવાબ એમની પાસે શોધતો

હોય. રેણુકાબહેન એની પાસે આવ્યાં. એમણે રાજેશને સમજાવ્યું.

'બેટા, ખોખલા ઉસુલો અને બોદાં બંધનો ક્યારેય ઇન્સાનને સુખી કરી શકતાં નથી. મેજરે તારા પિતાની આપેલા વચનની પૂર્તિ માટે નિશાને મજબૂર કરીને સીધી રીતે ત્રણ ખુશહાલ જિંદગીમાં ગમના દરિયા ઠાલવી દીધા.'

રેણુકાબહેને મેજર બાજુ ફરીને પૂછ્યું, 'મેજર રણજિત બત્રા, હું તમને પૂછું છું, શા માટે તમે આવું કર્યું ?'

મેજરે હાથ જોડ્યા, 'બહેન, હું વચને બંધાયો હતો. વચનપાલન કરવું જ રહ્યું. નહીંતર તમે કહેત, મેજર રણજિત બત્રા વચનપાલનથી ફરી ગયા.'

'મેજર, સંતાનોની ખુશી માટે, જિંદગી માટે આવાં દસ વચનને ભૂલી જવાં બહેતર રહે છે. આપણે વચનપાલન નથી કર્યું. આપણે આપણાં સંતાનોની જિંદગીના, ખુશીઓના સોદા કર્યા છે.'

રેણુકાબહેને મમતાથી નિશાના માથે હાથ ફેરવ્યો.

'આ ફૂલ જેવી દીકરીના અરમાનોને વચનના ભારેખમ પહાડ તળે કચડી નાખતાં તમારું હૈયું વેદનાથી ફાટી કેમ ના પડ્યું ! જો મને નિશા અને દીપકના પ્રેમની પહેલાં ખબર પડી હોત તો આ વચનને સૌથી પહેલાં હું જ ફગાવી દેત. મેજર તમે ઘણું ખોટું કર્યું.'

આંસુભીની આંખે ફરી હાથ જોડતાં મેજરે કહ્યું, 'મારાથી ભૂલ થઈ ગઈ... ભૂલ થઈ ગઈ.'

પ્રસ્તાવાનાં આંસુ મેજરની આંખોમાં હતાં. રેણુકાબહેને રાજેશને કહ્યું..

'બેટા, નિશાને સંજોગે ક્રૂર થપાટ મારી છે. એને સુખી જોવી હોય, ખુશ જોવી હોય, તો એને એની મરજી પ્રમાણે જીવવા દે. એને દરેક સંબંધ — દરેક બંધનમાંથી મુક્ત કરી દે. બળજબરીનાં બંધનો એના શ્વાસ ગૂંગળાવી નાખશે.'

રાજેશે હકારમાં મસ્તક હલાવ્યું. પછી નિશાના બંને ખભા પર હાથ મૂક્યા.

'નિશા, દોસ્ત બની તારો હાથ દીપકના હાથમાં સોંપીશ એવું મેં કહ્યું હતું, પણ એ ન કરી શક્યો તેનો મને અફસોસ છે. આજે હું તને પતિ-પત્નીના સંબંધમાંથી મુક્ત કરું છું.'

રાજેશે નિશાના ગળામાંથી મંગળસૂત્ર ઉતારી લેતાં કહ્યું, 'નિશા, મદદ માટે જ્યારે તું સાદ દેશે ત્યારે દોસ્તરૂપે અવશ્ય હાજર થઈ જઈશ એની ખાતરી આપું છું.'

નિશા સજળ આંખે રાજેશનાં ચરણોમાં ઝૂકી ગઈ. રાજેશે નિશાને ઊભી કરી. નિશાએ આંખો લૂછી હાથ જોડીને બધાને વિનંતી કરી...

'મારી તપસ્યા હવેથી શરૂ થાય છે. હવે તમે બધાં ઘેર જાવ.'

સાંભળીને વિદ્યાબહેનની અંદર ધબકતી મા કકળી ઊઠી, 'તું ક્યાં રહીશ બેટી ?'

નિશાએ સ્મિત કર્યું, 'મોમ, હવે આ જ મારું ઘર છે. હું અહીંયાં જ રહીશ.'

તૂટી જતાં વિદ્યાબહેનને રેણુકાબહેને સમજાવ્યાં 'બહેન, હવે નિશાને એની જિંદગી જીવવા દો. પ્રેમરોગ ઘણો ભયંકર હોય છે. એનો ઇલાજ મારા, તમારા, કે કોઈ ડૉક્ટર પાસે નથી હોતો, ફક્ત એના પ્રેમી પાસે હોય છે માટે મહેરબાની કરીને ચાલો હવે અહીંયાંથી.'

નિશાએ બધાને હસતા ચહેરે વિદાય આપી. બધા ભારે હૃદયે વિદાય થયા.

* * *

દિવસો વીત્યા, મહિના વીત્યા...

નિશા આજે પણ ત્યાં જ રહે છે. મજાર જ એનું ઘર છે. દીપકની સેવાને જ પોતાનો ધર્મ માને છે. ગમે તેટલી ટાઢ, તડકા કે વરસાદમાં નિશા પોતાનો ધર્મ બજાવ્યે જાય છે.

સવારમાં ઊઠીને સ્નાન કરી મજાર પર ફૂલ ચઢાવે છે. નિરાંતે સૂતેલા દીપક સાથે વાતો

કરે છે.

આસપાસ નિશાએ સુંદર બગીચો બનાવ્યો છે. ફૂલછોડને પાણી સીંચે છે. ઝાડ પરથી ફળ તોડીને આરોગે છે. રોજ કોઈ નહીંને કોઇ મિત્ર યા સ્વજન મળવા આવે છે, જે પોતાની સાથે કાંઈક ને કાંઈક લઈ આવે છે, તેમાંથી નિશા પ્રેમથી થોડું જમે છે.

નિશા ઠંડીમાં મજાર પર ચાદર ઓઢાળે છે. એમ માનીને કે, સૂતેલા દીપકને ઠંડી લાગતી હશે. ગરમીમાં હાથપંખાથી પવન નાખે છે. મજારની આસપાસ એક વિશાળ છાજલી બનાવી છે, જે વરસાદમાં પાણીના ફોરાની થપાટોથી બચાવે છે.

ફરી સાંજે મજાર પર ફૂલ ચઢાવી રાત્રે એ મજારની બાજુમાં જ સૂઈ જાય છે ત્યારે એને એવું લાગે છે કે જાણે પોતે દીપકના પડખામાં જ સૂતી છે.

દિવસે-દિવસે એનું શરીર ઓગળી રહ્યું છે. એને જોઈને મળવા આવતા દરેક જણ દુઃખી-દુઃખી થાય છે. મેજર અને વિધાબહેન ઘણી વાર એને તપસ્યા છોડી ઘેર પાછી આવી જવા માટે એને સમજાવે છે ત્યારે ફિક્કું સ્મિત કરતી એ કહે છે...

'મેં આપને કેટલી વાર સમજાવ્યું કે હવે આ જ મારું ઘર છે. મેજર-મોમ તમે દીકરીને વિદાય કરી દીધી છે, હવે એની ફિકર ના કરો.'

બધાની સમજાવટ પછી પણ એના ઇરાદા આજે પણ અખંડ છે.

* * *

આજે દીપકની બીજા પુણ્યતિથિ છે. બધા એને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા એકત્રિત થયા હતા.

સવારે વહેલી ઊઠેલી નિશાએ મજાર પર પુષ્પ ચઢાવ્યાં પછી બધાએ પુષ્પરૂપી શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

નિશાનું કંતાઈ ગયેલું શરીર જોઈ બધાનું અંતર વેદના અનુભવતું હતું.

સુકાઈ ગયેલું શરીર, બેસી ગયેલા ગાલ, ચહેરે ઊપસી આવેલી ફિકાશ, ઊંડી ઊતરી ગયેલી આંખો જોઈ કોઈ પણ કહી ના શકે કે, આ એ જ નિશા છે જેની ખૂબસૂરતી પાછળ લોકો ગાંડા થતા હતા.

'નિશા, હવે ક્યાં સુધી આ તપસ્યા ?' વિક્રમથી આજે અનાયાસે જ પુછાઈ ગયું.

નિશાના ચહેરે ધૂંધળું સ્મિત આવ્યું. પછી એણે મજાર પર માથું ટેકવી મનોમન વિનવણી કરી...

દીપક, તેં ઘણી રાહ જોવડાવી, હવે બોલાવી લે. મેં તને સોંપેલા મારી જિંદગીના મુખત્યારનામાનો ઉપયોગ કરી મને તારી પાસે આવવાનો હુકમ કર. તારો વિયોગ હવે નથી સહેવાતો... નથી સહેવાતો...

મજાર પર માથું ટેકવેલી નિશા ઘણી વાર લગી સ્થિર રહી, કાંઈ ન બોલી, હાલી-ચાલી નહીં એટલે વિક્રમે પાસે આવી એને પાછળથી સહેજ સ્પર્શી તે સાથે જ એનું બેજાન શરીર વિક્રમના હાથમાં લચી પડ્યું.

બધા આઘાતથી સ્તબ્ધ રહી ગયા.

વિક્રમે બેજાન નિશાની ખુલ્લી રહી ગયેલી આંખો પર હાથ ફેરવીને પલકોનો પરદો પાડી દીધો.

મેજરે મૃત નિશાના પગ પાસે બેસીને આંસુ સાર્યાં. વિધાબહેન તો રડી-રડીને અડધાં થઈ ગયાં.

કોમલ, શીતલ, કવિતા હીબકે ચઢી ગઈ. રુક્મિણી અને રેણુકાબહેને વિધાબહેનને સંભાળ્યા.

વિષ્ણુપ્રસાદે મેજરને સાંત્વના આપી, હિંમત બંધાવી.

વિક્રમ, નીરવ, રાજેશ, ઇસ્માઈલની આંખોમાં પણ આંસુ ધસી આવ્યાં હતાં.

નિશાને જમીન પર સુવડાવી વિક્રમ રાજેશ પાસે આવ્યો.

'રાજેશ હવે...? આ...'

રાજેશે વિષ્ણુપ્રસાદ પાસે આવીને કહ્યું, 'અંકલ નિશાને તમે પુત્રવધૂ માની હતી. એ દીપકની થઈને અત્યાર સુધી રહી છે. આગળ શું વિધિ કરવી તે હવે તમારે નક્કી કરવું પડશે.'

ઢીલા થઈ ગયેલા વિષ્ણુપ્રસાદે રાજેશના ખભે હાથ રાખી સહારો લેતાં કહ્યું, 'નિશાની પણ મજાર બનાવો, દીપકની બાજુમાં. જીવતે જીવ તો બંને એક ન થઈ શક્યાં, મૃત્યુ બાદ બંનેને અલગ કરવાં પાપ કહેવાશે.'

નિશાની મજાર દીપકની મજારની બાજુમાં જ બનાવી.

ધીરે-ધીરે દીપક અને નિશાના શાશ્વત પ્રેમની સુવાસ આજુબાજુના વિસ્તારમાં ફેલાવા લાગી. હર પ્રેમી યુગલો આ બંનેની મજાર પર માથું ટેકવવા આવવા લાગ્યાં.

ભલે આ પ્રેમીયુગલ જીવતેજીવ એકબીજાને ન પામી શક્યાં. પરંતુ એમની મજાર પર માથું ટેકવતા પ્રત્યેક પ્રેમીયુગલનો પ્રેમ સફળ થાય છે, લગ્નની મંજિલ સુધી પહોંચે છે.

આજે પણ પ્રેમીયુગલો પૂરી શ્રદ્ધાથી દીપક અને નિશાની મજાર પર પુષ્પ અર્પણ કરી, માથું ટેકવી પોતાની પ્રેમની કામિયાબીની દુઆ માંગે છે.

* * *